## <u>પ્રેસ નોટ</u>

### માહે નવેમ્બર ૨૦૨૪ સ્મીમેર હોસ્પીટલ સુરતની કામગીરી અંગેનો અહેવાલ.

સ્મીમેર હોસ્પીટ્લમાં માહે **નવેમ્બર** ૨૦૨૪ દરમ્યાન ૬૭૭૭ ઇન્ડોર તથા આઉટ્ડોર ૫૪૦૧૨ પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી.૫૪૩૪ નાના તથા ૭૫૩ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા.**૧૫૯૭૬** એક્ષ - રે પાડ્વામાં આવ્યા હતા.ટી.બી.નાં નવા **૧૨૨૪** અને જુના **૯૮૦** દર્દીઓ સહીત કુલ **૨૨૦૪** દર્દીઓને તપાસવામાં આવ્યા હતા.ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ **૧૩૩૬** તથા આંખ વિભાગમાં **૩૧૦૨** આઉટડોર દર્દીઓ નોંધાયા હતા.લેબોરેટરી વિભાગમાં કુલ **૨૧૫૫૨** દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યુ હતુ.ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહ્યા છે.

પ્રતિ

જન સમ્પર્ક વિભાગ.

સુરત મહાનગર પાલિકા તરફથી સાદર.

સમાચાર યાદી નં.૪૦૧

તા.૦૬/૧૨/૨૪

# પ્રેસનોટ

## ખેલ મહાકુંભ ૩.0

ખેલ મહાકુંભ ૩.0 અંતર્ગત રાજય સરકારશ્રીની સુચના મુજબ કામગીરી કરવામાં આવે છે. જેને લઇને સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં બહોળી સંખ્યામાં રજીસ્ટ્રેશન કરાવે તથા ભાગ લે તે માટે મે. મ્યુનિ. કમિશનરશ્રી,સુરતની અધ્યક્ષતામાં તા.૦૬/૧૨/૨૦૨૪ ના રોજ મીટીંગ યોજવામાં આવેલ હતી જેમાં સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતના પ્રતિનિધિ,યોગ બોર્ડના પ્રતિનિધિ,કેડાઇ,વિવિધ યુનિર્વસીટીના પ્રતિનિધિ,જિલ્લા શિક્ષાધિકારી હાજર રહયા હતા અને તેઓને દરરોજ મહત્તમ ખેલાડીઓનું રજીસ્ટ્રેશન સુનિશ્ચિત કરવા સુચના આપવામાં આવેલ.

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત ધ્વારા દર વર્ષની જેમ ચાલુ વર્ષે ખેલ મહાકુંભનું આયોજન હાથ ધરવામાં આવનાર છે. જેમાં શાળા / ગ્રામ્ય તાલુકા / ઝોન કક્ષા જિલ્લા / મહાનગરપાલિકા કક્ષા ઝોન કક્ષા (ટીમ રમત) અને છેલ્લે રાજય કક્ષાની સ્પર્ધા માટેનું આયોજન કરવામાં આવેલ છે. ખેલ મહાકુંભ ૩.0 અંતર્ગત શાળાકક્ષાએ વિવિધ વયજુથમાં ખેલ મહાકુંભની એથ્લેટીકસની રમતમાં તમામ શાળાઓએ ફરજીયાત ભાગ લેવાના રહેશે.

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત ધ્વારા દર વર્ષે યોજાતા ખુલ મહાકુંભ માટે ૫ મી ડિસેમ્બર-૨૦૨૪ થી રજીસ્ટ્રેશન પ્રક્રિયા શરૂ કરવામાં આવેલ છે. જે ૨૫ મી ડિસેમ્બર-૨૦૨૪ સુધી ચાલશે. આ સ્પર્ધા શાળા/ગ્રામ્ય,તાલુકા કક્ષા,જિલ્લા / મહાનગરપાલિકા અને રાજય કક્ષાએ સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે. ખેલ મહાકુંભ ૩.0 માં અંડર-૯ થી અંડર-૧૭ સુધીના જૂથમાં તમામ સ્કુલોએ ભાગ લેવાનો રહેશે. કોલેજમાં અભ્યાસ કરતા ખેલાડીઓ ઓનલાઇન અથવા કોલેજ મારફતે રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. અભ્યાસ ન કરતા હોય તેવા ખેલાડીઓ જિલ્લાની જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર પરથી પોતાના વયજુથમાં રજીસ્ટ્રેશન કરાવી શકશે. ખેલાડીઓhttps://khelmahakumbh.gujarat.gov.inપર તા.૫ થી ૨૫ ડિસેમ્બર-૨૦૨૪ સુધી રજીસ્ટ્રેશન કરાવી શકશે. રજીસ્ટ્રેશન તા.૨૫ ડિસેમ્બરે સાંજે ૬.00 વાગ્યે બંધ થઇ જશે. પ્રત્યેક ખેલાડી મહત્તમ બે રમતમાં જ ભાગ લઇ શકે છે. ખેલ મહાકુંભ ૩.0 માં દોડ,વોલીબોલ,રસ્સા ખેંચ,ખો-ખો,કબડ્ડી,ચેસ,એથ્લેટીકસ,યોગાસન,સ્વીમીંગ,સ્કેટીંગ,ટેબલ ટેનીસ,લોન ટેનીસ,બેડમિન્ટન,જુડો,કુસ્તી,આર્ચરી,બાસ્કેટ બોલ,હેન્ડ બોલ,હોકી,ફૂટબોલ,ટેકવેન્ડો,કરાટે,આર્ટીસ્ટીક સ્કેટીંગ,રગ્બી,શુટીંગ બોલ,મલખમ્બ,સ્પોર્ટસ કલાઇમીંગ,રોલબોલ,સેપક ટકરાવ,ઘોડે સવારી,વુડ બોલ,બીચ હેન્ડબોલ,બીચ વોલીબોલ,સોફટ ટેનીસ વિગેરે રમતોનું આયોજન કરવામાં આવશે. અંડર-૯,અંડર-૧૧,અંડર-૧૪ અને અંડર-૧૭ ગુરપના ખેલાડીઓએ જે તે સ્કુલમાંથી રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.કોલેજમાં અભ્યાસ કરતા ખેલાડીઓ કોલેજથી અથવા તો ઓનલાઇન રજીસ્ટ્રેશન કરાવી શકશે. ખેલ મહાકુંભ ૩.0 માં અંડર-૯ થી ૬0 વર્ષની ઉપરના વયગુરપમાં વિવિધ રમત-ગમતમાં રજીસ્ટ્રેશન કરી શકશે.

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગરપાલિકા તરફથી સાદર

સમાચાર યાદી નં..૪૦૨ તા.૦૬/૧૨/૨૪

# પ્રેસનોટ

## સુરત મહાનગરપાલિકા

## પશ્ચિમ ઝોન (રાંદેર)

સુરત મહાનગરપાલિકાનાં પશ્ચિમ ઝોન(રાંદેર) ના વડા માન.ડે.મ્યુ.કમિ.શ્રી તથા કાર્યપાલક ઇજનેરશ્રીની સીધી સૂચના તથા માર્ગદર્શન હેઠળ રાંદેર ઝોનના શહેરી વિકાસના સ્ટાફ દ્વારા તા.30/૧૧/૨૦૨૪ ના રોજ ટી.પી. સ્કીમના અમલીકરણના ભાગરૂપે ટી.પી. રોડ ના કબ્જા લેવાની કામગીરી હાથ ધરવામા આવેલ જેની વિગતો નીચે મુજબ છે.

(૧) ટી.પી.સ્કીમ નં.30(વણકલા- ઓખા–વિહેલ)ફા.પ્લોટ નં.33 થી ૮૯ સુધીના ૧૮ મી. પહોળાઇના ટી.પી. રોડ નો આશરે ૭૦૫૬.00 ચો.મી. નો કબ્જો આજ રોજ તા.30/૧૧/૨૦૨૪ ના રોજ લેવામાં આવેલ છે. જેના ફોટોગ્રાફસ આ સાથે સામેલ છે. સદરહુ રસ્તો ખુલ્લો થવાથી ગ્રીન તુલીપ તથા શશાંક રેસિડન્સી સહિતના અસપાસના વિસ્તારના લોકોને માર્ગ પરિવહન માટે નવો માર્ગ ઉપલબ્ધ થશે.

સદર કામગીરી પશ્ચિમ ઝોન(રાંદેર)ના શહેરી વિકાસ નો સ્ટાફ ૧-ડેપ્યુટી ઈજનેર,૧-જૂની ઈજનેર,૧-સુપરવાઈઝર સહિત કોઈપણ અણબનાવ ન બને તેની કાળજી લઈ શાંતિપૂર્ણ રીતે પૂરી કરવામાં આવેલ છે.

**જનસંપર્ક વિભાગ**

**સુરતમહાનગરપાલિકાતરફથી સાદર**

**સમાચાર યાદી નં. ૪03**

**તા.૦૭/૧૨/૨૦૨૪**

# પ્રેસનોટ

## આયુષમાન ભારત વય વંદના યોજના

માનનીય કમીશ્નરશ્રી દ્વારા તમામ ઝોનની વય વંદના યોજના અંતર્ગત થયેલ કામગીરીનો રીવ્યુ કરવામાં આવેલ તેમજ આગામી દિવસોમાં તમામ ૭૦ વર્ષ થી વધુ વયના વયસ્ક વડીલોનું એનરોલ્મેન્ટ સુનિશ્ચિત થાય તે રીતનું આયોજન હાથ ધરવા જણાવેલ.આજદિન સુધી સુરત મહાનગરપાલિકા દ્વારા ઉપરોક્ત બાબતે કરવામાં આવેલ કાર્યવાહી નીચે મુજબ છે.

- હાલ સુરત મહાનગરપાલિકામાં તમામ 63 હેલ્થ ફેસિલિટી ખાતે (70 વર્ષથી વધુ વયના વયસ્કો માટે )આયુષ્માન ભારત વય વંદના યોજનાનું એનરોલ્મેન્ટકરવામાં આવી રહ્યું છે.

- આયુષ્માન ભારત વય વંદના યોજનાઅંતર્ગત આજ દિન સુધી સુરત મહાનગરપાલિકામાં **૨,૫૫,૯૩૧**ના લક્ષ્યાંકની સામે કુલ **૧,૬૬,૯૪૫**વડીલોનું એનરોલ્મેન્ટ કરવામાં આવેલ છે.

- ગત અઠવાડિયામાં સમગ્ર ગુજરાતમાં **૭૧,૯૮૮**આયુષ્માન વય વંદના કાર્ડનું એનરોલ્મેન્ટ કરવામાં આવેલ છે જે પૈકી સુરત મહાનગરપાલિકા દ્વારા કેમ્પેઇન મોડમાં કામગીરી કરી સમગ્ર ગુજરાતમાં સૌથી વધુ **૩૨,૪૨૩** વડીલોનું એનરોલ્મેન્ટ સુનિશ્ચિત કરેલ છે.

- વયસ્ક નાગરિકો જેઓ અશક્ત/પથારીવશ હોય તેવા વડીલોનું આઉટરીચ વર્કર (આશા, સર્વેલન્સ વર્કર અને એ.એન.એમ)દ્વારા તેમના ઘરે જઈ તેમનું એનરોલ્મેન્ટ કરવામાં આવે છે.

- સુરત મહાનગરપાલિકા દ્વારા ૧૦૦ ટકા ૭૦ વર્ષ થી વધુ વયના વડીલોનું એનરોલ્મેન્ટ સુનિશ્ચિત કરવા માટે ૧૫ ડિસેમ્બર સુધી કેમ્પ બેઇઝ એક્ટીવીટી કરવામાં આવશે. સદર યોજનાનો લાભ તમામ વડીલો સુધી પહોંચે તે માટે ધારાસભ્યોશ્રી, પદાધિકારીઓશ્રી, અને લોકલ પ્રતિનિધિઓ ના સંકલનમાં કેમ્પનું આયોજન કરવામાં આવે છે તેમજ સોસાયટીઓના પ્રમુખના સંકલનમાં સોસાયટી ટુ સોસાયટી કેમ્પ કરવામાં આવે છે.

- ૧૫ ડિસેમ્બર બાદ તમામ આઉટરીચ વર્કર ( આશા, સર્વેલન્સ વર્કર અને એ.એન.એમ) દ્વારા ૧૫ દિવસનો ટીપીએમ બનાવી હાઉસ ટુ હાઉસ એક્ટીવીટી કરીતમામ વડીલોનું એનરોલ્મેન્ટ સુનિશ્ચિત કરવામાં આવશે.

- તમામ આઉટરીચ વર્કર ( આશા, સર્વેલન્સ વર્કર અને એ.એન.એમ) દ્વારા ઘરે ઘરે જઇ IECઅને મોબિલાઇઝેશન કરવામાં આવે છે.

- ઘરે ઘરે પેમ્ફલેટ વિતરણ,SMCના વેબસાઇટ ના માધ્યમથી, મુખ્ય માર્ગો પર આઉટડોર ડિસ્પ્લે બોર્ડના માધ્યમથી, ડોર ટુ ડોર ના વાહનો, ઓટોરિક્ષામાં તેમજ પ્રચાર વાહનો મારફતે ઓડિયો ક્લિપ દ્વારા સઘન પ્રચાર કરવામાં આવે છે.

- આગામી દિવસોમાં 70 વર્ષથી વધુ વયના તમામ વયસ્ક વડીલોનું સુરત મહાનગરપાલિકાના આરોગ્ય કર્મચારીઓ થકી આયુષ્માન ભારત વય વંદના યોજનામાં એનરોલ કરવામાં આવશે જેમાં આપ સૌનો સહકારની અપેક્ષા છે.

જનસંપર્ક વિભાગ

સુરતમહાનગર સેવાસદન તરફથી

સાદર સમાચાર યાદી નં. ૪૦૪ તાઃ ૦૯/૧૨/૨૦૨૪

પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા

આજરોજ માન. મેયર શ્રી દક્ષેશભાઇ માવાણીએ સ્થાનિક મ્યુ. સદસ્યશ્રીઓ સાથે વરાછા ઝોન વિસ્તારના મીની બજાર ખાતે સ્થળ મુલાકાત લઇ અને આ વિસ્તારના લોકો સાથે પ્રત્યક્ષ સંવાદ કરી વિવિધ પ્રશ્નો સંદર્ભે ચર્ચા કરી હતી. તેમજ સુરત મહાનગરપાલિકા ધ્વારા કરવામાં આવેલ કામગીરી, ટ્રાફિક,પાર્કિંગ સહિતના અન્ય તમામ પ્રશ્નોનો જે તે સ્થળ પર રૂબરૂ જઇ પરિસ્થિતિનું નિરિક્ષણ કરી તાગ મેળવી લાગત અધિકારીશ્રીઓને જરૂરી આનુસાંગિક કામગીરી કરવા સંદર્ભે સુચનાઓ આપી હતી.

જનસંપર્ક વિભાગ,

સુરત મહાનગરપાલિકા તરફથી સાદર સમાચાર યાદી નં.૪૦૫,

તા.૧૦/૧૨/૨૦૨૪

# પ્રેસનોટ

## સુરત મહાનગરપાલિકા
## પશ્ચિમ ઝોન(રાંદેર)

સુરત મહાનગરપાલિકાનાં પશ્ચિમ ઝોન(રાંદેર) ના વડા માન.ડે.મ્યુ.કમિ.શ્રી તથા કાર્યપાલક ઇજનેરશ્રીની સીધી સૂચના તથા માર્ગદર્શન હેઠળ રાંદેર ઝોનના શહેરી વિકાસના સ્ટાફ તથા દબાણ વિભાગના સ્ટાફ દ્વારા પશ્ચિમ ઝોન રાંદેર વિસ્તારમાં આવેલ ટી.પી ૮(પાલનપુર) ફા પ્લોટ નં. ૨૦ તથા ૧૯ માં આવેલ સ્વામીનારાયણ એપાર્ટમેન્ટ બ્લોક નં. એ, બી તથા એચ બિસ્માર હોય, જે વસવાટ ખાલી કરવા અંગે અત્રે ની કચેરીએથી વારંવાર નોટીસ આપી તથા રૂબરૂમાં જણાવવા છતાં વસવાટ ખાલી ન કરતાં આજરોજ નીચે મુજબના એપાર્ટમેન્ટ બ્લોક સીલ કરવામા આવેલ છે.

(૧) સ્વામીનારાયણ એપાર્ટમેન્ટ બ્લોક નં. એ  ગ્રા.ફ્લોર+ચાર માળની બિલ્ડીગમા કુલ ૧૩ ફ્લેટ તથા ૧૫ દુકાનો સીલ કરવામા આવેલ છે.

(૨) સ્વામીનારાયણ એપાર્ટમેન્ટ બ્લોક નં. બી  ગ્રા.ફ્લોર+ત્રણ માળની બિલ્ડીગમા કુલ ૧૫ ફ્લેટ સીલ કરવામા આવેલ છે.

(૩) સ્વામીનારાયણ એપાર્ટમેન્ટ બ્લોક નં. એચ ગ્રા.ફ્લોર +પાંચ માળની બિલ્ડીગમા કુલ ૩૫ ફ્લેટ સીલ કરવામા આવેલ છે.

આમ ઉક્ત કામગીરી દરમ્યાન કુલ ૬૩ ફ્લેટો તથા ૧૫ દુકાનો સીલ કરવામા આવેલ છે.

સદર કામગીરી પશ્ચિમ ઝોન(રાંદેર)ના શહેરી વિકાસ નો સ્ટાફ તથા દબાણ વિભાગના સ્ટાફ  ૩-ડેપ્યુટી ઈજનેર  ૨-જૂની ઈજનેર  ૧-સુપરવાઈઝર તથા ૨-ટીએ સહિત કોઈપણ અણબનાવ ન બને તેની કાળજી લઈ શાંતિપૂર્ણ રીતે પૂરી કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગરપાલિકા તરફથી સાદર

સમાચાર યાદી નં.406

તા.૧૦/૧૨/૨૦૨૪

# પ્રેસનોટ

## "સુમન ખેલકુદ કૌશલ્ય સંવર્ધન કાર્યક્રમ "અંતર્ગત યોજાયેલ વોલીબોલ સ્પર્ધા

સુરત મહાનગરપાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અને સુમન શાળા સેલ સંચાલિત શાળા તથા સુરત શહેરની ખાનગી શાળાઓના કિશોર-કિશોરીઓમાં રમતગમત ક્ષેત્રે અભિમુખતા પાંગરે,સાહસવૃત્તિવિકસે,ખેલકૂદ અંગે રસરૂચિ કેળવાય-તે હેતુથી સુરત મહાનગરપાલિકા અને સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતનાં સંયુકત ઉપક્રમે સુમન ખેલકુદ કૌશલ્ય સંવર્ધન કાર્યક્રમઅંતર્ગત સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતનાં કોચીસ દ્વારા સુરત મહાનગરપાલિકા સંચાલિત શાળાઓમાં વોલીબોલ રમતની સઘન તાલીમ આપવામાં આવેલ અને આ વિધ્યાર્થીઓને પોતાનું કૌશલ્ય દાખવવાની તક મળે તે માટે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અને સુમન શાળા સેલ સંચાલિત શાળા તથા સુરત શહેરની ખાનગી શાળાઓના વિધ્યાર્થીઓને એકત્રિત કરી તા.૧૧/૧૨/૨૦૨૪નાં રોજ શિયાળાની કુલગુલાબી ઠંડી વચ્ચે ખુશનુમા સવારે ૮.30 કલાકે કાંસાનગર ક્રિકેટ ગ્રાઉન્ડ,ગજેરા સર્કલ,કાંસાનગર,સુરત ખાતે વોલીબોલ રમતની સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ.

આ કાર્યક્રમમાં સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી સોનલબેન દેસાઇ ઉપસ્થિત રહી સ્પર્ધકોમાં ઉત્સાહ વધારી પ્રોત્સાહન આપેલ તેમજ જીલ્લા વિકાસ રમત અધિકારીશ્રી કનુભાઇ રાઠોડે માર્ગદર્શન તેમજ સહયોગ આપેલ હતો. જેમાં વિધ્યાર્થીઓમાં કુમારો અને કન્યાઓ મળીને કુલ ૯૧ ખેલાડીઓએ ઉત્સાહપુર્વક ભાગ લીધેલ હતો. જેમાં ભાગ લેનાર તમામ વિધ્યાર્થીઓ દ્વારા ખેલદિલીપુર્વક હરીફ ખેલાડીઓને બિરદાવવામાં આવ્યા હતા. આગામી દિવસોમાં દરેક ઝોનમાં દર માસમાં એક વખત મ્યુનિસિપલ સ્કુલોના વિધ્યાર્થીઓને અન્ય રમતોની પણ તાલીમ આપી વિવિધ સ્પર્ધાઓ માટે તૈયાર કરવામાં આવશે.

આગામી દિવસોમાં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અને સુમન શાળા સેલ સંચાલિત શાળાના વિધ્યાર્થીઓને અન્ય વિવિધ રમતોની તાલીમ આપી દરેક ઝોનમાં દર માસમાં એક વખત વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવશે.

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગરપાલિકા તરફથી સાદર

સમાચાર યાદી નં.૪૦૭,તા.૧૧/૧૨/૨૦૨૪

## પ્રેસનોટ

## નોર્થ ઝોન (કતારગામ)ના કોસાડ વિસ્તારમાં પાણી પુરવઠો બંધ રહેવા/ ઓછા પ્રેશરથી મળવા અંગેની અગત્યની જાહેરાત

સુરતના શહેરીજનોને સુરત મહાનગરપાલિકા ધ્વારા અપાતી તમામ સેવાઓ શ્રેષ્ઠત્તમ કક્ષાની મળી રહે તે માટે સુરત મહાનગરપાલિકા હંમેશ કટીબધ્ધ રહેલ છે. જે અન્વયે સુરત મહાનગરપાલિકાનો હાઈડ્રોલિક વિભાગ, સુરત શહેરમાં સમાવિષ્ટ વિસ્તારમાં નિયત સમય મર્યાદામાં, પુરતા જથ્થામાં તેમજ ગુણવત્તા સાથે પાણી પુરવઠો પુરો પાડવા હંમેશા પ્રયત્નશીલ રહે છે. તા.૧૯/૧૨/૨૦૨૪ ના રોજ કોસાડ વિસ્તાર ખાતે આવેલ કોસાડ રજવાડી જળવિતરણ મથક ખાતેની ૮૦૦ મી.મી. વ્યાસની કોમન હેડર લાઈન પર લીકેજ રીપેરીંગની કામગીરી તેમજ ESRK-1 માં ફ્લો કન્ટ્રોલ વાલ્વ ઈન્સ્ટોલેશન તથા બાયપાસની કામગીરી પણ હાથ ધરવા હિતાવહ જણાય છે. જે કામગીરીના આયોજને તા.૧૯/૧૨/૨૦૨૪ ના રોજ સંલગ્ન વિસ્તાર હેઠળની ટાંકીઓ જેવી કે ESRK-1, K-2, K-3 નેટવર્ક હેઠળના નીચે જણાવેલ વિસ્તારોમાં પાણી પુરવઠો મળે તેમ નથી અને તા.૨૦/૧૨/૨૦૨૪ ના રોજ અંશત: મળે/ ઓછા પ્રેશરથી મળે તેમ હોય જે જાણમાં લેવા જોગ છે. સદર કામગીરી પૂર્ણ થયેથી આ વિસ્તારમાં તા.૨૧/૧૨/૨૦૨૪ થી રેગ્યુલર સપ્લાય મળી શકે તેમ છે જાહેર જનતાએ તેની નોંધ લેવા તથા ઉપરના અસરકર્તા દિવસો પહેલા પુરતા જથ્થામાં જરૂરીયાત મુજબના પાણીના જથ્થાનો સંગ્રહ કરી લેવા તેમજ કરકસર પૂર્વક વપરાશ કરવા વિનંતી છે.

| અનું નં. | ઓવરહેડ ટાંકીનું નામ /ટાંકીનું સ્થળ | વિસ્તારોના નામો |
|---|---|---|
| ૧ | K-1 | અમરોલી સાયણ મેઈન રોડની આસપાસનો વિસ્તાર, શ્રુષ્ટિ સોસાયટી વિ-૧, ૨ અને ૩ ની આસપાસની સોસાયટી વિસ્તાર. |
| ૨ | K-2 | કોસાડ ગામતળ તથા આસપાસનો વિસ્તાર. |
| ૩ | K-3 | કોસાડ રજવાડી પ્લોટની આસ-પાસનો વિસ્તાર જેવા કે, જુનો કોસાડ રોડ, નવો કોસાડ રોડ, ક્રોસ રોડ, સત્તાધાર ચોકડીનો વિસ્તાર તેમજ કોસાડનો તમામ ટી.પી. વિગેરે વિસ્તાર |

ઉપરોકત બાબતની જાહેર જનતાએ નોંધ લઈ, સહકાર આપવા તથા જરૂરીયાત મુજબનો પાણી પુરવઠો અગાઉથી સંગ્રહ કરી તેનો બચતપૂર્વક ઉપયોગ કરવા વિનંતી. વધુમાં સદર કામગીરીથી થનાર અગવડતા બદલ આથી દિલગીરી વ્યકત કરવામાં આવે છે. કામગીરી વહેલી પૂર્ણ થયેથી પાણી પુરવઠો રાબેતા મુજબ શરૂ કરવામાં આવશે.

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગર સેવા સદન તરફથી સાદરસમાચાર
યાદી નંબર:- ૪૦૮

તા.૧૨/૧૨/૨૦૨૪

# પ્રે સ નો ટ

હાલમાં શિયાળાની ઋતુમાં વિવિધ ઝોનમાં નીરાનું વેચાણ વ્યાપક પ્રમાણમાં થતું હોય છે અને શહેરીજનોને નીરાનાં સેવન થકી કોઇ આરોગ્યલક્ષી મુશ્કેલી ઉપસ્થિત ન થાય તે હેતુસર ડે. કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પીટલ) તથા ડેઝીગ્નેટેડ ઓફિસર અને આરોગ્ય અધિકારીશ્રીની સુચના તથા સીધા માર્ગદર્શન હેઠળ તા.૧૨/૧૨/૨૦૨૪ના રોજ આરોગ્ય વિભાગનાં ફુડ ઇન્શપેકશન વિભાગનાં ફુડ સેફટી ઓફિસરો ધ્વારા કુલ–૦૮ સ્થળોએ ઘનિષ્ટ ચેકીંગ હાથ ધરી નીરાનાં કુલ–૦૮ નમૂનાઓ લઇ પુથ્થકરણ સારૂં પબ્લીક હેલ્થ લેબોરેટરી, સુ.મ.પા.માં મોકલવામાં આવેલ છે, જેનો રીપોર્ટ આવ્યેથી આગળની કાર્યવાહી કરવામાં આવશે.

| અ.નં | સંસ્થાનુ નામ અને સરનામું | નીરા વેચાણ કેન્દ્રનું સરનામું |
|---|---|---|
| ૧ | નૂતન ગ્રામ ઉદ્યોગ મંડળ મુ. લાજપોર, તા. ચોર્યાસી, સુરત | આશાપુરી માતાના મંદિર પાસે, રૂસ્તમપુરા, સુરત |
| ૨ | નૂતન ગ્રામ ઉદ્યોગ મંડળ મુ. લાજપોર, તા. ચોર્યાસી, સુરત | આચાર્ય તુલસીગેટ મેઈન રોડ, ઉધના, સુરત |
| ૩ | નૂતન ગ્રામ ઉદ્યોગ મંડળ મુ. લાજપોર, તા. ચોર્યાસી, સુરત | જોગર્સ પાર્ક, ઘોડદોડ રોડ, સુરત |
| ૪ | મરોલી તડગામ વિભાગ નીરા તડગોડ ગ્રામોદ્યોગ સહકારી મંડળી. મુ. મરોલી, તા. ઉમરવાડા, જી. વલસાડ | ડૉ. શ્યામજી પ્રસાદ મુખરજી લેક ગાર્ડન પાસે, કાસા નગર, કતારગામ, સુરત |
| ૫ | મરોલી તડગામ વિભાગ નીરા તડગોડ ગ્રામોદ્યોગ સહકારી મંડળી. મુ. મરોલી, તા. ઉમરવાડા, જી. વલસાડ | ધોળકિયા ગાર્ડનની બહાર, કતારગામ, સુરત. |
| ૬ | શ્રી ચોર્યાસી અને ઓલપાડ તાલુકા નીરા અને તાડગોળ ઉત્પાદક સ.મં.લી. બુંદેલાવાડ, ભાગળ, સુરત | 11/950-51, સિંધીવાડ, ચોક બજાર, સુરત. |
| ૭ | શ્રી ચોર્યાસી અને ઓલપાડ તાલુકા નીરા અને તાડગોળ ઉત્પાદક સ.મં.લી. બુંદેલાવાડ, | 7c/ 4940, પ્લોટ નં.6, નીરા ભવન, સબરસ હોટલ પાસે, સ્ટેશન રોડ, સુરત |

| | | |
|---|---|---|
| | ભાગળ, સુરત | |
| ૮ | શ્રી ચોર્યાસી અને ઓલપાડ તાલુકા નીરા અને તાડગોળ ઉત્પાદક સ.મં.લી. બુંદેલાવાડ, ભાગળ, સુરત | મેઈન રોડ, બુંદેલાવાડ, ભાગલ, સુરત |

**જનસંપર્ક વિભાગ સુરત મહાનગર પાલિકા તરફથી સાદર સમાચાર યાદી નં.૪૦૯, તા.૧૨/૧૨/૨૦૨૪**

# પ્રેસનોટ

## સુરત મહાનગરપાલિકા

## સુરત મહાનગરપાલિકાના નવા સમાવિષ્ટ ઇચ્છાપોર વિસ્તારમાં ડ્રેનેજના પ્રકલ્પ માટે ક્ષે.૩૭૬૫.૫૦ ચો.મી. સરકારી જમીનનો કબ્જો મેળવવામાં આવ્યો.

સુરત મહાનગરપાલિકાના તા.૧૮-૦૬-૨૦૨૦ ના હદ વિસ્તરણ અન્વયે નવા સમાવિષ્ટ વિસ્તારો પૈકી રાંદેર ઝોન હેઠળના નવા સમાવિષ્ટ ભાઠા, ભાટપોર, ઇચ્છાપોર ગામોમાં ડ્રેનેજ સુવિધા પૂરી પાડવા નવા પ્રકલ્પોના નિર્માણ હેતુ "ડ્રેનેજ પમ્પીંગ સ્ટેશન" બનાવવાના આયોજન અર્થે **મોજે: ઇચ્છાપોર, રે.સ.નં. ૯૫૦ પૈકીની ક્ષે. ૩૭૬૫.૫૦ ચો.મી. જમીન** સુરત મહાનગરપાલિકાને ફાળવવા ટાઉન પ્લાનિંગ વિભાગ દ્વારા માન.કલેકટરશ્રી પાસે સદર જમીનની માંગણીની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ. જે સંદર્ભે માન. કમિશનરશ્રી દ્વારા માન.કલેકટરશ્રી, સુરત તથા સંબંધિત સરકારી વિભાગો સાથે વખતો વખતની મીટીગ યોજી નિયમિત ફોલોઅપ લેવામા આવેલ છે. વધુમાં સદર જમીનમાં પોલીસ વિભાગ દ્વારા પણ પોલીસ સ્ટેશન, પોલીસ આવાસ સહિતના આયોજન માટે જમીનની માંગણી કરવામાં આવેલ, જે અન્વયે પોલીસ વિભાગ સાથે સંકલન કરી સુરત મહાનગરપાલિકા અને પોલીસ વિભાગ બંનેની જરૂરીયાત સદર જમીનમાં પુરી પાડવા સઘન પ્રયત્નો કરવામાં આવેલ છે. જે અન્વયે સરકારશ્રીની માલિકીની મોજે: ઇચ્છાપોર, રે.સ.નં. ૯૫૦ પૈકીની ક્ષે. ૩૭૬૫.૫૦ ચો.મી. જમીનનો કબ્જો સુરત મહાનગરપાલિકાને સોપવા માટે માન.કલેકટરશ્રી, સુરત ધ્વારા તા.૨૯/૧૧/૨૦૨૪ થી હુકમ કરવામાં આવેલ છે. જે અંતર્ગત સર્કલ ઓફિસરશ્રી, અડાજણ દ્વારા સુરત મહાનગરપાલિકાના ડ્રેનેજ વિભાગ, રાંદેર ઝોન, તથા ટાઉન પ્લાનિંગ વિભાગના કર્મચારીઓની હાજરીમાં માંગણી અનુસારની જમીનોનો તા.૧૨/૧૨/૨૦૨૪ ના રોજ કબ્જો સોંપવામાં આવેલ છે.

મોજે: ઇચ્છાપોર, રે.સ.નં. ૯૫૦ પૈકીની ક્ષે. ૩૭૬૫.૫૦ ચો.મી. જમીન માટે નામ.સરકારશ્રીના નિતિનિયમો અનુસાર રૂ. ૨૬.૩૫ લાખ સરકારશ્રીની તિજોરીમાં ભરપાઈ કરી, જમીનનો કબજો મેળવવામાં આવેલ છે. સદર જમીનની બજારના ભાવ પ્રમાણે અંદાજીત કિમત આઠ કરોડ થવા પામે છે.

મોજે: ઇચ્છાપોર, રે.સ.નં. ૯૫૦ પૈકી વાળી જમીન સુરત મહાનગરપાલિકાને મળવાથી સદર પ્લોટમાં ૧૮.૮૯ એમ.એલ.ડી. ક્ષમતાનું સુએઝ પમ્પીંગ સ્ટેશન બનાવી તે મારફતે ઇચ્છાપોર વિસ્તારમાં ૩૫૭ હેક્ટર વિસ્તારમાં ભવિષ્યમાં અંદાજે ૭૫૦૦૦ જેટલી વસ્તીને ડ્રેનેજની સુવિધા પુરી પાડી શકાશે. ડ્રેનેજના પ્રકલ્પ સાકારીત થવાથી મલીન જળના નિકાલ માટે સુઆયોજિત માળખાકીય સુવિધા પ્રસ્થાપિત થશે. જેથી સુરત શહેરમાં નવા સમાવિષ્ટ ઈચ્છાપોર વિસ્તારની જાહેર જનતાની સુખાકારીમાં વૃદ્ધિ થશે.

**જનસંપર્ક વિભાગ**

**સુરત મહાનગર પાલિકા તરફથી સાદર**

**સમાચાર યાદી નં.૪૧૦, તા.૧૨/૧૨/૨૦૨૪**

**411**

આજરોજ Councillor & Deputy Mayor of Harrow, Uk Anjana patel કે જેઓ મુળ હિન્દુ ગુજરાતી ભારતીય છે. તેઓએ સુરત મહાનગરપાલિકાની મુખ્ય કચેરી મુગલીસરા ખાતે માન. મેયર શ્રી દક્ષેશભાઇ માવાણી, માન. કમિશનર શ્રીમતી શાલિની અગ્રવાલ,માન. સ્થાયી સમિતિ અધ્યક્ષ શ્રી રાજન પટેલ સહિતના વિવિધ પદાધિકારીશ્રીઓ, માન. વિવિધ સમિતિ અધ્યક્ષશ્રીઓ અને મ્યુ. સદસ્યશ્રીઓની શુભેચ્છા મુલાકાત લીધી હતી.

જનસંપર્ક વિભાગ,સુરત મહાનગરપાલિકા તરફથી સાદર સમાચાર યાદી નં, ૪૧૧,તા.૧૩/૧૨/૨૦૨૪

પ્રેસનોટ

લિંબાયત ઝોનમાં ડુમ્ભાલ તથા લિમ્બાયત વિસ્તારમાં ચાલી રહેલી વેરા વસુલાત ઝુંબેશ

સાઉથ ઇસ્ટ ઝોન (લિંબાયત)ના ડે.મ્યુ.કમિશ્નરશ્રી નિલેશભાઇ એચ. પટેલની સુચના મુજબ મે.આસી.કમિશ્નરશ્રી દિપક એમ. રાઠોડના માર્ગદર્શન હેઠળ આકારણી અધિકારીશ્રી એ. વી. જગતાપ અને આકારણી વસુલાત વિભાગના સેકશન ઓફિસરશ્રી પી. ડી. મેવાવાલા ના સંકલન હેઠળ આકારણી અને વસુલાત વિભાગના સુપરવાઇઝરશ્રી તથા સ્ટાફ દ્વારા તા.૧૬/૧૨/૨૦૨૪ ના રોજ ડુમ્ભાલ તથા લિમ્બાયત વિસ્તારમાં આવેલ કોર્મર્શિયલ તથા ઇન્ડસ્ટ્રીયલ મિલકતોમાં વેરા વસુલાતની કામગીરી ઘનિષ્ઠ બનાવવામાં આવતા લાંબા સમયથી વેરો ભરપાઇ ન કરતા કરદાતાઓમાં ફફડાટ ફેલાયો હતો. જેમાં મિલ્કતોને ટાંચમાં લઇ સીલ કરવામાં આવેલ છે. આથી ઘણાં કરદાતાઓએ સ્થળ પર જ રૂ.૫૨,૨૩,૬૪૦/- રકમની વસુલાત સહિત લિંબાયત ઝોન દ્વારા કુલ રૂ.૧,૭૭,૪૧,૦૦૦/- વસુલાત કરવામાં આવેલ છે. વધુમાં તા.૧૬/૧૨/૨૦૨૪ સુધીમાં લિંબાયત ઝોન દ્વારા કુલ ૩૧૪.૫૯ કરોડ ડિમાન્ડની સામે કુલ ૧૬૨.૪૦ કરોડ, ૫૧.૬૨% ની વસુલાત કરવામાં આવેલ છે.

વધુમાં આગામી દિવસોમાં પણ સાઉથ ઇસ્ટ ઝોન (લિંબાયત)માં આવેલ તમામ ઇન્ડસ્ટ્રીયલ તેમજ કોમર્શીયલ વિસ્તારમાં પણ લાંબા સમયથી વેરો ભરપાઇ ન કરતા કરદાતાની મિલ્કતોને ટાંચમાં લઇ સીલીંગની કાર્યવાહી કરવામાં આવનાર છે. તથા રેસીડેન્સ એરીયામાં બાકીદારોની મિલકતોમાં નળ કનેકશન તેમજ ડ્રેનેજ કનેકશન કાપવાની ઝુંબેશ કરવામાં આવનાર છે.

આથી જે કરદાતાઓનો મિલ્કત વેરો બાકી છે. તેમણે ઝોન ઓફિસ તથા સીવીક સેન્ટરનો સંપર્ક કરી તાત્કાલિક વેરો ભરવા ખાસ જણાવવામાં આવે છે.

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર

સમાચાર યાદી નંબર ૪૧૨

તા.૧૬/૧૨/૨૦૨૪

પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા

પશ્ચિમ ઝોન(રાંદેર)

સુરત મહાનગરપાલિકાનાં પશ્ચિમ ઝોન(રાંદેર)ધ્વારા ત.૧૬/૧૨/૨૦૨૪ના રોજ જહાંગીરાબાદ વિસ્તારમાં આવેલ ફાયનલ ટી.પી.સ્કીમ નં.૪૩(જહાંગીરાબાદ), ફા.પ્લોટ નં.૪૧ કે જે સુરત મહાનગરપાલિકાના સેલ ફોર કોર્મશીયલ રીઝર્વેશનના હેતુ માટે ફાળવવામાં આવેલ છે. સદર રીઝર્વેશનના પ્લોટ પર ગેરકાયદેસર રીતે બનાવવામાં આવેલ પતરાના ભંગારના ગોડાઉન તથા તેને સંલગ્ન કાચા પાકા તમામ બાંધકામ કરવાની દૂર કામગીરી કરવામાં આવેલ અને આશરે ૧૮૦૬.૦૦ ચો.મી જેટલો એરિયા ખુલ્લો કરી સુરત મહાનગરપાલિકાના સેલ ફોર કોર્મશીયલ હેતુ માટેના રીઝર્વેશનનો પ્લોટનો સંપૂર્ણ કબ્જો મેળવેલ છે.

સદર કામગીરી પશ્ચિમ ઝોન(રાંદેર)ના કાર્યપાલક ઇજનેરશ્રીની સૂચના તથા સીધા માર્ગદર્શન હેઠળ રાંદેર ઝોનના શહેરી વિકાસના ૨-આસી.ઇજનેર/જુની ઇજનેરલ ૧-સુપરવાઇઝર, તથા કુલ-૧૦ બેલદારલ કુલ ૧-નંગ જે.સી.બી ગાડી સહિત સદર કામગીરી શાંતિપૂર્ણ રીતે પૂર્ણ કરવામાં આવેલ.

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગરપાલિકા તરફથી સાદર

સમાચાર યાદી નં.૪૧૩

તા.૧૭/૧૨/૨૦૨૪

પ્રેસ નોટ

મ્યુ.કમિશ્નરશ્રીના આદેશાનુસાર સુરત મહાનગરપાલિકા સાઉથઝોન-બી(કનકપુર)ના આકારણી અને વસુલાત વિભાગ દ્વારા ઝોનના વિવિધ વિસ્તારોમાં તા. ૧૬/૧૨/૨૦૨૪ તથા ૧૭/૧૨/૨૦૨૪ ના રોજ વેરા વસુલાતની સઘન ઝુંબેશ હાથ ધરી વેરા ભરપાઇ નહીં કરનારા કરદાતાઓ સામે વેરા વસુલાતની કડક કાર્યવાહી દરમ્યાન બાકી વેરા પેટે રૂ. ૧.૦૮ કરોડ ની રકમ તેમજ એડવાન્સ ચેકની વસુલાત કરેલ.

સદર ઝુંબેશ દરમ્યાન સુરત મહાનગરપાલિકાના સાઉથઝોન-બી(કનકપુર)ના વિવિધ વિસ્તારોમાં વારંવાર નોટીસો મોકલી ટેક્ષ ચુકવવા માટેની નોટીસ આપીને સુચના આપવામાં આવેલ છે. પરંતુ તેમ છતાંય કેટલાક મિલકતધારકો ટેક્ષ ચુકવતા ન હોય સાઉથઝોન-બી(કનકપુર)ના ઉન તથા સચિન વિસ્તારના ઇન્ડસ્ટ્રીયલ વિસ્તારો જેમ કે હોજીવાલા ઇન્ડસ્ટ્રીયલ, પી.એમ.ધમણવાલા, વી.એમ.ધમણવાલા, મીત એન્ડ મીર, માધવ પાર્ક, સુડા સેકટર-૧,૨,૩ માં સ્પેશીયલ રીકવરી ડ્રાઇવ ચલાવી વેરા વસુલાતની સઘન કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

સાઉથઝોન-બી(કનકપુર)ના આકારણી અને વસુલાત વિભાગ દ્વારા સતત વસુલાત ઝુંબેશ કરી કડક કાર્યવાહી હાથ ધરતાં સાઉથઝોન-બી(કનકપુર) ખાતે ચાલુ નાણાંકીય વર્ષ દરમ્યાન આજદિન સુધી રૂ. ૩૩.૩૫ કરોડ વસુલાત થયેલ છે. હજુ પણ મિલ્કત વેરો / વ્યવસાય વેરો ભરપાઇ કરવામાં બેદરકારી દાખવનાર કરદાતાઓની મિલ્કતોને સીલ કરવાની તેમજ નળ કનેકશનો કાપવા જેવી કડક કાર્યવાહી કરવામાં આવનાર છે. જેથી બાકીદારોએ તેઓના બાકી મિલ્કતવેરા તાકીદે ભરપાઇ કરવા જણાવવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગરપાલિકા

સમાચાર યાદી નં. ૪૧૪

તા. ૧૭/૧૨/૨૦૨૪

# પૂર્વ(વરાછા)ઝોન-એનીઅખબારીયાદી

**ટી.પી.સ્કીમ નં.૧૧(પુણા), ફા.પ્લોટ નં.૦૪, રાધા સ્વામી સોસાયટીને લાગુ પસાર થતાં ૯.૦૦ મી.પહોળાઈ ના ટી.પી. રસ્તા પરથી મંદિર દુર કરવા બાબત.**

આજરોજ તા.૧૮/૧૨/૨૦૨૪ ના રોજ સુરત મહાનગરપાલિકાના પૂર્વ(વરાછા)ઝોન-એ માં સમાવિષ્ટ ટી.પી.સ્કીમ નં.૧૧(પુણા), ફા.પ્લોટ નં.૦૪, રાધા સ્વામી સોસાયટીને લાગુ પસાર થતાં ૯.૦૦ મી. પહોળાઈ ના ટી.પી. રસ્તા પર થી મંદિર દુર કરવાની કામગીરી મે.એડી.સીટી ઈજનેરશ્રી(સિવીલ)ની સુચના અનુસાર, કાર્યપાલક ઈજનેરશ્રી, પુર્વ(વરાછા) ઝોન-એ ના સીધા માર્ગદર્શન હેઠળ તેમજ લાગુ સોસાયટીના રહીશોની સહમતિથી ઉકત મંદિરવાળી જગ્યામાં એન્ટ્રી નોટીસ પાઠવી શહેર વિકાસ વિભાગના ૦૨-જુની./ આસી.ઈજનેરશ્રીઓ, ૦૧-સુપરવાઈઝર/ ટી.એ. તેમજ અત્રેના દબાણ વિભાગના ૦૮ માણસો તથા ખાનગી ઈજારદારના ૦૫-બ્રેકર્સ અને ૦૫-ધણવાળા સહિતના માણસોની ટીમ સાથે મળીને સવારે ૧૦:૧૫ વાગ્યેથી શરૂ કરીને ગ્રા.ફલોર થી પ્રથમ માળવાળી મંદિરમાં આશરે ૧૪૮૦.૦૦ ચો.ફુટના માપવિસ્તારમાં આર.સી.સી.સ્લેબ તથા ચણતરકામ સહિતનું અનઅધિકૃત બાંધકામ દુર કરી, સદરહું જગ્યાનો કબ્જો ખાડી ડેવલેપમેન્ટ સેલ ને સુપરત કરવામાં આવેલ છે.

જનસંપર્કવિભાગ

સુરતમહાનગરસેવાસદનતરફથીસાદર

સમાચારયાદીનં.415

તા.૧૮/૧૨/૨૦૨૪

**416**

પ્રેસ નોટ

સુરત મહાનગરપાલિકાના રાંદેર ઝોન - આકારણી અને વસુલાત વિભાગ દ્વારા પાલ4 રામનગર, અડાજણ, પાલનપુર, વિગેરે વિસ્તારમાં ચાલુ માસમાં છેલ્લા ૩ દિવસમાં મિલકત વેરા વસુલાતની  સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવેલ4 જે અંતર્ગત મિલકતોને સીલ મારવાની કાર્યવાહી હાથ ધરતા સ્થળ પર જ રૂપિયા ૬૧.૪૧ લાખ જેટલી વસુલાત જ્યારે રૂપિયા ૧૮.૨૧ લાખના એડવાન્સ ચેક વસુલ લેવામાં આવેલ છે. ઉપરાંત કુલ ૧૦૨ જેટલી મિલકતોનો વેરો ભરપાઈ ન કરતા મિલકતોને સીલ કરવામાં આવેલ છે.

સદર ઝુંબેશ દરમ્યાન રાંદેર ઝોન ખાતે ચાલુ માસમાં રૂપિયા ૯.૬૨ કરોડ જેટલી મિલકત વેરા ભરપાઈ થયેલ છે4 ૨૦૨૪-૨૦૨૫માં તા.૧૮/૧૨/૨૦૨૪ સુધીમાં રૂપિયા ૧૧૩.૪૯ કરોડ જેટલી વસુલાત થયે, છે. આગામી દિવસોમાં મિલકત વેરો / વ્યવસાય વેરો ભરપાઈ કરવામાં બેદરકારી દાખવનાર સામે મિલકતોને સીલ કરવાની તેમજ નળ કનેક્શનો કાપવા જેવી કડક કાર્યવાહી હાથ ધરવામાં આવનાર છે. જેથી બાકીદારોએ તેઓના બાકી મિલકત વેરા / વ્યવસાય વેરો તાકીદે ભરપાઈ કરવા જણાવવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગરપાલિકા

સમાચાર યાદી નં.416

તા. 18-12-2024

# :: પ્રેસ નોટ ::

સચિવશ્રી, રાજ્ય ચુંટણી આયોગના આદેશક્રમાંક : રાચઆ-ચટણ-મનપા-મતય૧(૪)-૧૨૨૦૨૪- ક/ ૧૦૯૩૩ થી ૧૦૯૬૦ તા.૧૩/૧૨/૨૦૨૪ થી જણાવ્યા મુજબ, મુંબઇ પ્રોવેન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ ૧૯૪૯ની કલમ- ૧૫ મુજબ બેઠક ખાલી પડ્યા તારીખ છ માસમાં પેટા ચુંટણી યોજવાની થાય છે. વિધાનસભાની તા.૦૧/૦૧/૨૦૨૫ની લાયકાતની તા.૨૯/૧૦/૨૦૨૪ના રોજ આખરી પ્રસિદ્ધિ થયેલ મતદારયાદી પરથી મુંબઇ પ્રોવેન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ ૧૯૪૯ની કલમ - ૮ તથા મુંબઇ પ્રોવેન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (મતદારોની નોંધણી) (ત્રીજો સુધારો) નિયમ-૨૦૧૫ થી નિયમ ૪ થી ૭ અને મુંબઇ પ્રોવેન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (મતદારોની નોંધણી) (સુધારો) નિયમ-૨૦૧૬ના નિયમ-૪ અને ગુજરાત પ્રોવેન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (મતદારોની નોંધણી) (સુધારો) નિયમ-૨૦૨૦ ની જોગવાઇ અનુસાર **સુરત મહાનગરપાલિકાના ઇલેકશન વોર્ડ નં ૧૮ (લિંબાયત - પરવટ-કુંભારીયા)ની પેટા ચુંટણી સને- ૨૦૨૪ ની ફોટાવાળી મતદારયાદી વોર્ડના વિસ્તારની વોર્ડવાર/વિભાગવાર છાપેલી ફોટાવાળી મતદારયાદી તા.૧૯-૧૨-૨૦૨૪ના રોજ લાગત ઝોન/વોર્ડ ઓફિસ ખાતે પ્રસિદ્ધ કરવામાં આવી છે.**

તા.૧૯/૧૨/૨૦૨૪ના રોજ સુરત મહાનગરપાલિકાના ઇલેકશન વોર્ડ નંબર- ૧૮ (લિંબાયત - પરવટ- કુંભારીયા)ની પ્રાથમિક મતદારયાદી પ્રસિદ્ધ કરવામાં આવેલ જેમાં વોર્ડ વિસ્તારના કુલ ૧૦૫૨૦૨ મતદારો થાય છે.

વધુમાં, મતદારો પોતાનું નામ કયા વોર્ડ/ભાગ/ક્રમાંક ઉપર છે તેની વિગત તેઓના નામ અથવા એપિક નંબરના આધારે મહાનગરપાલિકાની મુખ્ય કચેરી તેમજ ઝોન/વોર્ડ કચેરીએ ઉપલબ્ધ મતદારયાદીની ચકાસણી કરી જોઈ શકશે.

વધુમાં ઉપરોક્ત પ્રસિદ્ધ થયેલ પ્રાથમિક મતદારયાદી અન્વયે જે વ્યક્તિનું નામ લાગત વિધાનસભા મતદાર વિભાગમાં મતદાર તરીકે નોંધાયેલ હોય, પરંતુ તે વ્યક્તિનું નામ મ્યુનિસિપલ કોર્પોરેશનના ઇલેકશન વોર્ડ નંબર ૧૮ (લિંબાયત - પરવટ- કુંભારીયા)ની પેટા ચૂંટણીની મતદારયાદીમાં સમાવિષ્ટ કરવાના રહી ગયેલ હોયતો તેવી વ્યક્તિએ જરૂરી પુરાવા સાથે મુંબઇ પ્રોવેન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (મતદારોની નોંધણી) (સુધારો) નિયમ-૨૦૧૫ થી નિયમ ૬ અને ગુજરાત પ્રોવેન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (મતદારોની નોંધણી) (સુધારો) નિયમ-૨૦૨૦ ની જોગવાઇ અનુસાર **ઉમેદવારી**

**પત્ર રજુ કરવાની છેલ્લી તારીખના ૧૦ (દસ) દિવસ પહેલા સુધીમાં** મતદાર નોંધણી અધિકારી અને મે. મ્યુનિ. કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાને નિયત નમૂનામાં અરજી કરવાની રહેશે.

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગરપાલિકા

સમાચાર યાદી નં ૪૧૭ તા- ૧૮/૧૨/૨૦૨૪

**પ્રેસનોટ**

**સુરત મહાનગરપાલિકા**

સુરતમહાનગરપાલિકાદ્વારાજાહેરપરિવહનસેવાનાભાગરૂપેશહેરીજનોનેબી.આર.ટી.એસ. બસતેમજસીટીબસનીસુવિધાપુરીપાડવામાંઆવીરહેલછે.ચોર્યાસી તાલુકામાં સમાવિષ્ટ સુંવાલી ગામ ખાતે આગામી સુંવાલી બીચ ફેસ્ટીવલ-૨૦૨૪ નું તા.૨૦/૧૨/૨૦૨૪ થી તા.૨૨/૧૨/૨૦૨૪ દરમિયાન આયોજન કરવામાં આવેલ છે. સદરહું સુવાલી બીચ ફેસ્ટીવલનો ૮૦,૦૦૦ થી વધુ લોકો લાભ લેનાર હોય સુંવાલી બીચ પર આવન-જાવનમાં લોકોને સરળતા રહે તે માટે નીચે મુજબનારૂટો પર તા.૨૦/૧૨/૨૦૨૪ થી તા.૨૨/૧૨/૨૦૨૪ દરમિયાન બસ સેવા શરુ કરવામાં આવનાર છે.સદર સ્પેશીયલ બસ સર્વિસનો લાભ લેવા મુસાફરોએ રૂ.૩૦/- ની સુમન પ્રવાસ ટીકીટ લઈને મુસાફરી કરવાની રહેશે. આ સેવાનો વધુમાં વધુ લાભ લેવા શહેરીજનોને નમ્ર અનુરોધ છે.

| અ.નં. | બસના નવા રૂટ |
|---|---|
| ૧ | વરીયાવ વાય જંક્શનથી સુંવાલી બીચ |
| ૨ | અમરોલી માનસરોવરથી સુંવાલી બીચ |
| ૩ | ગોથાણ-ઉમરા ગામથી સુંવાલી બીચ |
| ૪ | ઉત્રાણ VIP સર્કલ (મોટા વરાછા) થી સુંવાલી બીચ |
| ૫ | કતારગામ પીપલ્સ ચાર રસ્તાથી સુંવાલી બીચ |
| ૬ | કામરેજ ચાર રસ્તાથી સુંવાલી બીચ |
| ૭ | નાના વરાછા ઢાળથી સુંવાલી બીચ |
| ૮ | સચીન ગામથી સુંવાલી બીચ |
| ૯ | ઉંધના ત્રણ રસ્તાથી સુંવાલી બીચ |
| ૧૦ | લિંબાયત નીલગીરી ગ્રાઉન્ડથી સુંવાલી બીચ |
| ૧૧ | અડાજણ એસ.ટી ડેપોથી સુંવાલી બીચ |
| ૧૨ | જહાંગીરપુરા ઇસ્કોન સર્કલથી સુંવાલી બીચ |
| ૧૩ | પાલ (ભાઠા) ગામથી સુંવાલી બીચ |
| ૧૪ | સુરત એસ.ટી. ડેપોથી સુંવાલી બીચ |
| ૧૫ | ચોક ગાંધીબાગથી સુંવાલી બીચ |
| ૧૬ | ભેસ્તાન ચાર રસ્તા (પાંડેસરા) થી સુંવાલી બીચ |
| ૧૭ | પાંડેસરા પિયુષ પોઇન્ટથી સુંવાલી બીચ |
| ૧૮ | એસ.કે.નગર (ઓ.એન.જી.સી.બ્રાજ, ટી.જી.બી.હોટલથી સુંવાલી બીચ) |
| ૧૯ | પરવટથી સુંવાલી બીચ |
| ૨૦ | ડીંડોલીથી સુંવાલી બીચ |
| ૨૧ | ગોડાદરાથી સુંવાલી બીચ |
| ૨૨ | મોટા વરાછાથી સુંવાલી બીચ |
| ૨૩ | રેલ્વે સ્ટેશનથી સુંવાલી બીચ |
| ૨૪ | ચોકથી સુંવાલી બીચ |
| ૨૫ | ડુમસથી સુંવાલી બીચ |
| ૨૬ | કુંભારીયાથી સુંવાલી બીચ |

**જનસંપર્ક વિભાગ**

સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર

સમાચાર યાદી નં. ૪૧૮

તા.**૧૮/૧૨/**૨૦૨૪

# પ્રેસનોટ

# સુરત મહાનગરપાલિકા

જયપુર રાજસ્થાન ખાતે જયપુર સ્થાપના દિવસના ઉપ્લક્ષમાં સમગ્ર દેશમાંથી વિવિધ શહેરોના મેયરશ્રીઓ તેમજ પ્રતિનિધિઓ એ જયપુર મહોત્સવ માં હાજરી આપી હતી.

જયપુર સ્થાપના મહોત્સવ દરમિયાન જયપુર શહેરને સાંસ્કૃતિક તેમજ ઐતિહાસિક ધરોહર ભવ્ય વિરાસત ને નજીક થી જાણવાનો અવસર પ્રાપ્ત થયો.

સુરત મેયર શ્રી દક્ષેશભાઈ માવાણી, સ્લમ ઈમ્પ્રુવમેન્ટ  સમિતિ અધ્યક્ષશ્રી વિજયભાઈ ચૌમાલ સાથે જયપુર મહોત્સવમાં હાજરી આપી હતી.

જ્યાં રાજસ્થાનના રાજ્યપાલ શ્રી હરિભાઉ કિસનરાવ બાગડે, રાજસ્થાનના નાયબ મુખ્યમંત્રી શ્રી પ્રેમચંદ બૈરવ જી સાથે મેયર શ્રી દક્ષેશભાઈ માવાણી જીની મુલાકાત થઈ હતી. મુલાકાત દરમિયાન રાજ્યપાલ શ્રી તેમજ નાયબ મુખ્યમંત્રી શ્રી એ સુરત શહેરના ટર્સરી ટ્રીટમેન્ટ પ્લાન્ટ તેમજ સ્વચ્છતા ક્ષેત્રે કરેલ પ્રગતિ  વિશે સરાહના કરી હતી. વિશેષ કરીને સુરત મહાનગર પાલિકા ના સ્વચ્છતા કર્મીઓ રાત્રિ દરમિયાન સફાઈ કાર્ય કરે છે તે ની સહ વિશેષ નોંધ લેવાય હતી.

**જનસંપર્ક વિભાગ,**

**સુરત મહાનગરપાલિકા તરફથી સાદર સમાચાર યાદી નં. ૪૧૯, તા.૨૦/૧૨/૨૦૨૪**

# પ્રે સ નો ટ

હાલમાં શિયાળાની ઋતુમાં વિવિધ ઝોનમાં નીરાનું વેચાણ વ્યાપક પ્રમાણમાં થતું હોય છે અને શહેરીજનોને નીરાનાં સેવન થકી કોઇ આરોગ્યલક્ષી મુશ્કેલી ઉપસ્થિત ન થાય તે હેતુસર ડે. કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પીટલ) તથા ડેઝીગ્નેટેડ ઓફિસર અને આરોગ્ય અધિકારીશ્રીની સુચના તથા સીધા માર્ગદર્શન હેઠળ તા.૧૨/૧૨/૨૦૨૪ના રોજ આરોગ્ય વિભાગનાં ફુડ ઇન્શપેકશન વિભાગનાં ફુડ સેફટી ઓફિસરો ધ્વારા કુલ–-08 સ્થળોએ ઘનિષ્ટ ચેકીંગ હાથ ધરી નીરાનાં કુલ–08 નમૂનાઓ લઇ પુથ્થકરણ સારૂ પબ્લીક હેલ્થ લેબોરેટરી, સુ.મ.પા.માં મોકલવામાં આવેલ જે પૈકીના કુલ-03 નમુના સબસ્ટાન્ડર્ડ માલુમ પડેલ છે. જે નીચે જણાવેલ સંસ્થા/ઈસમો સામે એડજયુડીકેટીંગ ઓફીસર સમક્ષ ફરીયાદ દાખલ કરવામાં આવશે.

| ક્રમ | સંસ્થાનું નામ | નીરા વેચાણ કેન્દ્રનું સરનામું | કારણ |
|---|---|---|---|
| ૧ | નૂતન ગ્રામ ઉદ્યોગ મંડળ મુ. લાજપોર, તા. ચોર્યાસી, સુરત | • આશાપુરી માતાના મંદિર પાસે, રૂસ્તમપુરા, સુરત | નીરાના ધારા ધોરણ પ્રમાણે સ્ટાન્ડર્ડ યોગ્ય જણાયેલ નથી.<br>• %Brix માં min 14.0% ધારા ધોરણ હોવી જોઇએ, જે સેમ્પલમા ઓછી જણાયેલ છે.<br>• Total Sugar માં min 13.0% હોવી જોઇએ, જે સેમ્પલમા ઓછી જણાયેલ છે.<br>• pH માં 6.0-7.5 હોવી જોઇએ, જે સેમ્પલમા ઓછી જણાયેલ છે. |
| | | • આચાર્ય તુલસીગેટ મેઈન રોડ, ઉધના, સુરત | નીરાના ધારા ધોરણ પ્રમાણે સ્ટાન્ડર્ડ યોગ્ય જણાયેલ નથી<br>• %Brix માં min 14.0% ધારા ધોરણ હોવી જોઇએ, જે સેમ્પલમા ઓછી જણાયેલ છે.<br>• Total Sugar માં min 13.0% હોવી જોઇએ, જે સેમ્પલમા ઓછી જણાયેલ છે. |
| | | • જોગર્સ પાર્ક, ઘોડદોડ રોડ, | નીરાના ધારા ધોરણ પ્રમાણે સ્ટાન્ડર્ડ |

| | | | |
|---|---|---|---|
| | | સુરત | યોગ્ય જણાયેલ નથી<br>• %Brix માં min 14.0% ધારા ધોરણ હોવી જોઇએ, જે સેમ્પલમા ઓછી જણાયેલ છે.<br>• Total Sugar માં min 13.0% હોવી જોઇએ, જે સેમ્પલમા ઓછી જણાયેલ છે. |

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગર પાલિકા તરફથી

સાદર

સમાચાર યાદી નં . 420

તા.20-12-2024

## <u>પ્રેસનોટ</u>

**<u>પૂર્વઝોન (વરાછા-એ) અશત: વિસ્તાર, સેન્ટ્રલ ઝોન (ઉત્તર વિભાગ),અને સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોનના અશત: વિસ્તારોમાં તા.૨૪/૧૨/૨૦૨૪ ના મંગળવારના રોજ પાણી પુરવઠો આપી શકાય તેમ નથી તેમજ તા.૨૫/૧૨/૨૦૨૪ ના બુધવારના રોજ પાણી પુરવઠો અંશત: અવરોધાય/ ઓછા પ્રેશરથી/ નહીંવત મળવા અંગેની અગત્યની જાહેરાત નોર્થ ઝોન (કતારગામ)ના કોસાડ વિસ્તારમાં પાણી પુરવઠો બંધ રહેવા/ ઓછા પ્રેશરથી મળવા અંગેની અગત્યની જાહેરાત</u>**

સુરતના શહેરીજનોને સુરત મહાનગરપાલિકા ધ્વારા અપાતી તમામ સેવાઓ શ્રેષ્ઠત્તમ કક્ષાની મળી રહે તે માટે સુરત મહાનગરપાલિકા હરહંમેશ કટીબધ્ધ છે. સુરત મહાનગરપાલિકાનાં પૂર્વઝોન (વરાછા-એ) વિસ્તારમાં ગોસાઈ ચોક પાસે ખાડી બ્રીજ પર કનેકટીવ રોડ બનાવવાની કામગીરીમાં નડતરરૂપ હયાત ૧૫૨૪ મી.મી.વ્યાસની એમ.એસ. નળીકા શીફ્ટીંગ કરવાની કામગીરી પૂર્ણ કરેલ છે. જેના જોડાણની કામગીરી તા.૨૪/૧૨/૨૦૨૪ નાં મંગળવારના રોજ સવારે ૮:૦૦ થી રાત્રે ૧૨:૦૦ કલાક સુધી હાથ ધરવામાં આવનાર છે.જેથી તા.૨૪/૧૨/૨૦૨૪ નાં મંગળવારના રોજ નીચે જણાવેલ વિસ્તારોમાં પાણી પુરવઠો સંપૂર્ણ બંધ રહેશે તથા તા.૨૫/૧૨/૨૦૨૪, બુધવારના રોજ પાણી પુરવઠો ઓછા પ્રેશરથી/ઓછા જથ્થામાં/નહીંવત માત્રમાં મળવાની શકયતાઓ રહેલ છે.

**<u>ઝોન મુજબ પાણી પુરવઠાને અસર થનાર વિસ્તારોની વિગત નીચે મુજબ છે.</u>**

| અ. નં. | ઝોનનું નામ | નીચે દર્શાવેલ વિસ્તારોમાં તા.૨૪/૧૨/૨૦૨૪ નાં મંગળવારના રોજ પાણી પુરવઠો સદંતર બંધ રહેનાર છે. |
|---|---|---|
| ૧. | પૂર્વ ઝોન-એ (વરાછા) (અશત: વિસ્તાર) | બપોરનો સપ્લાય :- (૧૨.૩૦ થી ૩.૪૫) રેલ્વે સ્ટેશન, સુમુલ ડેરી, અશ્વિનીકુમાર, ફુલપાડા, લંબે હનુમાન રોડ, ઉમરવાડા, નાના વરાછા, કરંજ, કાપોદ્રા તેમજ સીતારામ સોસાયટી અને આઈમાતા રોડ તથા તેની આસપાસનો વિસ્તાર. |
| ૨. | સેન્ટ્રલ ઝોન (ઉત્તર વિભાગ) | સાંજનો સપ્લાય :- (સમય સાંજે ૬:૨૫ થી ૧૧:૦૦) રેલ્વે સ્ટેશન, દિલ્હીગેટ થી ચોક બજાર, રાજમાર્ગથી ઉત્તર તરફના વિસ્તારમાં મહીધરપુરા, રામપુરા, હરીપુરા, સૈયદપુરા, ધાસ્તીપુરા, શાહપોર-નાણાંવટ અને આજુબાજુનો સમગ્ર વિસ્તાર. |
| ૩. | નોર્થ (કતારગામ) ઝોન (અશત: વિસ્તાર) | સાંજનો સપ્લાય :- (સમય સાંજે ૬:૨૫ થી ૧૧:૦૦)<br>કતારગામ દરવાજા,સુમુલ ડેરી, સુમુલ ડેરી રોડ, અલકાપુરી, ગોટાલાવાડી, કતારગામ બાળાશ્રમ તથા તેની આજુબાજુનો સમગ્ર વિસ્તાર. |
| ૪. | સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) (અશત: વિસ્તાર) | સાંજનો સપ્લાય :-(સમય સાંજે ૬:૦૦ થી ૧૦:૦૦) ટી.પી. સ્કીમ નં. ૪૦ (લિંબાયત-ડીંડોલી) ના લિંબાયત, નીલગીરી સર્કલનો આજુબાજુનો વિસ્તાર તથા ટી.પી. સ્કીમ નં. ૪૧ (ડીંડોલી) નવાગામમાં સમાવિષ્ટ તમામ સોસાયટી/વિસ્તાર |

ઉપરોકત બાબતની જાહેર જનતાએ નોંધ લઈ, સહકાર આપવા તથા જરૂરીયાત મુજબનો પાણી પુરવઠો અગાઉથી સંગ્રહ કરી તેનો બચતપૂર્વક ઉપયોગ કરવા વિનંતી. વધુમાં સદર કામગીરીથી થનાર અગવડતા બદલ આથી દિલગીરી વ્યકત કરવામાં આવે છે. કામગીરી વહેલી પૂર્ણ થયેથી પાણી પુરવઠો રાબેતા મુજબ શરૂ કરવામાં આવશે.

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગર પાલિકા તરફથી સાદર

સમાચાર યાદી નં . 421

તા.21-12-2024

## પ્રેસનોટ

## સુરત મહાનગરપાલિકા

આજરોજ સુરત મહાનગરપાલિકા ધ્વારા રાંદેર ઝોન, અઠવા ઝોન અને લિબાંયત ઝોન વિસ્તારમાં પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત અંદાજિત રૂ. ૧૯૩.૧૦ કરોડના ખર્ચે સાકારિત આવાસ સહિત કુલ - ૨૯૫૯ આવાસોના કૃષ્ણકુંજ પાર્ટી પ્લોટ, ઉમરા પોલીસ સ્ટેશનની બાજુમાં, અઠવાલાઇન્સ, સુરત ખાતે યોજાયેલ કાર્યક્રમમાં માન. કેબિનેટ મંત્રી જળશકિત, ભારત સરકાર શ્રી સી.આર.પાટીલના વરદહસ્તે કોમ્પ્યુટરાઇઝ ડ્રો કરવામાં આવ્યો.

જેમાં..**૧.** ટી.પી.નં.૪૩ (ભીમરાડ), ફા.પ્લોટ નં.૧૦૯, સિદ્ધિ એલીપ્સ પાસે, ભીમરાડ ગામની પાછળ, ભીમરાડ, સુરત ખાતે સુમન સ્મિત EWS- ૪૪, ૯૨૮ આવાસ, **૨.** ટી.પી.નં.૧૩ (વેસુ-ભરથાણા), ફા.પ્લોટ નં.૧૬૫+૧૬૬, કેપીટલ ગ્રીન્સની સામે, વેસુ કેનાલ રોડ, ભરથાણા, સુરત ખાતે સુમન શિલ્પ EWS-૫૬, ૫૪૦ આવાસ **3.** ટી.પી.નં.૪૬ (જહાંગીરપુરા), ફા.પ્લોટ નં.૧૦૩, વિવેકાનંદ કોલેજની પાછળ, ઈન્ડીયન ઓઈલ પેટ્રોલ પંપની બાજુમાં, જહાંગીરપુરા, સુરત ખાતે સુમન મૈત્રી EW- ૫૯, ૮૦૮ આવાસ **૪.** ટી.પી.નં.૪૫ (જહાંગીરપુરા), ફા.પ્લોટ નં.૧૧૭ (પેકેજ-૧), સાંઈ પૂજન એપાર્ટમેન્ટની બાજુમાં, પટેલનગર સોસાયટીની પાછળ, ડોકટર પાર્ક રોડ, જહાંગીરપુરા, સુરત ખાતે સુમન વંદન-૧ EWS- ૩૭ (P-૧), ૨૯ આવાસ **૫.** ટી.પી.નં.૪૫ (જહાંગીરપુરા), ફા.પ્લોટ નં.૧૧૭ (પેકેજ- ૨), સાંઈ પૂજન એપાર્ટમેન્ટની બાજુમાં, પટેલનગર સોસાયટીની પાછળ, ડોકટર પાર્ક રોડ, જહાંગીરપુરા, સુરત ખાતે સુમન વંદન-૨ EWS- ૩૭ (P- ૨), ૩૨ આવાસ ૬. ટી.પી.નં.૪૪ (જહાંગીરાબાદ), ફા.પ્લોટ નં.૦૬, રમા કન્સ્ટ્રકશનની બાજુમાં, ડી- માર્ટની પાછળ, જહાંગીરાબાદ, ઉગત કેનાલ રોડ, જહાંગીરાબાદ, સુરત ખાતે સુમન વાણી EWS-૩૯, ૨૧ આવાસ **૭.** ટી.પી.નં.૬૨ (ડીંડોલી-ભેસ્તાન-ભેદવાડ), ફા.પ્લોટ નં.૧૭૩, રીજન્ટ પ્લાઝાની બાજુમાં, ડીંડોલી ગામ રોડ, ડીંડોલી, સુરત ખાતે સુમન નુપુર EWS-૫૧, ૨૭૪ આવાસ ૮.ટી.પી.નં.૧૦ (અડાજણ), ફા.પ્લોટ નં.૧૭, અડાજણ ફાયર સ્ટેશનની બાજુમાં, ઈન્કમટેક્ષ ઓફિસની પાછળ, અડાજણ, સુરત ખાતે સુમન આદર્શ EWS-૫૪, ૮૫ આવાસ તથા કુલ ૨૪૨ આવાસો મળી ૨૯૫૯ આવાસોના આજરોજ કોમ્પ્યુટરાઇઝ ડ્રો કરવામાં આવેલ છે.

આ કાર્યક્રમ પ્રસંગે માન. એડીશનલ સિટી ઇજનેર શ્રી મહેશભાઇ ચાવડાએ ઉપસ્થિત મંચસ્થ મહાનુભવોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. આ કાર્યક્રમ પ્રસંગે માન. મેયર શ્રી દક્ષેશભાઇ માવાણી એ તેમના તે ઉદબોધનમાં જણાવ્યું કે વિશ્વ નેતા તેમજ દેશના લોકપ્રિય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીના અંત્યોદય થી સર્વોદયની ભાવના અંતર્ગત ગરીબ કલ્યાણ મેળાની યોજનાથી કોઈપણ લાભાર્થી વંચિત ન રહે તેવા સંકલ્પ સાથે દેશ આગળ વધી રહ્યો છે જેના થકી દેશવાસીઓના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવવાના પ્રયાસો થઈ રહ્યા છે. માન. કેબિનેટમંત્રી, જળશકિત ભારત સરકારશ્રી સી.આર.પાટીલના વરદહસ્તે રાંદેર ઝોન, અઠવા ઝોન, લીંબાયત ઝોન વિસ્તારના પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત સાકારિત વિવિધ આવાસોના આજે કોમ્પ્યુટરાઈડઝ ડ્રો થવાના છે, ત્યારે પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં અત્યાર સુધી ૮૪૬૯ જેટલા આવાસોની કામગીરી પૂર્ણ થયેલ છે. અંદાજિત દોઢ લાખથી વધુ લાભાર્થીઓના જીવનમાં આવાસોના લાભ આપીને લોકોનું જીવન ધોરણ ઊંચું લાવવા સતત પ્રયત્નો કર્યા છે આજે જેને ઘર મળશે તેમના પરિવારમાં દિવાળી જેવો માહોલ થશે. તેઓના પરિવારની ત્રણ પેઢીને આજે ખૂબ આનંદ થશે અને જેમને ઘર નથી મળ્યું તેમણે નિરાશ થવાની જરૂર નથી માન.વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીના વર્ષ ૨૦૨૪માં ત્રણ કરોડથી વધુ આવાસોનું આયોજન કેબિનેટે મંજુર કરેલ છે એટલે ભવિષ્યમાં ઘણા બધા લોકોના ઘરના સ્વપ્નો સાકાર કરવા અમે તત્પર છે

આ કાર્યક્રમ પ્રસંગે માન. કેબિનેટ મંત્રી જળશકિત, ભારત સરકાર શ્રી સી.આર.પાટીલે ડ્રો માં નવું ઘર મેળવવા બદલ લાભાર્થીઓને અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે પ્રત્યેક વ્યક્તિને ઘરના ઘરનું સ્વપ્ન હોય છેત્યારે સુરત જેવા ઝડપભેર વિકાસની હરણફાળ ભરી રહેલા શહેરમાં ગરીબ તેમજ મધ્યમવર્ગીય પરિવારો માટે પીએમ આવાસ યોજના આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે. સૌ જરૂરિયાતમંદ નાગરિકોને પી.એમ. આવાસ યોજના અંતર્ગત પારદર્શક રીતે ઘરનું ઘર મળે એવું કેન્દ્ર-રાજ્ય સરકાર અને સુરત મહાનગરપાલિકાનું ધ્યેય રહ્યું છે. હાલ કોમ્પ્યુટરાઈઝ્ડ ડ્રો માં જેમને આવાસ નથી લાગ્યા તે લાભાર્થીઓ પણ મકાનથી વંચિત નહિ રહે અને આગામી સમયમાં સુરતના પ્રત્યેક જરૂરિયાતમંદ પરિવારોને પીએમ આવાસ

યોજના થકી પાકું ઘર મળી રહે તે દિશામાં સરકારની કટિબદ્ધતા વ્યક્ત કરી હતી. વડાપ્રધાનશ્રીના દૂરંદેશીપૂર્ણ વિઝનથી રાજ્ય સરકાર પણ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસની સાથે સામાન્યજનની સુખાકારીને પ્રાથમિકતા આપી રહી છે. દેશભરમાં સૌથી વધુ ઝડપથી વિકાસ પામી રહેલા શહેરોમાં સ્થાન મેળવતા સુરતમાં રહેતા ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોને રાજ્ય અને કેન્દ્રની આવાસ યોજનાઓ થકી રહેઠાણની સુવિધાઓ મળી છે. સુરત શહેર ભૂતકાળમાં અસ્વચ્છ શહેર હતુંલ પરંતુ આજે સુરત સ્વચ્છતાની મિસાલ કાયમ કરી રહ્યું છે. સ્વચ્છતાથી લોકોના આરોગ્યમાં પણ હકારાત્મક અસરો પડી રહી છે એમ તેમણે ઉમેર્યું હતું. કેન્દ્ર સરકાર દ્વારા છેલ્લા ૧૦ વર્ષમાં યોજનાકીય સહાયથી ૨૫ કરોડ લોકોને ગરીબી રેખામાંથી બહાર લાવવાનું ભગીરથ કાર્ય થયું છે પાણીની વૈશ્વિક સમસ્યા નિવારવા દક્ષિણ ગુજરાતથી શરૂ કરેલુ રાજ્યવ્યાપી જળસંચય જનભાગીદારી અભિયાન દેશવાસીઓને જળસંચય દ્વારા ભૂગર્ભ જળસ્તર ઊંચા લાવવાની નવી રાહ ચીંધી રહ્યું છે.

આ કાર્યક્રમ પ્રસંગે માન. મંત્રી રમતગમત અને યુવક સેવા, સ્વૈચ્છિક સંસ્થાઓનું સંકલન, બિન નિવાસી ગુજરાતીનો પ્રભાગ, વાહનવ્યવહાર, ગૃહ રક્ષણ દળ અને ગ્રામ રક્ષક દળ, નાગરિક સંરક્ષણ,જેલ,સરહદી સુરક્ષા(તમામ સ્વતંત્ર હવાલો) , ગૃહ અને પોલીસ હાઉસીંગ,ઉધ્યોગ,સાંસ્કૃતિક પ્રવૃતિઓ (રા.ક) ગુજરાત, શ્રી હર્ષભાઇ સંઘવી, માન.મંત્રી (રા.ક.) , વન અને પર્યાવરણ, કલાઇમેટ ચેન્જ, જળસંપત્તિ અને પાણી પુરવઠા ગુજરાત, શ્રી મુકેશભાઇ પટેલ, માન. સંસદસભ્ય શ્રી મુકેશભાઇ દલાલ, માન.ધારાસભ્ય શ્રી પ્રવીણભાઇ ઘોઘારી, માન.ધારાસભ્ય શ્રી અરવિંદભાઇ રાણા, માન.ધારાસભ્ય શ્રી સંદિપભાઇ દેસાઇ, માન.ધારાસભ્ય શ્રી મનુભાઇ પટેલ, માન. કમિશનર શ્રીમતી શાલિની અગ્રવાલ , માન.અધ્યક્ષ, સ્થાયી સમિતિ શ્રી રાજન પટેલ, માન. નેતા શાસકપક્ષ શ્રીમતી શશીબેન ત્રીપાઠી, માન.દંડક, શાસકપક્ષ શ્રી ધર્મેશભાઇ વાણીયાવાલા, માન. વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, માન. મ્યુ. સદસ્યશ્રીઓ, મિડીયાના મિત્રો તથા સુરત મહાનગરપાલિકાના અધિકારીશ્રીઓ તથા અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહયા હતા.

પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગતના આવાસોના કોમ્પ્યુટરરાઈઝડ ડ્રો નું પરિણામ લાભાર્થીના અરજી પત્રકમાં દર્શાવેલ મોબાઈલ નંબર ઉપર એસએમએસ દ્વારા જણાવવામાં આવશે આજના કોમ્પ્યુટરરાઈઝડ ડ્રોના પરિણામ તારીખ ૨૬-૧૨-૨૦૨૪ ના સવારે બાર વાગ્યા પછી સુરતમાં મ્યુનિસિપલ કોર્પોરેશન ની વેબસાઈટ www. Suratmunicipal.gov.in ઉપર પ્રધાનમંત્રી આવાસ યોજના નો icon આવશે. જ્યાં ક્લીક કરી અરજી ફોર્મ નંબર લખી લાભાર્થી પોતાનું પરિણામ જાણી શકશે તેમ જ તે જ લીન્ક પરથી કોમ્પ્યુટરરાઈઝડ ડ્રો માં સફળ થયેલ લાભાર્થીઓ તારીખ ૨૬-૧૨-૨૦૨૪ ના રોજ થી ફાળવણી પત્ર ઓળખકાર્ડ અથવા સ્વ ઘોષણા પત્ર (ત્રણ પાના) ડાઉનલોડ કરી પ્રિન્ટ આઉટ કાઢી શકશે અથવા એફોર્ડેબલ હાઉસિંગ સેલની કચેરી, વરિયાવી બજાર પોલીસ ચોકીની સામેની ગલી, ધાસ્તીપુરા, સુરત ખાતેથી મેળવી શકાશે.

જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર સમાચાર યાદી નં. ૪૨૨ તા. ૨૧/૧૨/૨૦૨૪

**સુરત મહાનગરપાલિકા**

**હાઈડ્રોલિક વિભાગ**

**પ્રેસનોટ**

**પૂર્વઝોન (વરાછા-એ) અશત: વિસ્તાર, સેન્ટ્રલ ઝોન (ઉત્તર વિભાગ),અને સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોનના અશત: વિસ્તારોમાં તા.૨૬/૧૨/૨૦૨૪ ના ગુરૂવારના રોજ પાણી પુરવઠો આપી શકાય તેમ નથી તેમજ તા.૨૭/૧૨/૨૦૨૪ ના શુક્રવારના રોજ પાણી પુરવઠો અંશત: અવરોધાય/ ઓછા પ્રેશરથી/ નહીંવત મળવા અંગેની અગત્યની જાહેરાત નોર્થ ઝોન (કતારગામ)ના કોસાડ વિસ્તારમાં પાણી પુરવઠો બંધ રહેવા/ ઓછા પ્રેશરથી મળવા અંગેની અગત્યની જાહેરાત**

સુરતના શહેરીજનોને સુરત મહાનગરપાલિકા ધ્વારા અપાતી તમામ સેવાઓ શ્રેષ્ઠત્તમ કક્ષાની મળી રહે તે માટે સુરત મહાનગરપાલિકા હરહંમેશ કટીબધ્ધ છે. સુરત મહાનગરપાલિકાનાં પૂર્વઝોન (વરાછા-એ) વિસ્તારમાં ગોસાઈ ચોક પાસે ખાડી બ્રીજ પર કનેકટીવ રોડ બનાવવાની કામગીરીમાં નડતરરૂપ હયાત ૧૫૨૪ મી.મી.વ્યાસની એમ.એસ. નળીકા શીફ્ટીંગ કરવાની કામગીરી પૂર્ણ કરેલ છે. જેના જોડાણની કામગીરી તા.૨૬/૧૨/૨૦૨૪ નાં ગુરૂવારના રોજ સવારે ૮:૦૦ થી રાત્રે ૧૨:૦૦ કલાક સુધી હાથ ધરવામાં આવનાર છે.જેથી તા.૨૬/૧૨/૨૦૨૪ નાં ગુરૂવારના રોજ નીચે જણાવેલ વિસ્તારોમાં પાણી પુરવઠો સંપૂર્ણ બંધ રહેશે તથા તા.૨૭/૧૨/૨૦૨૪ ના **શુક્રવાર**ના રોજ પાણી પુરવઠો ઓછા પ્રેશરથી/ઓછા જથ્થામાં/નહીંવત માત્રમાં મળવાની શકયતાઓ રહેલ છે.

**ઝોન મુજબ પાણી પુરવઠાને અસર થનાર વિસ્તારોની વિગત નીચે મુજબ છે.**

| અ. નં. | ઝોનનું નામ | નીચે દર્શાવેલ વિસ્તારોમાં તા.૨૬/૧૨/૨૦૨૪ નાં ગુરૂવારના રોજ પાણી પુરવઠો સદંતર બંધ રહેનાર છે. |
|---|---|---|
| ૧. | પૂર્વ ઝોન-એ (વરાછા) (અશત: વિસ્તાર) | બપોરનો સપ્લાય :- (૧૨.૩૦ થી ૩.૪૫) રેલ્વે સ્ટેશન, સુમુલ ડેરી, અશ્વિનીકુમાર, ફુલપાડા, લંબે હનુમાન રોડ, ઉમરવાડા, નાના વરાછા, કરંજ, કાપોદ્રા તેમજ સીતારામ સોસાયટી અને આઈમાતા રોડ તથા તેની આસપાસનો વિસ્તાર. |
| ૨. | સેન્ટ્રલ ઝોન (ઉત્તર વિભાગ) | સાંજનો સપ્લાય :- (સમય સાંજે ૬:૨૫ થી ૧૧:૦૦) રેલ્વે સ્ટેશન, દિલ્હીગેટ થી ચોક બજાર, રાજમાર્ગથી ઉત્તર તરફના વિસ્તારમાં મહીધરપુરા, રામપુરા, હરીપુરા, સૈયદપુરા, ધાસ્તીપુરા, શાહપોર-નાણાંવટ અને આજુબાજુનો સમગ્ર વિસ્તાર. |
| ૩. | નોર્થ (કતારગામ) ઝોન (અશત: વિસ્તાર) | સાંજનો સપ્લાય :- (સમય સાંજે ૬:૨૫ થી ૧૧:૦૦)<br>કતારગામ દરવાજા,સુમુલ ડેરી, સુમુલ ડેરી રોડ, અલકાપુરી, ગોટાલાવાડી, કતારગામ બાળાશ્રમ તથા તેની આજુબાજુનો સમગ્ર વિસ્તાર. |
| ૪. | સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) (અશત: વિસ્તાર) | સાંજનો સપ્લાય :-(સમય સાંજે ૬:૦૦ થી ૧૦:૦૦) ટી.પી. સ્કીમ નં. ૪૦ (લિંબાયત-ડીંડોલી) ના લિંબાયત, નીલગીરી સર્કલનો આજુબાજુનો વિસ્તાર તથા ટી.પી. સ્કીમ નં. ૪૧ (ડીંડોલી) નવાગામમાં સમાવિષ્ટ તમામ સોસાયટી/વિસ્તાર |

| | | |
|---|---|---|
| | | |

ઉપરોકત બાબતની જાહેર જનતાએ નોંધ લઈ, સહકાર આપવા તથા જરૂરીયાત મુજબનો પાણી પુરવઠો અગાઉથી સંગ્રહ કરી તેનો બચતપૂર્વક ઉપયોગ કરવા વિનંતી. વધુમાં સદર કામગીરીથી થનાર અગવડતા બદલ આથી દિલગીરી વ્યકત કરવામાં આવે છે. કામગીરી વહેલી પૂર્ણ થયેથી પાણી પુરવઠો રાબેતા મુજબ શરૂ કરવામાં આવશે.

**જનસંપર્ક વિભાગ**

**સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર**

**સમાચાર યાદી નંબર:- ૪૨૩**

**તા.૨૩/૧૨/૨૦૨૪**

# પ્રેસનોટ

## "સુમન ખેલકુદ કૌશલ્ય સંવર્ધન કાર્યક્રમ" ચિલ્ર્ડન પાર્કની બાજુમાં,મજુરાગેટપાસે યોજાયેલ

## ખો-ખો સ્પર્ધા

સુરત મહાનગરપાલિકા અને સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતનાં સંયુકત ઉપક્રમેસુમન ખેલકુદ કૌશલ્ય સંવર્ધન કાર્યક્રમઅંતર્ગત સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતનાં કોચીસ દ્વારા સુરત મહાનગરપાલિકા સંચાલિત શાળાઓમાં ખો-ખો રમતની સઘન તાલીમ આપવામાં આવેલ અને આ વિધ્યાર્થીઓને પોતાનું કૌશલ્ય દાખવવાની તક મળે તે માટે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અને સુમન શાળા સેલ સંચાલિત શાળા તથા સુરત શહેરની ખાનગી શાળાઓનાવિધ્યાર્થીઓને એકત્રિત કરી તા.૨૩/૧૨/૨૦૨૪નાં રોજ શિયાળાની કુલગુલાબી ઠંડી વચ્ચે ખુશનુમા સવારે ૮.૩૦ કલાકે ન.પ્રા.શાળા નં.૮,૯,ચિલ્ર્ડન પાર્કની બાજુમાં,મજુરાગેટ,સુરત ખાતે ખો-ખો રમતની સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ.

આ કાર્યક્રમમાં સુરત મહાનગરપાલિકાના ડે.મ્યુનિ. કમિશનરશ્રી મીનાબેન ગજ્જર ઉપસ્થિત રહી સ્પર્ધકોમાં ઉત્સાહ વધારી પ્રોત્સાહન આપેલ તેમજ જીલ્લા વિકાસ રમત અધિકારીશ્રી કનુભાઇ રાઠોડે માર્ગદર્શન તેમજ સહયોગ આપેલ હતો. જેમાં વિધ્યાર્થીઓમાં કુમારો અને કન્યાઓ મળીને કુલ ૧૭૭ ખેલાડીઓએ ઉત્સાહપુર્વક ભાગ લીધેલ હતો. જેમાં ભાગ લેનાર તમામ વિધ્યાર્થીઓ દ્વારા ખેલદિલીપુર્વક હરીફ ખેલાડીઓને બિરદાવવામાં આવ્યા હતા. આગામી દિવસોમાં દરેક ઝોનમાં દર માસમાં એક વખત મ્યુનિસિપલ સ્કુલોના વિધ્યાર્થીઓને અન્ય રમતોની પણ તાલીમ આપી વિવિધ સ્પર્ધાઓ માટે તૈયાર કરીસ્પર્ધાઓનુંઆયોજન કરવામાં આવશે.

**જનસંપર્ક વિભાગ**

**સુરત મહાનગરપાલિકા તરફથી સાદર**

**સમાચાર યાદી નં.** ૪૨૪

તા.૨૩/૧૨/૨૦૨૪

# સુરત મહાનગરપાલિકા

## સાઉથ ઇસ્ટ(લિંબાયત) ઝોન

## પ્રેસનોટ

આજ રોજ તા.૨૩/૧૨/૨૦૨૪ ના રોજ સુરત મહાનગરપાલિકાના સાઉથ ઇસ્ટ(લિંબાયત) ઝોન વિસ્તારમાં નીચે મુજબના મંજુરી વગરના/ મંજુર પ્લાન વિરૂધ્ધના બાંધકામ દુર કરવામાં આવેલ છે.

(૧) ડ્રા.ટી.પી.સ્કીમ નં. ૬૧(પરવત-ગોડાદરા) ફાયનલ પ્લોટ નં. ૧૦ માં આવેલ સંતોષનગર ના સબ પ્લોટ નં. ૩૬ થી ૩૯ વાળી મિલકતમાં ત્રીજા માળે મંજુર પ્લાન વિરુધ્ધનું આર.સી.સી. સ્લેબ, ચણતર, બીમ સહિતનું અંદાજીત ૧૫૦૦ ચો. ફુટ બાંધકામ તા.૧૬/૧૧/૨૦૨૪ નાં રોજ દુર કરી રૂ.૧,૦૦,૦૦૦/- વહીવટી ચાર્જ વસુલ લેવામાં આવેલ. ત્યારબાદ કબજેદાર/મિલકતદાર દ્વારા ફરીથી સદરહુ મિલકતમાં બાંધકામ પ્રવૃત્તિ શરુ કરવામાં આવતા આજરોજ તા.૨૩/૧૨/૨૦૨૪ ના રોજ ફરીથી સદરહુ બાંધકામ દુર કરવામાં આવેલ છે.

(૨) ફા.ટી.પી.સ્કીમ નં. ૩૯ (ઉધના-લિંબાયત) ફાયનલ પ્લોટ નં. ૦૧ માં આવેલ નારાયણનગર ઈન્ડસ્ટ્રીયલ ના સબ પ્લોટ નં. જે-૧૦,૧૧ વાળી મિલકતમાં પતરાના શેડ વાળું અંદાજીત ૧૭૦૦ ચો. ફુટ બાંધકામ દુર કરવામાં આવેલ છે.

ઉપરોક્ત કામગીરી સાઉથ ઈસ્ટ(લિંબાયત) ઝોનના ડે. કમિશનરશ્રીના સીધા માર્ગદર્શન તેમજ કાર્યપાલક ઈજનેરશ્રીના નેતૃત્વ હેઠળ શહેર વિકાસ વિભાગના સંલગ્ન સ્ટાફ તથા દબાણ વિભાગનો સ્ટાફ અને સિક્યુરીટી સ્ટાફ સાથે મળી સંયુક્ત રીતે કરવામાં આવેલ છે.

**જનસંપર્ક વિભાગ**
**સુરત મહાનગરપાલિકા તરફથી સાદર**
**સમાચાર યાદી નં. ૪૨૫**
**તા.૨૩/૧૨/૨૦૨૪**

# પૂર્વ(વરાછા)ઝોન-એ ની અખબારી યાદી

પૂર્વ(વરાછા)ઝોન-એ માં આવેલ ટી.પી. સ્કીમ નં.૮(ઉમરવાડા), ફા.પ્લોટ નં.૪ ની ઉતરે આવેલ રસ્તા રેખા પૈકીની જગ્યામાં આવેલ સુરત મેટ્રો રેલ પ્રોજેકટના સ્ટ્રકચરના બાંધકામમાં નડરતરરૂપ ધાર્મિક સ્થળનું બાંધકામ દુર કરવા બાબત.

સુરત મહાનગરપાલિકાના પૂર્વ(વરાછા)ઝોન-એ વિસ્તારમાં સમાવિષ્ટ ટી.પી. સ્કીમ નં.૮(ઉમરવાડા), ફા.પ્લોટ નં.૪ ની ઉતરે આવેલ રસ્તા રેખા પૈકીની જગ્યામાં આવેલ સુરત મેટ્રો રેલ પ્રોજેકટના સ્ટ્રકચરના બાંધકામમાં નડરતરરૂપ ધાર્મિક સ્થાન હટાવવાની કામગીરી સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૩/૧૨/૨૦૨૪ ના રાત્રિના ૧૨:૦૦ કલાકે થી સવારે ૪:૩૦ કલાક સુધીમાં અંદાજીત ૨૦૦ પોલીસ વિભાગના ઉચ્ચ અધિકારી સહિતના સ્ટાફ તથા સુરત મહાનગરપાલિકાના ૦૪-ડે.ઈજનેરશ્રી, ૦૮-આસી.ઈજનેર, ૦૮-સુપરવાઈઝર, ૧૦-ટેકનીકલ આસીસ્ટન્ટ સાથોસાથ ઝોનના પાણી વિભાગ, ડ્રેનેજ વિભાગ, રોડ વિભાગના સ્ટાફ સહિત કુલ-૦૪ જે.સી.બી., ૦૯-ટ્રક, ૩૦-બેલદાર તથા અન્ય સામ્રગી સાથે કુલ ૯૮૦ ચો.ફુટનું આર.સી.સી. ચણતર તથા જી.આઈ.શીટ સહિતનું બાંધકામ દુર કરવામાં આવેલ છે. સમગ્ર કામગીરી દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુસર પોલીસ વિભાગ દ્વારા મોનીટરીંગ તથા વિકટ પરિસ્થિતિ ને પહોંચી વળવા સ્થળ પર એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ કક્ષાના અધિકારીને સમગ્ર કામગીરી દરમ્યાન સ્થળ પર હાજર રાખવામાં આવેલ હતાં.

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર

સમાચાર યાદી નં. ૪૨૬

તા.૨૪/૧૨/૨૦૨૪

# પ્રેસનોટ

ડે.કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પીટલ) તથા ડેઝીગ્નેટેડ ઓફિસર અને આરોગ્ય અધિકારીશ્રીની સુચના તથા સીધા માર્ગદર્શન હેઠળ તા.૨૭/૧૨/૨૦૨૪ના રોજ મળેલ માહિતીનાં અનુસંધાન માંઠે. એ-૭, ફ્લેટ નં-૪૦૮, માનસરોવર બિલ્ડીંગ, કઠોરગામ, સુરત ખાતે ફૂડ ઇન્શપેકશન વિભાગનાં ફુડ સેફટી ઓફિસરો, સુમુલ ડેરીના સ્ટાફ અને કામરેજ પોલિસ સ્ટેશનનાં સ્ટાફ સાથે સંયુક્તપણે સ્થળ તપાસ કરતા સદર સ્થળે "સુમુલ શુધ્ધ ઘી" નો શંકાસ્પદ જથ્થો હોવાનું માલમ પડતાં સદર સ્થળેથી માલિક પ્રવિણભાઈ રમેશભાઈ હરખાણી પાસેથી "સુમુલ શુધ્ધ ઘી"નો નમુનો લઈ પૃથ્થકરણ સારૂં લેબોરેટરી ખાતે મોકલાવેલ છે, જેનો પૃથ્થકરણ અહેવાલ આવ્યેથી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

વધુમાં સદર સ્થળેથી ૧ લીટર (૯૪૦ ગ્રામ) ભરતીવાળા પતરાના ૧ટીન એવા કુલ-૧૦૮ "સુમુલ શુધ્ધ ઘી" ના ટીનનો જથ્થો મળી આવેલ, જેની અંદાજિત કિંમત આશરે રૂપિયા ૬૮,૦૪૦/- (અંકે રૂપિયા અડસઠ હજાર ચાલીસ પુરા) છે. જે કામરેજ પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા જપ્ત કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગર પાલિકા તરફથી સાદર

સમાચાર યાદી નં.427

તા.27/12/2024

**સુરત મહાનગરપાલિકા**

**હાઈડ્રોલિક વિભાગ**

**પ્રેસનોટ**

**પશ્ચિમ ઝોન (રાંદેર) વિસ્તારમાં સમાવિષ્ટ એવા વરીયાવ ખાતે પાણી પુરવઠો બંધ રહેવા/ઓછા પ્રેશરથી મળવા અંગેની અગત્યની જાહેરાત**

સુરતના શહેરીજનોને સુરત મહાનગરપાલિકા ધ્વારા અપાતી તમામ સેવાઓ શ્રેષ્ઠત્તમ કક્ષાની મળી રહે તે માટે સુરત મહાનગરપાલિકા હંમેશ કટીબધ્ધ રહેલ છે. જે અન્વયે સુરત મહાનગરપાલિકાનો હાઈડ્રોલિક વિભાગ, સુરત શહેરમાં સમાવિષ્ટ વિસ્તારમાં નિયત સમય મર્યાદામાં, પુરતા જથ્થામાં તેમજ ગુણવત્તા સાથે પાણી પુરવઠો પુરો પાડવા હંમેશા પ્રયત્નશીલ રહે છે. તા.૦૭/૦૧/૨૦૨૫ ના રોજ વરીયાવ આઉટર રીંગરોડ ખાતે આવેલ ESR - V2 માં ફ્લોકંટ્રોલ વાલ્વ ઇન્સ્ટોલેશનની કામગીરી તેમજ બાયપાસની કામગીરી હાથ ધરવામાં આવનાર હોય, તા.૦૭/૦૧/૨૦૨૫ ના રોજ નીચે દર્શાવેલ વિસ્તારોને પૂરો પાડવામાં આવતો પાણી પુરવઠો મળે તેમ નથી તેમજ તા.૦૮/૦૧/૨૦૨૫ ના રોજ પાણી પુરવઠો અંશતઃ મળે/ ઓછા પ્રશરથી મળે તેમ હોય, જે જાણમાં લેવા જોગ છે.

| અનું નં. | ઓવરહેડ ટાંકીનું નામ /ટાંકીનું સ્થળ | વિસ્તારો ના નામો |
|---|---|---|
| ૧ | V-2<br>(વરીયાવ આઉટર રીંગ રોડ સ્થિત) | વરીયાવ ગામતળ હેઠળના બધા જ ફળીયાઓ તથા ગાયત્રી સોસાયટીનો વિસ્તાર. |

ઉપરોકત બાબતની જાહેર જનતાએ નોંધ લઈ, સહકાર આપવા તથા જરૂરીયાત મુજબનો પાણી પુરવઠો અગાઉથી સંગ્રહ કરી તેનો બચતપૂર્વક ઉપયોગ કરવા વિનંતી. વધુમાં સદર કામગીરીથી થનાર અગવડતા બદલ આથી દિલગીરી વ્યકત કરવામાં આવે છે. કામગીરી વહેલી પૂર્ણ થયેથી પાણી પુરવઠો રાબેતા મુજબ શરૂ કરવામાં આવશે.જનસંપર્ક વિભાગ

સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નંબર:- ૪૨૮

તા. 03/0૧/૨૦૨૫

# --::<u>પ્રેસનોટ</u>::--

આરોગ્ય અધિકારીશ્રી, ટોબેકો કંટ્રોલ સેલ, સુરત મહાનગરપાલિકાનાં સીધા માર્ગદશન હેઠળતા.૦૩/૦૧/૨૦૨૫નાં રોજ તમાકુ નિયંત્રણ અધિનિયમ – ૨૦૦૩ હેઠળ કલમ – ૪, કલમ – ૬(અ અને બ) અને કલમ –૭નાં ભંગ કરનાર ઈસમો સામે અસરકારક અને સખ્ત અમલીકરણ તથા તમાકુ વિરોધી લોક જાગ્રુતિથાય તે માટે તમામ ઝોનમાં શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ છે.

જે અંતગત તા.૦૩/૦૧/૨૦૨૫નાં રોજ શૈક્ષણિક સંસ્થાના ૧૦૦ મી. ના વિસ્તારમાં પ્રતિબંધિત તમાકુ કે તમાકુની બનાવટોના વેચાણ કરવા પર **રાંદેર** ઝોનમાંકુલ ઇસમો ૨૦અને કુલરુપિયા૪૦૦૦, **સેન્ટ્રલ** ઝોનમાંકુલ ઇસમો ૧૯અને કુલરુપિયા૩૮૦૦, **કતારગામ**ઝોનમાંકુલ ઇસમો૧૭અને કુલરુપિયા૩૪૦૦**વરાછા – એ** ઝોનમાંકુલ ઇસમો ૨૧અને કુલરુપિયા૪૨૦૦,**વરાછા–બી**ઝોનમાંકુલ ઇસમો ૧૭ અને કુલરુપિયા૩૪૦૦,**ઉધના – એ** ઝોનમાંકુલ ઇસમો ૨૨અને કુલરુપિયા૪૪૦૦, **ઉધના–બી** ઝોનમાં કુલ ઇસમો ૧૩અને કુલરુપિયા૨૬૦૦, **અઠવા** ઝોનમાં કુલ ઇસમો ૧૩અને કુલરુપિયા૨૬૦૦,**લિંબાયત** ઝોનમાંકુલ ઇસમો૧૫અને કુલરુપિયા૩૦૦૦સાથે સુરત મહાનગરપાલિકાનાં **તમામ ઝોન મળીનેકુલ ઇસમો ૧૫૭પાસેકુલ૩૧,૪૦૦રુપિયાનો** દંડ/ વહિવટી ખર્ચ વસૂલવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી ન. ૪૨૯
તા. ૦૩/૦૧/૨૦૨૫

# સુરત મહાનગરપાલિકા
## સાઉથ ઇસ્ટ(લિંબાયત) ઝોન

## <u>પ્રેસનોટ</u>

**સાઉથ ઇસ્ટ (લીંબાયત) ઝોન વિસ્તારમાં પુષ્પાનગર શાકભાજી માર્કેટને લાગુ ૧૨.૧૯ મી ટી.પી રોડની પહોળાઇમાં દબાણ દુર કરવાની કામગીરીની વિગત**

આજ રોજ તા.૦૪/૦૧/૨૦૨૫ ના રોજ સુરત મહાનગર પાલિકાના સાઉથ ઇસ્ટ (લીંબાયત) ઝોન વિસ્તારમાં આવેલ ફા.ટી.પી સ્કીમ નંબર-૦૭(આંજણા) ના ભાઠેના વિસ્તારમાં આવેલ પુષ્પાનગર શાકભાજી માર્કેટને લાગુ ૧૨.૧૯ મી ટી.પી રોડની પહોળાઇમાં દબાણની અસરમાં આવતા અંદાજીત ૧૫ દુકાનોના પતરાના શેડ (અંદાજીત ૧૦૦૦.૦૦ ચો.ફૂટ) તથા ૧૫ જેટલી દુકાનોના ઓટલા પ્રકારના (અંદાજીત ૫૦૦ ચો.ફૂટ) દબાણ દૂર કરી મટીરીયલ તથા કુલ- ૨૧ લારી જપ્ત કરવામાં આવેલ છે. સદરહુ રસ્તાને ખુલ્લા કરવા માટે પોલીસ બંદોબસ્ત માં ૦૧ પી.આઈ, ૦૨ પી.એસ.આઈ, ૧૫ કોન્સ્ટેબલ, દબાણની ગાડી અને બેલદારો, સીકયુરીટી સ્ટાફ તથા ટેકનીકલ સ્ટાફની મદદથી દબાણ દુર કરવાની કામગીરી કરવામાં આવેલ છે. સુરત મહાનગરપાલિકા દ્વારા સદર ૧૨.૧૯ મીટર પહોળાઈનો આ રસ્તો ખુલ્લો કરવામાં આવતા સદર વિસ્તાર ખુબજ ગિચ વસ્તી ધરાવતો વિસ્તાર હોય, ઉકત રોડ પર ટ્રાફિકના ભારણમાં નોંધપાત્ર ઘટાડો થશે .

વધુમાં, સુરત મહાનગરપાલિકા દ્વારા આ તમામ કામગીરી સાઉથ ઇસ્ટ ઝોનના ડે.મ્યુ.કમિશનરશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રીના નેતૃત્વ હેઠળ પુર્ણ કરવામાં આવેલ છે.

**જનસંપર્ક વિભાગ**
**સુરત મહાનગરપાલિકા તરફથી સાદર**
**સમાચાર યાદી નં. ૪૩૦**
**તા.૦૪/૦૧/૨૦૨૫**

પ્રેસનોટ

ખેલ મહાકુંભ ૩.૦

સુરતના રમતવીરો દ્વારા ખેલ મહાકુંભ ૨.૦ માં સૌથી વધુ મેડલ અને સૌથી વધુ ગોલ્ડ મેડલ મળી કુલ ૭૫૭ મેડલ પ્રાપ્ત કરી ગુજરાત રાજ્યમાં "ઓવરઓલ સ્ટેટ ચેમ્પિયન" થવા બદલ ખેલ મહાકુંભ ૩.૦ના રાજકોટ ખાતેના શુભારંભ સમારોહમાં સુરત શહેરના મેયરશ્રી, સુરત મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનરશ્રીએ ટ્રોફી સ્વીકારી માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદહસ્તે મા.ગૃહમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીની ઉપસ્થિતિમાં ખેલ મહાકુંભ ૩.૦ નો શુભારંભ સમારોહ તા.૦૪/૦૧/૨૦૨૫ શનિવાર ના રોજ સાંજે ૦૫:૩૦ કલાકે, રાજકોટ ખાતે એથ્લેટિક ટ્રેક, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે રાખવામાં આવેલ.

ગત વર્ષ ખેલ મહાકુંભ ૨.૦માં રાજ્ય કક્ષાની રમતોના વિજેતા ખેલાડીઓને મેડલ મળેલ, જેમાં૨૭૦-ગોલ્ડ મેડલ, ૨૨૫-સિલ્વર મેડલ અને૨૬૨-બ્રોન્ઝ મેડલ મળી કુલ - ૭૫૭ મેડલ પ્રાપ્ત કરી સુરત મહાનગરપાલિકા સૌથી વધુ ગોલ્ડ મેડલ અને સૌથી વધુ મેડલ જીતનાર પ્રથમ ક્રમાંકની મહાનગરપાલિકા બનેલ છે.મેડલ ટેલીના આધારે રાજ્યના મહાનગરપાલિકા પૈકી સુરત મહાનગરપાલિકાને "ઓવર ઓલ સ્ટેટ ચેમ્પિયન" તરીકે પસંદગી કરવામાં આવેલ છે.ગતવર્ષ ખેલ મહાકુંભ ૨.૦ માં સુરત મહાનગરપાલિકાને "ઓવરઓલ સ્ટેટ ચેમ્પિયન"થવા બદલ મા.મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ ના વરદ્ હસ્તે તથા મા.ગુહમંત્રીશ્રી હર્ષ ભાઈ સંઘવીની ઉપસ્થિતીમા મા.મેયરશ્રી, મા. મ્યુનિસિપલ કમિશનરશ્રી, સુરત શહેરના જિલ્લા રમત ગમત અધિકારી વિગેરેનેખેલ મહાકુંભ ૩.૦ના શુભારંભ સમારોહમાંટ્રોફીથી સન્માનિત કરવામાંઆવેલ. આઉપરાંત "સ્ટેટ રનર્સઅપ" તરીકે અમદાવાદ મહાનગરપાલિકાઅને "સ્ટેટ સેકન્ડ રનર્સ અપ" તરીકે વડોદરામહાનગરપાલિકાને ટ્રોફીથી સન્માનિત કરવામાં આવેલ. ખેલમહાકુંભ ૨.૦ ની રાજયકક્ષાની શ્રેષ્ઠ ૩ શાળા જેમાં પ્રથમ શ્રેષ્ઠ શાળા ગજેરા વિધ્યાભવન સ્કુલ,કતારગામ,સુરત,દ્વિતીય શ્રેષ્ઠ શાળા એસ.આર. હાઇસ્કુલ દેવગઢ બારીયા,દાહોદ અને તૃતીય શ્રેષ્ઠ શાળા નોલેજ હાઇસ્કુલ, નડીયાદને રોકડ-પુરસ્કાર અને ટ્રોફીથી સન્માનિત કરવામાં આવેલ. ખેલમહાકુંભ ૨.૦ ના રાજયકક્ષાના શ્રેષ્ઠ ૩ જિલ્લાઓ જેમાં ઓવરઓલ સ્ટેટ ચેમ્પિયન ખેડા જિલ્લો,રનર્સઅપ દાહોદ જિલ્લો અને સ્ટેટ સેકન્ડ રનર્સ અપ બનાસકાંઠા જિલ્લાને ટ્રોફીથી સન્માનિત કરવામાં આવેલ. રાજયમાં ખેલકૂદનું વાતાવરણ ઉભું થાય,પ્રતિભાશાળી ખેલાડીઓની ખોજ થાય તેમજ ખેલકૂદના માધ્યમથી સ્વાસ્થય અંગેની જાગૃતિ આવે તેવા ઉદ્દેશ સાથે ગુજરાત તત્કાલિન માન.મુખ્યમંત્રીશ્રી અને હાલના માન.વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી ધ્વારા વર્ષ - ૨૦૧૦ માં ખેલ મહાકુંભની શરૂઆત કરવામાં આવેલ. માન.વડાપ્રધાનશ્રીએ આપેલો ખેલ મહાકુંભનો વિચાર આજે વટવૃક્ષ બની ચુકયો છે. વર્ષ-૨૦૧૦ માં ૧૩ લાખ રમતવીરોની સહભાગીતાથી આરંભ થયેલા આ મહાકુંભમાં આવર્ષેખેલમહાકુંભ૩.૦ માં૭૧.૩૦ લાખથી વધુ રમતવીરો હોંશભેર ભાગ લેવા જઇ રહ્યા છે. અંડર-૯

કેટેગરથી માંડીને અબોવ-૬૦ કેટેગરી સુધી મળીને વિવિધ ૭ વયજૂથના ખેલાડીઓ વિવિધ ૩૯ રમતોમાં ભાગ લેશે. શ્રેષ્ઠ પદર્શન કરનાર રમતવીરોને રૂ.૧૦ હજારથી શરૂ થઇને રૂ.૫.૦૦ લાખ સુધીના રોકડ પુરસ્કાર આપવામાં આવશે. એમ રાજય સરકાર ધ્વારા કુલ રૂ.૪૫ કરોડના રોકડ પુરસ્કાર તાલુકા,જિલ્લા અને રાજયકક્ષાએ પ્રથમ,દ્રિતીય અને તૃતીય ક્રમે વિજેતા થનાર ખેલાડીઓને આપવામાં આવશે. દિવ્યાંગ ખેલાડીઓ માટે સ્પે. ખેલમહાકુંભનું આયોજન કરવામાં આવ્યુ છે. ખેલ મહાકુંભમાં શારીરિક રીતે પૂર્ણતઃ સક્ષમના હોય,તેવા ખેલાડીઓને અલગ અલગ જૂથોમાં વહેંચી તેઓને પણ પોતાનું કૌશલ્ય બતાવવા માટેની તક સરકારે પુરી પાડી છે. જિલ્લા અને રાજયકક્ષાએ પ્રથમ,દ્રિતીય અને તૃતીય ક્રમે વિજેતા થનાર ખેલાડીઓને રોકડ પુરસ્કાર આપવામાં આવશે. ખેલ મહાકુંભ 3.0 ના રજીસ્ટ્રેશન તા.૦૫/૧૨/૨૦૨૪ થી તા.૨૫/૧૨/૨૦૨૪ સુધી કરવામાં આવેલ. જેમાં સુરત શહેર હદવિસ્તારમાં વિવિધ ૦૭ વય જૂથમાં કુલ ૩૯ રમતોમાં ૧,૮૭,૮૭૦ પુરુષો અને ૧,૩૪,૧૫૭ સ્ત્રીઓ મળી કુલ ૩,૨૨,૦૨૭ રજીસ્ટ્રેશન થયેલ.સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં રમત વિરો ખેલ મહાકુંભ ૩.૦માં પણ સુરતનું નામ ઉજ્વળ કરે તે માટે આશાવંત રહીએ.

જનસંપર્ક વિભાગ સુરત મહાનગરપાલિકા તરફથી સાદર સમાચાર યાદી નં. ૪૩૧ તા.૦૪/૦૧/૨૦૨૫

## પ્રેસનોટ

## સાઉથ વેસ્ટ (અઠવા)ઝોનના વેસુ – રૂંઢ – મગદલ્લા – ભરથાણા – પીપલોદ વિસ્તારોમાં તા.૦૯/૦૧/૨૦૨૫ ના ગુરુવારના રોજ પાણી પુરવઠો આપી શકાય તેમ નથી તેમજ તા. ૧૦/૦૧/૨૦૨૫ ના શુક્રવારના રોજ પાણી પુરવઠો અંશતઃ અવરોધાય/ ઓછા પ્રેશરથી/ નહીંવત મળવા અંગેની અગત્યની જાહેરાત

સુરતના શહેરીજનોને સુરત મહાનગરપાલિકા ધ્વારા અપાતી તમામ સેવાઓ શ્રેષ્ઠત્તમ કક્ષાની મળી રહે તે માટે સુરત મહાનગરપાલિકા હરહંમેશ કટીબધ્ધ છે. સુરત મહાનગરપાલિકાનાં સાઉથ વેસ્ટ (અઠવા)ઝોન વિસ્તારમાં વેસુ-૧ અને વેસુ–૨ જળવિતરણમથક ખાતે અંડરગ્રાઉન્ડ ટાંકીના એક્સપાન્શનની કામગીરી પુર્ણતાને આરે હોય, સદર નવી બનાવવામાં આવેલ અંડરગ્રાઉન્ડ ટાંકીનું હયાત અંડરગ્રાઉન્ડ ટાંકી સાથે જોડાણની કામગીરી તા.૦૮/૦૧/૨૦૨૫ નાં બુધવારના રોજ સાંજે ૮:૦૦ થી તા.૦૯/૦૧/૨૦૨૫ નાં ગુરુવારના રાત્રે ૧૨:૦૦ કલાક સુધી હાથ ધરવામાં આવનાર છે. જેથી તા.૦૯/૦૧/૨૦૨૫ ના ગુરુવારના રોજ નીચે જણાવેલ વિસ્તારોમાં પાણી પુરવઠો સંપૂર્ણ બંધ રહેનાર છે તથા તા.૧૦/૦૧/૨૦૨૫, શુક્રવારના રોજ પાણી પુરવઠો ઓછા પ્રેશરથી/ઓછા જથ્થામાં/નહીંવત માત્રમાં મળવાની શકયતાઓ રહેલ છે.

### ઝોન મુજબ પાણી પુરવઠાને અસર થનાર વિસ્તારોની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | ઝોનનું નામ | તા.૦૯/૦૧/૨૦૨૫ ના ગુરુવારના રોજ નીચે જણાવેલ વિસ્તારોમાં પાણી પુરવઠો સંપૂર્ણ બંધ રહેનાર છે તથા તા.૧૦/૦૧/૨૦૨૫, શુક્રવારના રોજ પાણી પુરવઠો ઓછા પ્રેશરથી/ઓછા જથ્થામાં/નહીંવત માત્રમાં મળવાની શકયતાઓ રહેલ છે. |
|---|---|---|
| ૧ | સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન (અશતઃ વિસ્તાર) | **વેસુ-૧ જળ વિતરણ મથકઃ- સવારનો સપ્લાયઃ-** વેસુ-૧ જળ વિતરણ મથકથી ભરથાણા ગામતળ તથા ભરથાણા ટી.પી. વિસ્તાર, G.D.Goenka કેનાલ રોડ સુધીનો રત્નરાજ, હેગડેવાર, રોયલ પેરાડાઈઝ, સુર્યા હેરીટેજ, Eco Garden વિગેરે વિસ્તાર.<br>**વેસ-૧ જળ વિતરણ મથકઃ- બપોરનો સપ્લાયઃ-** ઓવરહેડ ટાંકી ESR-8 ના નેટવર્કનો સુમન શૈલ, વેસુ ગામતળ, શોમેશ્વરા ચોકડી, સુડાભવન, કૃષ્ણધામ, દેવદર્શન, સિધ્ધિ રો હાઉસ, વેસુ ગામતળ, રત્ન જયોતિ, સોહમ હાઈટસ, ગૌતમ બુધ્ધ નગર અને પીપલોદ આજુબાજુનો વિસ્તાર.<br>**વેસ-૨ જળ વિતરણ મથકઃ- સવારનો સપ્લાયઃ-** વેસુ, રૂંઢ, મગદલ્લાનો અને તેની આજુબાજુનો વિસ્તાર તથા સુમન સાગર, હાઈ ટેક એવન્યુ, L&T બેચરલ હોસ્ટેલ, નંદીની-૩, વાસ્તુગ્રામ ચોકડી વિગેરે અને તેની આજુબાજુનો વિસ્તાર.<br>**વેસ-૨ જળ વિતરણ મથકઃ- સાંજનો સપ્લાયઃ-** ઓવરહેડ ટાંકી ESR-6A ના નેટવર્કના શ્યામ પેલેસ, શૃંગાર રેસીડેન્સી, નંદની-૧, ૨, નંદનવન-૩, સંગાથ |

| | | |
|---|---|---|
| | | રેસીડેન્સી, સ્ટાર ગેલેક્ષી, એલ એન્ડ ટી કોલોની, ઓ.એન.જી.સી. ફેઈઝ-૨, ફોઈનીક્ષ, ફલોરન્સ, ક્રિસ્ટલ પેલેસની આજુબાજુનો વિસ્તાર. |

ઉપરોકત બાબતની જાહેર જનતાએ નોંધ લઈ સહકાર આપવા તથા જરૂરીયાત મુજબનો પાણી પુરવઠો અગાઉથી સંગ્રહ કરી તેનો બચતપૂર્વક ઉપયોગ કરવા વિનંતી. વધુમાં સદર કામગીરીથી થનાર અગવડતા બદલ આથી દિલગીરી વ્યકત કરવામાં આવે છે. કામગીરી વહેલી પૂર્ણ થયેથી પાણી પુરવઠો રાબેતા મુજબ શરૂ કરવામાં આવશે.

**જનસંપર્ક વિભાગ**
**સુરત મહાનગર સેવા સદન તરફથી**
**સાદરસમાચાર યાદી નંબર:- 432,**
**તા.06/01/2024**

પ્રેસનોટ

લિંબાયત ઝોનમાં માર્કેટ વિસ્તારમાં ચાલી રહેલી વેરા વસુલાત ઝુંબેશ

સાઉથ ઇસ્ટ ઝોન (લિંબાયત)ના ડે.મ્યુ.કમિશ્નરશ્રી નિલેશભાઇ એચ. પટેલની સુચના મુજબ મે.આસી.કમિશ્નરશ્રી દિપક એમ. રાઠોડના માર્ગદર્શન હેઠળ આકારણી અધિકારીશ્રી એ. વી. જગતાપ અને આકારણી વસુલાત વિભાગના સ્ટાફ દ્વારા તા.૦૬/૦૧/૨૦૨૫ ના રોજ માર્કેટ વિસ્તારમાં આવેલ કોર્મર્શિયલ મિલકતોમાં વેરા વસુલાતની કામગીરી ઘનિષ્ઠ બનાવવામાં આવતા લાંબા સમયથી વેરો ભરપાઇ ન કરતા કરદાતાઓમાં ફફડાટ ફેલાયો હતો. જેમાં પાછલી બાકી ધરાવતી મિલ્કતોને ટાંચમાં લઇ સીલ કરવામાં આવેલ છે. આથી ઘણાં કરદાતાઓએ સ્થળ પર જ રૂ.૬૫,૧૫,૨૨૩/- રકમની વસુલાત સહિત લિંબાયત ઝોન દ્વારા કુલ રૂ.૭૮,૯૦,૦૦૦/- વસુલાત કરવામાં આવેલ છે. વધુમાં તા.૦૬/૦૧/૨૦૨૫ સુધીમાં લિંબાયત ઝોન દ્વારા કુલ ૩૧૪.૫૯ કરોડ ડિમાન્ડની સામે કુલ ૧૮૨.૦૮ કરોડ, ૫૭.૮૮% ની વસુલાત કરવામાં આવેલ છે.

વધુમાં આગામી દિવસોમાં પણ સાઉથ ઇસ્ટ ઝોન (લિંબાયત)માં આવેલ તમામ ઇન્ડસ્ટ્રીયલ તેમજ કોમર્શીયલ વિસ્તારમાં પણ લાંબા સમયથી વેરો ભરપાઇ ન કરતા કરદાતાની મિલ્કતોને ટાંચમાં લઇ સીલીંગની કાર્યવાહી કરવામાં આવનાર છે. તથા રેસીડેન્સ એરીયામાં બાકીદારોની મિલકતોમાં નળ કનેકશન તેમજ ડ્રેનેજ કનેકશન કાપવાની ઝુંબેશ કરવામાં આવનાર છે.

આથી જે કરદાતાઓનો મિલ્કત વેરો બાકી છે. તેમણે ઝોન ઓફિસ તથા સીવીક સેન્ટરનો સંપર્ક કરી તાત્કાલિક વેરો ભરવા ખાસ જણાવવામાં આવે છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નંબર ૪૩૩
તા.૦૬/૦૧/૨૦૨૫

# પ્રેસનોટ

**તા. ૦૬/૦૧/૨૦૨૫**

WHO,NCDC અને ભારત સરકારશ્રી દ્વારા મળેલ માહિતી મુજબ હાલમાં ચીનમાં માનવ મેટાન્યુમોવાઈરસ (HMPV) ના કેસો જોવા મળેલ છે અને ભારત દેશના અમુક રાજ્યોમાં પણ HMPV ના કેસો જોવા મળેલ છે. DGHS, NCDC, MoH&FW અને ભારત સરકારશ્રી દ્વારા તા.૦૩/૦૧/૨૦૨૫ ના રોજ નિવેદન આપવામાં આવેલ છે કે મેટાન્યુમોવાઈરસ (HMPV) અન્ય શ્વસન વાયરસ જેવો જ વાયરસ છે. જે શિયાળાની ઋતુ દરમિયાન ખાસ કરીને નાના બાળકો અને વૃદ્ધ વયના લોકોમાં દેખાય છે અને તેના લક્ષણોમાં સામાન્ય શરદી અને ફલુનો સમાવેશ થાય છે.

સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગે શ્વસનને લગતા ચેપી રોગોની માહિતી વિશ્લેષિત કરી છે. જેમાં ડિસેમ્બર ૨૦૨૩ ની સરખામણીએ ડિસેમ્બર ૨૦૨૪માં કોઈ નોંધપાત્ર વધારો જણાયેલ નથી.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા નાગરિકોને શ્વસનને લગતા ચેપી રોગોના રક્ષણ સામે શું કરવું અને શું ન કરવું તેના નિયમોનું પાલન કરવા વિનંતી કરે છે.

**શું કરવું (Do's):**

- જ્યારે ઉધરસ અથવા છીંક આવે ત્યારે મોઢું અને નાકને રૂમાલ અથવા ટિસ્યુથી ઢાંકવું.
- નિયમિત રીતે હાથ સાબુ અને પાણીથી ધોવાં કે સેનેટાઈઝરનો ઉપયોગ કરવો.
- ભીડભાડવાળા સ્થળોથી દૂર રહેવું અને ફ્લૂથી પીડિત વ્યક્તિઓથી ઓછામાં ઓછું એક હાથનું અંતર રાખવું.
- તાવ, ઉધરસ કે છીંક આવે છે તો જાહેર સ્થળો પર જવાનું ટાળવું.
- વધુ પાણી પીવું અને પૌષ્ટિક ખોરાક ખાવો.
- પ્રબળ પ્રતિરોધક શક્તિ માટે પૂરતી ઊંઘ લેવી.
- બીમારીઓ ફેલાતી અટકાવવા માટે યોગ્ય વેન્ટિલેશન વાળા વાતાવરણમાં રહેવું.
- શ્વસનને લગતા લક્ષણો જણાય તો ઘરમાં જ રહેવું, બીજાઓ સાથે સંપર્ક મર્યાદિત કરવો અને તાત્કાલિક નજીકના સરકારી દવાખાનાનો સંપર્ક કરવો.

**શું ના કરવું (Don'ts):**

- આવશ્યક ના હોય તો આંખ, નાક કે મોઢાને સ્પર્શ કરવો નહિ.
- ચેપ ગ્રસ્ત વ્યક્તિએ વ્યક્તિગત ચીજવસ્તુઓ જેમ કે ટુવાલ, રૂમાલ અથવા અન્ય વાસણો બીજા વ્યક્તિના સંપર્કમાં કે ઉપયોગમાં ના આવે તેનું ધ્યાન રાખવું.
- જાતે દવા લેવાનું ટાળવું, લક્ષણોમાં વધારો દેખાય તો આરોગ્ય કર્મચારીનો સંપર્ક કરવો.

**ગભરાશો નહિ, સાવચેતી એજ સલામતી હોઈ આ માર્ગદર્શિકાનું અવશ્ય પાલન કરવું**

સદર HMPV રોગ વિષે માહિતગાર કરવા માટે સુરત મહાનગરપાલિકા, મુખ્ય કચેરી ખાતે આજ રોજમાનનીય કમિશનરશ્રીના અધ્યક્ષ સ્થાને ડે.કમિશનરશ્રી (હેલ્થ અને હોસ્પિટલ), આરોગ્ય અધિકારીશ્રી, તમામ ઝોનના નાયબ આરોગ્ય અધિકારી, આસી. મેડીકલ ઓફિસર ઓફ હેલ્થ અને અન્ય નોડલ ઓફિસરોની મીટિંગનું આયોજન કરવામાં આવેલ. ત્યારબાદ સુરત મહાનગરપાલિકા સંચાલિત તમામ શહેરી આરોગ્ય કેન્દ્ર/શહેરી સામુહિક આરોગ્ય કેન્દ્ર અને અર્બન હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરના તમામ મેડીકલ ઓફિસરોને વિડીયો કોન્ફરન્સ દ્વારા જોડી તમામને HMPV રોગના લક્ષણો, લેબોરેટરી તપાસ, સારવાર વિગેરે બાબતે માહિતીગર કરવામાં આવેલ.

જનસંપર્ક વિભાગ સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર

સમાચાર યાદી નંબર ૪૩૪, તા.૦૬/૦૧/૨૦૨૫

# પ્રે સ નો ટ

હાલમાં શિયાળાની ઋતુમાં વિવિધ ઝોનમાં પોંક, પોંક વડા અને સેવ નું વેચાણ વ્યાપક પ્રમાણમાં થતું હોય છે અને શહેરીજનોને પોંક, પોંક વડા અને સેવના સેવન થકી કોઇ આરોગ્યલક્ષી મુશ્કેલી ઉપસ્થિત ન થાય તે હેતુસર ડે. કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પીટલ) તથા ડેઝીગ્નેટેડ ઓફિસર અને આરોગ્ય અધિકારીશ્રીની સુચના તથા સીધા માર્ગદર્શન હેઠળ તા.૦૬/૦૧/૨૦૨૫ ના રોજ આરોગ્ય વિભાગનાં ફુડ ઇન્શપેકશન વિભાગનાં ફુડ સેફટી ઓફિસરો ધ્વારા કુલ–૧૬ સ્થળોએ ઘનિષ્ટ ચેકીંગ હાથ ધરી પોંક/ પોંક વડાનાં કુલ–૨૩ નમૂનાઓ લઇ પુથ્થકરણ સારૂં પબ્લીક હેલ્થ લેબોરેટરી, સુ.મ.પા.માં મોકલવામાં આવેલ છે, જેનો રીપોર્ટ આવ્યેથી આગળની કાર્યવાહી કરવામાં આવશે.

| અ.નં | સંસ્થાનુ નામ અને સરનામું | પોંક/ પોંક વડા વેચાણ કેન્દ્રનું સરનામું |
|---|---|---|
| ૧ | જનતા પોંક વડા સ્ટોલ | નવયુગ કોલેજ પાસે, રાંદેર રોડ, સુરત |
| ૨ | શ્રી સાંઈનાથ પોંકવડા કેન્દ્ર, | ઓપીપી. અડાજણ બસ ડેપો, અડાજણ પાટીયા, સુરત |
| ૩ | સાંઈ આનંદ પોંકવડા સ્ટોલ, | સરદાર બ્રિજ નીચે, સ્વામિનારાયણ નગરની સામે, નવી પોંક નગરી, અડાજણ, સુરત |
| ૪ | દત્તાત્રેય પોંક વડા સ્ટોલ અને લીલા પોંક | નવી પોંક નગરી, સરદાર બ્રિજ પાછળ, અડાજણ, સુરત. |
| ૫ | વેલ કમ ફાસ્ટ ફૂડ | એફ પી ન.૯૧ ઝડફિયા બિલ્ડીંગની પાછળ, હીરાબાગ, |
| ૬ | સત્કાર પોંક વડા સ્ટોલ | નવી પોંક નગરી,સરદાર બ્રિજ નીચે.અડાજણ,સુરત |
| ૭ | શ્રીનાથજી પોંકવાડા | મેલાવાલા ગ્રાઉન્ડ, કંતારેશ્વર મહાદેવ મંદિરની બાજુમાં, કતારગામ, સુરત |
| ૮ | શ્રીનાથજી પોંકવાડા કેન્દ્ર | ન.અક્ષરદીપ સોસાયટી, વેદ રોડ, સુરત |
| ૯ | શ્રી રામ પોંકવાડા | લક્ષ્મી નિવાસ, બી/એસ જેકે પેટ્રોલ પંપ, હીરાબાગ, વરાછા રોડ, સુરત. |
| ૧૦ | શ્રી રામ પોંક વાડા સ્ટોલ | પટેલ વાડી, રંગીલા પાર્ક સામે, ઘોડદોડ રોડ, સુરત |
| ૧૧ | દત્તાત્રેય પોંક વડા અને લીલા પોંક | પટેલ વાડી, સામે. રંગીલા પાર્ક, ઘોડદોડ રોડ, |
| ૧૨ | સાઈનાથ પોંકવાડા સ્ટોલ | પટેલ વાડી, રંગીલા પાર્ક પાસે, ઘોડદોડ રોડ, સુરત |
| ૧૩ | જય અંબે પોંક વડા સ્ટોલ | પટેલ વાડી, રંગીલા પાર્ક પાસે, ઘોડદોડ રોડ, સુરત |
| ૧૪ | જય અંબે પોંક વડા | કાપોદ્રા ઉતરાણ પુલ, |
| ૧૫ | પટેલ પોંક સેન્ટર, | નવી પોંક નગરી, સરદાર બ્રિજની નજીક, અડાજણ, સુરત |
| ૧૬ | જય અંબે પોંક સેન્ટર | નવી પોંક નગરી, સરદાર બ્રિજની નજીક, અડાજણ, સુરત |

જનસંપર્ક વિભાગસુરત મહાનગર પાલિકા તરફથી સાદર

સમાચાર યાદી નં. ૪૩૫

તા.૦૭/૦૧/૨૦૨૫

<u>પ્રેસ નોટ</u>

**માહે ડીસેમ્બર ૨૦૨૪ સ્મીમેર હોસ્પીટલ સુરતની કામગીરી અંગેનો અહેવાલ.**

સ્મીમેર હોસ્પીટ્લમાં માહે **ડીસેમ્બર** - ૨૦૨૪ દરમ્યાન ૬૦૦૫ ઇન્ડોર તથા ૫૮૯૧૫ આઉટ્ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી.૫૭૫૩ નાના તથા ૭૭૭ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા.૧૪૮૬૨ એક્ષ - રે પાડ્વામાં આવ્યા હતા.ટી.બી.નાં નવા ૧૨૩૩ અને જુના ૧૧૯૧ દર્દીઓ સહીત કુલ ૨૪૨૪ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા.ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ ૧૫૦૬ તથા આંખ વિભાગમાં ૩૨૧૧ આઉટડોર દર્દીઓ નોંધાયા હતા.લેબોરેટરી વિભાગમાં કુલ ૨૧૦૩૮ દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યુ હતુ.ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહ્યા છે.

પ્રતિ

જન સમ્પર્ક વિભાગ.

સુરત મહાનગર પાલિકા તરફથી સાદર.

સમાચાર યાદી નં. ૪૩૬.

તા.૦૭/૦૧/૨૫

# પ્રેસનોટ

# સુરત મહાનગરપાલિકા

ગુજરાત રાજ્યના માન. ગૃહ મંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીના જન્મદિવસની ઉજવણીના ભાગરૂપે સુરત ભાગળ ચાર રસ્તા ખાતે માન. મેયર શ્રી દક્ષેશભાઈ માવાણી, માન. સંસદસભ્ય શ્રી મુકેશભાઈ દલાલ, માન. ધારાસભ્ય શ્રી અરવિંદભાઈ રાણા, વોર્ડ નંબર ૧૨ના કોર્પોરેટરશ્રી રાકેશભાઈ માળી, કોર્પોરેટર શ્રી કિશોરભાઈ મયાણી, કોર્પોરેટર શ્રીમતી આરતીબેન પટેલ, કોર્પોરેટર શ્રીમતી હેમલતાબેન રાવતકા તથા આગેવાનોએ ટ્રાફિક પોલીસ સાથે મળી ટ્રાફિકનું પાલન ન કરનાર નાગરિકોને પુષ્પગુચ્છ આપી ટ્રાફિક નિયમોનું પાલન કરવા, હેલ્મેટ પહેરવા જેવી ટ્રાફિક અવેરનેસ સંદર્ભે અપીલ કરી હતી.

**જનસંપર્ક વિભાગ,**

**સુરત મહાનગરપાલિકા તરફથી સાદર સમાચાર યાદી નં. ૪૩૭, તા. ૦૮/૦૧/૨૦૨૫**

# પ્રેસનોટ

# સુરત મહાનગરપાલિકા

આજરોજ સ્મીમેર મેડિકલ કોલેજમા અમેરિકાના NGO LPS અને New Gen Advisoryના સૌજન્યથી બાળરોગ વિભાગમા બાળકોને જરૂરી સામાન જેવા કે ટૂથ બ્રશ, પેન્સિલ, રબર જેવી આવશ્યક વસ્તુઓની કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. LPS NGO અમેરિકા બેઝ NGO છે. આ પ્રસંગે LPS NGOના માન. founder ડૉ. કમલ, મેડિકલ કોલેજના માન. ડીન ડૉ. દીપક હોવાળે, માન. સુપ્રિન્ટેન્ડન્ટ ડૉ. જીતેન્દ્રકુમાર દર્શન અને સ્મીમેરના સીનિયર RMO અને બાળરોગ વિભાગના તબીબો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. રજનીકાંત પટેલે કર્યું હતું. વધુમાં સ્મીમેર સંચાલિત યશોદા મિલ્કબેંકની આ NGOના મેમ્બરોએ મુલાકાત લીધી હતી અને આવનારા દિવસોમાં એમના તરફથી શક્ય મદદનું આશ્વાસન આપ્યું હતું

**જનસંપર્ક વિભાગ,**

**સુરત મહાનગરપાલિકા તરફથી સાદર સમાચાર યાદી નં. ૪૩૮ , તા. ૦૮/૦૧/૨૦૨૫**

# સુરત મહાનગરપાલિકા
# જાહેર આરોગ્ય વિભાગ

## **માર્કેટ ખાતુ**મકરસંક્રાંતિ/ ઉતરાયણ પર્વ નિમિત્તે ધાર્મિક લાગણીથી પશુઓ માટે ભોજન રૂપે દાનપુણ્ય કરતા નાગરીકો જોગ.

આથી સુરત શહેરની જાહેર જનતા, ખાસ કરી જીવદયા પ્રેમીઓને અનુરોધ કરવામાં આવે છે કે, મકરસંક્રાંતિ/ ઉતરાયણ પર્વ નિમિત્તે જીવદયા પ્રેમીઓ ધાર્મિક લાગણીથી પ્રેરાઈ પશુઓ માટે ભોજન રૂપે દાન પુણ્ય કરતા હોય છે. જેમાં મુખ્યત્વે ગાયોને ઘુઘરી (બાફેલી બાજરી), અનાજ, તલ-મમરાના લાડવા, ચીકી, ગોળની ભેલીઓનો સમાવેશ થાય છે. જે ખરેખર પશુઓનો આહાર નથી અને તે ખવડાવવાના લીધે જાનવરોના સ્વાસ્થ્યને પારાવાર નુક્શાન (અપચો, આફરો, ઝાડા અને આમલ્પિત) થાય છે અને અમુક નબળા પશુઓ આ પ્રકારનો વધુ ખોરાક ખાવાને લીધે સ્વાસ્થ્ય બગડતા મૃત્યુનું કારણ બની શકે તેમ છે.

ઉપરોક્ત હકીકત જોતા જાહેર જનતાને નીચે મુજબની વિનંતી કરવામાં આવે છે.

(૧) ગાયોને ઘુઘરી (બાફેલી બાજરી), કાચું અનાજ, તલ-મમરાના લાડવા, ચીકી, ગોળની ભેલીઓ, પેંડા વિગેરે ખવડાવવા નહિ.

(૨) પ્લાસ્ટિકની કોથળીઓમાં ઉપરોક્ત ખોરાકી વસ્તુઓ મૂકી પશુઓને ખવડાવવી નહિ તેમજ પશુઓના રહેઠાણના સ્થળે ફેંકવી નહિ.

(૩) ગાયો તથા અન્ય જાનવરોને ઉપરોક્ત જણાવેલ વસ્તુના બદલે સુકો-લીલો ચારો અને પશુદાણ ખવડાવવા વધુ યોગ્ય રહેશે.

(૪) જાહેર રસ્તા ઉપર ફાટેલા પતંગોના કાગળ, બગડેલા માંજાના ગુચ્છાઓ વિગેરે ફેંકશો નહિ અને ગંદકી કરશો નહિ.

**જનસંપર્ક વિભાગ,**

**સુરત મહાનગરપાલિકા તરફથી સાદર સમાચાર યાદી નં. ૪૩૯, તા. ૦૯/૦૧/૨૦૨૫**

# પ્રેસનોટ

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા સ્વામી વિવેકાનંદજીની જન્મજયંતિ ઉજવણી નિમિત્તે તા.૧૨/૦૧/૨૦૨૫ના રોજ યોજાનાર સુતરાંજલિ સહ વંદના કાર્યક્રમ.

સુરત મહાનગરપાલિકા દ્વારા સ્વામી વિવેકાનંદજીની જન્મજયંતિ ઉજવણી નિમિત્તે તા.૧૨/૦૧/૨૦૨૫ને રવિવારના રોજ સવારે ૮.૩૦ કલાકે દયાળજી બાગ, નાનપુરા, સુરત ખાતે સ્વામી વિવેકાનંદજીની પ્રતિમાને સુતરાંજલિ સહ વંદના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં સહભાગી થવા જાહેર જનતાને નિમંત્રણ છે.

સમાચારયાદી નં. ૪૪૦ , તા.૦૯/૦૧/૨૦૨૫, જનસંપર્ક વિભાગ સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

## પ્રેસનોટ

## "સ્વામી વિવેકાનંદજીની જન્મજયંતિ ઉજવણી"

સુરત મહાનગરપાલિકા દ્વારા સ્વામી વિવેકાનંદજીની જન્મજયંતિ ઉજવણી નિમિત્તે તા.૧૨/૦૧/૨૦૨૫ને રવિવારના રોજ સવારે ૮.૩૦ કલાકે દયાળજી બાગ, નાનપુરા, સુરત ખાતે સ્વામી વિવેકાનંદજીની પ્રતિમાને સુતરાંજલી અર્પણ કરી વંદનાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. દેશ વિદેશમાં ખ્યાતિ પામેલા અને ભારતના દેશભકત સંતને તા.૧૨ જાન્યુઆરી ૨૦૨૫ની ખુશનુમાં સવારે કાર્યક્રમ સ્થળે માન. ગૃહમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી, રમતગમત અને યુવક સેવા, સ્વૈચ્છિક સંસ્થાઓનું સંકલન, બિન નિવાસી ગુજરાતીનું પ્રભાગ, વાહન વ્યવહાર, ગૃહ રક્ષક દળ અને ગ્રામ રક્ષક દળ, નાગરિક સંરક્ષણ, જેલ, સરહદી સુરક્ષા(તમામ સ્વતંત્ર હવાલો), ગૃહ અને પોલીસ હાઉસિંગ, ઉદ્યોગ, સાંસ્કૃતિક પ્રવૃતિઓ(રાજ્ય કક્ષા), ગુજરાત, માન. સાંસદશ્રી મુકેશભાઈ દલાલ, માન.મેયરશ્રી દક્ષેશભાઇ માવાણી, ડે.મેયરશ્રી ડો.નરેશ એસ. પાટીલ, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજન પટેલ, શાસક પક્ષ નેતા શ્રીમતી શશીબેન ત્રિપાઠી, શાસક પક્ષના દંડકશ્રી ધર્મેશકુમાર વાણીયાવાલા, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી સોનલબેન દેસાઇ, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુનિસિપલ સદસ્યશ્રીઓ અને મ્યુનિ.અધિકારીશ્રીઓએ સ્વામી વિવેકાનંદજીની પ્રતિમાને સૂતરની આંટી પહેરાવી વંદના કરી હતી. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના બાળકો તથા શહેરીજનોએ સ્વામી વિવેકાનંદજીને પુષ્પો અર્પણ કરી વંદના કરી હતી.






INTERNATIONAL KITE FESTIVAL 2025
ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ દ્વારા આયોજિત
આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ ૨૦૨૫
તારીખ : ૧૩.૦૧.૨૦૨૫ | સમય : સવારે ૮.૦૦ વાગે
સ્થળ : રિવરફ્રન્ટ ગ્રાઉન્ડ, અડાજણ, સુરત


INTERNATIONAL KITE FESTIVAL

પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા

સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર પરરવહન સેવાના ભાગરૂપે શહેરીજનોને સુરત શહેર તથા આજુ-
બાજુ
લવસ્તારમાાં BRTS અને સીટી બસની સુલવધા રાહત દરે પૂરી પાડવામાાં આવી રહેિ છે. ભારતના સૌથી િાાંબા ૧૦૮ રકમીના
ડેડીકેટેડ BRTS કોરીડોર મારફત લવલવધ ૧૩ રૂટ પર ૩૫૯ BRTS બસ કાર્યરત છે તથા લવલવધ ૪૫ સીટી બસ રૂટ પર ૩૫૭
બસનું સાંચાિન કરવામાાં આવે છે અને હાિમાાં કુિ-
૪૫૨ રકમીના રૂટ ઉપર સીટી બસ સેવા કાર્યરત છે. દૈલનક ધોરણે આશરે
૨ િાખથી વધુ મુસાફરો ધ્વારા સદર સેવાનો િાભ િેવામાાં આવી રહેિ છે.

૧૪ અને ૧૫ જાન્ર્ુઆરીના રોજ ઉતરાણના પવયની ઉજવણી શહેરમાાં હર્ષોઉલ્િાસ સાથે કરવામાાં આવે છે.
ઉતરાર્ણના રોજ િોકો દ્વારા પતાંગ ઉડાવી/િુટી પવયની ઉજવણી કરવામાાં આવતી હોર્ છે. પરાંતુ અમુક રકસ્સાઓમાાં િોકો
દ્વારા BRTS કોરીડોરમાાં પતાંગ ચગાવતા/પકડતા હોઈ અકસ્માતની સાંભાવના રહે છે. જેને ધ્ર્ાને િેતા તા.૧૪/૦૧/૨૦૨૫
ના રોજ BRTS બસ સેવા સદાંતર બાંધ કરવામાાં આવનાર છે તથા સીટી બસ સેવા ૩૦% શીડ્ર્ુિ સાથે ચિાવવામાાં
આવનાર છે. વધુમાાં તા.૧૫/૦૧/૨૦૨૫ ના રોજ BRTS બસ સેવા ૩૦% શીડ્ર્ુિ સાથે તથા સીટી બસ સેવા ૫૦%
શીડ્ર્ુિ સાથે ચિાવવામાાં આવનાર હોઈ જેની શહેરીજનોએ ખાસ નોંધ િેવા નમ્ર લવનાંતી છે.

જનસાંપકય લવભાગ

સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર

સમાચાર ર્ાદી નાં. 443

તા.૧૩/૦૧/૨૦૨૫

444

# પ્રેસનોટ

# સુરત મહાનગરપાલિકા

આજરોજ માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં ભારતીય નૌકાદળના પોટ સુરત, નીલગિરી અને વાઘશીરના પ્રસ્થાપન સમારોહ મુંબઇ ખાતે યોજાયેલ. જે સમારોહમાં આ ઐતિહાસિક પ્રસંગે સુરત શહેરના પ્રથમ નાગરિક માન. મેયર શ્રી દક્ષેશભાઇ માવાણીને હાજરી આપવાનું ગૌરવ પ્રાપ્ત થયેલ. આ સમારોહમાં માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ એકસાથે ત્રણ જહાજ દેશને અર્પણ કર્યા જેમાંથી એક જહાજનું નામ INS - SURAT આપવામાં આવ્યું છે. જેથી સૌ સુરતીઓ માટે આજે ગૌરવ દિન છે.

માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દ્રઢ નેતૃત્વ હેઠળ ભારત નૌકાદળને આધુનિક અને સશક્ત બનાવવા માટે અનેક મહત્વપૂર્ણ પગલાં લેવામાં આવ્યા છે. દેશમાં સ્વદેશી ઉત્પાદનને પ્રોત્સાહન આપતા 'મેક ઇન ઇન્ડિયા' અભિયાનના ભાગરૂપે ભારતીય નૌકાદળ માટે આધુનિક યુદ્ધજહાજો અને પોટોની રચના કરવામાં આવી રહી છે, જે ભારતની રક્ષા શક્તિને વધુ મજબૂત બનાવે છે. નૌકાદળની કમળે આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતની રક્ષા તૈયારી અને સમર્પણને નવી ઊંચાઈએ પહોંચાડવામાં આવી રહી છે. આ કાર્યક્રમે ભારતીય નૌકાદળના શૌર્ય અને સમર્પણનું પ્રતિબિંબ દર્શાવ્યું, જે દેશના રાષ્ટ્રપ્રેમ અને સુરક્ષા માટેની પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવે છે.આ પ્રસંગે માન. રક્ષા મંત્રી, ભારત સરકાર શ્રી રાજનાથ સિંહ, મહારાષ્ટ્રના માન. રાજ્યપાલ શ્રી સી.પી. રાધાકૃષ્ણન, મહારાષ્ટ્રના માન. મુખ્ય મંત્રી શ્રી દેવેન્દ્ર ફડણવીસ અને અન્ય મહાનુભાવોએ પણ ઉપસ્થિત રહ્યા હતા.

**જનસંપર્ક વિભાગ,**

**સુરત મહાનગરપાલિકા તરફથી સાદર સમાચાર યાદી નં. ૪૪૪ , તા. ૧૫/૦૧/૨૦૨૫**



# --:: પ્રેસનોટ ::--

આરોગ્ય અધિકારીશ્રી, ટોબેકો કંટ્રોલ સેલ, સુરત મહાનગરપાલિકાનાં સીધા માર્ગદર્શન હેઠળ તા.૧૭/૦૧/૨૦૨૫ નાં રોજ તમાકુ નિયંત્રણ અધિનિયમ – ૨૦૦૩ હેઠળ કલમ – ૪, કલમ – ૬ (અ અને બ) અને કલમ – ૭ નાં ભંગ કરનાર ઈસમો સામે અસરકારક અને સખ્ત અમલીકરણ તથા તમાકુ વિરોધી લોક જાગ્રુતિ થાય તે માટે તમામ ઝોનમાં શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ છે.

જે અંતગત તા. ૧૭/૦૧/૨૦૨૫ નાં રોજ **શૈક્ષણિક સંસ્થાના** ૧૦૦ મી. ના વિસ્તારમાં પ્રતિબંધિત તમાકુ કે તમાકુની બનાવટોના વેચાણ કરવા પર **રાંદેર** ઝોન **માં** કુલ ઇસમો ૧૭ અને કુલ રુપિયા ૩૪૦૦, **સેન્ટ્રલ** ઝોનમાં કુલ ઇસમો ૧૯ અને કુલ રુપિયા ૩૮૦૦, **કતારગામ** ઝોનમાં કુલ ઇસમો ૧૮ અને કુલ રુપિયા ૩૬૦૦ **વરાછા – એ** ઝોનમાં કુલ ઇસમો ૧૯ અને કુલ રુપિયા ૩૮૦૦, **વરાછા–બી** ઝોનમાં કુલ ઇસમો **૧૫** અને કુલ રુપિયા ૩૦૦૦, **ઉધના – એ** ઝોનમાં કુલ ઇસમો ૨૦ અને કુલ રુપિયા ૪૦૦૦, **ઉધના – બી** ઝોનમાં કુલ ઇસમો ૧૩ અને કુલ રુપિયા ૨૬૦૦, **અઠવા** ઝોનમાં કુલ ઇસમો ૧૬ અને કુલ રુપિયા ૩૨૦૦, **લિંબાયત** ઝોનમાં કુલ ઇસમો ૧૭ અને કુલ રુપિયા ૩૪૦૦ સાથે સુરત મહાનગર પાલિકાનાં **તમામ ઝોન મળીને કુલ ઇસમો ૧૫૪ પાસે કુલ ૩૦,૮૦૦ રુપિયાનો** દંડ/ વહિવટી ખર્ચ વસૂલવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં.૪૭૧
તા. ૧૭/૦૧/૨૦૨૫

# પ્રેસનોટ

## સ્વચ્છ ભારત મિશન

## આરોગ્ય વિભાગ

"સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત ગૃહ અને શહેરી વિકાસ મંત્રાલયના કેબીનેટ મંત્રીશ્રી મનોહરલાલ ખટ્ટરની અધ્યક્ષતામાં આજ રોજ તા.૧૭-૦૧-૨૦૨૫ ના રોજ સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૨૪ ની ટુલકીટનું વિમોચન કરવામાં આવેલ હતું. જે અંતર્ગત કુલ ૪૯૦૯ શહેરોને તેમની વસ્તીના આધારે ૫ કેટેગરીમાં વર્ગીકૃત કરવામાં આવેલ છે. વધુમાં જે શહેરો અગાઉના ૩ સર્વેક્ષણમાં(SS-૨૦૨૧,SS-૨૦૨૨ અને SS-૨૦૨૩) ઓછામાં ઓછા ૨ સર્વેક્ષણમાં પ્રથમ ૩ ક્રમાંકિત શહેરો"સુપર સ્વચ્છ લીગ" માં ભાગ લેશે. આ શહેરો વધારાના પરિમાણો દ્વારા મૂલ્યાંકન કરવામાં આવશે.

૧૦ લાખથી વધુ વસ્તી ધરાવતા શહેરોની કેટેગરીમાં સુરત, ઇન્દોર અને નવી મુંબઈ સુપર સ્વચ્છ લીગ માં ભાગ લેશે. સુપર સ્વચ્છ લીગ માં પોતાનું સ્થાન જાળવી રાખવા સ્વચ્છ સર્વેક્ષણમાં ૮૫% ગુણ જાળવી રાખવાના રહેશે.સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૨૪ માં મેળવેલા ગુણોના આધારે વધારાના શહેરોને સુપર સ્વચ્છ લીગમાં ઉમેરવામાં આવશે.

૨૦ હજારથી ઓછી વસ્તી ધરાવતા શહેરોમાં મહારાષ્ટ્ર માંથી પંચગની, છત્તીસગઢ માંથી પાટણ, ૨૦ હજારથી ૫૦ હજાર વસ્તી ધરાવતા શહેરોમાંમહારાષ્ટ્ર માંથી વિટા અને સાસવદ, ૫૦ હજાર થી ૩ લાખ વસ્તી ધરાવતા શહેરોમાંછત્તીસગઢ માંથી અંબિકાપુર, આંધ્રપ્રદેશ માંથી તિરુપતિ અને દિલ્હી માંથી નવી દિલ્હી મ્યુનીસીપલ કાઉન્સિલ, ૩ લાખ થી ૧૦ લાખ વસ્તી ધરાવતા શહેરોમાં ઉત્તરપ્રદેશ માંથી નોઇડા અને ચંડીગઢ, ૧૦ લાખથી વધુ વસ્તી ધરાવતા શહેરોમાંમહારાષ્ટ્ર માંથી નવી મુંબઈ, મધ્યપ્રદેશ માંથી ઇન્દોર અને ગુજરાતમાંથી સુરત શહેરનો સુપર સ્વચ્છ લીગમાં સમાવેશ કરવામાં આવેલ છે. સમગ્ર સુપર સ્વચ્છ લીગમાં ગુજરાત માંથી ફક્ત સુરત શહેરનો સમાવેશ કરવામાં આવેલ છે.

સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૨૩ માં ૭૦૦૦ ગુણ હતા જેની સામે સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૨૪ માં ૧૨,૫૦૦ ગુણ કરવામાં આવેલ છે.સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૨૪ માં કુલ ૧૦ મુખ્ય માપદંડો અંતર્ગત મૂલ્યાંકન કરવામાં આવશે. નવા માપદંડોમાં શહેરની સ્વચ્છતા, કચરાનું વર્ગીકરણ તથા એકત્રીકરણ, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ, ડ્રેનેજના પાણીનો પુનઃવપરાશ, શહેરમાં સ્વચ્છતાને માટેની માળખાકીય સુવિધાઓ, સફાઈ કામદારના કલ્યાણ માટેની કામગીરી, નાગરિકોના પ્રતિસાદ ઉમેરવામાં આવ્યા છે. સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૨૪ દરમ્યાન શહેર દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલ દસ્તાવેજોની સામે સ્થળ

નિરીક્ષણ દરમ્યાન મળી આવેલ વિસંગતતાના આધારે શહેર દ્વારા દાવો કરવામાં આવેલ ગુણોમાં પેનલ્ટી કરવામાં આવશે.

જન સંપર્ક વિભાગ

સુરત મહાનગર સેવા સદન તરફ થી સાદર સમાચાર યાદી નં. ૪૪૬ તાઃ૧૭/૦૧/૨૦૨૫

*સુરત મહાનગરપાલિકા*

*પ્રેસનોટ*

આજરોજ માન. મેયર શ્રી દક્ષેશભાઈ માવાણીએ મોટા વરાછા વિસ્તારમાં દબાણના કારણે ઉદભવતી ટ્રાફિક સમસ્યાના નિવારણ અર્થે નિરીક્ષણ કરી અધિકારીશ્રીઓને જરૂરી સૂચનો કરી ત્યારબાદ સ્થાનિકોને પડતી સમસ્યાઓના નિવારણ માટે યોગીચોક વિસ્તારમાં સ્થળ મુલાકાત લઈ અધિકારીશ્રીઓને જરુરી સૂચના આપી હતી.

જનસંપર્ક વિભાગ,

સુરત મહાનગરપાલિકા તરફથી

સાદર સમાચાર યાદી નં.૪૪૭

તા.૧૮/૦૧/૨૦૨૫




VIP ટાયર શોપ
PUC

**સુરત મહાનગરપાલિકા**

**હાઈડ્રોલિક વિભાગ**

# પ્રેસનોટ

**સાઉથ-ઈસ્ટ ઝોન (લિંબાયત) પાર્ટ વિસ્તાર તથા સાઉથ ઝોન(ઉધના-એ) પાર્ટ વિસ્તારમાં તા.૨૩/૦૧/૨૦૨૫ ગુરૂવારનાં રોજ પાણી પુરવઠો સંપૂર્ણ બંધ/ અંશત: અવરોધાય/ ઓછા પ્રેશરથી/ નહીવત મળવા અંગેની અગત્યની જાહેરાત**

સુરતના શહેરીજનોને સુરત મહાનગરપાલિકા ધ્વારા અપાતી તમામ સેવાઓ શ્રેષ્ઠત્તમ કક્ષાની મળી રહે તે માટે સુરત મહાનગરપાલિકા હરહંમેશ કટીબધ્ધ છે. સુરત મહાનગરપાલિકાનાં લિંબાયત ઝોન વિસ્તારમાં કિન્નરી જળ વિતરણ મથક તથા ઉધના ઝોન વિસ્તારમાં ઉધના (ચીકુવાડી) જળ વિતરણ મથક અને પાંડેસરા જળ વિતરણ મથક ખાતેની અંડરગ્રાઉન્ડ ટાંકીઓ, કતારગામથી આવતી ૧૫૨૪ મી.મી. વ્યાસની એમ.એસ.લાઈનથી સદર ભુર્ગભ ટાંકીઓ ભરવામાં આવે છે. સેન્ટ્રલ ઝોન વોલ સીટી વિસ્તારમાં રામજી મંદિર, લાલદરવાજા પાસે અને જામનગર ટ્રાન્સપોર્ટ,દિલ્હી ગેટ, રીંગરોડ પર ૦૨ (બે) જગ્યાએ સદર ૧૫૨૪ મી.મી. વ્યાસની એમ.એસ.લાઈનમાં **થયેલ** લીકેજ રીપેરીંગની અગત્યની કામગીરી તા.૨૩/૦૧/૨૦૨૫ ગુરૂવારના રોજ સવારે ૮:૦૦ થી સાંજના ૧૧:૦૦ કલાક સુધી હાથ ધરવામાં આવનાર હોવાથી તા.૨૩/૦૧/૨૦૨૫ ગુરૂવારના **રોજ કિન્નરી જળ** વિતરણ મથક, ઉધના (ચીકુવાડી) **જળ વિતરણ મથક અને પાંડેસરા જળ વિતરણ મથક ખાતેની અંડરગ્રાઉન્ડ ટાંકીઓ ભરી** શકાય તેમ નથી. જેના કારણે તા.૨૩/૦૧/૨૦૨૫ ગુરૂવારના રોજ સાઉથ-ઈસ્ટ ઝોન (લિંબાયત) તથા સાઉથ ઝોન(ઉધના-એ)ના નીચે દર્શાવેલ પાર્ટ વિસ્તારોમાં અપાતો પાણી પુરવઠો સંપૂર્ણ બંધ/ અંશત: અવરોધાય/ ઓછા પ્રેશરથી/ નહીવત મળવાની શકયતા રહેલી છે. **જેની જાહેર જનતાએ તકેદારીપૂર્વક નોંધ લઈ જરૂરીયાત મુજબનો પાણી પુરવઠો** અગાઉથી મેળવી સંગ્રહ કરી તેનો બચત પૂર્વક ઉપયોગ કરવા વિનંતી. નાગરીકોને પડનાર અગવડ બદલ આથી દિલગીરી વ્યકત કરવામાં આવે છે તથા નાગરીકોને સહકાર આપવા વિનંતી છે.

| અ.નં. | ઝોનનું નામ | તા.૨૩/૦૧/૨૦૨૫ ગુરૂવારના રોજ નીચે મુજબના વિસ્તારમાં પાણી પુરવઠો સંપૂર્ણ બંધ/ અશત: અવરોધાય/ ઓછા પ્રેશરથી/ નહીંવત મળવાની શકયતા રહેલી છે. |
|---|---|---|
| ૧. | સાઉથ-ઈસ્ટ ઝોન (લિંબાયત)પાર્ટ વિસ્તાર | કિન્નરી જળ વિતરણ મથક :- સવારનો સપ્લાય:- ૮:૦૦ કલાકે થી ૯:૫૫ કલાક સુધી :- ભાખડ મહોલ્લો, રેલ રાહત કોલોની, ગલી નં.૧ થી ૧૭ તથા પમ્પીંગ સ્ટેશન પાછળનો વિસ્તાર<br><br>સાંજનો સપ્લાય:- ૫:૧૫ કલાકેથી ૭:૦૦ કલાક સુધી :- ભાઠેના વિસ્તાર, ૧૮૧ રઝા નગર, ૧૮૪ પંચશીલ નગર, જવાહર નગર, નહેરૂ નગર, E W S આવાસ, લો-કોસ્ટ કોલોની<br><br>સાંજનો સપ્લાય:- ૭:૩૦ કલાકેથી ૯:૩૦ કલાક સુધી :- ઈસ્લામપુરા, જુનો ડેપો, સલીમનગર, D-ટાઈપ ટેનામેન્ટ, ગાંધીનગર, ચીમનીનો ટેકરો |
| ૨. | સાઉથઝોન | ઉધના (ચીકુવાડી) જળ વિતરણ મથક :- સાંજનો સપ્લાય ૫:૩૦ કલાકેથી ૧૧:૦૦ કલાક સુધી :- જુના બમરોલીના અપેક્ષા નગર, હરીઓમ નગર, પુનિત નગર, |

| | | |
|---|---|---|
| | (ઉધના-એ)પાર્ટ વિસ્તાર | દેવી દર્શન સોસાયટી, જય જવાન જય કિશાન સોસાયટી અને ગોવાલક વિસ્તારના અંબિકા નગર, આશાપુરી સોસાયટી, દેવેન્દ્ર નગર, ગણપત નગર, લક્ષ્મી નગર, કરશન નગર, હીરા નગર અને કર્મયોગી સોસાયટી વિગેરે વિસ્તારોમાં અપાતો પાણી પુરવઠો.<br><br>પાંડેસરા જળ વિતરણ મથક :- સાંજનો સપ્લાય ૬:૦૦ કલાકેથી ૯:૦૦ કલાક સુધી :- પાંડેસરા જી.આઈ.ડી.સી. (ઈન્ડસ્ટ્રીઝ અને ડોમેસ્ટીક સપ્લાય) વિગેરે વિસ્તારોમાં અપાતો પાણી પુરવઠો. |

ઉપરોકત બાબતની જાહેર જનતાએ નોંધ લઈ, સહકાર આપવા તથા જરૂરીયાત મુજબનો પાણી પુરવઠો અગાઉથી સંગ્રહ કરી તેનો બચતપૂર્વક ઉપયોગ કરવા વિનંતી. વધુમાં સદર કામગીરીથી થનાર અગવડતા બદલ આથી દિલગીરી વ્યકત કરવામાં આવે છે. સદર કામગીરી વહેલી પૂર્ણ થયેથી પાણી પુરવઠો રાબેતા મુજબ શરૂ કરવામાં આવશે.

**જનસંપર્ક વિભાગ**

સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર સમાચાર યાદી નંબર:- ૪૪૮

તા.૨૦/૦૧/૨૦૨૫

**સુરત મહાનગરપાલિકા**

**હાઈડ્રોલિક વિભાગ**

**<u>પ્રેસનોટ</u>**

**સાઉથ-વેસ્ટ ઝોન (અઠવા) તથા પશ્ચિમ(રાંદેર) ઝોન વિસ્તારમાં પાણી પુરવઠો બંધ રહેવા તથા ઓછા પ્રેશરથી/ઓછા જથ્થામાં /નહીંવત મળવા અંગેની અગત્યની જાહેરાત**

સુરતના શહેરીજનોને સુરત મહાનગરપાલિકા ધ્વારા અપાતી તમામ સેવાઓ શ્રેષ્ઠત્તમ કક્ષાની મળી રહે તે માટે સુરત મહાનગરપાલિકા હરહંમેશ કટીબધ્ધ છે. સુરત મહાનગરપાલિકાનાં રાંદેર વોટર વર્કસ ખાતે હયાત કાર્યરત ૨૦૦ mld + ૫૦ mld ક્ષમતાના વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટનુ મોડીફિકેશન કરવા તેમજ એચ.ટી. પેનલના નવીનીકરણ અને ઈલેક્ટ્રીકલ સંબંધિત કામગીરી કરવાની છે. જેથી તા.૨૩/૦૧/૨૦૨૫, ગુરુવારના રોજ સવારે ૦૯:૦૦ કલાક થી રાંદેર વોટર વર્કસના બંને વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટના સંપૂર્ણ શટડાઉનની જરૂરીયાત રહે છે. જે કારણે તા.૨૩/૦૧/૨૦૨૫, ગુરુવારના રોજ સવારે ૯:૦૦ વાગ્યા બાદ અને તા.૨૪/૦૧/૨૦૨૫, શુક્રવારના રોજ સવારે ૦૯:૦૦ વાગ્યા પહેલા રાંદેર વારીગૃહથી પાણીનો જથ્થો મેળવતા નીચે મુજબના તમામ વિસ્તારોમાં પાણી પુરવઠો સંપૂર્ણ બંધ રહેશે તથા તા.૨૪/૦૧/૨૦૨૫, શુક્રવારના રોજ સવારે ૦૯:૦૦ વાગ્યા બાદના દિવસ દરમ્યાનનો પાણી પુરવઠો ઓછા પ્રેશરથી/ઓછા જથ્થામાં /નહીંવત માત્રમાં મળવાની શકયતાઓ રહેલ છે.

| અ.નં. | તા.૨૩/૦૧/૨૦૨૫, ગુરુવારના રોજ અસરગ્રસ્ત વિસ્તારની વિગત |
|---|---|
| ૧. | સાઉથ-વેસ્ટ (અઠવા) ઝોન વિસ્તારમા સાંજે ૬:૦૦ થી રાત્રે ૯:૧૫ દરમ્યાન વિભાગીય ધોરણે સીટીલાઇટ રોડ, પીપલોદ ગામ, ઉમરા ગામતળ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવસર્ટી, એસ.વી.એન.આઈ.ટી. કેમ્પસ તથા સદર વિસ્તારની આજુબાજુની સોસાયટીઓમાં અપાતો પાણી પુરવઠો. |
| ૨. | પશ્ચિમ(રાંદેર) ઝોન વિસ્તારમાં સવારે ૯:૦૦ થી રાત્રે ૧૨:૦૦ દરમ્યાન જુદા-જુદા સમયે વિભાગીય ધોરણે એલ.પી.સવાણી રોડની બંને તરફનો વિસ્તાર, ગોરાટ રોડ, ટી.પી.-૩૧ અને ૩૨, પાલનપુર પાટીયાનો પાર્ટ વિસ્તાર, પરશુરામ ગાર્ડનની આસપાસનો વિસ્તાર, રાંદેર ગામતળ, પાલનપુર ગામ તથા આસપાસનો વિસ્તાર, રોયલ પ્લેટીનીયમ કોમ્પ્લેક્સથી રાજહંસ પ્લેટીનીયમથી ઓર્ચિડ ઈન્ફિનિટીથી નક્ષત્ર એમ્બસીથી પાલનપુર ગામ, મોનાર્ક થી ગૌરવપથ રોડ, પાલ હવેલીથી રાજહંસ કેમ્પર્સથી કબુતર સર્કલ,હારમનિ રેસીડંસીથી પંચામૃત કેમ્પર્સથી શ્રીપદ એન્તિલા અને પાલ ગામ, જહાંગીરપુરા, જહાંગીરાબાદ, ઉગત કેનાલ રોડ, ગૌરવપથ રોડ પાલનપુર વિસ્તાર, ઈસ્કોન મંદિર રોડ પાલ ગામ, મોરા ભાગળ, રામનગર, ભેંસાણ, તેમજ સમ્રગ રાંદેર ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ સંલગ્ન તમામ વિસ્તાર/સોસાયટી/વસાહતોમાં અપાતો પાણી પુરવઠાનો સંપૂર્ણ વિસ્તાર. |

| અ.નં. | તા.૨૪/૦૧/૨૦૨૫, શુક્રવારના રોજ અસરગ્રસ્ત વિસ્તારની વિગત |
|---|---|
| ૧. | સાઉથ-વેસ્ટ (અઠવા) ઝોન વિસ્તારમાં સવારે ૫:૦૦ થી ૮:૦૦ દરમ્યાન વિભાગીય ધોરણે અઠવાગેટ, લાલબંગ્લો, ઘોડદોડ રોડ, ભટાર રોડ તથા સદર વિસ્તારની આજુબાજુની સોસાયટીઓમાં અપાતો પાણી પુરવઠો. |

| | |
|---|---|
| ૨. | પશ્ચિમ(રાંદેર) ઝોન વિસ્તારમાં પાલ-પાલનપુર યોજના અંતર્ગત ESR- 4, માંથી વિભાગીય ધોરણે સવારે ૪:૦૦ થી ૯:૦૦ દરમ્યાન વિભાગીય ધોરણે પૂજા ફ્લેટસ્ થી સંત તુકારામ વિભાગ ૨ તથા ૬ પાલનપુર વિસ્તાર, પાલ વિસ્તાર, ઝગડીયા ચોકડી થી ગીરધર નગર થી ટવીન ટાવર થી સિધ્ધી વિનાયક રેસીડેન્સી સુધીના રોડનો બંને બાજુનો વિસ્તાર, હેપ્પી હોમ્સ, SMC આવાસ વિગેરેને સંલગ્ન તમામ વિસ્તાર / સોસાયટી / વસાહતોમાં અપાતો પાણી પુરવઠા નો વિસ્તાર. |
| ૩. | પશ્ચિમ(રાંદેર) ઝોન વિસ્તારમાં જોગાણીનગર વોટર ડ્રીસ્ટ્રીબ્યુશન સ્ટેશનથી વિભાગીય ધોરણે સવારે ૬:૩૦ થી ૯:૩૦ દરમ્યાન વિભાગીય ધોરણે અડાજણ ગામતળ, અડાજણ પાટીયા, આનંદમહલ રોડ, હનીપાર્ક રોડ, જોગાણીનગર, પ્રાઈમ આર્કેડ, પાલનપુર પાટીયાનો પાર્ટ વિસ્તાર, તાડવાડી, પાલનપુર જકાતનાકા તથા સંલગ્ન તમામ વિસ્તાર / સોસાયટી / વસાહતોમાં અપાતો પાણી પુરવઠા નો વિસ્તાર. |

જેની જાહેર જનતાએ નોંધ લઈ, સહકાર આપવા તથા જરૂરીયાત મુજબનો પાણી પુરવઠો અગાઉથી સંગ્રહ કરી તેનો બચતપૂર્વક ઉપયોગ કરવા વિનંતી. વધુમાં સદર કામગીરીથી થનાર અગવડતા બદલ આથી દિલગીરી વ્યકત કરવામાં આવે છે. કામગીરી વહેલી પૂર્ણ થયેથી પાણી પુરવઠો રાબેતા મુજબ શરૂ કરવામાં આવશે.

**જનસંપર્ક વિભાગ**

**સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર સમાચાર**
**યાદી નંબર:- ૪૪૯**

**તા.૨૦/૦૧/૨૦૨૫**

## સુરત મહાનગરપાલિકા

### હાઈડ્રોલિક વિભાગ

### પ્રેસનોટ

### ન્યુ નોર્થઝોન પાણી પુરવઠા યોજના હેઠળ નવા પૂર્વ (સરથાણા) ઝોન-બી માં મોટા વરાછા જળ વિતરણમથક હેઠળના વિસ્તારમાં પાણી પુરવઠો બંધ રહેવા/ઓછા પ્રેશરથી મળવા અંગેની અગત્યની જાહેરાત

સુરતના શહેરીજનોને સુરત મહાનગરપાલિકા ધ્વારા અપાતી તમામ સેવાઓ શ્રેષ્ઠત્તમ કક્ષાની મળી રહે તે માટે સુરત મહાનગરપાલિકા હંમેશ કટીબધ્ધ રહેલ છે. જે અન્વયે સુરત મહાનગરપાલિકાનો હાઈડ્રોલિક વિભાગ, **સુરત શહેરમાં સમાવિષ્ટ વિસ્તારમાં** નિયત સમય મર્યાદામાં, **પુરતા જથ્થામાં તેમજ ગુણવત્તા સાથે પાણી પુરવઠો પુરો પાડવા હંમેશા પ્રયત્નશીલ રહે છે. તા.૨૩/૦૧/૨૦૨૫** ના રોજ મોટા વરાછા મુખ્ય રસ્તા પર સી.એન.જી. પમ્પ પાસે મોટા વરાછા વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ ખાતે આવેલ ઓવરહેડ **ટાંકી એમ-૨** ખાતે પાણીની નળીકાના મરામત અને નિભાવની કામગીરી હાથ ધરવામાં આવનાર હોય, **તા.૨૩/૦૧/૨૦૨૫** ના રોજ મોટા વરાછા જળ વિતરણમથક હેઠળના નીચે **દર્શાવેલ વિસ્તારોને** પૂરો પાડવામાં આવતો પાણી પુરવઠો મળે તેમ નથી તેમજ **તા.૨૪/૦૧/૨૦૨૫** ના રોજ પાણી પુરવઠો અંશતઃ મળે/ ઓછા પ્રશરથી મળે તેમ હોય, સદરહુ વિસ્તારની અંદાજીત ૩.૫૦ લાખ **વસ્તીને અસર થનાર છે.જે** જાણમાં લેવા જોગ છે.

| અનું નં. | ઓવરહેડ ટાંકીનું નામ /ટાંકીનું સ્થળ | વિસ્તારોના નામો |
|---|---|---|
| ૧ | M-1<br>( સેન્ટોસા હાઈટસપાસે ઉત્રાણ ) | ઉત્રાણ ગામતળનો વિસ્તાર તેમજ ઉત્રાણ વી.આઈ.પી.સર્કલની આસપાસનો ટી.પી. વિસ્તાર. |
| ૨ | M-2<br>(સી.એન.જી. પમ્પ પાસે મોટા વરાછા) | **સુદામા ચોકથી ગોલ્ડન સ્કેવેર થઇ મહારાજા ફાર્મ સુધીનો** વિસ્તાર, **મહારાજા ફાર્મથી રામચોકનો આસપાસનો** વિસ્તાર અને **રામચોકથી સુદામા ચોક સુધીનો વિસ્તાર** |
| ૩ | M-3<br>( મોટા વરાછા કબ્રસ્તાન પાસે ) | મોટા વરાછા ગામતળ, મોટા વરાછા કબ્રસ્તાન થી અબ્રામા ચેક પોસ્ટ સુધી તથા મોટા વરાછા કબ્રસ્તાન થી સવજી કોરાટ બ્રીજ સુધીનો સમગ્ર વિસ્તાર તેમજ રાધે ચોકથી રામચોક સુધીનો સમગ્ર વિસ્તાર અને પેડર રોડનો સમગ્ર વિસ્તાર. |
| ૪ | M-4<br>( મહાદેવ ચોક સવજી કોરાટ બ્રીજ પાસે મોટા વરાછા ) | મોટા વરાછા ગામતળ થી સેટેલાઈટ મેઈન રોડ થી મહાદેવ ચોકથી લજામણી ચોક સુધીનો સમગ્ર વિસ્તાર તથા સુદામા ચોકથી યમુના ચોક સુધીનો સમગ્ર વિસ્તાર. |

ઉપરોકત બાબતની જાહેર જનતાએ નોંધ લઈ, સહકાર આપવા તથા જરૂરીયાત મુજબનો પાણી પુરવઠો અગાઉથી સંગ્રહ કરી તેનો બચતપૂર્વક ઉપયોગ કરવા વિનંતી. વધુમાં સદર કામગીરીથી થનાર અગવડતા બદલ

આથી દિલગીરી વ્યકત કરવામાં આવે છે. કામગીરી વહેલી પૂર્ણ થયેથી પાણી પુરવઠો રાબેતા મુજબ શરૂ કરવામાં આવશે.

**જનસંપર્ક વિભાગ**

**સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર સમાચાર યાદી નંબર:- ૪૫૦**

**તા.૨૦/૦૧/૨૦૨૫**

# પ્રેસ નોટ

# સુરત મહાનગરપાલિકા

# પશ્ચિમ ઝોન (રાંદેર)

સુરત મહાનગરપાલિકા**ના** પશ્ચિમ ઝોન(રાંદેર) ધ્વારા તા.**૨૦**/૦૧/૨૦૨૫ ના રોજ ઝોનના કાર્યક્ષેત્રમાં સમાવિષ્ટ ટી.પી. સ્કીમ નં. ૩૦(વણકલા)માં **ગાર્ડન** ના હેતુ માટે અનામત રાખવામાં આવેલ ફા. પ્લોટ નં. ૧૪૧(ગાર્ડન)નું ક્ષેત્રફળ ૯,**૫૯૦** ચો.મી. તેમજ **ગાર્ડન**ના હેતુ માટે અનામત રાખવામાં ફા. પ્લોટ નં. ૧૪૨(ગાર્ડન)નું ક્ષેત્રફળ **૨૦,૭૬૪** ચો.મી. મળી કુલ **૩૦,૩૫૪** ચો.મી. ક્ષેત્રફળનો સ્થળ પર પ્રત્યક્ષ કબજો મેળવવામાં આવેલ છે.

**સદર કામગીરી પશ્ચિમ ઝોન(રાંદેર)ના** ડેપ્યુટી કમિશ્નરશ્રી તેમજ **કાર્યપાલક ઇજનેરશ્રીની સૂચના તથા સીધા માર્ગદર્શન હેઠળ રાંદેર ઝોનના શહેરી વિકાસના ૧-ડેપ્યુટી ઈજનેર, ૧- આસી. ઇજનેર, ૧-સુપરવાઇઝર, ૨-ટેકનીકલ આસી. દ્વારા સદર કામગીરી શાંતિપૂર્ણ રીતે પૂર્ણ કરવામાં આવેલ.**

**જનસંપર્ક વિભાગ**

**સુરત મહાનગરપાલિકા તરફથી સાદર**

**સમાચાર યાદી નં. ૪૫૧**

**તા.૨૦/૦૧/૨૦૨૫**

# :: પ્રેસ નોટ ::

સચિવશ્રી, રાજ્ય ચુંટણી આયોગના પત્ર ક્રમાંક : રાચઆ-ચટણ-સ્થા.સ્વ.-મતય-૧(૪)-૦૧૨૦૨૫- ક/ ૧૨૯૪ થી ૧૩૪૦ તા.૧૮/૦૧/૨૦૨૫ થી જણાવ્યા મુજબ, મુંબઇ પ્રોવેન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ ૧૯૪૯ની કલમ- ૧૫ મુજબ બેઠક ખાલી પડ્યા તારીખ છ માસમાં પેટા ચુંટણી યોજવાની થાય છે. ગુજરાત વિધાનસભાની તા.૦૧/૦૧/૨૦૨૫ની લાયકાતની તારીખની સ્થિતિ આખરી મતદાર યાદી તા.૦૬/૦૧/૨૦૨૫ના રોજ આખરી પ્રસિદ્ધિ થયેલ મતદારયાદી પરથી મુંબઇ પ્રોવેન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ ૧૯૪૯ની કલમ - ૮ તથા મુંબઇ પ્રોવેન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (મતદારોની નોંધણી) (ત્રીજો સુધારો) નિયમ-૨૦૧૫ થી નિયમ ૪ થી ૭ અને મુંબઇ પ્રોવેન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (મતદારોની નોંધણી) (સુધારો) નિયમ-૨૦૧૬ના નિયમ-૪ અને ગુજરાત પ્રોવેન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (મતદારોની નોંધણી) (સુધારો) નિયમ-૨૦૨૦ ની જોગવાઇ અનુસાર **સુરત મહાનગરપાલિકાના ઇલેકશન વોર્ડ નં ૧૮ (લિંબાયત - પરવટ- કુંભારીયા)ની પેટા ચુંટણી સને-૨૦૨૪-૨૫ની ફોટાવાળી મતદારયાદી વોર્ડના વિસ્તારની વોર્ડવાર/વિભાગવાર છાપેલી ફોટાવાળી મુળ મતદારયાદી તથા પુરવણી મતદારયાદી સહિત તા.૨૧-૦૧-૨૦૨૫ના રોજ મુખ્ય ક્ચેરી/લાગત ઝોન/વોર્ડ ઓફિસ ખાતે પ્રસિદ્ધ કરવામાં આવનાર છે.**

તા. ૨૧-૦૧-૨૦૨૫ના રોજ સુરત મહાનગરપાલિકાના ઇલેકશન વોર્ડ નંબર- ૧૮ (લિંબાયત - પરવટ- કુંભારીયા)ની આખરી મતદારયાદી પ્રસિદ્ધ કરવામાં આવેલ જેમાં વોર્ડ વિસ્તારના કુલ ૧૦૬૬૯૩ (મતદાર અને સર્વિસ મતદાર) મતદારો થાય છે.

ક્રમાંક ઉપર છે તેની વિગત તેઓના નામ અથવા એપિક /ભાગ/મતદારો પોતાનું નામ કયા વોર્ડ ,વધુમાં નંબરના આધારેમહાનગરપાલિકાની મુખ્ય ક્ચેરી/લાગત ઝોન/વોર્ડ ઓફિસ કચેરીએ ઉપલબ્ધ મતદારયાદીની ચકાસણી કરી જોઈ શકશે.

**જનસંપર્ક વિભાગ સુરત મહાનગરપાલિકા તરફથી સાદર**

**સમાચાર યાદી નં .૪૫૨ તા.20-1-2025**

**453**

પ્રેસનોટ

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા નેતાજી સુભાષચંદ્ર બોઝની ૧૨૮મી જન્મજયંતિ ઉજવણી નિમિત્તે તા.૨૩/૦૧/૨૦૨૫ના રોજ યોજાનાર પુષ્પાંજલી સહ વંદના કાર્યક્રમ.

ભારત દેશની આઝાદીના લડવૈયા નેતાજી સુભાષચંદ્ર બોઝની ૧૨૮મી જન્મજયંતિ ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૩/૦૧/૨૦૨૫ને ગુરૂવારના રોજ સવારે ૮.૩૦ કલાકે ગોપીપુરા, સુભાષચોક ખાતે પુષ્પાંજલી સહ વંદના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. આઝાદ હિંદ ફોજની સ્થાપના કરી ભારત દેશની આઝાદી અપાવવામાં મહત્વની ભુમિકા અદા કરનારા નેતાજી સુભાષચંદ્ર બોઝને પુષ્પાંજલી સહ વંદના કરવામાં આવશે. માતૃભૂમિની મુકિત માટે છેડાયેલા જંગમાં અગ્રેસર એવા સુભાષચંદ્ર બોઝ જન્મજયંતિ ઉજવણી પ્રસંગે ગોપીપુરા, સુભાષચોક ખાતે ઉપસ્થિત રહી કાર્યક્રમમાં સહભાગી થવા જાહેર જનતાને નિમંત્રણ છે.

સમાચાર યાદી નં.૪૫૩, તા.૨૧/૦૧/૨૦૨૫ , જનસંપર્ક વિભાગ , સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

# સુરત મહાનગરપાલિકા

## હાઈડ્રોલિક વિભાગ

## પ્રેસનોટ

**સાઉથ-ઈસ્ટ ઝોન (લિંબાયત) પાર્ટ વિસ્તાર તથા સાઉથ ઝોન(ઉધના-એ) પાર્ટ વિસ્તારમાં તા.૨૫/૦૧/૨૦૨૫ શનિવારનાં રોજ પાણી પુરવઠો સંપૂર્ણ બંધ રહેવા અંગેની અગત્યની જાહેરાત**

સુરતના શહેરીજનોને સુરત મહાનગરપાલિકા ધ્વારા અપાતી તમામ સેવાઓ શ્રેષ્ઠત્તમ કક્ષાની મળી રહે તે માટે સુરત મહાનગરપાલિકા હરહંમેશ કટીબધ્ધ છે. સેન્ટ્રલ ઝોન વોલ સીટી વિસ્તારમાં રામજી મંદિર, લાલદરવાજા પાસે અને જામનગર ટ્રાન્સપોર્ટ,દિલ્હી ગેટ, રીંગરોડ પર ૦૨ (બે) જગ્યાએ, કતારગામ વોટર વર્કસ ખાતેથી આવતી ૧૫૨૪ મી.મી. વ્યાસની એમ.એસ.લાઈનમાં લીકેજ રીપેરીંગની અગત્યની કામગીરી તા.૨૫/૦૧/૨૦૨૫ શનિવારના રોજ સવારે ૮:૦૦ થી સાંજના ૧૧:૦૦ કલાક સુધી હાથ ધરવામાં આવનાર હોવાથી સાઉથ-ઈસ્ટ ઝોન (લિંબાયત) તથા સાઉથ ઝોન(ઉધના-એ) ના નીચે દર્શાવેલ પાર્ટ વિસ્તારોમાં અપાતો પાણી પુરવઠો સંપૂર્ણ બંધ રહેનાર છે. જેની જાહેર જનતાએ તકેદારીપૂર્વક નોંધ લઈ જરૂરીયાત મુજબનો પાણી પુરવઠો અગાઉથી મેળવી સંગ્રહ કરી તેનો બચત પૂર્વક ઉપયોગ કરવા વિનંતી. નાગરીકોને પડનાર અગવડ બદલ આથી દિલગીરી વ્યકત કરવામાં આવે છે. જે બાબતે નાગરીકોને સહકાર આપવા વિનંતી છે. તેમજ કામગીરી પૂર્ણ થયેથી પાણી પુરવઠો રાબેતા મુજબ શરૂ કરવામાં આવશે

| અ. નં. | ઝોનનું નામ | તા.૨૫/૦૧/૨૦૨૫ શનિવારના રોજ નીચે મુજબના વિસ્તારમાં પાણી પુરવઠો સંપૂર્ણ બંધ રહેનાર છે. |
|---|---|---|
| ૧. | સાઉથ-ઈસ્ટ ઝોન (લિંબાયત) પાર્ટ વિસ્તાર | કિન્નરી જળ વિતરણ મથક :- સવારનો સપ્લાય:- ૮:૦૦ કલાકે થી ૯:૫૫ કલાક સુધી :-<br>ભાખડ મહોલ્લો, રેલ રાહત કોલોની, ગલી નં.૧ થી ૧૭ તથા પમ્પીંગ સ્ટેશન પાછળનો વિસ્તાર<br>સાંજનો સપ્લાય:- ૫:૧૫ કલાકેથી ૭:૦૦ કલાક સુધી :- ભાઠેના વિસ્તાર, ૧૮૧ રઝા નગર, ૧૮૪ પંચશીલ નગર, જવાહર નગર, નહેરુ નગર, EWS આવાસ, લો-કોસ્ટ કોલોની<br>સાંજનો સપ્લાય:- ૭:૩૦ કલાકેથી ૯:૩૦ કલાક સુધી :- ઈસ્લામપુરા, જુનો ડેપો, સલીમનગર, -ટાઈપ ટેનામેન્ટ, ગાંધીનગર, ચીમનીનો ટેકરો |
| ૨. | સાઉથ ઝોન (ઉધના-એ) પાર્ટ વિસ્તાર | ઉધના (ચીકુવાડી) જળ વિતરણ મથક :- સાંજનો સપ્લાય ૫:૩૦ કલાકેથી ૧૧:૦૦ કલાક સુધી :- જુના બમરોલીના અપેક્ષા નગર, હરીઓમ નગર, પુનિત નગર, દેવી દર્શન સોસાયટી, જય જવાન જય કિશાન સોસાયટી અને ગોવાલક વિસ્તારના અંબિકા નગર, આશાપુરી સોસાયટી, દેવેન્દ્ર નગર, ગણપત નગર, લક્ષ્મી |

| | | |
|---|---|---|
| | | નગર, કરશન નગર, હીરા નગર અને કર્મયોગી સોસાયટી વિગેરે વિસ્તારોમાં અપાતો પાણી પુરવઠો.<br><br><u>પાંડેસરા જળ વિતરણ મથક :- સાંજનો સપ્લાય ૬:૦૦ કલાકેથી ૯:૦૦ કલાક સુધી</u> :- પાંડેસરા જી.આઈ.ડી.સી. (ઈન્ડસ્ટ્રીઝ અને ડોમેસ્ટીક સપ્લાય) વિગેરે વિસ્તારોમાં અપાતો પાણી પુરવઠો. |

**જનસંપર્ક વિભાગ**

**સુરત મહાનગર સેવા સદન તરફથી સાદરસમાચાર યાદી નંબર:- ૪૫૪**

**તા.૨૨/ ૦૧/૨૦૨૫**

# પ્રેસ નોટ

મંગળ ગ્રહ નિદર્શન

(મંગળ ગ્રહ નું નિદર્શન જે તે સમયના વાતાવરણીય, વાદળીય અવસ્થા પર આધીન રહેશે)

સાયન્સ સેન્ટર ખાતે તા.૨૩/૦૧/૨૦૨૫ ના રોજ ટેલિસ્કોપ દ્વારા શહેરીજનોને સાંજે ૭:૦૦ થી રાત્રે ૮:૧૫ કલાક દરમ્યાન મંગળ ગ્રહના નિદર્શનની વ્યવસ્થા કરવામાં આવેલ છે, જેનો જાહેર જનતાએ લાભ લેવા વિનંતી.

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગરપાલિકા

નં.પી.આર.ઓ. ૪૫૫

તા. ૨૨/૦૧/૨૫

# -:: પ્રેસનોટ ::-

ગુજરાત રાજ્યમાં બહુવિધ આપત્તિઓનું જોખમ રહેલુ છે, જેમા મુખ્યત્વે ભૂકંપ, વાવાઝોડુ,પુર,ઔધ્યોગિક અકસ્માત, આગ અકસ્માત ઈત્યાદિનો સમાવેશ થાય છે. ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ (GSDMA)ધ્વારા શાળાના વિધાર્થીઓ,શિક્ષકો અને વાલીઓમાં આપત્તિ વ્યવસ્થાપન વિશે જાગ્રુત્તિ કેળવાય તે હેતુથી રાજ્યમાં શાળા સલામતી કાર્યક્રમ અમલમાં મુકેલ છે.

શાળા સલામતી કાર્યક્રમ અંતર્ગત શાળાના શિક્ષકોને સંભવિત આપત્તિઓ સામે શાળા લેવલે કેવા પ્રકારના સાવચેતી/સલામતીના પગલા લેવા જોઈએ તે બાબતે તાલીમબદ્ધ કરવામાં આવેલ છે.તેમજ આપત્તિ વ્યવસ્થાપન વિષયક માહિતીપ્રદ વિવિધ ૧૫ પ્રકારના ચાર્ટ્સનુ વિતરણ પણ કરી દેવામાં આવેલ છે.

ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ ધ્વારા વધુમાં વધુ વિધાર્થીઓ,શિક્ષકો અને વાલીઓમાં આપત્તિ સામે સાવચેતી અને સલામતી વિષે વિશેષ માર્ગદર્શન મળી રહે તે માટે પ્રાથમિક શિક્ષણ વિભાગના પરામર્શમાં રહી તા-૨૦/૦૧/૨૦૨૫ થી તા-૨૫/૦૧/૨૦૨૫ દરમિયાન રાજ્યની તમામ પ્રાથમિક શાળાઓમાં "શાળા સલામતી સપ્તાહ-૨૦૨૫ ની ઉજવણી કરવામાં આવનાર છે.

શાળા સલામતી સપ્તાહ ઉજવણી દરમિયાન સુરત મહાનગરપાલિકાના ફાયર અને ઈમરજન્સી સર્વિસીસ વિભાગ દ્વારા ઓછામાં ઓછી ૭૫જેટલીશાળાઓમાં મેગા ઈવેન્ટ જેવી કે, ફાયર ફાયટીગ ડેમોસ્ટ્રેશન તાલીમઅનેમોકડ્રીલનું આયોજન કરવામાંઆવશે.,૧૦૮ દ્વારા પ્રાથમિક સારવારની તાલીમપણઆપવામાંઆવનાર છે.

જન સંપર્ક વિભાગ સુરત મહાનગરપાલિકા તરફથી સાદર......
સમાચાર યાદી નંબર 456

.તા.૨૨/૦૧/૨૦૨૫

પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા દ્વારા નેતાજી સુભાષચંદ્ર બોઝની ૧૨૮મી જન્મજયંતિ ઉજવણી નિમિત્તે તા.૨૩/૦૧/૨૦૨૫ના રોજ આયોજીત પુષ્પાંજલી સહ વંદના કાર્યક્રમ.

ભારત દેશની આઝાદીના લડવૈયા નેતાજી સુભાષચંદ્ર બોઝની ૧૨૮મી જન્મજયંતિ ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૩/૦૧/૨૦૨૫ને ગુરૂવારના રોજ સવારે ૮.૩૦ કલાકે ગોપીપુરા, સુભાષચોક ખાતે નેતાજી સુભાષચંદ્ર બોઝને પુષ્પાંજલી સહ વંદનાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. માતૃભૂમિની મુકિત માટે છેડાયેલા જંગમાં અગ્રેસર એવા સુભાષચંદ્ર બોઝના તુમ મુજે ખૂન દો, મે તુમ્હે આઝાદી દુંગા, આઝાદી અમર રહો જેવા રાષ્ટ્રીય નારાઓ સાથે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાના વિધ્યાર્થીઓ રેલી આકારે આવી કાર્યક્રમમાં સહભાગી થયા હતા. આઝાદ હિંદ ફોજની સ્થાપના કરી ભારત દેશની આઝાદી અપાવવામાં મહત્વની ભુમિકા અદા કરનારા નેતાજી સુભાષચંદ્ર બોઝને આ પ્રસંગે માન.મેયરશ્રી દક્ષેશભાઇ માવાણી, માન.ધારાસભ્યશ્રી પૂર્ણેશભાઇ મોદી, ડે.મેયરશ્રી ડો.નરેશ એસ. પાટીલ, શાસક પક્ષ નેતા શ્રીમતી શશીબેન ત્રિપાઠી, શાસક પક્ષના દંડકશ્રી ધર્મેશકુમાર વાણીયાવાલા, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી સોનલબેન દેસાઇ, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુનિસિપલ સદસ્યશ્રીઓ, મ્યુનિ.અધિકારીશ્રીઓ અને નગરજનો તથા વિધ્યાર્થીઓએ પુષ્પાંજલી અર્પણ સાથે વંદના કરી હતી.

સમાચાર યાદી નં. ૪૫૭ , તા.૨૩/૦૧/૨૦૨૫, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

**નવો પૂર્વ (સરથાણા) ઝોન**

તા.૨૩/૦૧/૨૦૨૫

**નવો પૂર્વ(સરથાણા)ઝોન વિસ્તારમાં તા. ૨૩/૦૧/૨૦૨૫ ના રોજ નીચે જણાવેલ સ્થળે કરવામાં આવેલ ડીમોલીશનની કામગીરીની વિગત**

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ડ્રા.ટી.પી. સ્કીમ નં.૬૮(પુણા-સીમાડા)લ બ્લોક નં.૩૧૩લ રીઝર્વેશન પ્લોટ(આર.૨૪) | બાપા સીતારામ સોસાયટીની બાજુમાં | પ્રશ્નવાળી મિલ્કતમાં રીઝર્વેશન (આર-૨૪) ની હદમાં સબ પ્લોટ નં.૨૦૮ થી ૨૧૨ ના મિલ્કતદારો ધ્વારા કરાયેલ હયાત ગ્રા.ફ્લોર + બીજા માળ સુધી કરવામાં આવેલ આર સી.સી. બીમલ કોલમલ સ્લેબ તથા ઈંટોના ચણતરની દિવાલો સહિતનું આશરે ૧૮૦૦.૦૦ ચો.ફુટ. ગેરકાયદેસર બાંધકામ દૂર કરવામાં આવેલ છે. | |

ડ્રા.ટી.પી. સ્કીમ નં.૨૨(સરથાણા-વાલક), બ્લોક નં.૩૧૩, રીઝવેશન પ્લોટ(આર-૨૪) ની હદમાં આવેલ બાપા સીતારામ સોસાયટીના સબ પ્લોટ નં.૨૦૮ થી ૨૧૨ વાળી મિલકતમાં મિલ્કતદારો ધ્વારા હયાત ગ્રા.ફ્લોર + બીજા માળ સુધી કરવામાં આવેલ આર સી.સી. બીમ, કોલમ, સ્લેબ તથા ઈંટોના ચણતરની દિવાલો સહિતનું આશરે ૧૮૦૦.૦૦ ચો.ફુટ. ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવેલ. અત્રેથી નોટીસ/નવો પૂર્વઝોન/આ./ટીડી/નં.૨૯૧૫ થી ૨૯૧૯, તા.૧૨/૧૨/૨૦૨૪ ના રોજ ગેરકાયદેસર બાંધકામ દૂર કરવા અંગેની નોટીસ પાઠવવામાં આવેલ. પરંતુ મિલ્કતદારશ્રી દ્વારા આજદિન સુધી કોઈપણ પ્રકારની કાર્યવાહી કરેલ ન હોય, સદરહુ ગ્રા.ફ્લોર + બીજા માળ સુધી કરવામાં આવેલ આર સી.સી. બીમ, કોલમ, સ્લેબ તથા ઈંટોના ચણતરની દિવાલો સહિતનું આશરે ૧૮૦૦.૦૦ ચો.ફુટ. ગેરકાયદેસર બાંધકામ દૂર કરવામાં આવેલ છે.

સદર પ્લોટમાં મહાનગરપાલિકા ધ્વારા શાંતિકુજની કામગીરી પ્રગતિમાં હોય આ દબાણના કારણે શાંતિકુજની કમ્પાઉન્ડ વોલની કામગીરી થઈ શકતી ન હતી આ દબાણ દુર થયેથી હવે બાકી કામગીરી પૂર્ણ કરી શાંતિકુજને ટુક સમયમાં જાહેર જનતા માટે ખુલ્લુ મુકવામાં આવનાર છે.

સમગ્ર કામગીરી અત્રેના ઝોનના શહેર વિકાસ વિભાગ તથા સીક્યુરીટી સ્ટાફની મદદથી ઝોનના વડા મે.ડે.કમિશ્નરશ્રી(ડી.) ડૉ. રાજેન્દ્ર એમ.પટેલ IAS ના માર્ગદર્શન તેમજ કાર્યપાલક ઈજનેરશ્રી એસ. સી. વસાવાના નેતૃત્વમાં પાર પાડવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર

સમાચાર યાદી નં. ૪૫૮

તા.૨૩/૦૧/૨૦૨૫,





## સાઉથ-વેસ્ટઝોન (અઠવા) તથાપશ્ચિમ(રાંદેર) ઝોન વિસ્તારમાં પાણી પુરવઠો બંધ રહેવા તથા

## ઓછા પ્રેશરથી/ઓછા જથ્થામાં /નહીંવત મળવા અંગેની અગત્યનીજાહેરાત

સુરતના શહેરીજનોને સુરત મહાનગરપાલિકા ધ્વારા અપાતી તમામ સેવાઓ શ્રેષ્ઠત્તમ કક્ષાની મળી રહે તે માટે સુરત મહાનગરપાલિકા હરહંમેશ કટીબધ્ધ છે. સુરત મહાનગરપાલિકાનાં રાંદેર વોટરવર્કસ ખાતે હયાત કાર્યરત ૨૦૦ mld +૫૦ mld ક્ષમતાના વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટનુ મોડીફિકેશન કરવા તેમજ એચ.ટી. પેનલના નવીનીકરણ અને ઈલેક્ટ્રીકલ સંબંધિત કામગીરી કરવાની છે. જેથી તા.૨૮/૦૧/૨૦૨૫,મંગળવારના રોજ સવારે ૦૯:૦૦ કલાક થી રાંદેર વોટરવર્કસના બંને વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટના સંપૂર્ણ શટડાઉનની જરૂરીયાત રહે છે. જે કારણે તા.૨૮/૦૧/૨૦૨૫, મંગળવારના રોજ સવારે ૯:૦૦ વાગ્યાબાદ અને તા.૨૯/૦૧/૨૦૨૫,બુધવારના રોજ સવારે ૦૯:૦૦ વાગ્યા પહેલા રાંદેર વારીગૃહથી પાણીનો જથ્થો મેળવતા નીચે મુજબના તમામ વિસ્તારોમાં પાણી પુરવઠો સંપૂર્ણ બંધ રહેશે તથા તા.૨૯/૦૧/૨૦૨૫,બુધવારના રોજ સવારે ૦૯:૦૦ વાગ્યા બાદના દિવસ દરમ્યાનનો પાણી પુરવઠો ઓછા પ્રેશરથી/ઓછા જથ્થામાં/નહીંવત માત્રમાં મળવાની શકયતાઓ રહેલ છે.

| અ.નં. | તા.૨૮/૦૧/૨૦૨૫,મંગળવારના રોજ અસરગ્રસ્ત વિસ્તારની વિગત |
|---|---|
| ૧. | સાઉથ-વેસ્ટ (અઠવા) ઝોન વિસ્તારમાં સાંજે ૬:૦૦ થી રાત્રે ૯:૧૫ દરમ્યાન વિભાગીય ધોરણે સીટીલાઇટરોડ ,પીપલોદગામ, ઉમરાગામતળ,વીરનર્મદદક્ષિણગુજરાતયુનિવસર્ટી,એસ.વી.એન.આઈ.ટી.કેમ્પસ તથા સદર વિસ્તારની આજુબાજુની સોસાયટીઓમાં અપાતો પાણી પુરવઠો. |
| ૨. | પશ્ચિમ(રાંદેર)ઝોન વિસ્તારમાં સવારે૯:૦૦ થી રાત્રે ૧૨:૦૦દરમ્યાન જુદા જુદા સમયે વિભાગીય ધોરણે એલ. પી. સવા ણીરોડની બંને તરફનો વિસ્તાર,ગોરાટરોડ,ટી.પી.- ૩૧ અને ૩૨ ,પાલનપુર પાટીયાનો પાર્ટ વિસ્તાર,પરશુરામ ગાર્ડનની આસપાસનો વિસ્તાર, રાંદેર ગામતળ, પાલનપુર ગામ તથા આસપાસનો વિસ્તાર, રોયલ પ્લેટીનીયમ કોમ્પ્લેક્સથી રાજહંસ પ્લેટીનીયમથી ઓર્ચિડ ઇન્ફિનિટીથી નક્ષત્ર એમ્બસીથી પાલનપુર ગામ, મોનાર્ક થી ગૌરવપથ રોડ, પાલ હવેલીથી રાજહંસ કેમ્પર્સથી કબુતરસર્કલ, હારમનિ રેસીડંસીથી પંચામૃત કેમ્પર્સથી શ્રીપદ એંન્તિલા અને પાલ ગામ, જહાંગીરપુરા, જહાંગીરાબાદ, ઉગત કેનાલ રોડ,ગૌરવપથરોડ પાલનપુર વિસ્તાર,ઈસ્કોન મંદિર રોડ પાલગામ, મોરાભાગળ, રામનગર, ભેંસાણ, તેમજ સમ્રગ રાંદેરઝોન વિસ્તારમાં સમાવિષ્ટ સંલગ્ન તમામ વિસ્તાર/સોસાયટી/વસાહતો માં અપાતો પાણી પુરવઠાનો સંપૂર્ણવિસ્તાર. |

| અ.નં. | તા.૨૯/૦૧/૨૦૨૫,બુધવારનારોજઅસરગ્રસ્તવિસ્તારનીવિગત |
|---|---|
| ૧. | સાઉથ-વેસ્ટ (અઠવા) ઝોન વિસ્તારમાં સવારે ૫:૦૦થી૮:૦૦ દરમ્યાન વિભાગીય ધોરણે અઠવાગેટ, લાલબંગ્લો, ઘોડદોડરોડ, ભટારરોડ તથા સદર વિસ્તારની આજુબાજુની સોસાયટીઓમાં અપાતો પાણી પુરવઠો. |
| ૨. | પશ્ચિમ(રાંદેર)ઝોન વિસ્તારમાં પાલ-પાલનપુર યોજના અંતર્ગત ESR-4,માંથી વિભાગીય ધોરણે સવારે ૪:૦૦ થી ૯:૦૦ દરમ્યાન વિભાગીય ધોરણે પૂજાફલેટસ્થી સંતતુકારામ વિભાગર તથા ૬ પાલનપુર વિસ્તાર,પાલ વિસ્તાર, ઝગડીયા ચોકડીથી ગીરધરનગરથી ટવીન ટાવરથી સિધ્ધીવિનાયક રેસીડેન્સી સુધીના રોડનો બંને બાજુનો વિસ્તાર, હેપ્પીહોમ્સ, SMC આવાસ વિગેરેને સંલગ્ન તમામ વિસ્તાર / સોસાયટી / વસાહતોમાં અપાતો પાણી પુરવઠાનો વિસ્તાર. |
| ૩. | પશ્ચિમ(રાંદેર)ઝોન વિસ્તારમાં જોગાણી નગર વોટર ડ્રીસ્ટ્રીબ્યુશન સ્ટેશનથી વિભાગીય ધોરણે સવારે ૬:૩૦ થી ૯:૩૦ દરમ્યાન વિભા ગીય ધોરણે અડાજણ ગામતળ,અડાજણ પાટીયા, આનંદમહલરોડ, હનીપાર્કરોડ, જોગાણીનગર, પ્રાઈમઆર્કેડ, |

| | |
|---|---|
| | પાલનપુરપાટીયાનો પાર્ટવિસ્તાર,તાડવાડી,પાલનપુર જકાતનાકા તથા સંલગ્ન તમામ વિસ્તાર/સોસાયટી/વસાહતોમાં અપાતો પાણી પુરવઠાનો વિસ્તાર. |

જેની જાહેરજનતાએ નોંધ લઈ,સહકાર આપવા તથા જરૂરીયાત મુજબનો પાણી પુરવઠો અગાઉથી સંગ્રહ કરી તેનો બચત પૂર્વક ઉપયોગ કરવા વિનંતી.વધુમાં સદર કામગીરીથી થનાર અગવડતા બદલ આથી દિલગીરી વ્યકત કરવામાં આવે છે. કામગીરી વહેલી પૂર્ણ થયેથી પાણીપુરવઠો રાબેતા મુજબ શરૂ કરવામાં આવશે.

**જંનસપર્ક વિભાગ**

સુરત મહાનગર સેવા સદન તરફથી

સાદર સમાચાર યાદિ નબર:-૪૫૯

તા.૨૪/૦૧/૨૦૨૫

## સુરત મહાનગરપાલિકા

પ્રેસનોટ

આજરોજ માન. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના વરદહસ્તે સુરત મહાનગરપાલિકા ધ્વારા વિવિધ ઝોન વિસ્તારમાં સાકારિત થનાર અંદાજિત **રૂ.૧૨૯.૫૩** કરોડના વિવિધ પ્રકલ્પોની લોકાર્પણ વિધિ/ ખાતમુહૂર્ત વિધિ અને ડ્રીમ સિટી લિમિટેડ ધ્વારા અંદાજિત **રૂ. ૨૨૩.૨૧** કરોડના પ્રકલ્પોની લોકાર્પણ વિધિ કુષ્ણકુંજ પાર્ટી પ્લોટ, ઉમરા પોલીસ સ્ટેશનની બાજુમાં, અઠવાલાઇન્સ, સુરત ખાતેથી સંપન્ન કરવામાં આવી.

આ કાર્યક્રમ દરમ્યાન સુરત મહાનગરપાલિકાની સુમન શાળાઓમાં પ્રસ્થાપિત થનાર આર્ટીફિશિયલ ઇન્ટેલિજન્સ ( A.I ), રોબોટિકસ, કોડીંગ અને ડ્રોન ટેકનોલોજી લેબની પ્રતિકૃતિ તેમજ ડ્રોન ટેકનોલોજી રોજીંદા તેમજ વિવિધ ક્ષેત્રોમાં ઉપયોગ અંગે વિશિષ્ટ પ્રદર્શની કરવામાં આવેલ. **સ્ટોલ-૧ અને ૨ પર સુમન શાળાઓ ખાતે આર્ટીફીસીયલ ઇન્ટેલીજન્સ (AI), રોબોટીકસ કોર્ડીંગ અને ડ્રોનનું પ્રશિક્ષણ, સ્ટોલ-૩ અને ૪ પર ફાયર રોબોટ, ડ્રેનેજની સફાઇ માટે રોબોટનું પ્રદર્શન, ટાઉનપ્લાનીંગ ડ્રોન બેઇઝ લેન્ડ સર્વેયિંગ એન્ડ મેપીંગનું પ્રદર્શનલ સ્ટોલ-૫ પર ડ્રોન પ્રદર્શન, સ્ટોલ-૬ પર એકસીપીરયન્સ એરીના, સ્ટોલ-૭ પર ડ્રોન એક્રોબેટીક શો, સ્ટોલ-૮ પર ઓર્નામેન્ટસ, ડ્રેસ મટીરીયલ, તોરણ, પર્સ, સ્ટોલ-૯ પર ઓર્નામેન્ટસ, પર્સ, ચણીયાચોળી દુપટ્ટા અને તોરણ, સ્ટોલ-૧૦ પર ઓર્નામેન્ટસ, તોરણ, પર્સ, કીચેઇન, હાથ રૂમાલ, શ્રીજીની માટીની મૂર્તિ, ગૃહ સુશોભન વસ્તુઓ, સ્ટોલ-૧૧ પર ભગવાનના વાઘા, તોરણ, કટલેરી, હેન્ડલૂમ, સ્ટોલ-૧૨ પર મિલેટની વિવિધ ચીજ વસ્તુઓનું પ્રદર્શનનું માન.મુખ્યમંત્રીશ્રીએ નિરિક્ષણ કર્યું હતું.**

આ કાર્યક્રમ પ્રસંગે સ્વાગત પ્રવચન કરતા માન. કમિશનર શ્રીમતી શાલિની અગ્રવાલે જણાવ્યું કે માન.વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ભારત દેશને ૨૦૪૭માં વિશ્વમાં સૌથી મોટું અર્થતંત્ર બનાવવાનો સંકલ્પ લીધો છે અને આ સંકલ્પને પરિપૂર્ણ કરવા માટેમાન.વડાપ્રધાન શ્રીએ ટેકનોલોજી, ઇનોવેશન અને આર્ટિફિશિયલ ઇન્ટલિજન્સ ઉપર વિશેષ ભાર મૂકયો છે. માન.વડાપ્રધાન શ્રીનું આર્ટિફિશિયલ ઇન્ટલિજન્સ ફોર ઓલના મંત્ર સાથે ભારતના યુવાનો મહિલાઓનું વિકાસયાત્રામાં પૂર્ણ સહભાગિતા થાય એમના માટે ઘણા ઇન્શીએટિવ લીધા છે, જેમ કે, આર્ટિફિશિયલ ઇન્ટલિજન્સ, ડિજીટલ ઇન્ડિયા, અટલ ઇનોવેટિવ મિડિયા, ડ્રોન શકિત, ડ્રોન દીદી વગેરે વિકસિત ભારતની પરિકલ્પનાને સિધ્ધ કરવા ગુજરાત રાજયના માન.મુખ્યમંત્રીશ્રીએ દેશમાં સૌપ્રથમ વખતે વિકસિત ગુજરાત ૨૦૪૭નો રોડ મેપ તૈયાર કર્યો. ગુજરાત સમગ્ર ભારતમાં પ્રથમ રાજય બન્યું છે. જેમણે વિકસિત ભારત અંતર્ગત વિકસિત ભારત રોડ મેપ અમલની પરિકલ્પના સાકાર કરી છે. માન.મુખ્યમંત્રીશ્રીએ પણ ટેકનોલોજી વિકાસના ક્ષેત્રમાં ઘણી

બધી નવી પોલીસી અમલમાં મુકેલ છે. ગુજરાત ITIES પોલીસી, સ્ટાર્ટઅપ ઇનોવેશન પોલિસી ટુ, ઇલેકટ્રોનિકસ પોલિસી, IT પોલિસી, EV પોલિસી. માન.મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ ગુજરાતમાં પ્રથમ વખતે દેશમાં પહેલીવાર સેમિકન્ડટ પોલિસી અંતર્ગત ઇન્ડીજીનીયસ સેમિકન્ડકટ ચીપ મેકીંગની સ્થાપના ગુજરાત રાજયમાં થઇ રહી છે અને ગુજરાત દેશમાં જ નહીં પણ વિશ્વમાં સેમિકન્ડકટના ક્ષેત્રમાં એક નવી શકિત તરીકે ઉભરી રહ્યું છે. ભારતમાં પ્રથમ વખતે રીજનલ ઇકોનોમિક પ્લાન ક્ષેત્રમાં નિતિ આયોગના સહયોગથી માન.મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ સુરત શહેર અને દક્ષિણ ગુજરાતના છ જીલ્લાઓનું સુરત ઇકોનોમિક માસ્ટર પ્લાન્ટ લોન્ચ કરવામાં આવ્યો છે અને માસ્ટર પ્લાનમાં પણ ટેકનોલોજી અને ઇનોવેશન ઉપર વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું છે. આ જ ટેકનોલોજીના ક્ષેત્રમાં સુરત મહાનગરપાલિકા ધ્વારા એક આગવી પહેલ કરવામાં આવેલ છે અને સુરત મહાનગરપાલિકા સંચાલિત શાળાઓમાં ભણતા ગરીબ અને મધ્યમ વર્ગીય બાળકો અને દીકરીઓને ટેકનોલોજી સભર એ લોકોનું ઘડતર થઇ શકે અને વૈશ્વિક સ્તરે કોમ્પિટીટીવ બની શકે એવા હેતુથી ૧૮ જેટલી સ્કુલસમાં આર્ટિફિશિયલ ઇન્ટલિઝન્સ, રોબોટિકસ, ડ્રોન અને કોડિંગની ટ્રેનિંગની લેબ્સ શરૂ કરવામાં આવેલ છે. માન.વડાપ્રધાનના વિઝનથી જર્મની સાથે પબ્લિક ટ્રાન્સપોર્ટના ક્ષેત્રમાં આજે સુરત શહેરમાં ભારત સરકાર ગુજરાત સરકાર GIZ જર્મની અને સુરત મહાનગરપાલિકા વચ્ચે MOU થવા જઇ રહ્યું છે. જર્મની ધ્વારા જણાવ્યા મુજબ વિશ્વનું સૌથી પ્રથમ કારની વપરાયેલી બેટરીનો ઉપયોગ સોલર પાવરના સ્ટોરેજ કરવા માટેના પ્રોજેકટ માટે સમગ્ર ભારત દેશમાં સુરત શહેરની પસંદગી કરવામાં આવી છે અને આવનાર મહિનામાં આ પ્રોજેકટ સુરત શહેર અંતર્ગત વિશ્વમાં સૌપ્રથમ વાર સાકાર થશે. મહિલાઓના સશકિતકરણના ભાગરૂપે મહિલાઓની ભાગીદારી આર્થિક અને સામાજીક સુનિશ્ચિત કરવા માટે જેન્ડર લેબ ઇનોવેટિવ પ્રોજેકટ આ MOUમાં સામેલ કરવામાં આવ્યું છે. સાથે સાથે સુરત શહેરની મહિલાઓનો આર્થિક વિકાસમાં વધારે ભાગીદારી થાય એમના માટે જયારે સુરત શહેર હાલમાં સમગ્ર ભારત દેશમાં પ્રથમ સિટી બની છે જયાં ૧૦૦ % ઇલેક્ટ્રીક વ્હીકલ બસ સંચાલિત કોરીડોર ની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. અને સુરત શહેર સમગ્ર ભારત દેશમાં EV સિટી તરીકે ઉભરી રહ્યું છે ત્યારે આ BRTS કોરીડોરની કામગીરી પૂર્ણ થઇ છે આવનાર વર્ષોમાં સુરત મહાનગરપાલિકા ડ્રીમ સિટી અને સુરત ડેવલોપમેન્ટ એથોરિટી ભારત સરકાર અને ગુજરાત સરકાર ઘણા બધા પ્રોજેકટ અને તમામ ઇનિશિએટીવ માટે સુરત શહેર બદલથી માન.મુખ્યમંત્રીનો આભાર વ્યક્ત કર્યો હતો.

આ કાર્યક્રમ પ્રસંગે માન. મેયર શ્રી દક્ષેશભાઇ માવાણીએ તેમના ઉદબોધનમાં જણાવ્યું કે સુરત મહાનગરપાલિકા બહુજન હિતાય, બહુજન સુખાયના સૂત્રને સાર્થક કરી સુરત મહાનગરપાલિકની વિકાસ યાત્રા આગળ વધારવા આજરોજ અંદાજીત રૂ.૩૫૨.૭૪ કરોડના વિવિધ પ્રકલ્પોના ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરી વિવિધ માળખાકીય સુવિધાઓમાં વધારો કરવામાં આવી

રહેલ છે. સુરતે સમગ્ર દેશમાં સ્વચ્છતામાં પહેલો નંબર વોટર પ્લસ સીટીમાં, સ્વચ્છ વાયુ સર્વેક્ષણમાં, કમાન્ટ સેન્ટરમાં પ્રથમ ક્રમ આવેલ છે. સુરત મહાનગરપાલિકાનો ખેલ મહાકુંભમાં પણ પ્રથમ ક્રમ આવ્યો છે જે ગૌરવનીય છે.

આ કાર્યક્રમ પ્રસંગે માન. મંત્રી રમતગમત અને યુવક સેવા, સ્વૈચ્છિક સંસ્થાઓનું સંકલન, બિન નિવાસી ગુજરાતીનો પ્રભાગ, વાહનવ્યવહાર, ગૃહ રક્ષણ દળ અને ગ્રામ રક્ષક દળ, નાગરિક સંરક્ષણ, જેલ, સરહદી સુરક્ષા(તમામ સ્વતંત્ર હવાલો) , ગૃહ અને પોલીસ હાઉસીંગ, ઉધ્યોગ, સાંસ્કૃતિક પ્રવૃતિઓ (રા.ક) શ્રી હર્ષ સંઘવીએ તેમના ઉદબોધનમાં જણાવ્યું કે શહેરી જનો એ પુર પ્લેગ જેવી અનેક આફતોનો સામનો કરી શહેરને સ્વચ્છતામાં પ્રથમ ક્રમાંક અપાવી શહેરના વિકાસમાં યોગદાન આપ્યું છે. સુરત મહાનગરપાલિકાએ રાજ્યસરકારના માર્ગદર્શન હેઠળ સર્વાંગી વિકાસ કર્યો છે. સુરત મહાનગરપાલિકાની સુમન શાળાઓમાં 18 જેટલી શાળાઓમાં રોબોટીક લેબ્સ શરૂ કરી બાળકોના ઉજવળ ભવિષ્ય બને તે માટેની સુવિધા ઉપલબ્ધ કારવી છે.

વધુમાં આ કાર્યક્રમ પ્રસંગે સુરત મહાનગરપાલિકાના લોકાર્પણ / ખાતમુહૂર્ત થનાર વિવિધ પ્રકલ્પોની, ડ્રીમ સિટી લિમિટેડ ધ્વારા લોકાર્પણ થનાર વિવિધ પ્રકલ્પોની ફિલ્મનું પ્રદર્શન, સુરત મહાનગરપાલિકાની આગવી પહેલ - સુમન શાળાઓના વિધાર્થઓને આર્ટીફિશિયલ ઇન્ટેલિજન્સ ( A.I ), રોબોટિકસ, કોડીંગ અને ડ્રોનના પ્રશિક્ષણ માટે ૧૮ સુમન શાળાઓમાં બનાવવામાં આવેલ લેબની લોકાર્પણ વિધિ અને ડોકયુમેન્ટ્રી પ્રદર્શિત કરવામાં આવેલ તેમજ માન. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની ઉપસ્થિતિમાં ભારત જર્મની વચ્ચે પર્યાવરણીયલક્ષી શહેરી વાહનવ્યવહારની થયેલ ભાગીદારીના ભાગરૂપે ભારત સરકારશ્રીના મિનિસ્ટ્રી ઓફ હાઉસીંગ એન્ડ અર્બન અફેસ, (GIZ GMBH જર્મની), શહેર વિકાસ મંત્રાલય -ગુજરાત અને મહાનગરપાલિકા વચ્ચે તાંત્રિક સહાય અંગે માન. કમિશનર શ્રીમતી શાલિની અગ્રવાલ તથા ડાયરેકટર ટ્રાન્સપોર્ટ ઇન્ડિયા, GIZ શ્રી ડેનિયલ મોસેર ધ્વારા સમજૂતી કરાર કરવામાં આવેલ.

આ કરાર અંતર્ગત સુરત શહેરના જાહેર પરિવહન સુદ્રઢતા, જાહેર પરિવહનની કાર્યદક્ષતા અને કાર્યક્ષમતા ગઠન કરવા, શહેરના મહતમ દરેક શહેરીજનો માટે જાહેર પરિવહનની પહોંચ સરળ બનાવવા, ઇલેકટ્રીક બસ અને જૈવિક બળતણ જેવા વિવિધ ઉપાયોના અમલીકરણથી શહેરી પ્રદૂષણમાં ઘટાડો કરી શહેરી હવાને ચોખ્ખી કરવા, જાહેર પરિવહનની સમગ્ર વ્યવસ્થાને ડીજીટલ માધ્યમથી સુચારૂ કરવા, પર્યાવરણલક્ષી લાંબાગાળાના આયોજન અંગે સુદ્રઢ માળખું ઉભુ કરવા , જાતીય સમાનતા અંગે પહેલી હરોળના કર્મચારીઓને જરૂરી સમજ કેળવી સામાજીક સમજણ સુનિશ્ચિત કરવા જેવી બાબતોએ તાંત્રિક આદાનપ્રદાન અને અમલીકરણની કામગીરીઓ કરવાનો લક્ષ્યાંક છે.

આ કાર્યક્રમ પ્રસંગે માન. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે તેમના ઉદબોધનમાં જણાવ્યું કે સુરતએ એકદમ વાઇબ્રન્ટ જ રહેવું જોઇએ. સુરત માં કોઇ કામ બાકી ન રહે તેનું આયોજન બજેટમાં અમે કરીશું જ તેની તમે ચિંતા ના કરશો. માન.વડાપ્રધાનશ્રી હર હંમેશા એવું કહે છે "યહી સમય હે, સહી સમય હે" એટલે સહી સમયનો ઉપયોગ તમારે કરવો પડે. સમગ્ર ભારતમાં સ્વચ્છતામાં સુરત શહેર નંબર ૧ મેળવેલ છે. જે માટે તેમણે સુરત મહાનગરપાલિકાની ટીમને અભિનંદન આપ્યા હતા . આપણને વિરાસત અને વિકાસ બન્નેની જરૂર છે. પાણીનો બગાડ ન કરીએ, ઇલેકટ્રીસીટીનો બગાડ ન કરીએ, સુરત ઇકોનોમિક રિજીયનનો માસ્ટર પ્લાન છે. જેમાં સુરત સહિત ભરૂચ, વલસાડ, ડાંગ નવસારી અને તાપી જીલ્લાનો સમાવેશ થાય છે.વર્ષ ૨૦૪૭મા વિકસિત ભારત સાકાર કરવા તમામે પ્રયત્ન કરવા જોઈએ પાણી, પર્યાવરણ અને પેટ્રોલનો બચાવ કરવો જોઈએ. સ્વચ્છતામાં સહભાગી બનો એ પણ એક સેવા જ છે. માન.વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ 2003 માં શરૂ કરેલ વાઈબ્રન્ટ ગુજરાત ધ્વારા ગુજરાત રાજ્યના લોકોને સૌથી વધુ રોજગારી આપવાની વ્યવસ્થાનું પ્લાનિંગ કર્યું છે આજે સૌથી વધારે કંપનીઓ દુનિયાની જે સૌથી મોટી કંપનીઓ માંથી વધારે સૌથી વધુ કંપની ગુજરાત રાજ્યમાં કાર્યરત છે

આ કાર્યક્રમ પ્રસંગે માન.મંત્રી (રા.ક.) , વન અને પર્યાવરણ, કલાઇમેટ ચેન્જ, જ ળસંપત્તિ અને પાણી પુરવઠા શ્રી મુકેશભાઇ પટેલ, માન. મંત્રી સંસદીય બાબતો, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ, ઉચ્ચ શિક્ષણ શ્રી પ્રફુલભાઇ પાનસેરીયા, માન. ધારાસભ્ય શ્રી પૂર્ણેશભાઇ મોદી, માન.ધારાસભ્ય શ્રી વિનોદભાઇ મોરડિયા, માન. ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલ, માન. ધારાસભ્ય શ્રી કાંતિભાઇ બલર, માન.ધારાસભ્ય શ્રી પ્રવિણભાઇ ઘોઘારી, માન.ધારાસભ્ય શ્રી અરવિંદભાઇ રાણા, માન.ધારાસભ્ય શ્રી સંદિપભાઇ દેસાઇ, માન.ધારાસભ્ય શ્રી મનુભાઇ પટેલ, માન. ડે. મેયર ડૉ. નરેન્દ્રભાઇ પાટીલ, માન. સ્થાયી સમિતિ અધ્યક્ષ શ્રી રાજન પટેલ, માન. કમિશનર શ્રીમતી શાલિની વાલ, માન. નેતા શાસકપક્ષ શ્રીમતી શશીબેન ત્રીપાઠી, માન. દંડક શાસકપક્ષ શ્રી ધર્મેશભાઇ વાણીયાવાલા, માન. વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, માન. સ્થાનિક મ્યુ. સદસ્યશ્રીઓ , મિડીયાના મિત્રો તથા અન્ય મહાનુભવો ઉપસ્થિત રહ્યા હતા.

જનસંપર્ક વિભાગ,

સુરત મહાનગરપાલિકા તરફથી સાદર સમાચાર યાદી નં.૪૬૦

તા. ૨૪/૦૧/૨૦૨૫




Christian Kapfensteiner

# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ

## સુરત મહાનગરપાલિકા દ્વારા ૨૬ જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ

## ૭૬માં પ્રજાસત્તાક દિનની વરાછા ઝોન -બી, મલ્ટી પર્પઝ કૉમ્યુનિટી હોલ,ખાતે ભવ્ય ઉજવણી

ભારતના રાષ્ટ્રીય પર્વ પ્રજાસત્તાક દિન ૨૬ જાન્યુઆરી ૨૦૨૫ ની ઉજવણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા આજરોજ સવારે ૧૦:૦૦ કલાકે વરાછા ઝોન -બી, મલ્ટી પર્પઝ કૉમ્યુનિટી હોલ, એ બી સી સર્કલ પાસે, સર્જન બંગલોઝની સામે, મોટાવરાછા, સુરત ખાતે ધ્વજવંદન કાર્યક્રમ, સન્માન સમારોહ અને દેશભક્તિ આધારીત ભવ્યાતિ ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયેલ. પ્રજાસત્તાક પર્વની સુવર્ણમય સવારે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓના વિદ્યાર્થીઓ બેન્ડની મધુર ધૂન અને દેશભકિતના નારા સાથે પ્રભાતફેરી સ્વરૂપે ધ્વજ વંદન સમારોહમાં જોડાયા હતા. રાષ્ટ્ર ભક્તિ સભર વાતાવરણમાં માન. મેયર શ્રી દક્ષેશભાઇ માવાણી, માન. મ્યુ.કમિ. શ્રીમતી શાલિની અગ્રવાલ,IAS તથા અન્ય મહાનુભાવોએ સાથે મળી ફાયર અને વોચ એન્ડ વોર્ડ વિભાગના જવાનોની પરેડ સાથે રાષ્ટ્રની આન બાન અને શાન સમા તિરંગાને રાષ્ટ્રગાન સાથે લહેરાવી સન્માનપૂર્વક સલામી આપી હતી.

આ કાર્યક્રમ પ્રસંગે માન. મેયર શ્રી દક્ષેશભાઇ માવાણીએ નગરજનોને રાષ્ટ્રીય પર્વની શુભકામના પાઠવી ૨૬ જાન્યુઆરી ૧૯૫૦ ના રોજ આપણા બંધારણના અમલનો દિવસ એટલે પ્રજાસત્તાક દિનને ભારતના સંવિધાન અસ્તિત્વમાં આવ્યાની સવિસ્તાર માહિતી આપી હતી અને તેમના પ્રવચનમાં જણાવ્યું કે આજના જ દિવસે આપણા સૌની આ ગૌરવશાળી ઓળખને ઔપચારિક
સ્વરૂપ પ્રાપ્ત થયું હતું. આપણને સૌને એક સૂત્રમાં બાંધતી ભારતીયતાના ગૌરવનો આ ઉત્સવ છે.
તે દિવસે ભારત વિશ્વના સૌથીમોટા પ્રજાસત્તાક રૂપે સ્થાપિત થયું અને આપણે ભારતના લોકોએ એક એવું
બંધારણ અમલમાં મૂક્યું કે આપણી સામૂહિક ચેતનાનો જીવંત દસ્તાવેજ છે. ભારતનું બંધારણ ૨૬
નવેમ્બર ૧૯૪૯ ના રોજ અપનાવવામાં આવ્યું હતું. આ એક ઐતિહાસિક દિવસ હતો અને આ દિવસને બંધારણ દિવસ ત
રીકે ઉજવવામાં આવે છે. વર્ષ-૨૦૧૫ માં માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ
મોદીજીએ ૨૬ નવેમ્બરને **'બંધારણ દિવસ'** તરીકે ઉજવવાનો નિર્ણય કર્યોહતો
ત્યારથી દર વર્ષે ૨૬ નવેમ્બરે બંધારણ દિવસ ઉજવવામાં આવે છે.
તા.૦૨ ઓક્ટોબર ૨૦૨૪ પૂજય મહાત્મા ગાંધીજીની જન્મજયંતિના રોજઆદરણીય પ્રધાનમંત્રીશ્રી
નરેન્દ્રભાઈ મોદીજી પ્રેરિત
"સ્વચ્છ ભારત મિશન" ની યાત્રાએ ૧૦ વર્ષનો માઈલસ્ટોન પાર કર્યો છે.સ્વચ્છ ભારત મિશનની યાત્રા કરોડો ભારતીયો
ની પ્રતિબધ્ધતાનું પ્રતિક છે. સ્વચ્છ ભારત અભિયાન આ સદીમાં વિશ્વનું સૌથી મોટું અને સૌથી સફળ જન આંદોલન છે.
ભારતીય અંતરિક્ષઅનુસંધાન સંગઠન ઈસરો આગામી ૨૯ જાન્યુઆરીના રોજ અંતરિક્ષમાં પોતાનું ૧૦૦મું પ્રક્ષેપણ કરી
ઈતિહાસ સર્જવા જઈ રહ્યું છે. હું આ ઉપગ્રહ મિશનની

સફળતા માટે પ્રાર્થના કરું છું. જ્યારે દેશમાં અમૃત કાળ ચાલી રહ્યો છે ત્યારે સંગમનગરી પ્રયાગરાજમાં આયોજીત ભારત ના સાંસ્કૃતિક અને આધ્યાત્મિક વારસાના સાર સમા વિશ્વના સૌથી મોટા ધાર્મિક પર્વ મહાકુંભ૨૦૨૫નું આયોજન વિશેષ

બની રહેલ છે, વર્ષ-૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્રમાં પરિવર્તિત કરવાનાવડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના વિઝનને પ્રતિબિંબિત કરવામાં આ મહાકુંભ મહત્વનો ભાગ ભજવવાનો છે.

પવિત્ર મહાકુંભ ૨૦૨૫માં સુરક્ષા, સુવિધા અને સ્વચ્છતાની સાથે સુંદરતા માટે પણ મિશનમોડમાં કામગીરી થઈરહી છે. જે આપણા સૌ માટે એક ઉદાહરણીય અને અનુકરણીય બાબત છે. મને વિશ્વાસ છે કે આ મહાકુંભમાંથી નીકળતી આધ્યાત્મિક અને સામૂહિક શક્તિ આપણા સંકલ્પને વધુ મજબૂત કરશે. સુરત મહાનગરપાલિકા દ્વારા ઓગસ્ટ-૨૦૨૪ દરમ્યાન વડોદરા શહેરમાં અસાધારણ વરસાદથી વિશ્વામિત્રનદીમાં આવેલ પૂરની પરિસ્થિતિમાં તાત્કાલિક અસરથી રેસ્કયુ તેમજ રાહત કામગીરી માટે ફાયર, આરોગ્ય તેમજ ટેકનિકલ વિભાગની ટીમોમશીનરી તેમજ રાહત સામગ્રી સાથે મોકલી આરોગ્યલક્ષી કામગીરી શરૂ કરી હતી.
જે ખુબ જ પ્રશંસનીય કામગીરી રહી હતી. નીતિ આયોગના નેજા હેઠળ સુરતે દેશનો સૌપ્રથમ ઈકોનોમિક ડેવલપમેન્ટ પ્લાનમાં બનાવ્યો છે. આ પ્લાનમાં આર્થિક, સામાજિક, ઔદ્યોગિક, શૈક્ષણિક, રોડ કનેક્ટિવિટીના વિવિધ વિકાસલક્ષી માપદંડોનો સમાવેશ કરવામાં આવેલ છે, જેમાં સુરત અને તેની આસપાસના નવસારી, ભરૂચ, ડાંગ, તાપી તથા વલસાડ એમ ૦૬ જિલ્લાઓનો સમાવેશ કરવામાં આવેલ છે. સુરત શહેર ઉપર મૂકેલા વિશ્વાસ બદલ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ પ્રત્યે વિશેષ આભાર વ્યક્ત કરૂં છું.
નવેમ્બર૨૦૨૪ માં બ્રાઝિલ ખાતે આયોજિત U20 રિયો મેયર્સ સમિટ૨૦૨૪ અંતર્ગત વૈશ્વિક મંચ પર આપ સહુ વતી સુરત શહેરની વિકાસ ગાથા રજુ કરવાનો અનેરો અવસર પ્રાપ્ત થયો હતો. આજે દુનિયાના સૌથી ઝડપથી વિકસતા શહેરોમાં સુરતનું નામ મોખરે છે. સુરત મિની ભારત તરીકે ઓળખાય છે, કારણકે દેશના તમામ રાજયોમાંથી આવીને અહી લોકોએ વસવાટ કર્યો છે. વિકસિત ભારતના નિર્માણમાં "સૌના સાથ, સૌના વિકાસ, સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસ" સાથે સાતત્યપૂર્ણ નેતૃત્ત્વ લઈને સુરત આગળ ધપી રહ્યું છે. રૂફટોપ સોલાર પ્રસ્થાપિત કરવાની બાબતમાં આગામી દિવસોમાં સુરત "સોલાર સીટી" તરીકે દેશમાં નવી ઓળખ પ્રસ્થાપિત કરવા જઈ રહેલછે.

સુરત BRTS ૧૦૮ કિલોમીટર લાંબો દેશનો સૌથી લાંબો ડેડીકેટેડ BRTS કોરિડોર છે, જેના થકી સુરત મહાનગરપાલિકાના તમામ ઝોન કનેક્ટ કરવામાં આવેલ છે. સુરત મહાનગરપાલિકા ભારત દેશની સર્વપ્રથમ મહાનગરપાલિકા છે, જે સુએઝ પાણીને રિસાઇકલ તેમજ ટ્રીટ કરી તેને ઔદ્યોગિક એકમોને વેચી તેમાંથી માતબર કમાણી કરી રહી છે, વધુમાં વર્ષ-૨૦૨૬ ના અંત સુધીમાં પલસાણા તથા ક્ડોદરાના ઔદ્યોગિક એકમોને સેકન્ડરી ટ્રીટેડ વેસ્ટ વોટર પુરૂ પાડી વધારાની આવક ઉભી કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. જે "Circular Economy" નું શ્રેષ્ઠ ઉદાહરણ છે. સુરત શહેર એ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટના 5 R-કોન્સેપ્ટ (Refuse, Reuse, Reduce, Repurpose, Recycle) પર કાર્યરત ભારત દેશનું પ્રમુખ શહેર છે. સુરત મહાનગરપાલિકા પેપરલેસ બજેટ રજુ કરનારી ગુજરાતની સૌપ્રથમ પહેલ કરનારી મહાનગરપાલિકા છે. વિકાસની રાહ ઉપર ચાલતા સુરતે ૧૨૧ જેટલા હયાત સેતુઓ અને નિર્માણધીન વધુ ૧૨ સેતુઓ થકી
પોતાની "સેતુઓના શહેર" તરીકેની ઓળખને વધુ મજબુત કરી રહયું છે. સુરત મેટ્રો રેલ પ્રોજેકટ, સુરત રેલ્વે સ્ટેશન રિ-ડેવલોપમેન્ટ પ્રોજેકટ, કન્વેન્શનલ બેરેજ પ્રોજેકટ, શહીદ સ્મારક પ્રગતિ હેઠળ છે. સુરતને સ્વચ્છતા સર્વેક્ષણ-૨૦૨૩ માં દેશના સૌથી સ્વચ્છ શહેરનો એવોર્ડ મળ્યો હતો. આગામી સ્વચ્છતા સર્વેક્ષણ-૨૦૨૪ માટે સુરત શહેરની "સુપર સ્વચ્છ લીગ" માં પસંદગી કરવામાં આવી છે. સમગ્ર દેશમાં ૧૦ લાખથી વધુ વસ્તી ધરાવતા શહેરોની કે

ટેગરીમાં સમગ્ર ગુજરાતમાંથી ફક્ત સુરત શહેરનો સમાવેશ કરવામાં આવેલ છે. આ સર્વોચ્ચ સ્થાન જાળવી રાખવું તે આપણી સૌની જવાબદારી છે. સુરત મહાનગરપાલિકાને ગુજરાતનું પ્રથમ વોટર પ્લસ + શહેર જાહેર કરવામાં આવ્યું છે. સુરત મહાનગરપાલિકા દ્વારા સુરતના લોકોને આગામી ૫૦ વર્ષ સુધી પીવાલાયક પાણીની કોઈ સમસ્યા ન થાય એ મા ટે ખાસ વ્યવસ્થા આયોજન હેઠળ છે. જળ સંરક્ષણ આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીજીની "સ્વચ્છ ભારત અભિ યાન" પછીની બીજી સૌથી મોટી પહેલ છે, જે અંતર્ગત દેશભરમાં જળ શક્તિ મંત્રાલય દ્વારા કેન્દ્રીય જળશક્તિ મંત્રી માન નીય શ્રી સી.આર.પાટીલ સાહેબના માર્ગદર્શનમાં જનભાગીદારી સાથે જળ સંચય અભિયાન કાર્યરત છે. જળ સંચય એ માત્ર એક યોજના નથી, તે એક પ્રયાસ છે, પુણ્યનું કાર્ય

છે. આ મિશનમાં ઉદારતા પણ છે અને જવાબદારી પણ છે, તે માત્ર

સંસાધનોનો પ્રશ્ન નથી, પરંતુ જીવન અને માનવતાના ભવિષ્યનો પ્રશ્ન છે. સુરત મહાનગરપાલિકા દેશની પ્રથમ મહાનગરપાલિકા છે, જે પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ સહિત આર્ટસ, કોમર્સ, સાઈન્સ એમ ત્રણેય પ્રવાહમાં ઉ ચ્ચતર માધ્યમિક શિક્ષણ આપતી હોઈ. સુરત મહાનગરપાલિકા સંચાલિત હાલ વિવિધ માધ્યમમાં ૨૩ સુમન શાળાઓ કાર્યરત છે. કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવા વર્ષ-૨૦૨૧-૨૦૨૨ થી કન્યાઓ માટે ઉચ્ચતર

માધ્યમિક સુધીનું શિક્ષણ મફત આપવામાં આવે છે. વધુ કુલ ૦૬ નવા ભવનો તેમજ અન્ય હયાત ભવનોના વિસ્તૃતીકર ણની કામગીરી પ્રગતિ હેઠળ છે. પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ મંજુર ૧૩૮૦ જેટલા આવાસોનું કામ પ્રગતિ હેઠળ છે. પ્રધાનમંત્રી આવાસ યોજના 2.0 અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા અંદાજીત ૧૨,૦૦૦ જેટલા આવાસોના DPR બ નાવવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. કેન્દ્ર સરકારની દીનદયાળ અંત્યોદય યોજના -

રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરમાં રહેતા

ઘરવિહોણા લોકો માટે આશ્રયસ્થાનો બનાવવાની અદભુત પહેલ શરૂ કરેલ છે, જે અંતર્ગત સુરત શહેરમાં ૨૩૦૦ થી વધુ ઘરવિહોણા લોકોને આશ્રય મળી રહે માટે ૦૭ શેલ્ટર હોમની સુવિધા કાર્યરત છે. સુરતના ચોકબજાર સ્થિત ઐતિહાસિક કિલ્લા ખાતે શહેરના જાજરમાન ભવ્ય ઇતિહાસની ગાથાને વિકાસશીલ વર્તમાન તથા ઉજ્જવળ ભવિષ્યને આવરી લેતા લેસર લાઇટ એન્ડ fond to સાઉન્ડ શો ટૂંક

સમયમાં શરુ કરવાનું કામ પ્રગતિ હેઠળ છે. સુરત શહેરના કલા વારસાના પ્રતીક સમા "ગાંધી સ્મૃતિ ભવન" ઓડીટોરિય મના નવનિર્માણની કામગીરી પ્રગતિ હેઠળ છે. જે જુલાઈ-

૨૦૨૬ સુધીમાં સુરતની કલાપ્રેમી જનતા માટે ખુલ્લું મુકવામાં આવનાર છે. સુરતીઓના

પ્રિય સ્થળ ડુમસની કાયાપલટ કરવાની કામગીરી હેઠળ ડુમસ સી ફેસ ડેવલપમેન્ટ પ્રોજેક્ટના ફેઝ-૦૧ ની કામગીરી જુલાઈ-

૨૦૨૫ સુધીમાં પૂર્ણ કરવાનો લક્ષ્યાંક છે. અત્યાધુનિક સુવિધા સાથે દેશની સૌથી ઉંચી નાગરિક કેન્દ્રી સરકારી ઈમારત બ નવા જઈ રહેલ સુરત મહાનગરપાલિકાના નવા આઇકોનિક મુખ્ય વહીવટી ભવનની કામગીરી જાન્યુઆરી-

૨૦૨૭ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે. હાલમાં ભવનની 30% કામગીરી પુરી થઇ ગઈ છે. સપ્ટેમ્બર-૨૦૨૪ માં "સ્વચ્છ વાયુ સર્વેક્ષણ-૨૦૨૪" માં સુરત શહેરને સમગ્ર ભારત દેશમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. ઓકટોબર-૨૦૨૪ માં ભારત સરકારના જલ શક્તિ મંત્રાલય "નેશનલ વોટર એવોડ-

૨૦૨૩" અંતર્ગત સુરત મહાનગરપાલિકા "બેસ્ટ અર્બન લોકલ બોડી" કેટેગરીમાં

સમગ્ર દેશમાં પ્રથમ ક્રમાંકે વિજેતા થયેલ છે આપણા સૌ માટે ગૌરવની બાબત છે. હાલમાં જ ખેલ મહાકુંભ 3.0 ના શુભા રંભ પ્રસંગે ગત વર્ષ ખેલ મહાકુંભ 2.0 માં મેડલના આધારે રાજ્યની વિવિધ મહાનગરપાલિકા પૈકી સુરત મહાનગરપાલિકાને સૌથી વધુ મેડલ જીતનાર પ્રથમ ક્રમાંકની મહાનગરપાલિકા માટે "ઓવર ઓલ સ્ટેટ ચેમ્પિયન" થી

બિરદાવવામાં
આવેલ છે. સુરત શહેર ટ્રાફિક શાખા અને મહાનગરપાલિકાના સંકલનથી શહેરના ૨૧૫ જેટલા ટ્રાફિક જંક્શનો પર એડેપ્ટીવ ટ્રાફિક કંટ્રોલ સિસ્ટમ (એ. ટી. સી. સિસ્ટમ) કાર્યરત કરવામાં આવેલ છે, જેના થકી ટ્રાફિકના ભારણ મુજબ સિગ્નલો પર ટાઈમિંગ સેટ
કરવામાં આવેલ છે, ટ્રાફિક સિગ્નલના સુદ્રઢ અમલીકરણને કારણે રોડ પર થતા અકસ્માતોમાં અને મોબાઈલ-
ચેઈન સ્નેચિંગ જેવા ગુનામાં પણ ધરખમ ઘટાડો નોંધાયેલ છે. આગામી મહિને સુરત મહાનગરપાલિકાનું નાણાંકીય વર્ષ ૨૦૨૫-
૨૦૨૬ નું વિકાસલક્ષી બજેટ આપ સૌ સમક્ષ રજુ કરવા જઈ રહ્યા છીએ. સુરત શહેર નેશનલ હાઈવે, એક્સપ્રેસ વે, રેલ્વે, પોર્ટ, ઇન્ટરનેશનલ એરપોર્ટ તેમજ સૂચિત મેટ્રો તેમજ બુલેટ ટ્રેન થકી સુરત ભારતવર્ષમાં One of the Best Connected
City તરીકે ઉભરી રહ્યું છે. આજે સુરત મહાનગરપાલિકા દ્વારા વિવિધ ખેલ સ્પર્ધાઓમાં રાજય કક્ષાથી લઇ આંતરરાષ્ટ્રીય કક્ષા સુધી પ્રતિનિધિત્વ કરી પોતાની ઉમદા ખેલ પ્રતિભાથી સુરત શહેરનો ડંકો વગાડનાર ઉભરતા સિતારા એવા વિવિધ બાળ તેમજ યુવા રમતવીરોનું ઉચિત સન્માન કરવામાં આવનાર છે. જેનાથી તેમને પુરતું પ્રોત્સાહન મળશે . તેમના પર સુરત શહેરને ગર્વ છે. જેમનું સન્માન કરવામાં આવનાર છે તેવા રમતવીરોને તેમના માતા-
પિતા, પરિવારજનો તેમજ તેમના કોચને પણ હું આ મંચ ઉપરથી અભિનંદન પાઠવું છું. યશસ્વી
વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વમાં સશકત, સમાવેશી, સંવેદનશીલ, સતર્ક, વિનમ્ર અને વિકસિત રાહ ઉપર દેશ આગળ વધી રહ્યો છે. આજે એવું કોઈ લક્ષ્ય નથી કે જે ભારત હાંસલ કરી ન શકે, એવો કોઈ સંકલ્પ નથી કે જે ભારતીયો સિધ્ધ ન કરી શકે. આવો, આપણે સૌ યથાશક્તિ રાષ્ટ્રની સેવામાં સ્વયંને સમર્પિત કરવાનો સંકલ્પ કરીએ, આ આ શુભ સંકલ્પને સિદ્ધ કરવાના પ્રયાસ હેતુ આપ સૌને મારી હાર્દિક શુભકામના. હું તમામ સુરતવાસીઓના સુખદ અને મંગલમય જીવન માટે શુભેચ્છા વ્યક્ત કરું છું અને આપસૌના સ્વર્ણિમ ભવિષ્ય માટે અનેકાનેક શુભકામના પાઠવું છું.

ત્યારબાદ માન. મેયર શ્રી દક્ષેશભાઇ માવાણી અને ઉપસ્થિત મહાનુભવોએ પ્રજાસત્તાક પર્વની શુભકામના અને હર્ષ ઉલ્લાસ સાથે ત્રિરંગી ફુગ્ગાઓ ગગનમાં વિહરતા કર્યા હતા.નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અને સુમન શાળા સેલ દ્વારા યોજાયેલ વિવિધ સ્પર્ધાના પ્રથમ વિજેતાઓને ટ્રોફી તથા રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય કક્ષાએ વિશિષ્ટ સિધ્ધી હાંસલ કરેલ શહેરના રમતવીરોને સન્માન પત્ર અને સ્મૃતિભેટ એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. પ્રજાસત્તાક દિનની લોકોના પર્વ તરીકે લોક સહયોગથી ઉજવણી માટે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓના વિધ્યાર્થીઓ તથા શહેરની કલા સંસ્થાના કલાકારો દ્વારા દેશભકિતને ઉજાગર કરતા રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા. વધુમાં આ કાર્યકમમાં ફાયર વિભાગ ધ્વારા વિવિધ આધુનિક મશીનો, ટેકનીકો અને અવનવી સર્વીસીસ ધ્વારા અપાતી સેવાનું લાઇવ પ્રદર્શન રાખવામાં આવેલ.

આ કાર્યક્રમમાં માન. મ્યુ.કમિ. શ્રીમતી શાલિની અગ્રવાલ,IAS, માન. ધારાસભ્ય શ્રી પ્રવીણભાઈ ઘોઘારી, માન. ડે. મેયર ડૉ. નરેન્દ્ર પાટીલ, માન.સ્થાયી સમિતિ અધ્યક્ષ શ્રી રાજનભાઇ પટેલ, માન.નેતા, શાસક પક્ષ શ્રીમતી શશીબેન ત્રીપાઠી , માન. વિવિધ સમિતિ અધ્યક્ષશ્રીઓ, માન.મ્યુ.સદસ્યશ્રીઓ, માન. વિવિધ સંસ્થાના આગેવાનો, સુરત મહાનગરપાલિકાના અધિકારીઓ અને કર્મચારીઓ, મિડીયાના મિત્રો અને અન્ય મહાનુભવો ઉપસ્થિત રહ્યા હતા.

**જનસંપર્ક વિભાગ,સુરત મહાનગરપાલિકા તરફથી સાદર સમાચાર યાદી નં.૪૬૧**

,તા.૨૬-૦૧-૨૦૨૫




SURAT MUNICIPAL CORPORATION
FIT INDIA
મહાનગરપાલિકા
૭૬ મા
દિનની ઉજવણી

# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા દ્વારા મહાત્મા ગાંધી નિર્વાણદિન નિમિત્તે તા.૩૦/૦૧/૨૦૨૫ના રોજ યોજાનાર પુષ્પાંજલિ અને ભજન બાબત.

સુરત મહાનગરપાલિકા દ્વારા મહાત્મા ગાંધી નિર્વાણદિન નિમિત્તે તા.૩૦/૦૧/૨૦૨૫ને ગુરૂવારના રોજ સવારે ૮.૩૦ કલાકે ગાંધીબાગ, ચોકબજાર, સુરત ખાતે પૂજ્ય મહાત્મા ગાંધીજીને પુષ્પાંજલિ તથા ભજનનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં ઉપસ્થિત રહેવા જાહેર જનતાને નિમંત્રણ છે.

**સમાચારયાદી નં 462 , તા.૨૮/૦૧/૨૦૨૫, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.**

# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ

## તા.૩૦/૦૧/૨૦૨૫ ને ગુરુવારના રોજ "ગાંધી નિર્વાણ દિન" નિમિત્તે સુરત મહાનગરપાલિકા સંચાલિત સલાબતપુરા અને રાંદેર કતલખાના બંધ રહેશે.

આથી જાહેર જનતા તથા લાગતા વળગતા ઇસમોને જણાવવાનું કે, સ્થાયી સમિતિના ઠરાવ નં.૨૬૧, તા.૨૦-૦૨-૧૯૭૯ થી વિદીત થઇ, દર વર્ષની જેમ તા.૩૦/૦૧/૨૦૨૫ ને ગુરુવારના રોજ "ગાંધી નિર્વાણ દિન" નિમિત્તે સુરત મહાનગરપાલિકા સંચાલિત સલાબતપુરા અને રાંદેર કતલખાના બંધ રહેશે. જેની તમામ લાયસન્સ હોલ્ડરોએ નોંધ લેવી.

સમાચારયાદી નં. ૪૬૩

તા. ૨૮/૦૧/૨૦૨૫

જનસંપર્ક વિભાગ,

સુરત મહાનગરપાલિકા તરફથી સાદર

# <u>પ્રેસનોટ</u>

સેન્ટ્રલ ઝોન

સુરત મહાનગરપાલિકા

## <u>ગેરકાયદેસર બાંધકામ દુર કર્યાની વિગત</u> –

સુરત મહાનગરપાલિકાના સેન્ટ્રલ ઝોનમાં સમાવિષ્ટ વોર્ડ નં.૭ વિસ્તારમાં આવેલ લાલ દરવાજા બ્રીજની નીચે,ઇ.વી.ચાર્જીંગ સ્ટેશનની સામે, અજાણ્યા ઇસમો ધ્વારા બ્રીજનાં પીલરને લાગુ ધાર્મીક હેતુસરનું બાંધકામ કરેલ. જે બાંધકામ તા.૦૨/૦૧/૨૦૨૩ નાં રોજ સેન્ટ્રલ ઝોનનાં એડી.સીટી ઇજનેરશ્રીની સુચના તથા કાર્યપાલક ઇજનેરશ્રીનાં માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટાફ, સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ, દબાણ વિભાગ તથા સુરત મહાનગરપાલિકાનાં સિકયોરીટી સ્ટાફની મદદથી દુર કરી અંદાજે ૫૦ ચો.ફૂટની જગ્યા ખુલ્લી કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર

સમાચાર યાદી નં. ૪૬૪

તા.૦૨/૦૧/૨૦૨૩

# <u>પ્રે સ નો ટ</u>

ડે ડે.કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પીટલ) તથા ડેઝીગ્નેટેડ ઓફિસર અને આરોગ્ય અધિકારીશ્રીની સુચના તથા સીધા માર્ગદર્શન હેઠળ તા.28/01/2025 ના રોજ મળેલ માહિતીનાં અનુસંધાનમાં ઠેકાણું નં.-1 દુ. નં.-03,04, નારાયણ કોમ્પલેક્ષ, નરનારાયણ સોસાયટી, હળપતિવાસની બાજુમાં, પર્વત પાટિયા પાસે, પૂણા, સુરત અને ઠેકાણું નં.-2 ખાતા નં-સી-15, રાજપુરોહિત ટ્રાન્સપોર્ટ નગર, ભરત કેન્સર હોસ્પિટલની બાજુમાં, સારોલી, સુરત ખાતે ફૂડ ઇન્શપેકશન વિભાગનાં ફુડ સેફટી ઓફિસરો અને પૂણા પોલિસ સ્ટેશનનાં સ્ટાફ સાથે સંયુક્તપણે સ્થળ તપાસ કરતા **"ઘી"** નો શંકાસ્પદ જથ્થો હોવાનું માલમ પડતાં ઉપરોકત ઠેકાણું નં.-1 અને 2 પર આવેલ સંસ્થા શિવ શક્તિ ફુડસ એન્ડ ડેરી પ્રોડકટસના માલિક ઉમારામ મીઠાલાલ માલી પાસેથી **"હરે હરે ક્રિષ્ના પ્રિમિયમ કાઉ ઘી"** અને **"ગૌરી ગીર પ્રિમિયમ ક્વોલીટી કાઉ ઘી"** અને **" દેશી કાઉ ઘી "** ના નમુના લઈ પૃથ્થકરણ સારું લેબોરેટરી ખાતે મોકલાવેલ છે, જેનો પૃથ્થકરણ અહેવાલ આવ્યેથી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

વધુમાં સદર સ્થળેથી જુદી જુદી બ્રાન્ડના અલગ અલગ સાઈઝના જાર/ડબ્બા/પાઉચ મળી આશરે કુલ 10,380 લીટર ઘીનો જથ્થો તથા ટેમ્પો સાથે મળી જેની અંદાજિત કિંમત રૂપિયા 65,13,340/-ની મત્તાનો જથ્થો પૂણા પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા જપ્ત કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર પાલિકા
તરફથી સાદર
સમાચાર યાદી નં .465
તા.29/01/2025

# પ્રે સ નો ટ

ડે.કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પીટલ) તથા ડેઝીગ્નેટેડ ઓફિસર અને આરોગ્ય અધિકારીશ્રીની સુચના તથા સીધા માર્ગદર્શન હેઠળ તા. 29/01/2025 ના રોજ મળેલ માહિતીનાં અનુસંધાનમાં ઠે. પ્લોટ નં-116, દુ.નં-2, તાસની વાડીના નાકે, લક્ષ્મી નારાયણ ઈન્ડ્ર.ની પાસે, કાચની ફેકટરીની બાજુમાં, એ.કે. રોડ, સુરત ખાતે સુરત મહાનગરપાલિકા ફૂડ ઇન્શપેકશન વિભાગનાં ફુડ સેફટી ઓફિસરો અને વરાછા પોલીસ સ્ટેશનનાં સ્ટાફ સાથે સંયુક્તપણે સ્થળ તપાસ કરતા સદર સ્થળે "પનીર" નો શંકાસ્પદ જથ્થો હોવાનું માલુમ પડેલ સ્થળ પરથી સંસ્થાના માલિક વિષ્ણુસીંગ વિરેંદ્રસીંગ ઠાકુર અને સેલ્સમેન અજયકુમાર સિયારમ ગુપ્તા પાસેથી "પનીર"નો નમુનો લઈ પૃથ્થકરણ સારું લેબોરેટરી ખાતે મોકલાવેલ છે, જેનો પૃથ્થકરણ અહેવાલ આવ્યેથી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

વધુમાં સદર સ્થળેથી 150 કિલો પનીરનો જથ્થો મળી આવેલ, જેની અંદાજિત કિંમત આશરે રૂ.37,500/- (અંકે રૂપિયા સાડત્રીસ હજાર પાંચસો પુરા) છે. જે ફુડ વિભાગ દ્વારા સીઝ કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર પાલિકા તરફથી
સાદર
સમાચાર યાદી નં .466
તા.29/01/2025

## પ્રેસનોટ

## સુરત મહાનગરપાલિકા દ્વારા મહાત્મા ગાંધી નિર્વાણદિન નિમિત્તે યોજાયેલ પુષ્પાંજલિ, ભજન અને શહીદ વીરોની સ્મૃતિમાં મૌન દ્વારા ભાવાંજલી

સુરત મહાનગરપાલિકા દ્વારા મહાત્મા ગાંધી નિર્વાણદિન નિમિત્તે તા.૩૦/૦૧/૨૦૨૫ને ગુરૂવારના રોજ સવારે ૮.૩૦ કલાકે ગાંધીબાગ, ચોકબજાર, સુરત ખાતે પૂજય મહાત્મા ગાંધીજીને પુષ્પાંજલિ તથા ભજનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં માન.મેયરશ્રી દક્ષેશભાઇ માવાણી, શાસક પક્ષ નેતા શ્રીમતી શશીબેન ત્રિપાઠી, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુનિસિપલ સભ્યશ્રીઓ, મ્યુનિ.અધિકારીશ્રીઓ તથા ગાંધીપ્રેમી નગરજનોએ ઉપસ્થિત રહી દેશની આઝાદી માટે આખું જીવન સમર્પી દેનાર આ યુગપુરૂષની પ્રતિમાને ચરણે પુષ્પાંજલિ સહ વંદના કરી હતી. આ પ્રસંગે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ શાળાના બાળકોએ પણ ગાંધી પ્રતિમાના ચરણે પુષ્પો અર્પણ કર્યા હતા. મહાત્મા ગાંધીજીને પ્રિય એવા "વૈષ્ણવ જન તો તેને રે કહીએ", "રઘુપતિ રાઘવ રાજા રામ" જેવા ભજનો દ્વારા ભાવાંજલી આપી હતી.

ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં જે શહીદ વીરોએ પોતાના પ્રાણના બલિદાન આપ્યા છે તેવા શહીદ વીરોની સ્મૃતિમાં તથા શહીદો પ્રત્યે શ્રધ્ધા-સન્માનની ભાવના જાગૃત કરવાના કાર્યક્રમ અંતર્ગત સુરત મહાનગરપાલિકાની કચેરીઓમાં ૩૦મી જાન્યુઆરી ૨૦૨૫ના રોજ સાયરન વગાડી સવારે ૧૧:૦૦ કલાકથી ૨ મિનિટ સુધી મૌન પાળી સ્વદેશ માટે પ્રાણની આહુતિ આપનાર શહીદ વીરો પ્રત્યેનું ઋણ અદા કરવામાં આવ્યુ હતું.

સમાચાર યાદી નં.467 , તા.૩૦/૦૧/૨૦૨૫, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર


सत्य
अहिंसा
महात्मा मोहनदास करमचंद गांधी


सत्य
अहिंसा
महात्मा मोहनदास करमचंद गांधी

# પ્રેસનોટ

## સુરત મહાનગરપાલિકા

આજરોજ રેલ્વે સ્ટેશનની બહાર બી.આર.ટી.એસ/સીટી બસ ટર્મિનલને સુરત સેન્ટ્રલ બસ ડેપોની પાસે આવેલ અંદાજીત ૫૦૦૦ ચો.મી. ખુલ્લી જગ્યામાં મુસાફરોની સુવિધા અર્થે બનાવવામાં આવેલ અત્યાધુનિક સુવિધાઓથી સુસજ્જ સીટી બસ ટર્મિનલનું લોકાપર્ણ માન. મંત્રી રમતગમત અને યુવક સેવા, સ્વૈચ્છિક સંસ્થાઓનું સંકલન, બિન નિવાસી ગુજરાતીનો પ્રભાગ, વાહનવ્યવહાર, ગૃહ રક્ષણ દળ અને ગ્રામ રક્ષક દળ, નાગરિક સંરક્ષણ, જેલ, સરહદી સુરક્ષા(તમામ સ્વતંત્ર હવાલો), ગૃહ અને પોલીસ હાઉસીંગ, ઉધ્યોગ,સાંસ્કૃતિક પ્રવૃતિઓ (રા.ક) ગુજરાત, શ્રી હર્ષભાઇ સંઘવીના વરદહસ્તે કરવામાં આવ્યું.

સુરત શહેરના વિકાસને ધ્યાને લઇ સુરત રેલ્વે સ્ટેશનને આધુનિક અને સુવિધાસભર બનાવવા માટે મલ્ટી-મોડલ ટ્રાન્સપોર્ટ હબ (MMTH) પ્રોજેક્ટનું અમલીકરણ સુરત ઈન્ટિગ્રેટેડ ટ્રાન્સપોર્ટેશન ડેવલપમેન્ટ કોર્પોરેશન(SITCO) દ્વારા થઇ રહેલ છે. આ પ્રોજેક્ટ હેઠળ રેલ્વે, BRTS, સીટી બસ, મેટ્રો, સહિત તમામ પ્રકારના પરિવહન માધ્યમો એક જ સ્થળે સુસંગત રીતે સંકલિત થશે. હાલમાં સુરત રેલ્વે સ્ટેશન સીટી બસ સ્ટોપ ટર્મિનલ ખાતેથી વિવિધ ૬ બી.આર.ટી.એસ રૂટોની ૧૫૧ બસો ૧૪૯૧ ટ્રીપ્સ તથા ૨૦ સીટી રૂટોની ૨૦૨ બસો ૨૯૫૭ ટ્રીપ્સ દૈનિક ધોરણે મુસાફરોની સુવિધા અર્થે ઓપરેટ કરવામાં આવે છે. સુરત રેલ્વે સ્ટેશન સીટી બસ સ્ટોપ ટર્મિનલ પરથી દૈનિક આશરે ૨૦,૦૦૦ મુસાફરો સદર સેવાનો લાભ લેવામાં આવે છે.

સદર ટર્મિનલ પર મુસાફરોની સુવિધા અર્થે કઈ બસ કયા પ્લેટફોર્મ પર આવશે, કેટલા સમયે આવશે, કઈ બસ કયા રૂટની છે વગેરે માહિતી અર્થે PIS (પેસેન્જર ઇન્ફોર્મેશન સીસ્ટમ) ઇન્સ્ટોલ કરવામાં આવેલ છે. બસ બેય-પાર્કિંગની સુવિધાથી સજ્જ રૂટ વાઈઝ પ્લેટફોર્મ, લાઈટ-પંખાથી સજ્જ મુસાફરો માટે ટીકીટ બારીની વ્યવસ્થા, ETM ચાર્જીંગ માટે અલગથી કેબીનની સુવિધા કે જેમાં ચાર્જીંગ રેક તથા સોકેટ ઉપલબ્ધ છે. રૂટ પરથી ટર્મિનલ પર આવતી ઇલેક્ટ્રિક બસ પહેલા ચાર્જીંગ માટે ડેપો જતી હતી પણ હવે ચાર્જીંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની ફેસીલીટી પણ ભવિષ્યમાં આ ટર્મિનલ પર જ ડેવેલોપ થનાર હોવાથી મુસાફરોને વધુ સારી સેવા મળી રહેશે. મુસાફરોની સલામતી તથા વેટીંગ માટે રેલીંગ સાથે શેડની વ્યવસ્થા કે જેમાં લાઈટની પણ સુવિધા ઉપલબ્ધ છે. બસોના સરળ મુવમેન્ટ માટે અલગ-અલગ એન્ટ્રી-એક્ષીટ ગેટની વ્યવસ્થા કરવામાં આવેલ છે. ઉપરોક્ત સીટી બસ ટર્મિનલને કારણે રેલ્વે સ્ટેશન વિસ્તારથી લોકો વધુ સરળતાથી સીટી બસ અને BRTS બસ સેવાનો ઉપયોગ કરી શકશે.

આ કાર્યક્રમ પ્રસંગે માન. મેયર શ્રી દક્ષેશભાઇ માવાણી, માન.ધારાસભ્ય શ્રી અરવિંદભાઇ રાણા, માન.ધારાસભ્ય શ્રી પ્રવીણભાઈ ઘોઘારી, માન. સ્થાયી સમિતિ અધ્યક્ષ શ્રી રાજન પટેલ, માન. કમિશનર શ્રીમતી શાલિની અગ્રવાલ, માન. પોલીસ કમિશનર શ્રી અનુપમસિંહ ગેહલોત, માન. નેતા શાસકપક્ષ શ્રીમતી શશીબેન ત્રીપાઠી, માન. દંડક શાસકપક્ષ શ્રી ધર્મેશભાઇ વાણીયાવાલા, ટ્રાન્સપોર્ટ કમિટી અધ્યક્ષ શ્રી સોમનાથ મરાઠે અને અન્ય સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ. સદસ્યશ્રીઓ, મિડીયાના મિત્રો તથા અન્ય મહાનુભવો ઉપસ્થિત રહયા હતા.

# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાના નોર્થ ઝોન(કતારગામ)માં આવેલ જાહેર શાકભાજી માર્કેટોમાં ઓટ્લાધારકો પાસે દૈનિક ધોરણે ઓટલાનું ભાડું વસુલાત કરવા માટે ઉપયોગમાં લેવામાં આવતી રૂ.20(વીસ)વાળી રસીદબુક નં.૯૬૨,વર્ષ;૨૦૨૪-૨૦૨૫ ના વર્ષ માટે સુરત મહાનગરપાલિકાના રેકર્ડ વિભાગમાં નોંધણી કરવામાં આવેલ રસીદબુક નં.૯૬૨,રસીદ નં. ૪૮૦૫૦૧ થી ૪૮૧૦૦૦ સુધી ની કુલ;૫૦૦ રસીદ, જે કતારગામ ઝોનના સિંગણપોર શાકભાજી માર્કેટમાં ઉપયોગમાં લેવામાં આવી રહી હતી,જે રસીદબુક પારસ વોર્ડ ઓફીસથી પ્રાણનાથ હોસ્પિટલ,વેડ રોડ સુધીના રોડ ઉપર ક્યાંક પડી ગયેલ છે.આ રસીદબુક સુરત મહાનગરપાલિકામાં નાણાકીય વ્યવહાર સંબંધી અગત્યનો દસ્તાવેજ હોય,જે પડી જવાથી ગુમ થયેલ છે.ઉપર જણાવેલ વિગતની રસીદબુક સુરત મહાનગરપાલિકાની મિલ્કત હોય જો કોઈને મળી આવેતો સુરત મહાનગરપાલિકાના કતારગામ ઝોન વહીવટી ભવન,આરોગ્ય વિભાગ, ગજેરા સ્કુલ પાસે અથવા પારસ વોર્ડ ઓફીસ,પીપલ્સ ચાર રસ્તા પાસે,કતારગામ ખાતે જમા કરાવવા જાહેર જનતા જોગ જાણમાં લેવા વિનંતી.

સમાચાર યાદી નં. ૪૬૯,તા.૦૫/૦૨/૨૦૨૫, જનસંપર્ક વિભાગ,સુરત મહાનગરપાલિકા તરફથી સાદર

# પ્રેસનોટ

# સુરત મહાનગરપાલિકા

નામ (First Name) મિડલ નેમ (Middle Name) પછી અટક (Surname) : આ મુજબ જ નીકળશે જન્મ-મરણના પ્રમાણપત્ર

એકસૂત્રતા જાળવવા રાજ્ય સરકારના નાયબ મુખ્ય રજિસ્ટ્રાર દ્વારા પરિપત્ર જાહેર

સુરત:

ગુજરાત રાજયનાં તમામ જન્મ-મરણ નોંધણી એકમો ઉપર એકસૂત્રતા જળવાય તે હેતુસર ગુજરાત સરકારના નાયબ મુખ્ય રજીસ્ટ્રાર દ્વારા આ સંદર્ભે એક પરિપત્ર બહાર પાડીને જન્મ મરણ પ્રમાણપત્રોમાં સૌપ્રથમ નામ (First Name) લખાવવા, ત્યાર પછી મિડલ નેમ (Middle Name) અને છેલ્લે અટક (Surname) લખાવવાની સૂચના આપવામાં આવી છે.

અત્યાર સુધી આ પ્રકારની કોઈ ગાઈડલાઈન ન હોવાના કારણે લોકો જન્મ મરણના દાખલા અને આધાર કાર્ડ સહિતની બાબતોમાં મન પડે તેમ સૌપ્રથમ નામ લખાવે અથવા તો અટક લખાવતા હોવાથી સરકારને આઇડી અપડેટ કરવા, લિંક જનરેટ કરવા સહિતની અનેક બાબતોમાં સમસ્યા રહેતી હતી. આ પરિસ્થિતિ નિવારવા માટે હવે જન્મ મરણના દાખલા અને આધાર કાર્ડ સહિતની બાબતોમાં સૌપ્રથમ જે તે વ્યક્તિનું નામ, ત્યાર પછી તેના પિતાનું નામ અને છેલ્લે અટક લખવા તેમજ બાળકનાં પિતા તેમજ માતાની કોલમમાં પણ સૌપ્રથમ નામ (First Name) લખાવવા, ત્યાર પછી મિડલ નેમ (Middle Name) અને છેલ્લે અટક (Surname) લખાવવાની સૂચના રાજ્ય સરકારના નાયબ મુખ્ય રજિસ્ટ્રાર દ્વારા પરિપત્ર ધ્વારા આપવામાં આવી છે.

આ મુજબની પધ્ધતી મરણ પ્રમાણપત્ર માટે પણ અનુસરવા રાજયના નાયબ મુખ્ય રજીસ્ટર દ્વારા આદેશ કરવામાં આવ્યો છે. આધારકાર્ડમાં બાળક, તેના પિતા અને અટક ઉપરાંત દાદા દાદીનું અને માતાના કિસ્સામાં તેના પિતાનું પણ નામ લખાતું હોવાથી આ બાબતે પણ સ્પષ્ટતા કરવામાં આવી છે અને જણાવ્યું છે કે આધાર કાર્ડમાં પણ આ મુજબ પેટન અનુસરવાની રહેશે.જે લોકો પાસે જૂની સિસ્ટમવાળા આધાર કાર્ડ છે તેમણે આ બાબતે અત્યારે કોઈ સુધારો વધારો કે ફેરફાર કરવાની જરૂર નથી પરંતુ જ્યારે આધારકાર્ડમાં ફેરફાર કરવાનો થાય ત્યારે આ સિસ્ટમ અનુસરવાની રહેશે. સરકારની આ સૂચના પછી હવે નવા જે આધાર કાર્ડ કાઢવામાં આવી રહ્યા છે તેમાં પણ સૌ પ્રથમ નામ, ત્યાર પછી પિતાનું નામ અને છેલ્લે અટક લખવાની સૂચના આપી દેવામાં આવી છે. આવી જ રીતે જન્મ મરણના દાખલામાં સિસ્ટમ તાત્કાલિક લાગુ કરવા માટે નાયબ મુખ્ય રજિસ્ટ્રાર દ્વારા પરિપત્ર બહાર પાડી જણાવેલ છે.

**જનસંપર્ક વિભાગ**

**સુરત મહાનગરપાલિકા તરફથી સાદર**

**સમાચાર યાદી નં- ૪૭૦**

**તા- ૦૬/૦૨/૨૦૨૫**

# પ્રેસ નોટ

સુરત મહાનગરપાલિકાના સાઉથઝોન-બી(કનકપુર)ના વિવિધ વિસ્તારોમાં નોટીસો મોકલી વેરો ભરપાઇ કરવા સુચના આપવામાં આવેલ છે. પરંતુ તેમ છતાંય કેટલાક મિલકતધારકો ટેક્ષ ચુકવતા ન હોય સાઉથઝોન-બી(કનકપુર)ના ઉન તથા સચિન વિસ્તારના ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારો જેમ કે હોજીવાલા ઈન્ડસ્ટ્રીયલ, પિ.એમ.ધમણવાલા, વી.એમ.ધમણવાલા, મીત એન્ડ મીર, માધવ પાર્ક, સુડા સેક્ટર-૧,૨,૩, વિગેરે વિસ્તારમાં તેમજ ગભેણી, જીઆવ, બુડીયા, સોનારી, તલંગપુર, પાલી, પારડી કણદે, ઉંબેર, સચિન તેમજ કનકપુર ના રહેણાક વિસ્તારો માટે સ્પેશીયલ ટીમ બનાવી કુલ <u>૨૧૨</u> મિલ્કતને સીલ કરી તેમજ નળ કનેકશન કાપી રીકવરી ડ્રાઈવ ચલાવી વેરા વસુલાતની સઘન કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. જેમાં ચાલુ નાણાંકીય વર્ષ દરમ્યાન ખુલ્લા પ્લોટનો વેરો ભરપાઇ ન કરતા ૯૬ સોસાયટી વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી બોર્ડ લગાવવામાં આવ્યા તથા સરકારી દફ્તરે બોજો દાખલ કરવાં માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. જેમા આજદિન સુધી રૂા. <u>૪૧.૨૪</u> કરોડ વસુલાત થયેલ છે. હજુ પણ મિલ્કત વેરો / વ્યવસાય વેરો ભરપાઇ કરવામાં બેદરકારી દાખવનાર કરદાતાઓની મિલ્કતોને સીલ કરવાની તેમજ નળ કનેક્શનો કાપવા જેવી કડક કાર્યવાહી કરવામાં આવનાર છે. જેથી બાકીદારોએ તેઓના બાકી મિલ્કતવેરા તાકીદે ભરપાઇ કરવા જણાવવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા
સમાચાર યાદી નં. ૪૭૧
તા.૦૬/૦૨/૨૦૨૫

<u>પ્રેસ નોટ</u>

**માહે જાન્યુઆરી ૨૦૨૫ સ્મીમેર હોસ્પીટલ સુરતની કામગીરી અંગેનો અહેવાલ.**

સ્મીમેર હોસ્પીટ્લમાં માહે જાન્યુઆરી ૨૦૨૫ દરમ્યાન ૫૯૭૦ ઇન્ડોર તથા ૭૦૬૩૮ આઉટ્ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી.૫૯૨૧ નાના તથા ૮૦૪ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા.૧૫૯૧૭ એક્ષ - રે પાડ્વામાં આવ્યા હતા.ટી.બી.નાં નવા ૧૩૭૬ અને જુના ૧૩૨૯ દર્દીઓ સહીત કુલ ૨૭૦૫ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ ૧૫૪૩ તથા આંખ વિભાગમાં ૩૩૭૫ આઉટડોર દર્દીઓ નોંધાયા હતા.લેબોરેટરી વિભાગમાં કુલ ૧૯૭૬૩ દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યુ હતુ. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

જન સંપર્ક વિભાગ.
સુરત મહાનગર પાલિકા તરફથી સાદર.
સમાચાર યાદી નં. ૪૭૨ તા.૦૬/૦૨/૨૦૨૫

## સુરત મહાનગરપાલિકા

### હાઈડ્રોલિક વિભાગ

# પ્રેસનોટ

**સાઉથ ઝોન(ઉધના-એ) પાર્ટ વિસ્તાર તથા સાઉથ-ઈસ્ટ ઝોન (લિંબાયત) પાર્ટ વિસ્તારમાં તા.૧૧ /૦૨/૨૦૨૫ મંગળવારના રોજ પાણી પુરવઠો સંપૂર્ણ બંધ રહેવા અંગેની અગત્યની જાહેરાત**

સુરતના શહેરીજનોને સુરત મહાનગરપાલિકા ધ્વારા અપાતી તમામ સેવાઓ શ્રેષ્ઠત્તમ કક્ષાની મળી રહે તે માટે સુરત મહાનગરપાલિકા હરહંમેશ કટીબધ્ધ છે. કતારગામ વોટર વર્કસ ખાતેથી સાઉથ ઝોન(ઉધના)-એ વિસ્તારમા ઉધના (ચીકુવાડી) જળ વિતરણ મથક આવતી ૧૩૨૧ મી.મી. વ્યાસની એમ.એસ.લાઈનમાં આશાપુરી બ્રિજના એપ્રોચ પાસે લીકેજ રીપેરીંગની અગત્યની કામગીરી તા.૧૧ /૦૨/૨૦૨૫ મંગળવારના રોજ સવારે ૮:૦૦ થી રાતના ૧૨:૦૦ કલાક સુધી હાથ ધરવામાં આવનાર હોવાથી સાઉથ ઝોન(ઉધના) -એ તથા સાઉથ-ઈસ્ટ ઝોન (લિંબાયત) ના નીચે દર્શાવેલ પાર્ટ વિસ્તારોમાં અપાતો પાણી પુરવઠો સંપૂર્ણ બંધ રહેનાર છે. જેની જાહેર જનતાએ તકેદારીપૂર્વક નોંધ લઈ જરૂરીયાત મુજબનો પાણી પુરવઠો અગાઉથી મેળવી સંગ્રહ કરી તેનો બચત પૂર્વક ઉપયોગ કરવા વિનંતી. નાગરીકોને પડનાર અગવડ બદલ આથી દિલગીરી વ્યકત કરવામાં આવે છે. જે બાબતે નાગરીકોને સહકાર આપવા વિનંતી છે. તેમજ કામગીરી પૂર્ણ થયેથી પાણી પુરવઠો રાબેતા મુજબ શરૂ કરવામાં આવશે.

| અ. નં. | ઝોનનું નામ | તા.૧૧/૦૨/૨૦૨૫ મંગળવારના રોજ નીચે મુજબના વિસ્તારમાં પાણી પુરવઠો સંપૂર્ણ બંધ રહેનાર છે. |
|---|---|---|
| ૧. | સાઉથ ઝોન (ઉધના-એ) પાર્ટ વિસ્તાર | <u>ઉધના (ચીકુવાડી) જળ વિતરણ મથક :- સાંજનો સપ્લાય ૫:૩૦ કલાકેથી ૧૧:૦૦ કલાક સુધી :-</u> જુના બમરોલીના અપેક્ષા નગર, હરીઓમ નગર, પુનિત નગર, દેવી દર્શન સોસાયટી, જય જવાન જય કિશાન સોસાયટી અને ગોવાલક વિસ્તારના અંબિકા નગર, આશાપુરી સોસાયટી, દેવેન્દ્ર નગર, ગણપત નગર, લક્ષ્મી નગર, કરશન નગર, હીરા નગર અને કર્મયોગી સોસાયટી વિગેરે વિસ્તારોમાં અપાતો પાણી પુરવઠો.<br><br><u>પાંડેસરા જળ વિતરણ મથક :- સાંજનો સપ્લાય ૬:૦૦ કલાકેથી ૯:૦૦ કલાક સુધી</u> :- પાંડેસરા જી.આઈ.ડી.સી. (ઈન્ડસ્ટ્રીઝ અને ડોમેસ્ટીક સપ્લાય) વિગેરે વિસ્તારોમાં અપાતો |

| | | |
|---|---|---|
| | | પાણી પુરવઠો. |
| ૨. | સાઉથ-ઈસ્ટ ઝોન (લિંબાયત) પાર્ટ વિસ્તાર | કિન્નરી જળ વિતરણ મથક :- સવારનો સપ્લાય:- ૮:૦૦ કલાકે થી ૯:૫૫ કલાક સુધી :-<br><br>ભાખડ મહોલ્લો, રેલ રાહત કોલોની, ગલી નં.૧ થી ૧૭ તથા પમ્પીંગ સ્ટેશન પાછળનો વિસ્તાર<br>સાંજનો સપ્લાય:- ૫:૧૫ કલાકેથી ૭:૦૦ કલાક સુધી :- ભાઠેના વિસ્તાર, ૧૮૧ રઝા નગર, ૧૮૪ પંચશીલ નગર, જવાહર નગર, નહેરુ નગર, E WS આવાસ, લો-કોસ્ટ કોલોની<br>સાંજનો સપ્લાય:- ૭:૩૦ કલાકેથી ૯:૩૦ કલાક સુધી :- ઈસ્લામપુરા, જુનો ડેપો, સલીમનગર, -ટાઈપ ટેનામેન્ટ, ગાંધીનગર, ચીમનીનો ટેકરો |

**જનસંપર્ક વિભાગ**

**સુરત મહાનગર સેવા સદન તરફથી સાદરસમાચાર યાદી નંબર:- ૪૭૩**

**તા.૦૭/૦૨/૨૦૨૫**

# * પ્રેસનોટ *

## ઓલ ગુજરાત ઇન્ટર કોર્પોરેશન T-20 ડે-નાઇટ ઇન્વીટેશન ક્રિકેટ ટુર્નામેન્ટ-૨૦૨૫

વિષય : ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા આયોજીત ઓલ ગુજરાત ઇન્ટર કોર્પોરેશન T-20 ડે-

નાઇટ ઇન્વીટેશન ક્રિકેટ ટુર્નામેન્ટ-૨૦૨૫

ગુજરાત રાજયની આઠ મહાનગરપાલિકાની મેયરશ્રીની ટીમો અને કમિશનરશ્રીની ટીમો વચ્ચેની અલગ અલગ ક્રિકેટ ટુર્નામેન્ટોનું પ્રતિ વર્ષ રોટેશન મુજબ યોજવામાં આવતી ઓલ ગુજરાત ઇન્ટર કોર્પોરેશન T-20 ડે-નાઇટ ઇન્વીટેશન ક્રિકેટ ટુર્નામેન્ટ-૨૦૨૫ નું આયોજન ચાલુ સાલ ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા તા.૦૫/૦૨/૨૦૨૫ થી તા.૦૯/૦૨/૨૦૨૫ દરમ્યાન ગાંધીનગર ખાતે કરવામાં આવેલ.

કમિશનર ટીમની ફાઇનલ મેચ તા.૦૯/૦૨/૨૦૨૫ ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે સુરત મહાનગરપાલિકા કમિશનર ઇલેવન અને જામનગર કમિશનર ટીમની વચ્ચે રમાઇ હતી. સુરત કમિશનર ઇલેવન ટીમે ટોસ જીતી પ્રથમ બેટીંગ પસંદ કરી નિર્ધારીત ૨૦ ઓવરમાં ૫ વિકેટના ભોગે ૧૮૦ રનનો જંગી સ્કોર ખડો કર્યો હતો. સુરત કમિશનર ટીમના અક્ષય પટેલ એ ૩૦ બોલમાં ૬૭ રન તથા રાહુલ કે.પટેલ એ ૩૭ રનનું યોગદાન રહયું હતું. સુરત કમિશનર ટીમે આપેલ ૧૮૦ રનના લક્ષ્યાંકને પાર પાડવા મેદાને ઉતરેલ જામનગર કમિશનર ટીમ ૨૦ ઓવરમાં ૯ વિકેટે માત્ર ૧૦૪ રન નોંધાવતા સુરત કમિશનર ટીમે વિજય મેળવી કમિશનર કપ ડે એન્ડ નાઇટ ક્રિકેટ ટુર્નામેન્ટ-૨૦૨૫ ચેમ્પીયનશીપ હાંસલ કરી હતી. સુરત કમિશનર ટીમના રાહુલ કે. પટેલ દ્વારા ચાર વિકેટ મેળવવામાં સફળ રહ્યા હતા. સુરત કમિશનર ઇલેવનના મેચ વિનિંગ ખેલાડી રાહુલ કે. પટેલ ને મેન ઓફ ધ મેચનું અને સમગ્ર ટુર્નામેન્ટમાં સફળ બોલીંગ કરવા બદલ બેસ્ટ બોલરનું પારિતોષિક મળ્યું હતું. કમિશનર કપ ડે એન્ડ નાઇટ ક્રિકેટ ટુર્નામેન્ટ-૨૦૨૫ ની ચેમ્પીયન બનેલી સુરત કમિશનર ઇલેવને ગાંધીનગરના મેયરશ્રી મીરા પટેલના હસ્તે ટ્રોફી એનાયત કરવામાં આવી હતી.

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગરપાલિકા તરફથી સાદર

સમાચાર યાદી નં.૪૭૪

તા.૧૨/૦૨/૨૦૨૫

## -: પ્રેસ નોટ :-

## શાળા આરોગ્ય -રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા ૧૧,૭૫,૫૩૮ બાળકોની આરોગ્ય તપાસણી કરી સારવાર પૂરી પાડવામાં આવી.

સુરત મહાનગરપાલિકા દ્વારા શાળા આરોગ્ય-રાષ્ટ્રીય કાર્યક્રમઅંતર્ગત આ કાર્યક્રમ અંતર્ગત આંગણવાડી /બાલવાડીના તમામ બાળકો, ધોરણ ૧ થી ૧૨મા અભ્યાસ કરતા વિધાર્થીઓ, શાળાએ ન જતા ૧૮ વર્ષ સુધીના તમામ બાળકો, આશ્રમ શાળાના વિધાર્થીઓ, ચિલ્ડ્રન હોમ / અનાથાશ્રમના બાળકો, અને પરંપરાગત ધાર્મિક શિક્ષણ આપતી સંસ્થાઓ મદ્રેસાઓ વિગેરીના બાળકોની વર્ષમાં બે વખત આરોગ્ય તપાસ અને સારવાર કરવામા આવે છે. શાળા આરોગ્ય કાર્યક્રમની શરૂઆત રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૧૯૯૬ થી કરવામાં આવેલ હતી .ત્યાર બાદ વર્ષ ૨૦૧૪માં ભારત સરકારના રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમની શરૂઆત થતા વર્ષ ૨૦૧૪થી આ કાર્યક્રમ **"શાળા આરોગ્ય રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ"** ના નામથી અમલમાં છે.

આ કાર્યક્રમ અંતર્ગત સુરત મહાનગરપાલિકા ખાતે કુલ-૩૯ ડેડીકેટેડ મોબાઈલ હેલ્થ ટીમ કાર્યરત છે, દરેક ટીમમાં ૨ આયુષ તબીબ, એક ફાર્માસીસ્ટ અને એક ફીમેલ હેલ્થ વર્કર મળી કુલ -૪ સભ્યોનો સમાવેશ થાય છે. તેઓને ફિલ્ડ અને શાળાઓમાં બાળકોની પ્રાથમિક તપાસણી માટે ટીમ દીઠ વાહનની ફાળવણી કરવામાં આવેલ છે. આ ટીમો માઈક્રોપ્લાન મુજબ જે તે શૈક્ષણિક સંસ્થાઓની મુલાકાત લઈ બાળકોની ૪-ડી એટલેકે જન્મજાત ખામી (ડીફેક્ટ) , ઉણપ (ડેફીસીયંસી), રોગ (ડીસીઝ) અને અવિકસિત (ડેવલપમેન્ટલ ડીલે) જેવા માપદંડો મુજબ પ્રાથમિક આરોગ્ય તપાસણીને આધારે ખામીવાળા બાળકોને અલગ તારવીને તેઓને આરોગ્ય કેંદ્રના મેડીકલ ઓફિસરશ્રી પાસે સારવાર અને વધુ તપાસણી માટે મોકલી આપે છે. મેડીકલ ઓફિસરશ્રી પ્રાથમિક સારવાર આપી જો આ બાળકો પૈકી કોઈને વધુ સારવારની જરૂરીયાત જણાય તો તેમને સંદર્ભ કાર્ડ ભરીને સિવિલ હોસ્પીટલ કે સ્મીમેર હોસ્પીટલ ખાતે રીફર કરવામાં આવે છે, જ્યાં આ બાળકોને યોગ્ય સારવાર વિના મૂલ્યે પૂરી પાડવામાં આવે છે, આ હોસ્પીટલ ખાતેથી વિશેષ સુપર સ્પેશ્યાલીટી ટર્શરી સારવાર કે ઓપરેશન ની જરૂરીયાત હોય તેવા બાળકોને સુરત મહાનગરપાલિકાના આરોગ્ય અધિકારીશ્રીની વિના મૂલ્યે સારવારની મંજુરી આપી રાજ્ય સરકાર દ્વારા આ કાર્યક્રમ માટે નિયત કરેલ જે તે હોસ્પીટલ ખાતે રીફર કરવામાં આવે છે, જ્યાં બાળકોને તમામ નાની મોટી બિમારીઓની સારવાર વિનામૂલ્યે પૂરી પાડવામાં આવે છે, આ રીતે આપવામાં આવતી સારવારમાં હૃદય, કીડની, કેન્સર , થેલેસેમીયા, બોર્નમેરો ટ્રાન્સપ્લાંટ, લીવર ટ્રાન્સપ્લાંટ, કોકલીયર ઈમ્પલાંટ જેવી ખર્ચાળ સારવાર પણ વિનામૂલ્યે પ્રાપ્ત થાય છે.

એપ્રિલ ૨૦૨૪ થી જાન્યુઆરી ૨૦૨૫ ના સમયગાળા દરમ્યાન કરવામાં આવેલ આરોગ્ય તપાસણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા વિસ્તારની કુલ-૧૭૨૪ (ઉપર જણાવ્યા મુજબની આંગણવાડીથી લઈને ધોરણ ૧૨ સુધીની) શૈક્ષણીક સંસ્થાઓના બાળકો અને શાળાએ ન જતા બાળકોની આરોગ્ય તપાસણી દરમ્યાન કુલ ૧૧,૭૫,૫૩૮ જેટલા બાળકોની આરોગ્ય તપાસણીનું ભગીરથ કાર્ય પૂરૂ કરવામાં આવેલ છે, જે દરમ્યાન જન્મજાત હ્રદયની ખામી વાળા -૩૧૯, ન્યુરલ ટ્યુબ ડીફેક્ટના ૧૧, ફાટેલા હોઠ અને તાળવાના -૫૮, ક્લબ ફુટ -૫૧, કેન્સરના -૧૨૪, થાઈરોઈડના -૬૭, ડાયાબીટીસ -૭૩, થેલેસેમીયા -૩૩ બાળકો ઉપરાંત નાની મોટી ખામીઓ સંદર્ભે બાળકોને જરૂરીયાત મુજબ વિનામૂલ્યે સારવાર પૂરી પાડવામાંઆવેલ છે.

નવો પૂર્વ (સરથાણા) ઝોન
અખબારી યાદી

તા. ૧૪/૦૨/૨૦૨૫

નવો પૂર્વ(સરથાણા)ઝોન વિસ્તારમાં તા. ૧૪/૦૨/૨૦૨૫ ના રોજ નીચે જણાવેલ સ્થળે કરવામાં આવેલ ડીમોલીશનની કામગીરીની વિગત

| અ.નં. | ટી.પી. સ્કીમ નં./ ફા.પ્લોટ નં. | સ્થળ | કરેલ કામગીરીની વિગત | રિમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | ડ્રા.ટી.પી. સ્કીમ નં.૨૧(સરથાણા-સીમાડા), બ્લોક નં.૧૨૧/સી, ફા.પ્લોટ નં.૬૧/૪, સબ પ્લોટ નં.૫,૬ તેમજ ડ્રા.ટી.પી. સ્કીમ નં.૨૧(સરથાણા-સીમાડા), ઓ.પી.૭૦ ની રસ્તા પૈકીની જગ્યા | કિરણપાર્ક સોસાયટી, સરથાણા તેમજ ગઢપુર જંકશન થી પાસોદરા તરફ જતો રોડ | પ્રશ્નવાળી મિલ્કતમાં મંજુર પ્લાન વિરુધ્ધ માર્જીનની જગ્યા કવર કરી તથા કોમર્શિયલ વપરાશ કરવાના ઈરાદે બેઝમેન્ટ + ગ્રા.ફ્લોર થી ત્રીજા માળ (પાર્ટ) પર આર.સી.સી. બીમ, કોલમ અને સ્લેબ તથા ઈંટોના ચણતર સહીતનું આશરે ૧૬૫૦.૦૦ ચો.ફુટ ગેરકાયદેસર બાંધકામ દુર કરવામાં આવેલ છે તેમજ ઓ.પી.૭૦ ની રસ્તા પૈકીની જગ્યામાં દબાણ દુર કરવામાં આવેલ છે. | |

ડ્રા.ટી.પી.સ્કીમ નં.૨૧ (સરથાણા- સીમાડા), બ્લોક નં.૧૨૧/સી, ફા.પ્લોટ નં.૬૧/૪ માં આવેલ પ્લોટ નં.૦૫,૦૬, કિરણપાર્ક સોસાયટી વાળી મિલ્કતમાં મંજુર પ્લાન વિરુધ્ધ માર્જીનની જગ્યા કવર કરી તથા કોમર્શિયલ વપરાશ કરવાના ઈરાદે બેઝમેન્ટ + ગ્રા.ફ્લોર થી ત્રીજા માળ (પાર્ટ) પર આર.સી.સી. બીમ, કોલમ અને સ્લેબ તથા ઈંટોના ચણતર સહીતનું ગેરકાયદેસર બાંધકામ શરૂ કરેલ છે. અત્રેથી ૧૯૪૯ ના બોમ્બે પ્રો.મ્યુ.કોર્પો. એક્ટની કલમના નિયમોનુસાર મનાઈ હુકમ તેમજ કારણદર્શક નોટીસ આપવામાં આવેલ હોય તેમ છતા મિલ્કતદાર દ્વારા સ્થળ પર તેનો અમલ ન કરતા વખતો વખત કામ બંધ કરાવા છતા એન્ટ્રી નોટીસ નં.પુર્વઝોન/આ./ડીડી/નં.૩૭૨૮, તા.૧૪/૦૨/૨૦૨૫ થી અત્રેની કચેરીએથી ડીમોલીશન કરી આશરે ૧૬૫૦.૦૦ ચો.ફુટ. ગેરકાયદેસર બાંધકામ દુર કરવામાં આવેલ છે.

વધુમાં જણાવવાનું કે ટી.પી.સ્કીમ નં.૨૧(સરથાણા-સીમાડા), ઓ.પી.૭૦ ની રસ્તા પૈકીની જગ્યામાં વખતો વખત સુચના આપવા છતા કરવામાં આવતુ દબાણ તા.૦૩/૦૨/૨૦૨૫ ના રોજ દુર કરેલ હતુ જેમાં ફરીથી આજ રોજ તા.૧૪/૦૨/૨૦૨૫ ના રોજ દબાણ ધ્યાને આવતા અત્રેની કચેરીએથી તે દુર કરવામાં આવેલ છે. તેમજ રસ્તો બનાવવાની કામગીરી યુધ્ધના ધોરણે ચાલુ છે.

સમગ્ર કામગીરી અત્રેના ઝોનના શહેર વિકાસ વિભાગ તથા સીક્યુરીટી સ્ટાફની મદદથી ઝોનના વડા મે.ડે.કમિશ્નરશ્રી(ડી.) નિધિ સિવાચ (IAS) ના માર્ગદર્શન તેમજ કાર્યપાલક ઈજનેરશ્રી એસ. સી. વસાવાના નેતૃત્વમાં પાર પાડવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં....................
તા. / /૨૦૨૫









# પૂર્વ(વરાછા)ઝોન-એ ની અખબારી યાદી

**ટી.પી.સ્કીમ નં.૮(ઉમરવાડા) માં આવેલ ત્રિકમનગર સોસાયટીની દક્ષિણેથી પસાર થતાં ૨૪.૩૮ મી. પહોળાઈના રોડના અમલીકરણ બાબત.**

તા.૧૨/૦૨/૨૦૨૫ ના રોજ સુરત મહાનગરપાલિકાના પૂર્વ(વરાછા)ઝોન-એ માં સમાવિષ્ટ ટી.પી.સ્કીમ નં.૮(ઉમરવાડા) માં આવેલ ત્રિકમનગર સોસાયટીની દક્ષિણેથી પસાર થતાં ૨૪.૩૮ મી. પહોળાઈના રોડ પૈકી અંદાજે ૮૧૦૦.૦૦ ચો.ફુટ જમીનનો કબ્જો મેળવીને, વાઈડનીંગ થયેલ રસ્તાની કામગીરી ચાલુ કરવામાં આવેલ. જેના કારણે એલ.આઈ.સી. સર્કલ પાસે જંક્શન પર રસ્તાની અસરકારક પહોળાઈ વધવાથી, ટ્રાફિકના આવાગમનમાં સરળતાં થયેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. ૪૭૭
તા.૧૫/૦૨/૨૦૨૫

# પ્રેસનોટ

## શ્રમયોગીઓને મતદાન માટે રજા આપવા સુચના

રાજ્યના શ્રમ આયુક્તશ્રી એક યાદીમાં જણાવે છે કે, સુ.મ.પા.ના ઇલેક્શન વોર્ડ નં. ૧૮ (લિંબાયત - પરવટ- કુંભારીયા)ની પેટા ચૂંટણી મતદાન તારીખ ૧૬/૦૨/૨૦૨૫ ના રવિવારના રોજ સવારના ૭.૦૦ વાગ્યાથી સાંજના ૬.૦૦ વાગ્યા સુધી યોજાનાર છે. ત્યારે જે તે વિસ્તારના ગુજરાત શોપ્સ એન્ડ એસ્ટાબલિશમેન્ટ (રેગ્યુલેશન ઓફ એમ્પ્લોયમેન્ટ એન્ડ કન્ડિશન્સ ઓફ સર્વિસ) એક્ટ - ૨૦૧૯ હેઠળ નોંધાયેલ સંસ્થાઓના શ્રમ યોગીઓ/ કર્મચારીઓ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે આ દિવસે ચૂંટણી હેઠળના સમગ્ર વિસ્તારમાં વૈકલ્પિક વ્યવસ્થા તરીકે આવા કર્મચારી / કામદારોને મતદાન માટે વારાફરતી ત્રણ કલાકની ખાસ રજા આપવામાં આવે અથવા જે દિવસે અઠવાડિક રજા હોય તે દિવસે સંસ્થાઓ ચાલુ રાખીને અવેજીમાં/ બદલીમાં મતદાનના દિવસે રજા આપવામાં આવે તેવી વ્યવસ્થા કરવાની રહેશે.

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગરપાલિકા તરફથી

સાદર સમાચાર યાદી નં.૪૭૮ તા.૧૫/૦૨/૨૦૨૫

# --::<u>પ્રેસનોટ</u>::--

આરોગ્ય અધિકારીશ્રી, ટોબેકો કંટ્રોલ સેલ, સુરત મહાનગરપાલિકાનાં સીધા માર્ગદશન હેઠળતા.૧૮/૦૨/૨૦૨૫નાં રોજ તમાકુ નિયંત્રણ અધિનિયમ – ૨૦૦૩ હેઠળ કલમ – ૪, કલમ – ૬(અ અને બ) અને કલમ –૭નાં ભંગ કરનાર ઈસમો સામે અસરકારક અને સખ્ત અમલીકરણ તથા તમાકુ વિરોધી લોક જાગ્રુતિથાય તે માટે તમામ ઝોનમાં શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ છે.

જે અંતગત તા.૧૮/૦૨/૨૦૨૫નાં રોજ શૈક્ષણિક સંસ્થાના ૧૦૦ મી. ના વિસ્તારમાં પ્રતિબંધિત તમાકુ કે તમાકુની બનાવટોના વેચાણ કરવા પર **રાંદેર** ઝોનમાંકુલ ઇસમો ૧૮અને કુલરુપિયા૩૬૦૦, **સેન્ટ્રલ** ઝોનમાંકુલ ઇસમો ૧૮અને કુલરુપિયા૩૬૦૦, **કતારગામ**ઝોનમાંકુલ ઇસમો૧૯અને કુલરુપિયા૩૮૦૦**વરાછા – એ** ઝોનમાંકુલ ઇસમો ૧૯અને કુલરુપિયા૩૮૦૦,**વરાછા–બી**ઝોનમાંકુલ ઇસમો ૧૫ અને કુલરુપિયા૩૦૦૦,**ઉધના – એ** ઝોનમાંકુલ ઇસમો ૨૧અને કુલરુપિયા૪૨૦૦, **ઉધના–બી** ઝોનમાં કુલ ઇસમો ૧૨અને કુલરુપિયા૨૪૦૦, **અઠવા** ઝોનમાં કુલ ઇસમો ૧૪અને કુલરુપિયા૨૮૦૦,**લિંબાયત** ઝોનમાંકુલ ઇસમો૧૫ અને કુલરુપિયા૩૦૦૦સાથે સુરત મહાનગરપાલિકાનાં **તમામ ઝોન મળીનેકુલ ઇસમો ૧૫૪પાસેકુલ૩૦,૨૦૦રુપિયાનો** દંડ/ વહિવટી ખર્ચ વસૂલવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી ન. ૪૭૯
તા. ૧૭/૦૧/૨૦૨૫

# પૂર્વ(વરાછા)ઝોન-એ ની અખબારી યાદી

**ડ્રા.ટી.પી.સ્કીમ નં.૩૫ (કુંભારીયા - સારોલી -સણીયા હેમાદ - દેવધ) માં આવેલ માં મુળખંડ નં. ૩૦૩,૩૦૬, ૩૧૭ થી ૩૨૦ ની ઉત્તરે મોજે : સારોલી (નોન ટી.પી. એરીયા) માંથી પસાર થતો ૨૪.૦૦ મીટર પહોળાઈના રસ્તા તથા ડ્રા.ટી.પી.સ્કીમ નં.૫૨ (સણીયા હેમાદ - કોસમાડા - છેડછા) માં ફા.પ્લોટ નં.૧૩ થી ફા.પ્લોટ નં.૩૦ સુધી તથા ફા.પ્લોટ નં.૧૯ થી ફા.પ્લોટ નં.૩૪ ની વચ્ચેથી પસાર થતા ૩૦ મી. ના રસ્તાનું અમલીકરણ કરવા બાબત.**

(૧) તા.૧૪/૦૨/૨૦૨૫ ના રોજ સુરત મહાનગરપાલિકાના પૂર્વ(વરાછા)ઝોન-એ માં સમાવિષ્ટ ડ્રા.ટી.પી.સ્કીમ નં.૩૫ (કુંભારીયા - સારોલી -સણીયા હેમાદ - દેવધ) માં આવેલ માં મુળખંડ નં. ૩૦૩,૩૦૬, ૩૧૭ થી ૩૨૦ ની ઉત્તરે મોજે : સારોલી (નોન ટી.પી. એરીયા) માંથી પસાર થતો ૨૪.૦૦ મીટર પહોળાઈનો રોડ કે જેનો આંશિક ભાગ ડ્રાફ્ટ ડેવલોપમેન્ટ પ્લાન - ૨૦૩૫ માં નાળ રસ્તા તરીકે જણાય છે. જેનો તા.૦૬/૦૨/૨૦૨૫ થી તા.૧૮/૦૨/૨૦૨૫ માં કબ્જો મેળવેલ ૨૪.૦૦ મી. પહોળાઈના રોડ પૈકી આશરે ૭.૫ મી. ના પહોળાઈમાં ૫૯૦ રનીંગ મીટર લંબાઈમાં આશરે ૪૭૬૦૦ ચો.ફુટ જગ્યાનો કબ્જો લઈ રસ્તા બનાવવાની કામગીરી ચાલુ કરવામાં આવેલ. જેના કારણે સુરત બારડોલી રોડ પર મેટ્રોની કામગીરી ચાલતી હોવાના કારણે, લોકોને રોજીંદા ટ્રાફીકજામની સમસ્યા માંથી વિશાળ જનહીતને ટ્રાફીકના આવાગમનમાં સરળતા થશે.

(૨) ડ્રા.ટી.પી.સ્કીમ નં.૫૨ (સણીયા હેમાદ - કોસમાડા - છેડછા) માં ફા.પ્લોટ નં.૧૩ થી ફા.પ્લોટ નં.૩૦ સુધી તથા ફા.પ્લોટ નં.૧૯ થી ફા.પ્લોટ નં.૩૪ ની વચ્ચેથી પસાર થતા ૩૦.૦૦ મી. ના ટી.પી. સ્કીમના રસ્તાનો કબ્જો મળતા ૩૦.૦૦ મી.ના . પહોળાઈ વાળા રસ્તા પૈકી ૧૮.૦૦ મી. ની પહોળાઈમાં આશરે ૧,૧૬,૨૦૦ ચો.ફુટ જેટલા ભાગમાં રસ્તા બનાવવામાં આવેલ જેના કારણે સણિયા હેમાદ ગામના રહેવાસીઓ તથા વિશાળ જનમેદનીને ૯૦.૦૦ મી.ના આઉટર રીંગરોડ તરફ જવા માટે વધુ એક રસ્તો મળતા ટ્રાફીકની અવરજવર માટે વધુ સુગમતા અને સરળતા રહેશે.

સદર કામગીરી અત્રેના ઝોનના શહેરી વિકાસ વિભાગ, રોડ વિભાગ તથા સીકયુરીટી સ્ટાફની મદદથી મે.ડે.મ્યુ.કમિશ્નરશ્રી(ડી.) (GAS)ના માર્ગદર્શન તેમજ કાર્યપાલક ઈજનેરશ્રીના નેતૃત્વમાં કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ<br>
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર<br>
સમાચાર યાદી નં.૪૮૦<br>
તા.૧૯/૦૨/૨૦૨૫

# સુરત મહાનગરપાલિકા

## હાઈડ્રોલિક વિભાગ

## <u>પ્રેસનોટ</u>

**પૂર્વ ઝોન - એ (વરાછા), પૂર્વ ઝોન - બી (વરાછા), સેન્ટ્રલ ઝોન (ઉત્તર વિભાગ), સાઉથ ઝોન (ઉધના) તથા સાઉથ ઇસ્ટ ઝોન (લિંબાયત) ના સંલગ્ન વિસ્તારોમાં તા.૨૧/૦૨/૨૦૨૫, શુક્રવારના રોજ પાણી પૂરવઠો સંપૂર્ણ બંધ/ઓછા પ્રેશરથી/ઓછા જથ્થામાં મળવા અંગેની અગત્યની જાહેરાત**

સુરતના શહેરીજનોને સુરત મહાનગરપાલિકા દ્વારા અપાતી તમામ સેવાઓ શ્રેષ્ઠત્તમ કક્ષાની મળી રહે તે માટે સુરત મહાનગરપાલિકા હરહંમેશ કટીબધ્ધ છે. તા.૨૧/૦૨/૨૦૨૫ના રોજ DGVCL દ્વારા તેઓના ૬૬ કેવી સરથાણા સબ-સ્ટેશનના તમામ ફીડરો સવારે ૯:૦૦ થી સાંજે ૪:૦૦ કલાક સુધી મરામત અર્થે બંધ રાખનાર હોય, તે સમયે સુરત મહાનગરપાલિકાનાં સરથાણા વોટરવર્કસ તથા વાલક ઇન્ટેક્વેલ અને ફ્રેંચવેલ તેટલા સમય માટે બંધ રહેનાર હોય સદર કારણે નીચે જણાવેલ વિસ્તારોમાં ઉક્ત દિને એટલે કે તા.૨૧/૦૨/૨૦૨૫ શુક્રવારના રોજ પાણી પુરવઠો સંપૂર્ણ બંધ/ઓછા પ્રેશરથી/ઓછા જથ્થામાં મળવાની શકયતાઓ રહેલી છે.

| અ. નં. | ઝોનનું નામ | નીચે મુજબના વિસ્તારમાં તા.૨૧/૦૨/૨૦૨૫ના શુક્રવારના રોજ પાણી પુરવઠો સંપૂર્ણ બંધ/ઓછા પ્રેશરથી/ઓછા જથ્થામાં મળવાની શકયતાઓ રહેલી છે. |
|---|---|---|
| ૧ | નવો પૂર્વ ઝોન-બી (સરથાણા) | **બપોરનો સપ્લાય: (૧૨:૩૦ થી ૩:૪૫)** નવો પૂર્વ ઝોન-બીમાં ટી.પી. સ્કીમ નં. ૩૮ (નાના વરાછા), ટી.પી. સ્કીમ નં. ૨૦ (નાના વરાછા-કાપોદ્રા), નાના વરાછા ગામતળ તથા **ચોપાટી સરથાણા મેઈન રોડ** અને બંને બાજુનો વિસ્તાર તેમજ તેની આસપાસની તમામ સોસાયટી/લાગુ વિસ્તારો. |
| | | **સીમાડા જળવિતરણ મથકથી ઓવરહેડ ટાંકી ESR- E1 (સપ્લાય સમય:-સવારે ૧૨:૦૦ થી રાત્રે ૮:૦૦)** પૈકીના ડીસ્ટ્રીબ્યુશન નેટવર્કના ટી.પી. સ્કીમ નં. ૨૧,૨૨ અને ૬૮ માં સમાવિષ્ટ સીમાડા, સરથાણા જકાતનાકાથી સ્વામી નારાયણ બસપાર્કિંગ સુધી ડાબી તથા જમણી તરફનો વિસ્તાર અને તેને લાગુ સોસાયટીઓં |
| ૨ | પૂર્વ ઝોન - એ (વરાછા) | **બપોરનો સપ્લાય: (સાંજે ૧૨:૩૦ થી ૩:૪૫) રેલ્વે સ્ટેશન, સુમુલ ડેરી, અશ્વનીકુમાર**, ફુલપાડા, લંબે હનુમાન રોડ, ઉમરવાડા, નાના વરાછા, **કરંજ, કાપોદ્રા** તેમજ સીતારામ સોસાયટી અને આઈમાતા રોડ તથા તેની આસપાસનો વિસ્તાર |

| | | |
|---|---|---|
| | | પુણા જળવિતરણ મથકથી ઓવરહેડ ટાંકી **ESR-3 (સપ્લાય સમય :- બપોરે ૨:૩૦ થી ૧૦:૩૦)** ડીસ્ટ્રીબ્યુશન નેટવર્કનાં સંગના-૧ અને ૨, **પંચવટી તથા યોગીચોક થી બાપા સીતારામ ચોક સુધીનો ડાબી તેમજ જમણી બાજુ**નો તમામ લાગુ સોસાયટી/ વિસ્તારો |
| | | **મગોબ જળવિતરણ મથકથી ઓવરહેડ ટાંકી ESR - E8 (સપ્લાય સમય :-સવારે ૧૨:૩૦ થી રાત્રે ૯:૦૦)** ડીસ્ટ્રીબ્યુશન નેટવર્કનાં ટી.પી. સ્કીમ નં. ૧૦ અને ૧૨ સમાવિષ્ટ પુણા ગામતળ, નંદનવન, માતૃ શકિત, સીતાનગર, કલ્યાણ નગર, વલ્લભ નગર, અભયનગર, આશીર્વાદ, ભૈયાનગર, વિધાતા, અમરદીપ, વિનાયક, રંગ અવધુત, જય ભવાની, મોમાઈ નગર, ભૈયાનગરથી પુણાગામ પોલીસ ચોકી તથા તેની આસપાસની લાગુ સોસાયટી/ વિસ્તારો તેમજ **ઓવરહેડ ટાંકી ESR- E10 (સપ્લાય સમય :- સવારે ૧૧:૦૦ થી રાત્રે ૮:૦૦)** ડીસ્ટ્રીબ્યુશન નેટવર્કના ટી.પી. સ્કીમ નં. ૫૩ માં સમાવિષ્ટ મગોબ, પૂણા પૈકી ઓમશાંતિનિકેતન, મુકિતધામ, ભૈયાનગર, તુલસી કૃપા, સ્વાગત કોમ્પલેક્ષ, શુભમ એવન્યુ વિગેરે સોસાયટી તથા તેની આસપાસની લાગુ સોસાયટી/ વિસ્તારો. |
| 3 | સાઉથ - ઈસ્ટ ઝોન (લિંબાયત) | **સાંજનો સપ્લાય: (સાંજે ૬:૦૦ થી ૧૦:૦૦)** નીલગીરી સર્કલ તેમજ લક્ષ્મણનગર ફાટકની આજુબાજુનો વિસ્તાર, નવાગામ પટેલ ફળીયાની આજુબાજુનો વિસ્તાર, નંદનવન સોસાયટી, ટી.પી.સ્કીમ નં. ૩૯ પાર્ટ, ૪૦ અને ૪૧નો વિસ્તાર |
| | | બપોર તથા સાંજનો સપ્લાય: સ્માર્ટ સીટી જળ વિતરણ મથકો હેઠળ આવતો ટી. પી. સ્કીમ નં. ૦૭-(આંજણા), ૦૮-(ઉમરવાડા), ૧૯-(પરવટ-મગોબ), ૩૩-(ડુંભાલ), ૩૪-(મગોબ-ડુંભાલ), ૫૩-(મગોબ-ડુંભાલ) તથા ૬૪-(ડુંભાલ-મગોબ)માં સમાવિષ્ટ વિસ્તારો |
| | | ગોદાડરા તથા ડીંડોલી જળવિતરણ મથક સંલગ્ન ઓવરહેડ ટાંકી **ESR-SE9 (સપ્લાય સમય :- સવારે ૯:૩૦ થી સાંજે ૪:૦૦)** ડીસ્ટ્રીબ્યુશન નેટવર્કમાં આવતા મધુસુદન, મણિ રત્ન, નીલકંઠ નગર, સાંઈધામ, મહારાણા પ્રતાપ નગર, રઘુનંદન સોસાયટી, ઋષિ નગર, કેસર ભવાની, વ્રજધામ, શિવ પાર્ક, દેવિકૃપા, ખોડિયાર નગર ૧,૨,૩, પટેલ નગર, શ્યામ શ્રુષ્ટિ, મનુસ્મૃતિ, દેવીદર્શન, વૃંદાવન પાર્ક, ગોડાદરા ગામતળ, ધીરજ નગર-૧,૨, ક્રિશ્ના પાર્ક, કૌશલ નગર, માનસરોવર-એ,બી,સી,ડી, સાંઈ સુષ્ટિ, શિવ સાગર, શામળાધામ તથા લાગુ અન્ય સોસાયટીઓં,<br><br>**ESR-SE10 (સપ્લાય સમય :- સાંજે ૫:૦૦ થી રાત્રે ૧૧:૦૦)** ડીસ્ટ્રીબ્યુશન નેટવર્કમાં આવતા ડિકે નગર, ગણેશ નગર-૧,૨, શ્રીજી નગર-૧,૨, કૈલાશ નગર, આસ્તિક નગર-૧,૨,૩,૪,૫, પ્રિયંકાપાર્ક, ગાયત્રીકૃપા, મહાદેવ નગર, હાઉશીગ બોર્ડ, નર્મદ નગર, પ્રિયંકાસીટી પલ્સ, કુબેરનગર, શિવકૃપા, શિક્તવિજય, રોશનીનગર, રામરાજ્ય, કલ્પનાનગર, પટેલ નગર, જીગ્નેશનગર તથા અન્ય લાગુ સોસાયટીઓ,<br><br>**ESR-SE1 (સપ્લાય સમય :- સાંજે ૫:૦૦ થી રાત્રે ૧૦:૩૦)** ના નેટવર્કમાં ગાયત્રી નગર-૧,૨, ખોડિયાર નગર, સંતોષી નગર, પ્રિયંકા નગર-૧,૨ જિતેષ પાર્ક, શિવ સાઇ શક્તિ, શ્રધ્ધા સોસાયટી, સહ્જાનંદ સોસાયાટી, ઓમ સાઇ શક્તિ, ચિત્રકુત સોસાયટી, હસ્તિ નગર, હાઇરાઇઝ શુભ વાટીકા-૪, ચેતન નગર, ઠાકોર નગર, અમીધારા સોસાયટી, માનસી રેસીડેંસી, મોદી એસ્ટેટ, મોર્ય નગર વિગેરે સોસાયટીઓ,<br><br>**ESR-SE2 (સપ્લાય સમય :- સવારે ૬:૦૦ થી બપોરે ૧૨:૦૦)** ના નેટવર્કમાં ઓમનગરની ૧૪ સોસાયટી, અંબિકા નગર-૧,૨ મા કૃપા, વિજય નગર, જય જલારામ, કુષ્ણ કુંજ, તિરૂપતી, આલોક નગર, મિલેનિયમ પાર્ક-૧,૨ વિ. સોસાયટીઓ,<br><br>**ESR-SE3 (સપ્લાય સમય :- સવારે ૬:૦૦ થી બપોરે ૧૨:૦૦)** ના નેટવર્કમાં મહાદેવ નગર-૧,૨,૩,૪ અને ૫ લક્ષ્મીનારાયણ-૨, શ્રી સાઇ નગર, હરિ ધ્વારા, મંગલદીપ, ગંગા સાગર, અયોધ્યા, |

| | | |
|---|---|---|
| | | અંબિકા, તિરૂપતી, યોગેશ્વર પાર્ક, રામીપાર્ક, અંબિકા પાર્ક, મિરાનગર-૧, ગોવર્ધન-૧,૨, ડિન્ડોલી ગામતર વિ. સોસાયટીઓનો પાણી પુરવઠો,<br><br>**ESR-11** (સ્માર્ટ સીટી) **(સપ્લાય સમય :- સવારે ૬:00 થી રાત્રે ૧૨:30)** પરવત ગામથી ઋષિવિહાર ટાઉનશીપ વાયા માધવબાગ, વૃંદાવન સોસાયટી, મહારાણા પ્રતાપ ચોકથી ઋષિવિહાર ટાઉનશીપ મીડલ રીંગરોડની બંને તરફનો વિસ્તાર,<br><br>**ESR-12** ભેસ્તાન આવાસ, શાંતિવન આજુબાજુનો વિસ્તાર,<br><br>**ESR-13** બપોરનો સપ્લાય : ભેસ્તાન, ઉમ્મીદનગર, સાઈપૂજન આજુબાજુનો વિસ્તાર. |
| ૪ | સાઉથ ઝોન (ઉધના) | વડોદ જળવિતરણ મથકથી **ESR-SE6** વડોદ દીપ્લી ડુંડી **(બપોરે ૧૨:00 થી ૨:00)** દીપ્લી ગામ, ડુંડી ગામ, અનુપમ સીટી, પ્રાઈમ પોઈન્ટ સહિતના વિસ્તાર, **ESR-SE7** વડોદ **(સવારે ૦૭:00 થી ૧૨:00)** ટાંકી દ્વારા વડોદ ગામની વડોદ, ગણેશ નગર, મોહનસોસાયટીના વિભાગો, રામ નગર સહિતના રહેણાંક તથા ઇન્ડસ્ટ્રીયલ સહીત કૃષ્ણ નગર વડોદ, વડોદ આવાસ, ગજાનંદ સંકુલ સહિતના વિસ્તાર **ESR-SE8** બમરોલી - વડોદ **(સવારે ૦૭:00 થી ૧૨:00)** ટાંકી પાયોનીયર ડ્રીમ, વડોદનો રહેણાંક તથા ઇન્ડસ્ટ્રીયલ સહીતનો વિસ્તાર તથા બમરોલી વિસ્તારની સુખીનાગર, જય ક્રીષ્ણા નગર, લક્ષ્મી નગર, અમીધારા સોસાયટી, જયઅંબે સોસાયટી, ઈન્દ્ર સોસાયટી, મોલન પોઈંટ આસપાસના વિસ્તાર **ESR-SE16** ડુંડી **(બપોરે ૧૨:00 થી ૦૧:00)** આનંદો હોમ્સ, વિશ્વકર્મા હોમ્સ સહિતના વિસ્તારની સોસાયટીઓ સહિતના વિસ્તાર **ESR-SE17** બમરોલી **(સવારે ૦૭:00 થી ૧૦:00) નો પ્રભાવિત થયો વિસ્તાર** બમરોલી ગામતરના વિવિધ ફળિયાઓ, વસાહતો સહિતના વિસ્તારમાં, **ESR-SE18** બમરોલી **(સાંજે ૦૪:00 થી રાત્રે ૧૦:30)** સુગલ હોમ્સ, હાઈટ્સ રવિ નગર હરસિધીનગર, રામેશ્વર ગ્રીન, હિલ્સ બાલાજી નગર, આશિષ નગર, ગીતા નગર ૧,૨,3, તુલસી ધામ, પ્રભુ નગર, તેરેનામ રોડ સહિતના વિસ્તાર, મારુતિ નગર, મરાઠા નગર, કૈલાસ નગર, મહા લક્ષ્મી નગર, ઈશ્વર નગર, આકાશ નગર, ભકિત નગર, (ટી.પી.-૫૮ બમરોલી) તથા તેની આસપાસની લાગુ સોસાયટી/ વિસ્તારો.<br><br>ભેસ્તાન જળવિતરણ મથકથી **ESR-SE4 (સવારે ૦૮:00 થી ૧૧:00)** ઉનગામ, ઉધના, સચિન રોડની પશ્ચિમ દિશા તરફનો વિસ્તાર, **ESR-SE4 (સાંજે ૦૪:૧૫ થી ૦૭:૧૫)** ઉનગામ, તીરૂપતી નગર, આસ્મા નગર, જલારામ નગર, ઉધના-સચિન રોડનું પૂર્વ દિશા તરફનો વિસ્તાર, **ESR-SE5 (સવારે ૦૮:00 થી ૧૧:00)** તિરૂપતી બાલાજી, હાલીમા રેસીડેન્સી, રાહત રેસીડેન્સી તથા આજુબાજુનો વિસ્તાર, **ESR-SE5 (બપોરે 03:00 થી રાત્રે ૧૧:00) ગભેણી,** ગભેણી ગામતળ, ઈશ્વરનગર, સોમનાથ નગર, રામેશ્વરમ નગર તથા તેની આસપાસની લાગુ સોસાયટી/ વિસ્તારો, **ESR-SE14 (બપોરે ૧૧:00 થી ૦૨:00)** ઉન, સોનારી, ભીંડીબજાર તથા આજુબાજુનો વિસ્તાર, **ESR-SE15 (સવારે ૦૮:00 થી બપોરે ૦૨:00)** જીયાવ, બુડિયા ગામ, **ESR-SE15(સાંજે ૦૯:00 થી ૧૦:30) સાઇ નગર** સોસાયટી વિગેરે વિસ્તાર, ડીંડોલી (કનકપુર ટાંકીનો સપ્લાય) કનકપુર- કનસાડ, સચીન, પારડી-કણદે તથા તેની આસપાસની લાગુ સોસાયટી/વિસ્તારો. |
| ૫ | સેન્ટ્રલ ઝોન | **સાંજનો સપ્લાય: (સાંજે ૬:૨૫ થી ૧૧:00)** રેલ્વે સ્ટેશન, દિલ્હીગેટથી ચોક બજાર, રાજમાર્ગથી ઉત્તર તરફના વિસ્તારમાં મહીધરપુરા, રામપુરા, હરીપુરા, સૈયદપુરા, ધાસ્તીપુરા, શાહપોર-નાણાંવટ અને આજુબાજુનો સમગ્ર વિસ્તાર. |
| ૬ | સાઉથ-વેસ્ટ ઝોન (અઠવા) | બપોરનો સપ્લાય : વેસુ-૧ જળ વિતરણ મથક હેઠળ આવતો સુમન સેલ**,** વેસુ ગામતળ**,** શોમેશ્વરા ચોકડી**,** સુડાભવન**,** કૃષ્ણધામ**,** દેવદર્શન**,** સિધ્ધ રો હાઉસ**,** પીપલોદ અને સદર સોસાયટીઓનો આજુબાજુનો વિસ્તાર**,** ભીમરાડ જળ વિતરણ મથક હેઠળ આવતા ટીપી.૪૩ (ભીમરાડ)**,** |

| | | |
|---|---|---|
| | | ટી.પી.૪૨(ભીમરાડ-સુડા) અને ડ્રીમસીટી ખજોદ, ભીમરાડ ગામ, સરસાણા ગામનો વિસ્તાર<br>સાંજનો સપ્લાય: વેસુ-૨ જળ વિતરણ મથક હેઠળ સાંજે આપવામાં આવતો શ્યામ પેલેસ, શુંગાર રેસીડેન્સી, નંદની -૧, ૨, નંદનવન-૩, સંગાથ રેસીડેન્સીલ સ્ટાર ગેલેક્ષી, એલ એન્ડ ટી કોલોની, ઓ.એન.જી.સી. ફેઈઝ-૨, ફ્રેઈનીલ, ફલોરન્સ, ક્રિસ્ટલ પેલેસ તથા સદર સોસાયટીઓની આજુબાજુનો વિસ્તાર |

સદરહું કારણોસર સદર વિસ્તારોમાં તા.૨૧/૦૨/૨૦૨૫ શુક્રવારના રોજ પાણી પુરવઠો સંપૂર્ણ બંધ/ઓછા પ્રેશરથી/ઓછા જથ્થામાં મળવાની શકયતાઓ રહી શકે. ઉપરોક્ત બાબતની જાહેર જનતાએ નોંધ લઈ જરૂરીયાત મુજબનો પાણી પુરવઠો અગાઉથી સંગ્રહ કરી તેનો બચતપૂર્વક ઉપયોગ કરવા વિનંતી. કામગીરી વહેલી પૂર્ણ થયેથી પાણી પુરવઠો રાબેતા મુજબ શરૂ કરવામાં આવશે.

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર

સમાચાર યાદી નં.૪૮૧

તા.૧૯/૦૨/૨૦૨૫

6th નેશનલ માસ્તર એથ્લેટિક ચેમ્પીયન શીપ–૨૦૨૫ તા. ૩૧/૦૧/૨૦૨૫ થી તા.૦૩/૦૨/૨૦૨૫ સુધી ગર્વમેન્ટ બોય હાઈ સેકન્ડરી હાઈસ્કુલ સ્ટેડિયમ, કુનમકુલમ, થીશુર, કેરાલા ખાતે આયોજીત થયેલ છે.જેમાં સુરત મહાનગર પાલિકા કર્મચારીઓએ ભાગ લીધેલ,જેમાં નિવૃત શ્રીમતિ અંજનાબેન રામદાસ ટંડેલ મહિલા ૫૫+ ગ્રૃપમાં ભાગ લઈ. ગોળો ફેંક બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરેલ છે. તથા વોચ એન્ડ વોર્ડ ખાતામાં માર્શલ તરીકે ફરજ બજાવતાં શ્રી શીરીષભાઈ.એમ.પટેલ, ૪૦+ ગ્રુપમાં ટ્રીપલ જમ્પમાં–સીલ્વર મેડલ તથા 4X100 રનીંગ મીટર રીલેમાં ગુજરાત રાજયની ટીમ ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરેલ છે તેમજ ડ્રેનેજ વિભાગમાં ફરજ બજાવતાં ટેક.આસી શ્રી રામદાસ.જે.ટંડેલ ૫૫+ ગ્રૃપમાં ૫.૦૦ કિલો મીટર રન વોક, તથા ગોળા ફેંક, ચક્ર ફેંકમાં ઉત્કૃષ્ટ દેખાવ કરેલ છે અને ગુજરાત રાજય તથા સુરત શહેરનું નામ રોશન કરેલ છે તથા સુરત મહાનગરપાલિકાનું ગૌરવ વધારેલ છે. તે અંગે સુરત મહાનગર પાલિકા કમિશનર શ્રીમતિ શાલિની અગ્રવાલ મેડમે અભિનંદન પાઠવ્યા છે.

સુરત મહાનગરપાલિકા તરફથી
સાદર સમાચાર યાદી નં. ૪૮૨
તા. ૨૦/૦૨/૨૦૨૫

# સુરત મહાનગરપાલિકા

## સાઉથ ઇસ્ટ(લિંબાયત) ઝોન

## <u>પ્રેસનોટ</u>

-

**ગણપતીધામ સોસાયટી વાળી બિસ્માર મિલ્કત બાબત.**

આજ રોજ તા.૨૪/૦૨/૨૦૨૫ ના રોજ સુરત મહાનગરપાલિકાના સાઉથ ઇસ્ટ (લિંબાયત) ઝોન વિસ્તારમાં આવેલ પ્રિ.ટી.પી સ્કીમ નંબર-૪૧(ડીંડોલી), ફાયનલ પ્લોટ નં. ૧૩૮, માં આવેલ વસવાટના હેતું ધરાવતી ગણપતીધામ સોસાયટી સબ પ્લોટ નં.૭૦ વાળી મિલ્કત, સ્ટ્રક્ચરલી અનસેફ હોય જરૂરી સેફ સ્ટેજ લાવવી જરૂરી હોય. જે અન્વયે ઝોન કચેરી દ્વારા સબ પ્લોટ નં. ૭૦ ના મિલ્કતદારને હીતસંબંધ ધરાવનારને ધી બી.પી.એમ.સી. એકટ-૧૯૪૯ ની કલમ ૨૬૪ મુજબ મકાન રીપેર કરવા સરખાની નોટીસ તા. ૧૮/૦૨/૨૦૨૪ ના રોજ પાઠવેલ. સદર અનસેફ મિલ્કતને કારણે જાન-માલની સુરક્ષાને ધ્યાનમાં રાખીને અત્રે દ્વારા સદર મિલ્કતમાં વસવાટ કરતા લોકોને તાકીદે વસવાટ બંધ કરવા તેમજ વૈકલ્પિક વ્યવસ્થા કરવા અવારનવાર સ્થળ પર સુચના આપવામાં આવેલ.

જેના અનુંસંધાને સબ પ્લોટ નં. ૭૦ ના મિલ્કતદાર/ હીતસંબંધ ધરાવનારા દ્વારા તા.૨૪/૦૨/૨૦૨૫ ના રોજ સદર મિલ્કતમાં વસવાટ બંધ કરી સદર મિલ્કત ઉતારી પાડવાની કામગીરી સ્વૈચ્છીક રીતે શરૂ કરી છે.

**જનસંપર્ક વિભાગ**

**સુરત મહાનગરપાલિકા તરફથી સાદર**

**સમાચાર યાદી નં. ૪૮૩**

**તા.૨૪/૦૨/૨૦૨**

# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઝોન-બી(કનકપુર)ના માન.ડેપ્યુટી મ્યુ. કમિશ્નરથી તથા કાર્યપાલક ઇજનેરશ્રીની સીધી સુચના તથા માર્ગદર્શન હેઠળ સાઉથ ઝોન-બી(કનકપુર) ના શહેરી વિકાસ વિભાગના સ્ટાફ દ્વારા તા. ૨૫/૦૨/૨૦૨૫ ના રોજ ટી. પી. સ્કીમના અમલીકરણના ભાગરૂપે ટી.પી રોડના કબ્જા લેવાની કામગીરી હાથ ધરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.

ડ્રાટ ટી.પી.સ્કીમ નં.૬૭(જીઆવ સોનારી-ગભેલી), ફા.પ્લોટ નં. આર-૬૪ થી ફા.પ્લોટ નં. ૩૫૨.ભી તરફ ૩૦.૦૦ મી. ટી.પી રોડ અને ફા.પ્લોટ નં.આર-૬૪ થી ફા.પ્લોટ નં. આર-૬૬ ને જોડતા ૩૦.૦૦ મી. ટી.પી રોડની ફેનીંગ (એકતા ચોક) પાસે રસ્તા પર ૧૫ જેટલા કાચા/પાકા મકાનોનું દબાણ કરવામાં આવેલ. સદર મકાનો વર્ષોથી રસ્તાની ફેનીંગ પર આવેલ હોય, જેના લીધે ટી.પી રસ્તાની ફેનીંગ પુરી પહોળાઈમાં ઉપયોગમાં લઈ શકાતી ન હતી. સદર રસ્તાની ફ્રેનીંગમાં આવેલ કાચા/પાકા મકાનોને દુર કરવા અગાઉ નોટીસ પાઠવી તાકીદ કરવા છતા દબાણકર્તા ધ્વારા મકાન દુર ન કરતાં પોલીસ બંદોબસ્ત મેળવી સદર કાચા/પાકા મકાનોનું અંદાજે ૩૭૫.૦૦ ચો.મીનું દબાણ દુર કરવામાં આવેલ છે. જેના ફોટોગ્રાફસ આ સાથે સામેલ કરેલ છે.

વધુમાં ડ્રાફટ ટી.પી.સ્કીમ નં.૬૭(જીઆવ-સોનારી-ગભેણી), ફા.પ્લોટ નં.૩૪૪માં આવેલ ઈસ્માઈલનગર સોસાયટી પાસે ૧૨.૦૦ મી. ના રસ્તામાં થયેલ ૦૭(સાત) કાચા મકાનોનું દબાણ દુર કરી ૧૨૩૦.૦૦ ચો.મી. નો કબ્જો લેવામાં આવેલ છે.

સદર કામગીરી સાઉથ ઝોન-બી(કનકપુર) ના ડે.ઈજનેર-૦૩, જુની./આસી.ઈજનેર-૧૫, સુપરવાઈઝર/ ટેક.આસી/કલાર્ક/વાયરમેન/ડ્રાફટસમેન-૨૫, બેલદાર-૬૦, માર્શલ-૧૫ તેમજ ભેસ્તાન પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર-૦૧, પોલીસ સબ ઈન્સ્પેકટર-૦૩, કોન્સ્ટેબલ-૧ ૦, લેડી કોન્સ્ટેબલ-૦૫ સહિતના સ્ટાફ ધ્વારા કોઈ અણબનાવ ન બને તેની કાળજી લઈ સદર કામગીરી શાંતિપુર્ણ રીતે પુર્ણ કરેલ છે.

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર

સમાચાર યાદી નં. ૪૮૪

તા.૨૫/૦૨/૨૦૨૫

:: પ્રે સ નો ટ :

સુરત મહાનગરપાલિકા

મિલકતવેરાના બાકી માંગણા અંગે

પૂર્વઝોન-એ (વરાછા) વિસ્તારમાં જુદા જુદા વિસ્તારમાં વેરા વસુલાત બાબત

સુરત મહાનગરપાલિકાના પૂર્વઝોન-એ (વરાછા) નાં મા. ડેપ્યુટી મ્યુ. કમિશ્નરશ્રીના સીધા માર્ગદર્શન તથા ઇ.ચા. આસી. મ્યુનિ. કમિશનરશ્રીનાં સીધા નેતૃત્વ હેઠળ આકારણી અને વસુલાત વિભાગની કુલ ડીમાન્ડ રૂ.૩૧૫.૬૨ કરોડની સામે અત્યાર સુધીમાં કુલ રૂ. ૨૨૪.૦૪ કરોડની વસુલાત કરતા કુલ ૭૦.૯૯ ટકાની વસુલાત સાથે પ્રથમ ક્રમાંક હાંસલ કરેલ છે. જેમાં ફકત ફેબ્રુઆરી માસ દરમ્યાન અત્રેના સમાવિષ્ટ વિસ્તારોના બાકીદારોનો સંપર્ક કરી તેમની મિલકતોને સીલ મારવાની કામગીરી કરતા કુલ રૂ.૧૪.૭૩ કરોડની વસુલાત કરવામાં આવેલ છે. વોર્ડ નં.૨૨સી માં સમાવિષ્ટ બોમ્બે માર્કેટ, ન્યુ બોમ્બે માર્કેટ, કુબેરજી પ્લાઝા, તાપ્તી ગંગા ટેક્ષટાઇલ માર્કેટ તેમજ ગ્લોબલ ટેક્ષટાઇલ માર્કેટ વિગેરે માર્કેટોમાં અત્રેના વિભાગની મહિલા કર્મચારીઓ ધ્વારા ડોર ટુ ડોર કામગીરી કરતાં કુલ રૂ. ૧.૩૮ કરોડ જેટલી વેરા વસુલાતની કામગીરી કરવામાં આવેલ છે.

તા.૨૭/૦૨/૨૦૨૫ થી તા.૨૮/૦૨/૨૦૨૫ દરમ્યાન સારોલી વિસ્તારમાં આવેલ શિવમ એસ્ટેટ, રાધારમણ ટેક્ષટાઇલ માર્કેટ વિગેરેમાં વેરા વસુલાતની કામગીરી હાથ ધરતાં સદર વિસ્તારમાંથી કુલ રૂ.૨૦.૫૩ લાખની વસુલાત કરવામાં આવેલ છે. જયારે મગોબ વિસ્તારમાં આવેલ વિવિધ માર્કેટોમાં તેમજ ઇન્ડસ્ટ્રીયલ વિસ્તારોમાં સઘન ઝુંબેશ હાથ ધરતાં કુલ રૂ. ૬૪.૧૧ લાખની વસુલાત મળી કુલ રૂ.૨.૦૪ કરોડની વસુલાત ફકત બે દિવસ દરમ્યાન કરવામાં આવેલ છે.

વધુમાં આગામી દિવસોમાં જે મિલકતોનો વેરો બાકી છે તેવી રેસીડેન્સ તેમજ કોમર્શીયલ વિસ્તારમાં પણ લાંબા સમયથી વેરો ભરપાઇ ન કરતાં કરદાતાની મિલકતોને ટાંચમા લઇ સીલીંગની કાર્યવાહી કરવામાં આવનાર છે તથા રેસીડન્સ વિસ્તારમાં બાકીદારોની મિલકતોમાં નળ કનેકશન તેમજ ડ્રેનેજ કનેકશન કાપવાની ઝૂંબેશ પણ કરવામાં આવનાર છે. જેથી જે કરદાતાઓનો મિલકતવેરો બાકી છે તેમણે ઓનલાઇન માધ્યમથી તેમજ ઝોન ઓફિસ તથા સિવિક સેન્ટરનો સંપર્ક કરી તાકીદે વેરો ભરપાઇ કરવા જણાવવામાં આવે છે.

જનસંપર્ક વિભાગસુરત મહાનગર સેવા સદન તરફથી સાદરસમાચાર યાદી નંબર:- 485 તા.01/03/2025

આજ રોજ પંજાબ રાજયના મહામહીમ રાજયપાલ મા. શ્રી ગુલાબચંદ કટારીયાદ્વારા **સુરત મહાનગરપાલિકા દ્વારા કાર્યાન્વિત 'સુરત અર્બન ઓબ્ઝર્વેટરી એન્ડ ઈમરજન્સી રિસ્પોન્સ સેન્ટર'ની મુલાકાત લેવામાં આવેલ.**

ઉક્ત મુલાકાત દરમ્યાન, સુરત મહાનગરપાલિકા દ્વારા વિવિધ ટેકનોલોજીનો સમન્વય કરી ઇન્ટીગ્રેટેડ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર દ્વારા વિવિધ સેવાઓનું મોનીટરીંગ અને કંટ્રોલીંગ કેવી રીતે કરવામાં આવે છે તેનું નિદર્શન કરવામાં આવેલ.

સુરત અર્બન ઓબ્ઝર્વેટરી એન્ડ ઈમરજન્સી રિસ્પોન્સ સેન્ટર (ICCC)' એ શહેરમાં સ્માર્ટ ગવર્નન્સ અને પ્રોઆક્ટિવ સર્વિસ ડિલિવરી માટે મહત્વની ભૂમિકા ભજવે છે.

આ મુલાકાત દરમિયાન, સુરત મહાનગરપાલિકા દ્વારા અપનાવવામાં આવતા ટેકનોલોજી આધારિત કાર્યપદ્ધતિઓ અને નાગરિક સુવિધાઓના રીઅલ ટાઈમ મોનીટરીંગ માટેના પ્રયાસોની વિસ્તૃત રૂપરેખા રજૂ કરવામાં આવી અને ICCC દ્વારા વિવિધ નાગરિક લક્ષી સેવાઓ જેવી કે પબ્લિક ટ્રાન્સપોર્ટ, ડોર-ટુ-ડોર ગાર્બેજ કલેક્શન, વોટર સપ્લાય, ટ્રાફિક મેનેજમેન્ટ, ફરિયાદ નિવારણ, ડીસીઝ સર્વેલેન્સ, વિગેરેની સાથેસાથે પ્રોએક્ટીવ સેર્વીસ ડીલીવરીના ભાગરૂપ CCTV નેટવર્કનો ઉપયોગ કરી વિવિધ સિવિક સેવાઓના મોનીટરીંગની કામગીરી અંગે વિગતવાર પ્રેઝન્ટેશન મે. કમિશ્નર શ્રીમતી શાલીની અગ્રવાલ દ્વારા કરવામાં આવેલ. વધુમાં ભારે વરસાદ અને અન્ય કુદરતી આફતોના સમયે ICCC થકી કરવામાં આવતી વિવિધ કામગીરી વિષે  વિસ્તૃત સમજ આપવામાં આવેલ. ઉપરાંત સુરત મહાનગરપાલિકા દ્વારા અર્બન ગવર્નન્સ ક્ષેત્રે લેવામાં આવેલ વિવિધ ઈનીશીએટીવ વિષે તેઓને અવગત કરવામાં આવેલ.

મા. રાજયપાલ શ્રી ગુલાબચંદ કટારીયાદ્વારા સુરત મહાનગરપાલિકા દ્વારા ICCC ખાતે અપનાવવામાં આવેલ આધુનિક ટેક્નોલોજી, ડેટા-ડ્રિવન એપ્રોચ અને પ્રોઆક્ટિવ સર્વિસ ડિલિવરી મોડલની પ્રશંસા કરવામાં આવેલ અને કરવામાં આવેલ કામગીરીને બિરદાવવામાં આવેલ.

સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ

આજરોજ સાંઇબાબા મંદિર પાસે નીલગીરી સર્કલ નજીક લિંબાયત ખાતે યોજાયેલ કાર્યક્રમમાં સુરત મહાનગરપાલિકા ધ્વારા અંદાજિત રૂ.પ૩.પ૮/- કરોડના ખર્ચે સાકારિત સાઉથ ઇસ્ટ ઝોન (લિંબાયત) વિસ્તારમાં ઉધના યાર્ડ ખાતે સુરત-ભુસાવલ રેલ્વે લાઇન પર સાંઇબાબા મંદિર પાસે લિંબાયત-ડીંડોલી વિસ્તારને જોડતા રેલ્વે અંડર પાસ બ્રિજની લોકાર્પણવિધિ માન. કેન્દ્રીય મંત્રી, જળશકિત મંત્રાલય શ્રી સી.આર.પાટીલના વરદ્દહસ્તે સંપન્ન કરવામાં આવી.

સુરત શહેરનો વિકાસ ખુબ જ ઝડપથી થઇ રહેલ છે. સુરત શહેરનાં મધ્યમાંથી રેલ્વે લાઇન પસાર થતી હોયલ શહેરની બંને તરફ શહેરનો વિકાસ વધી રહેલો હોય તથા સુરત શહેરમાં આવેલ ઉધના વિસ્તારમાં ઉધના રેલ્વે સ્ટેશન નજીકથી રેલ્વેની ભુસાવલ તરફ જતી રેલ્વે લાઇન ધ્વારા ઉધના વિસ્તારમાં ઉત્તર તથા દક્ષિણ ભાગમાં વિભાજીત થયેલ છે. સદર રેલ્વે લાઇનનાં કારણે ઉત્તર તરફની કનેકટીવીટી દક્ષિણ તરફ જવા માટે સુરત શહેરની મધ્યમાંથી પસાર થતી રેલ્વે લાઇન પર બનેલ રેલ્વે ઓવર બ્રિજ ક્રોસ કરીને જવુ પડે છે. જેથી વાહન વ્યવહાર તથા લોકોને સરળતાથી અવર - જવર માટે સાઉથ ઇસ્ટ (લિંબાયત) ઝોન વિસ્તારમાં ઉધના યાર્ડ ખાતે સાંઇબાબા મંદીર પાસે સુરત- ભુસાવલ બી.જી. રેલ્વે લાઇન TV-25 અને TV-28 ની વચ્ચે ઉધના સ્ટેશન અને ચલથાણની વચ્ચે લિંબાયત - નવાગામ ડીંડોલી વિસ્તારને જોડતા રેલ્વે અંડરપાસ બનાવવાનું આયોજન કરવામાં આવેલ હતું. આ અંડર બ્રીજને ફકત LMV (Light Motor Vehical) માટે ડિઝાઇન કરવામાં આવેલ હોય તેમાંથી ફકત બાઇક રીક્ષા કાર થ્રી-વ્હીલ ટેમ્પો વિગેરે જ પસાર થઇ શકશે. આ રેલ્વે અંડરપાસમાં વરસાદના પાણીના નિકાલ સારૂ જરૂરી વ્યવસ્થા તથા આ રેલ્વે અંડરપાસમાં હવાના અવર-જવર સારૂ કુલ H.V.A.C (Heating, Ventilation, and Air Conditioning) સિસ્ટમ લગાડવામાં આવેલ છે. આ સિસ્ટમથી બહારની તાજી હવાને અંડરપાસમાં છોડવામાં આવશે તેમજ ટ્રાફિકના ધુમાડાને ખેંચીને બહાર તરફ કાઢશે. આ સિસ્ટમથી અંડરપાસમાં ગુંગળામણ થવાની શકયતાઓ ઘણી ઓછી થઇ ગઇ છે. વધુમાં આ રેલ્વે અંડર બ્રિજમાં ફાયરના મોટા વાહનો પસાર થઇ શકે તેમ ન હોય જેથી જરૂરી ફાયર ફાઇટીંગ સિસ્ટમ ઇન્સ્ટોલ કરવામાં આવનાર છે. જેથી આગ અકસ્માતના સમયે અંડરબ્રિજની બહારથી જ ફાયરની ગાડી આ સિસ્ટમનો ઉપયોગ કરી અંડરપાસમાં પાણી મેળવી આગ પર કાબુ લાવી શકશે. આમલ સાઉથ ઇસ્ટ (લિંબાયત) ઝોન વિસ્તારમાં ઉધના યાર્ડ ખાતે સાંઇબાબા મંદીર પાસે સુરત- ભુસાવલ બી.જી. રેલ્વે લાઇન TV-25 અને TV-28 ની વચ્ચે ઉધના સ્ટેશન અને ચલથાણની વચ્ચે લિંબાયત- નવાગામ ડીંડોલી વિસ્તારને જોડતા રેલ્વે અંડરપાસ બનાવાથી આસપાસનાં વિસ્તારના લોકોને ટ્રાફીકની ભંયકર સમસ્યામાંથી મુકિત મળશે તેમજ લોકોના સમય તથા ઇંધણમાં ઘણી બચત થાય તેમ છે. જેથી કરીને પ્રદુષણમાં પણ ઘટાડો થશે.

આ કાર્યક્રમ પ્રસંગે માન. મેયર શ્રી દક્ષેશભાઇ માવાણી, માન. સંસદસભ્ય શ્રી મુકેશભાઇ દલાલ, માન. ધારાસભ્ય શ્રી પૂર્ણેશભાઇ મોદી, માન. ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલ, માન.ધારાસભ્ય શ્રી પ્રવીણભાઇ ઘોઘારી, માન.ધારાસભ્ય શ્રી મનુભાઇ પટેલ, માન. ડે. મેયર ડૉ. નરેન્દ્રભાઇ પાટીલ, માન. સ્થાયી સમિતિ અધ્યક્ષ શ્રી રાજન પટેલ, માન. દંડક શાસકપક્ષ શ્રી ધર્મેશભાઇ વાણીયાવાલા, માન. વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, માન. સ્થાનિક મ્યુ. સદસ્યશ્રીઓ, મિડીયાના મિત્રો તથા અન્ય મહાનુભવો ઉપસ્થિત રહ્યા હતા.

જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર સમાચાર યાદી નં.૪૮૭, તા.૦૨/૦૩/૨૦૨૫

# 488

## પ્રેસનોટ

## સુરત મહાનગરપાલિકા

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સુરત પધારવાના છે જેની સુરત મહાનગરપાલિકા દ્વારા ચાલી રહેલ તૈયારીનું સ્થળ નિરીક્ષણ મેયર શ્રી દક્ષેશભાઈ માવાણી, ડે.મેયર શ્રી ડો. નરેન્દ્રભાઈ પાટીલ, સ્થાયી સમિતિ અધ્યક્ષ શ્રી રાજનભાઇ પટેલ, નેતા શાસક પક્ષ શ્રીમતી શશીબેન ત્રિપાઠી, મ્યુનિસિપલ કોર્પોરેશનના ઉચ્ચ અધિકારીઓ સાથે સમગ્ર રૂટ પર સ્થળ નિરીક્ષણ કરવામાં આવ્યું.

જનસંપર્ક વિભાગ,સુરત મહાનગરપાલિકા તરફથી સાદર સમાચાર યાદી નં, ૪૮૮,તા.૦૪/૦૩/૨૦૨૫

# --:: <u>પ્રેસનોટ</u>::--

આરોગ્ય અધિકારીશ્રી, ટોબેકો કંટ્રોલ સેલ, સુરત મહાનગરપાલિકાનાં સીધા માર્ગદશન હેઠળતા.૦૪/૦૩/૨૦૨૫નાં રોજ તમાકુ નિયંત્રણ અધિનિયમ – ૨૦૦૩ હેઠળ કલમ – ૪, કલમ – ૬(અ અને બ) અને કલમ–૭નાં ભંગ કરનાર ઈસમો સામે અસરકારક અને સખ્ત અમલીકરણ તથા તમાકુ વિરોધી લોક જાગ્રુતિથાય તે માટે તમામ ઝોનમાં શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ છે.

જે અંતગત તા.૦૪/૦૩/૨૦૨૫નાં રોજ શૈક્ષણિક સંસ્થાના ૧૦૦ મી. ના વિસ્તારમાં પ્રતિબંધિત તમાકુ કે તમાકુની બનાવટોના વેચાણ કરવા પર **રાંદેર** ઝોનમાંકુલ ઇસમો ૧૮ અને કુલ રુપિયા ૩૬૦૦, **સેન્ટ્રલ** ઝોનમાં કુલ ઇસમો ૧૭ અને કુલ રુપિયા ૩૪૦૦, **કતારગામ** ઝોનમાં કુલ ઇસમો ૧૬ અને કુલ રુપિયા ૩૨૦૦ **વરાછા – એ** ઝોનમાં કુલ ઇસમો ૨૦ અને કુલ રુપિયા ૪૦૦૦,**વરાછા–બી** ઝોનમાં કુલ ઇસમો ૧૫ અને કુલ રુપિયા ૩૦૦૦,**ઉધના – એ** ઝોનમાં કુલ ઇસમો ૨૨ અને કુલ રુપિયા ૪૪૦૦, **ઉધના–બી** ઝોનમાં કુલ ઇસમો ૧૩ અને કુલ રુપિયા ૨૬૦૦, **અઠવા** ઝોનમાં કુલ ઇસમો ૧૩ અને કુલ રુપિયા ૨૬૦૦,**લિંબાયત** ઝોનમાં કુલ ઇસમો ૧૩ અને કુલ રુપિયા ૨૬૦૦ સાથે સુરત મહાનગરપાલિકાનાં **તમામ ઝોન મળીને કુલ ઇસમો ૧૪૭ પાસે કુલ ૨૯,૪૦૦ રુપિયાનો** દંડ/ વહિવટી ખર્ચ વસૂલવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી ન. ૪૮૯
તા. ૦૪/૦૩/૨૦૨૫

sitilink

# પ્રેસનોટ

# સુરત મહાનગરપાલિકા

સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર પરિવહન સેવાના ભાગરૂપે શહેરીજનોને સુરત શહેર તથા આજુ-બાજુ વિસ્તારમાં BRTS અને સીટી બસની સુવિધા રાહત દરે પૂરી પાડવામાં આવી રહેલ છે. ભારતના સૌથી લાંબા ૧૦૮ કિમીના ડેડિકેટેડ BRTS કોરીડોર મારફત વિવિધ ૧૩ રૂટ પર ૩૩૪ BRTS બસ કાર્યરત છે તથા વિવિધ ૪૫ સીટી બસ રૂટ પર ૩૬૦ બસનું સંચાલન કરવામાં આવે છે અને હાલમાં કુલ-૪૫૨ કિમીના રૂટ ઉપર સીટી બસ સેવા કાર્યરત છે. દૈનિક ધોરણે આશરે ૨ લાખથી વધુ મુસાફરો દ્વારા સદર સેવાનો લાભ લેવામાં આવી રહેલ છે.

માન. વડાપ્રધાનશ્રી તા.૦૭/૦૩/૨૦૨૫ ના રોજ લીંબાયત નિલગીરી સર્કલ ખાતે સરકારી કાર્યક્રમમાં ઉપસ્થિત રહેનાર છે. જેમા ખૂબ મોટી સંખ્યામાં જાહેરજનતા/લાભાર્થીઓ ઉપસ્થિત રહેનાર છે. આથી ભારતના માનનીય વડાપ્રધાનશ્રી નાઓના સુરત શહેર પ્રવાસ કાર્યક્રમ અંતર્ગત સંબંધિત વિસ્તારોના BRTS તેમજ સીટી રૂટોમાં બસોની સેવા તા.૦૭/૦૩/૨૦૨૫ ના રોજ સ્થગિત રાખવા પોલીસ વિભાગ દ્વારા જણાવેલ. જે અન્વયે નીચે જણાવેલ BRTS તેમજ સીટી રૂટોમાં બસ સેવા સદંતર બંધ રહેશે તથા આ સિવાયના તમામ રૂટો રાબેતા મુજબ ચાલુ રહેશે. જેની શહેરીજનોએ ખાસ નોંધ લેવા જણાવવામાં આવે છે.

| બી.આર.ટી.એસ બસ સેવામાં સામેલ રુટ ની માહિતી | | | |
|---|---|---|---|
| ક્રમ | બસ સેવા | રૂટ નં | રૂટનું નામ |
| 1 | બી.આર.ટી.એસ | 11 | ઉધના-સચિન જી.આઈ.ડી.સી |
| 2 | બી.આર.ટી.એસ | 12 | ઓએનજીસી-સરથાણા નેચર પાર્ક |
| 3 | બી.આર.ટી.એસ | 14 | ઓએનજીસી કોલોની -કોસાડ ઇ.ડબ્લ્યુ.એસ એચ-૨ |
| | બી.આર.ટી.એસ | 15AC | અલથાણ ડેપો ટર્મિનલ- અલથાણ ડેપો ટર્મિનલ (એન્ટિક્લોકવાઈઝ) |
| 4 | બી.આર.ટી.એસ | 15C | અલથાણ ડેપો- અલથાણ ડેપો (ક્લોકવાઈઝ) |
| 5 | બી.આર.ટી.એસ | 16 | કોસાડ ડેપો-સચિન જી.આઈ.ડી.સી |
| 6 | બી.આર.ટી.એસ | 20 | ખરવરનગર-કોસાડ |
| 7 | બી.આર.ટી.એસ | 21 | જહાંગીરપુરા કોમ્યુનિટી હોલ - અલથાણ ડેપો ટર્મિનલ |
| 8 | બી.આર.ટી.એસ | 23 | કામરેજ ટર્મિનલ - સચિન રેલ્વે સ્ટેશન |

| સીટીબસ સેવામાં સામેલ રુટ ની માહિતી | | | |
|---|---|---|---|
| ક્રમ | બસ સેવા | રૂટ નં | રૂટનું નામ |
| 1 | સીટીબસ | 1 | અડાજણ જી.એસ.આર.ટી.સી લૂપ (ક્લોકવાઈઝ) |
| 2 | સીટીબસ | 2 | અડાજણ જી.એસ.આર.ટી.સી (એન્ટિ-ક્લોકવાઈઝ) |
| 3 | સીટીબસ | 106R | આભવા ગામ-રેલ્વે સ્ટેશન (વાયા રીંગ રોડ) |
| | સીટીબસ | 116BR | રેલ્વે સ્ટેશન-અજરોઠ ગામ (વાયા ભીમરાડ ગામ) |
| 4 | સીટીબસ | 116R | રેલ્વે સ્ટેશન-અજરોઠ ગામ (વાયા રીંગ રોડ) |
| 5 | સીટીબસ | 126R | વી.એન.એસ.જી યુનિવર્સિટી-રેલ્વે સ્ટેશન |
| 6 | સીટીબસ | 136 | એરપોર્ટથી રેલ્વે સ્ટેશન |
| 7 | સીટીબસ | 146 | રેલ્વે સ્ટેશન ટર્મિનલ- ગેઇલ ઇન્ડિયા લિમિટેડ વીઆઈપી રોડ |
| 8 | સીટીબસ | 153R | ઉમરા ગામ-કાપોદ્રા (વાયા રીંગ રોડ) |
| 9 | સીટીબસ | 204 | ચોક ટર્મિનલ-રાજ અભ્યાસ ગોડાદરા |
| 10 | સીટીબસ | 206 | ચોક ટર્મિનલ-શ્રીરિ પીઠાવાલા એ-જી.કોલેજ |
| | સીટીબસ | 216B | ચોક ટર્મિનલ-ભીમપોર |
| 11 | સીટીબસ | 216K | ચોક ટર્મિનલ-કાદી ફળિયા ડુમસ |
| 12 | સીટીબસ | 226 | કોસાડ ગામ-વી.એન.એસ.જી યુનિવર્સિટી (વાયા ચંદ્રશેખર આઝાદ બ્રિજ) |
| 13 | સીટીબસ | 254 | કતારગામ-વિયાવન |
| | સીટીબસ | 302 | ખરવરનગર-ડભોલી |
| 14 | સીટીબસ | 302V | ખરવરનગર-વેડ ગામ |
| 15 | સીટીબસ | 305 | ખરવરનગર-ડિન ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ |
| | સીટીબસ | 315 | ખરવરનગર- ભેસ્તાન ગાર્ડન |
| 16 | સીટીબસ | 315B | ખરવરનગર- ભેસ્તાન ગાર્ડન (વાયા ભમરોલી) |

| | | | |
|---|---|---|---|
| | સીટીબસ | 315G | ખરવરનગર-ભેસ્તાન ગાર્ડન (વાયા ગોવાલક) |
| 17 | સીટીબસ | 403 | એસ.એમ.સી વોર્ડ ઓફિસ લિંબાયત-સંકલ્પ રેસીડેન્સી |
| 18 | સીટીબસ | 413 | નીલગીરી સર્કલ લિંબાયત-સરથાણા નેચરપાર્ક |
| | સીટીબસ | 504 | અમેઝિયા એમ્યુઝમેન્ટ પાર્ક-ભેસ્તાન ગાર્ડન |
| 19 | સીટીબસ | 504G | અમેઝિયા એમ્યુઝમેન્ટ પાર્ક - ભેસ્તાન (વાયા સુમન ડેપો) |
| | સીટીબસ | 506 | ડીંડોલી-વી.એન.એસ.જી યુનિવર્સિટી |
| 20 | સીટીબસ | 506D | ડેલાડવા ગામ-વેસુ ગામ |
| 21 | સીટીબસ | 706 | ઇસ્કોન સર્કલ-વી.એન.એસ.જી યુનિવર્સિટી |
| 22 | સીટીબસ | 716 | ગેલ કોલોની વેસુ-જહાંગીરપુરા |

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. .....................
તા.૦૫ /૦૩/૨૦૨૫

<u>પ્રેસ નોટ</u>

**માહે ફેબ્રુઆરી ૨૦૨૫ સ્મીમેર હોસ્પીટલ સુરતની કામગીરી અંગેનો અહેવાલ.**

સ્મીમેર હોસ્પીટ્લમાં માહે **ફેબ્રુઆરી** ૨૦૨૫ દરમ્યાન ૫૩૯૩ ઇન્ડોર તથા ૫૩૦૩૦ આઉટ્ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી.૫૦૫૩ નાના તથા ૬૯૧ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા.૧૩૫૦૫ એક્ષ - રે પાડ્વામાં આવ્યા હતા.ટી.બી.નાં નવા ૧૨૬૭ અને જુના ૧૦૬૫ દર્દીઓ સહીત કુલ ૨૩૩૨ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા.ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ ૧૪૯૨ તથા આંખ વિભાગમાં ૩૦૪૫ આઉટડોર દર્દીઓ નોંધાયા હતા.લેબોરેટરી વિભાગમાં કુલ ૧૩૮૧૦ દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યુ હતુ.ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

પ્રતિ

જન સમ્પર્ક વિભાગ.

સુરત મહાનગર પાલિકા તરફથી સાદર.

સમાચાર યાદી નં. ૪૯૧ તા.૦૬/૦૩/૨૫

સુરત મહાનગરપાલિકા
ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ

**-:: પ્રેસનોટ ::-**

**મોકડ્રીલની વિગત :-**

સુરત મહાનગરપાલિકાના ફાયર અને ઈમરજન્સી સર્વિસીસ વિભાગ દ્વારા સુરત મહાનગરપાલિકાના વિવિધ ઝોન વિસ્તારોમાં આવેલ ઈમારત જેવી કે હોસ્પિટલ, સ્કૂલ, કોમર્શિયલ ઈમારત વિગેરે માં મે. ચીફ ફાયર ઓફિસરશ્રી ના માર્ગદર્શન હેઠળ તા.૦૬/૦૩/૨૦૨૫ ના રોજ મોકડ્રીલનું આયોજન કરવામાં આવેલ.

વરાછા-બી ઝોન

ડુંભર હોસ્પિટલ, એ.બી.સી. ૦૨ સર્કલ પાસે, સુદામા ચોક, મોટા વરાછા, સુરત ખાતે ફાયર અને ઈમરજન્સી સર્વિસીસ વિભાગ દ્વારા મોકડ્રીલ કરવામાં આવેલ જેમાં મોટાવરાછા અને સરથાણા ફાયર સ્ટેશન મળી કુલ ૦૨ ફાયર સ્ટેશનના અધિકારી/ કર્મચારી ફાયર એન્જિન ક્રુ સહિત જઈને મોકડ્રીલ કરવામાં આવેલ જેમાં હોસ્પીટલનો સ્ટાફ તેમજ જાહેર જનતા મળી અંદાજિત ૫૨ વ્યક્તિઓને ફાયર ફાઈટિંગ સાધનોની ઉપયોગીતા ને તાલીમ પણ આપવામાં આવેલ.

અઠવા ઝોન

સાચી હોસ્પિટલ, પ્રજાપતિ માર્ગ, મજુરા, સુરત ખાતે ફાયર અને ઈમરજન્સી સર્વિસીસ વિભાગ દ્વારા મોકડ્રીલ કરવામાં આવેલ જેમાં મજુરા અને ભીમરાડ ફાયર સ્ટેશન મળી કુલ ૦૨ ફાયર સ્ટેશનના અધિકારી/ કર્મચારી ફાયર એન્જિન અને એમ્બ્યુલન્સ ક્રુ સહિત જઈને મોકડ્રીલ કરવામાં આવેલ જેમાં હોસ્પિટલ સ્ટાફ તેમજ જાહેર જનતા મળી અંદાજિત ૩૭ વ્યક્તિઓને ફાયર ફાઈટિંગ સાધનોની ઉપયોગીતા ને તાલીમ પણ આપવામાં આવેલ.

સેન્ટ્રલ ઝોન

પિંકલ હોસ્પિટલ, પાટીદાર ભવન પાસે, હરીપુરા, સુરત ખાતે ફાયર અને ઈમરજન્સી સર્વિસીસ વિભાગ દ્વારા મોકડ્રીલ કરવામાં આવેલ જેમાં નવસારી બજાર, અને ઘાંચીશેરી ફાયર સ્ટેશન મળી કુલ ૦૨ ફાયર સ્ટેશનના અધિકારી/ કર્મચારી ફાયર એન્જિન ક્રુ સહિત જઈને મોકડ્રીલ કરવામાં આવેલ જેમાં હોસ્પિટલ સ્ટાફ તેમજ જાહેર જનતા મળી અંદાજિત ૪૧ વ્યક્તિઓને ફાયર ફાઈટિંગ સાધનોની ઉપયોગીતા ને તાલીમ પણ આપવામાં આવેલ.

જન સંપર્ક વિભાગ સુરત મહાનગરપાલિકા તરફથી સાદર......
સમાચાર યાદી નંબર...............................તા.૦૬/૦૩/૨૦૨૫

प्रेस नोट

ચંદ્ર નિદર્શન

( ચંદ્ર નિદર્શન જે તે સમયના વાતાવરણીય, વાદળીય અવસ્થા પર આધીન રહેશે)

તા.૦૮ માર્ચ, ૨૦૨૫ ના રોજ સાંજ દરમ્યાનનાં આકાશમાં ચંદ્ર તથા ચંદ્રના ક્રેટરને વધુ સારી રીતે નિહાળી શકાય તેમ છે. જાહેર જનતા માટે તા.૦૮/03/૨૦૨૫ ના રોજ સાંજે ૬:૪૫ થી રાત્રે ૮:૧૫ કલાક દરમ્યાન સાયન્સ સેન્ટર ખાતે ટેલિસ્કોપ દ્વારા ચંદ્ર નિદર્શન વ્યવસ્થા કરવામાં આવી છે, જેથી જાહેર જનતાએ લાભ લેવા વિનંતી.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા
નં.પી.આર.ઓ./ ૪૯૩
તા. ૦૭/03/૨૫

# <u>પ્રેસ નોટ</u>

મ્યુ.કમિશ્નરશ્રીના આદેશાનુસાર સુરત મહાનગરપાલિકા સાઉથઝોન-એ (ઉધના)ના આકારણી અને વસુલાત વિભાગ દ્વારા ઝોનના વિવિધ વિસ્તારમાં સઘન ઝુંબેશ હાથ ધરી વેરા ભરપાઇ નહીં કરનારા કરદાતાઓની મિલ્કતોને સીલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ, જે અંતર્ગત તા.૧૦/03/૨૦૨૫ સુધી **૧૭૫** મિલ્કતને સીલ કરવાની તથા **૧૦૭** જેટલી સોસાયટીના ખુલ્લા પ્લોટ ઉપર સુચના દર્શક બોર્ડ પ્રસિધ્ધ કરવાની કાર્યવાહી હાથ ધરેલ, જે કાર્યવાહી દરમ્યાન ખુલ્લા પ્લોટના મિલ્કતદારો પાસેથી સ્થળ પર **રૂ. ૧૦.00** લાખની વસુલાત તથા મિલકત સીલ કરતા અને નળ કનેકશન કાપવાની કાર્યવાહી કરતા **રૂ.૯૭.૪૧** લાખ જેટલી રકમ તેમજ એડવાન્સ ચેકની વસુલાત થયેલ.

સાઉથઝોન (ઉધના)નાં આકારણી અને વસુલાત વિભાગ દ્વારા સતત વસુલાત ઝુંબેશ કરી કડક કાર્યવાહી હાથ ધરતાં ઉધનાઝોન ખાતે ચાલુ નાણાંકીય વર્ષ દરમ્યાન આજદિન સુધી **રૂ.૨૭૮.૭૪** કરોડ વસુલાત થયેલ છે. મિલકતદારો ધ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ અગાઉના બાકી મિલકતવેરા પર વ્યાજ માફીનો મહત્તમ લાભ લેવા મિલકતદારોને માહિતગાર કરતાં તેઓ ધ્વારા તેનો લાભ લેવામાં આવેલ છે. પરંતુ જે મિલકતદારો ધ્વારા હજુ પણ મિલ્કત વેરો ભરપાઇ કરવામાં બેદરકારી દાખવી રહેલ છે તેઓની મિલ્કતોને સીલ કરવાની તેમજ સ્થળ ઉપર નળ કનેકશનો કાપવા જેવી કડક કાર્યવાહી કરવામાં આવી રહેલ છે. જેનાથી બચવા બાકીદારોએ તેઓના બાકી મિલ્કતવેરા તાકીદે ભરપાઇ કરવા જણાવવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગરપાલિકા

સમાચાર યાદી નં. ૪૯૪

તા. ૧૦/03/૨૦૨૫

# પ્રેસનોટ

**<u>લિંબાયત ઝોનમાં માર્કેટ વિસ્તારમાં ચાલી રહેલી વેરા વસુલાત ઝુંબેશ</u>**

સાઉથ ઇસ્ટ ઝોન (લિંબાયત)ના ડે.મ્યુ.કમિશ્નરશ્રી નિલેશભાઇ એચ. પટેલની સુચના મુજબ મે.આસી.કમિશ્નરશ્રી દિપક એમ. રાઠોડના માર્ગદર્શન હેઠળ આકારણી અધિકારીશ્રી એ. વી. જગતાપ અને આકારણી વસુલાત વિભાગના સ્ટાફ દ્વારા તા.૧૧/૦૩/૨૦૨૫ ના રોજ **માર્કેટ** વિસ્તારમાં આવેલ કોર્મર્શિયલ મિલકતોમાં વેરા વસુલાતની કામગીરી ઘનિષ્ઠ બનાવવામાં આવતા લાંબા સમયથી વેરો ભરપાઇ ન કરતા કરદાતાઓમાં ફફડાટ ફેલાયો હતો. જેમાં પાછલી બાકી ધરાવતી મિલ્કતોને ટાંચમાં લઇ સીલ કરવામાં આવેલ છે. આથી ઘણાં કરદાતાઓએ સ્થળ પર જ **<u>રૂ.૬૫,૨૯,૧૭૫/-</u>** રકમની વસુલાત સહિત લિંબાયત ઝોન દ્વારા કુલ **<u>રૂ.૮૬,૧૨,૦૦૦/-</u>** વસુલાત કરવામાં આવેલ છે. વધુમાં તા.૧૧/૦૩/૨૦૨૫ સુધીમાં લિંબાયત ઝોન દ્વારા કુલ **<u>૩૧૪.૫૯ કરોડ</u>** ડિમાન્ડની સામે <u>કુલ ૨૧૨.૬૫ કરોડ, ૬૭.૬૦%</u> ની વસુલાત કરવામાં આવેલ છે.

વધુમાં આગામી દિવસોમાં પણ સાઉથ ઇસ્ટ ઝોન (લિંબાયત)માં આવેલ તમામ ઇન્ડસ્ટ્રીયલ તેમજ કોમર્શીયલ વિસ્તારમાં પણ લાંબા સમયથી વેરો ભરપાઇ ન કરતા કરદાતાની મિલ્કતોને ટાંચમાં લઇ સીલીંગની કાર્યવાહી કરવામાં આવનાર છે. તથા રેસીડેન્સ એરીયામાં બાકીદારોની મિલકતોમાં નળ કનેકશન તેમજ ડ્રેનેજ કનેકશન કાપવાની ઝુંબેશ કરવામાં આવનાર છે.

આથી જે કરદાતાઓનો મિલ્કત વેરો બાકી છે. તેમણે ઝોન ઓફિસ તથા સીવીક સેન્ટરનો સંપર્ક કરી તાત્કાલિક વેરો ભરવા ખાસ જણાવવામાં આવે છે.

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર

સમાચાર યાદી નંબર.૪૯૫

તા.૧૧/૦૩/૨૦૨૫

496

પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા

સુરત મહાનગરપાલિકાનાં પશ્ચિમ ઝોન(રાંદેર) વિસ્તારમાં આવેલ ટી.પી.સ્કીમ નં.૪૬(વરીયાવ-ભરથાણા-કોસાડ-ગોથાણ), ફા.પ્લોટ નં.ર૭૯માં આવેલ અંજની ઈન્ડ. વિભાગ-૪ માં આવેલ સબ પ્લોટ નં.ર૯, ૩_ તથા ૩૧માં મિલ્કતદાર દ્વારા સુરત મહાનગરપાલિકા દ્વારા મંજુર કરવામાં આવેલ પ્લાન વિરૂધ્ધનું બાંધકામ કરવામાં આવતા જે અંગે મિલ્કતદારને સદર ગેરકાયદેસર બાંધકામ અટકાવીને સ્વરીતે દૂર કરવા તા.૧૯/_ર/ર_ર૫ ના રોજ જાણ કરાયેલ. પરંતુ મિલ્કતદારો દ્વારા બાંધકામ ચાલુ રખાતાં આજરોજ તા.૧ર/_૩/ર_ર૫ ના રોજ રાંદેર ઝોનના સ્ટાફ દ્વારા મંજુરી વિનાનું આશરે ૪૮__.__ ચો.ફૂટનું ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવેલ. સદર ગેરકાયદેસર કામના ડિમોલેશન અન્વયે અનુક્રમે પ્લોટ નં. ર૯, ૩_ ના મિલ્કતદાર પાસે ડિમોલિશન ચાર્જ પેટે કુલ રૂ.૧,૫_,___/-- વસુલ લેવામાં આવેલ તેમજ પ્લોટ નં. ૩૧ ના મિલ્કતદાર પાસે ડિમોલિશન ચાર્જ પેટે કુલ રૂ.૭૫,___/-- વસુલ લેવામાં આવેલ.

સદર કામગીરી પશ્ચિમ ઝોન(રાંદેર)ના કાર્યપાલક ઇજનેરશ્રીની સૂચના તથા સીધા માર્ગદર્શન હેઠળ રાંદેર ઝોનના શહેરી વિકાસના ર-આસી.ઇજનેર/જુની ઇજનેર, ૧-સુપરવાઇઝર, ર-ટેકનીકલ આસીસટન્ટ તથા ૧-પટાવાળા4 કુલ ૧-નંગ મઝદા ગાડી સહિત સદર કામગીરી શાંતિપૂર્ણ રીતે પૂર્ણ કરવામાં આવેલ.

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગરપાલિકા તરફથી સાદર

સમાચાર યાદી નં. ૪૯૬

તા.૧ર/_૩/ર_ર૫

## પ્રેસનોટ

# 'ચલણી નોટનું એક્ઝિબીશન'

સુરત મહાનગરપાલિકા સંચાલિત ચોક બજાર સ્થિત ઐતિહાસીક કિલ્લા ખાતે આર્ટ ગેલેરી કમ એક્ઝિબીશન હોલમાં તા. ૧૫/૦૩/૨૦૨૫ થી તા. ૩૦/૦૩/૨૦૨૫ સુધી ભારતીય રિઝર્વ બેન્ક દ્વારા વર્ષ વખતો વખત બહાર પડતા 'બેન્ક નોટ્સ'ની થીમ પર પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રદર્શનમાં આપણા શહેરમાં રહેતા અને વકીલ તરીકે કામ કરતા શ્રી સુનિલકુમાર પટેલ, રહે. સુરત દ્વારા આવા પ્રકારની બેન્ક નોટ્સ એકત્રિત કરવાના શોખથી એક ખૂબજ સમૃધ્ધ સંગ્રહ એકઠો કરેલ છે, જેમાંથી કેટલીક વિશિષ્ટ બેન્ક નોટ્સને તેમના વિષય આધારિત થીમ મુજબ, જેમકે એરર પ્રિન્ટીંગ, સ્ટાર સીરીઝની બેન્ક નોટ્સ, વિશિષ્ટ નંબરો ધરાવતી બેન્ક નોટ્સ પ્રદર્શિત કરવામાં આવી છે. સુરતના નગરજનોને આવા વિભિન્ન વિષયોના સંગ્રહની માહિતી મળે તથા વિદ્યાર્થીઓમાં આવા પ્રકારના સંગ્રહ કરવાને પ્રેરણા મળે તે હેતુથી પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. મુલાકાતીઓ આ પ્રદર્શન ઐતિહાસીક કિલ્લા ખાતે આર્ટ ગેલેરી કમ એક્ઝિબીશન હોલમાં તા. ૧૫/૦૩/૨૦૨૫ થી તા. ૩૦/૦૩/૨૦૨૫ સુધી વિનામૂલ્યે નિહાળી શકશે.

**પ્રદર્શનનો સમય**

તા. ૧૫ થી ૧૬, ૧૮ થી ૨૩ અને ૨૫ થી ૩૦ માર્ચના રોજ સવારે ૧૦:૩૦ થી ૦૫:૩૦ કલાક સુધી

તા. ૧૭ અને ૨૪ માર્ચના રોજ કિલ્લો તથા પ્રદર્શન બંધ રહેશે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી
સાદર રવાના સમાચાર યાદી
પી. આર.ઓ. નં. ૪૯૭
તા.૧૩-૦૩-૨૦૨૫

# પ્રેસનોટ

## સુરત મહાનગરપાલિકાનાં વેસ્ટઝોનના કાર્યક્ષેત્ર વિસ્તારમાં ખાડી, ખેતરોમાં મચ્છરનાં ત્રાસને નાથવા કરવામાં આવેલ ઝુંબેશની અખબારી યાદી

## મચ્છરોના નિયંત્રણ માટે ડ્રેનેજ લાઇનોમાંથી ભંગાણ કરીને ગેરકાયદેસર રીતે પંપ દ્વારા પાણી લેતાં ઇસમો વિરૂધ્ધ પંપ જપ્તીની કાર્યવાહી

રાંદેરઝોનનાં કાર્યક્ષેત્ર હેઠળનાં પાલ, પાલનપોર, ઇચ્છાપોર, ઉગત, ભેંસાણ, જહાંગીરપુરા, વિસ્તારનાં ઇસમો દ્વારા કેનાલનાં પાણીની જગ્યાએ મહાનગરપાલિકાની ડ્રેનેજની રાઇઝીંગ લાઇનોનાં મેઇનહોલમાં ભંગાણ કરી ખેતરોમાં સિંચાઇ માટે પાણી લેવામાં આવતું હોય અને આવું પાણી ખેતરો તથા આજુબાજુની સીપેજ કેનાલો, ખેતરો વિગેરેમાં જમા થવાથી અને તેમાં જલજ વનસ્પતિઓ ઉગી નીકળવાથી આજુબાજુમાં વસવાટ કરતાં સુરત શહેરના નગરજનોને મચ્છરોનાં ઉપદ્રવની ગંભીર સમસ્યાનો સામનો કરવા પડે છે.

ચાલુ વર્ષે નવેમ્બર મહિનાથી ઉપરોકત સમસ્યાને નાથવા આગોતરી કામગીરી રાંદેરઝોનનાં વી.બી.ડી.સી વિભાગ દ્વારા શરૂ કરવામાં આવેલ. પાલ, પાલનપોર, ઇચ્છાપોર, ઉગત, ભેંસાણ, જહાંગીરપુરા વિસ્તારમાં ૨૮૦ જેટલા ફીલ્ડ વર્કરો સુપરવાઇઝરી સ્ટાફ ૬૫ મળી કુલઃ-૪૫ ટીમોની રચના કરી જંતુનાશક દવાનાં છંટકાવની કામગીરી શરૂ કરવામાં આવેલ લગભગ ૮૦ લીટર એમ.એલ ઓઇલ, ૧૬૮૦ કિ.ગ્રા. બેકટીસાઇડ, અબેટ ઇ.સી ૪૫ લિટર, અબેટ એસ.ની ૨૮૦ કિ.ગ્રા તથા ૩૭૭ લિટર બાયોલાર્વીસાઇડ જેટલી જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવેલ.પરંતુ ખેડુતો દ્વારા ડ્રેનેજ લાઇનોમાંથી સીધુ પાણી ખેતરમાં લેવામાં આવતું હોય મચ્છરનું બ્રિડીંગ જોવા મળે છે. વી.બી.ડી.સી વિભાગ દ્વારા આવા ઇસમો સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવા મુખ્ય ડ્રેનેજ વિભાગ સાથે સંકલન કરવામાં આવેલ છે.

શહેરને અડીને આવેલ આવા ખેતરોમાં સતત ડ્રેનેજનાં પાણી ચાલુ રહેતાં મચ્છરોનાં ઉપદ્રવ અંગેની ગંભીરતાને ધ્યાને લઇ આજરોજ અત્રેના વી.બી.ડી.સી વિભાગનાં એડી.જંતુનાશક અધિકારીશ્રી અને વેસ્ટઝોનનાં આસી.જંતુનાશક અધિકારીશ્રી દ્વારા આજ રોજ ડ્રેનેજ લાઇનમાંથી સીધુ ખેતરમાં પાણી ઠાલવતાં ૦૩(ત્રણ) પંપો જપ્ત કરવામાં આવ્યા છે. જો આગામી સમયમાં આ પ્રકારની ગેરકાયદેસર પ્રવૃતિ ચાલુ રહેશે તો વી.બી.ડી.સી વિભાગે આવા ઇસમો વિરૂધ્ધ વધુ આકરી આગળની કડક કાર્યવાહી કરવામાં આવશે. આ અંગે પ્રાથમિક નોટીસો બજાવવાની કાર્યવાહી આગામી દિવસોમાં કરવામાં આવશે.ઇચ્છાપોર, ભાઠા તેમજ પાલનપુરગામની સીપેજ કેનાલ ખાડી તેમજ તળાવમાં બે પોકલેન મશીનો કાર્યરત કરી જળકુંભી તેમજ અન્ય જલજ વનસ્પતિના નિકાલની કાર્યવાહી ચાલુ છે.

જનસંપર્ક  વિભાગ,

સુરત મહાનગર સેવા સદન તરફથી

સાદર સમાચાર યાદી નં 498

તા.૧૩/૦૩/૨૦૨૫

# સુરત મહાનગરપાલિકા

## વાહક જન્ય રોગનિયંત્રણ વિભાગ, મુખ્યકચેરી

## અખબારી યાદી

# ડ્રાય ડે

### સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૫/03/૨૦૨૫ કરવામાં આવેલ "ડ્રાય ડે" ઝુંબેશ

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા હાલની મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે તમામ સ્તરે સધન કામગીરી કરવામાં આવી રહી છે જેના અનુસંધાને તમામ ઝોનમાં આજે તા.૧૫/03/૨૦૨૫ ના રોજ મચ્છરજન્ય રોગ નિયંત્રણ માટે "ડ્રાય ડે" ની ઉજવણી કરવામાં આવેલ હતી. જેમાં મચ્છરની ઉત્પત્તિ થયેલ અથવા થવાની સંભાવના છે તેવા કુલ ૭૫૫ પાત્રો જપ્ત કરવામાં આવેલ છે. તમામ ઝોન દ્વારા કરવામાં આવેલ કામગીરીની માહિતી નીચે મુજબ છે.

સેન્ટ્રલ ઝોનમાં પાલીયા ગ્રાઉન્ડ,બોમ્બે કોલોની, રૂદરપુરા,નાનપુરા ડકકા ઓવારા,જુનો માછીવાડ રૂપમ ટોકીઝ પાસે,સલાબતપુરા વાઘરીવાડ ઝુપડપટ્ટી, રાંદેર ઝોનમાં શ્રમજીવી કોલોની, ગુજરાત ગેસ કંપની પાસે, ક્રોમા આવાસ,પાલ, શિવ ગંગા નગર, પાલનપોર કેનાલ રોડ, સુભાષનગર, અડાજણ, નીચલી કોલોની, વરીયાવ,ખાડી મહોલ્લો, ઇચ્છાપોર, ઉધના-એ ઝોનમાં સંજયનગર,ગાંધી કુટીર,આશાપુરી-૨,આર્શીવાદનગર, સિધ્ધાર્થનગર,હળપતિવાસ /સરસ્વતી મોહલ્લો, ઉધના-બી ઝોનમાં મોહમંદી નગર, જમશેદનગર, સચીન, સ્નેહમિલન સોસાયટી, કનકપુર, ગોપાલનગર, નવી કલોની હળપતિવાસ, ઇશ્વરનગર, લિંબાયત ઝોનમાં મહાપ્રભુનગર સર્વેનં-૧૯/૨૦, મારૂતિનગર, ખાનપુરા સર્વે નં-૪૪/૨, આનંદનગર, આંબેડકરનગર, ગાયત્રીનગર - ૧, ગંગાસાગર, અયોધ્યાનગર, મણીનગર, ચેતનનગર, સંતોષ નગર, ડી.કે નગર, અઠવા ઝોનમાં મગદલ્લા ગામ,ખજોદ ગામ,સુમન સાગર આવાસ,એસ એમ સી ૨૪ ટાવર,સુધર્મ આવાસ,ગોકુલ નગર,ડુમ્મસ હળપતિવાસ, કતારગામ ઝોનમાં મેઘવાળ કોલોની, વસ્તાદેવડી, કિસ્મત કોલોની, નવી વસાહત, સીંગણપોર, નવો હળપતિવાસ, ખડી વિસ્તાર, દુર્લભ કોલોની, ઇન્દીરાનગર, આવાસ એચ-૫, વરાછા-એ ઝોનમાં વસંતભીખાની વાડી, જાડાબાવાનો ટેકરો, ખાડી મોહલ્લો, અટલજી નગર, બોમ્બે કોલોની, રામનગર વસાહત, બર્માસેલનો ટેકરો, સ્વામી વિવેકાનંદ ઝૂપડપટ્ટી, પીર ફળિયું, લક્ષ્મીનગર, સરદારનગર, નવી ગીરનાર વસાહત, બાવરી ફળિયું, વરાછા-બી ઝોનમાં ભગવાન નગર સોસાયટી, પટેલ ફળીયું, કૃષ્ણનગર, હળપતીવાસ, વાલક, મફતનગર, લક્ષ્મીપાર્ક, હળપતિવાસ,પાસોદરા, ઉપલી કોલોની, ધકકા કોલોની, બંગાર કોલોની, હળપતિવાસ, ઉત્રાણ જેવા વિસ્તારોમાં કામગીરી કરવામાં આવી.

સમગ્ર શહેરમાં...

| સર્વે કરેલ ઘરની સંખ્યા | સર્વે કરેલ બ્રિડીંગ સ્પોટની | નાશ કરેલ બ્રિડીંગ સ્પોટની | ડ્રાય કરેલ પાત્રોની સંખ્યા | સોર્સ રીડકશન | બ્લડ સ્મીયર કલેકશન | નો ટિસ | વહીવટી ખર્ચ | ઇસમ ની સંખ્યા | ટેમીફોસ ટ્રીટમેન્ટ | પેમ્ફલેટ વિતરણ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|

| | સંખ્યા | સંખ્યા | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **29176** | **79817** | **358** | **3144** | **755** | **1431** | **134** | **71700** | **46** | **19025** | **8141** |

**"મેલેરીયા,ડેંગ્યુ અને ચિકુનગુનિયા નિયંત્રણ આપણા સૌની સામૂહિક જવાબદારી છે."**

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપલિકા
સમાચાર યાદી નં.499
તા. ૧૫-૦૩-૨૦૨૫

# સુરત મહાનગરપાલિકા

## સાઉથ ઇસ્ટ(લિંબાયત) ઝોન

## <u>પ્રેસનોટ</u>

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઇસ્ટ(લિંબાયત) ઝોન વિસ્તારમાં આવેલ ડ્રા.ટી.પી.સ્કીમ નં.૩૩(ડુંભાલ),ફા.પ્લોટ. નં. ૨૩, એચ.ટી.સી-૨ માર્કેટની પૂર્વ દિશા તરફની જગ્યા,પરવત પાટિયાકેનાલ રોડ પર આવેલ અંદાજીત ૭,૮૫૦ ચો.મી. જગ્યામાં આવેલ મંજુરી વગરના અનઅધિકત૫૦ થી વધારે ફર્નીચર તેમજ ગેરેજનાં પતરાનાં શેડકાર્યરત હતા જેને તા. ૧૩/૦૩/૨૦૨૫ ના રોજ સંપૂર્ણપણે સીલ કર વાની કામગીરી સુરત મહાનગરપાલિકાના સાઉથ ઇસ્ટ(લિંબાયત) ઝોન દ્વારા પૂર્ણ કરવામાં આવેલ છે.

સદર કામગીરી સાઉથ ઇસ્ટ(લિંબાયત) ઝોનના માન.ડેપ્યુટી કમિશ્નરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ તેમજ કાર્યપાલક ઇજનેરશ્રીના નેતૃત્વ હેઠળ લિંબાયત ઝોનના શહેર વિકાસ વિભાગના ૦૩ જુની./આસી ઇજનેર, ૦૨ સુપરવાઇઝર/ટેક.આસી. તેમજ ૨૦ જેટલા બેલદારો, ૦૪ સીક્યુરીટી સ્ટાફ સાથે સંયુક્ત રીતે કામગીરી શાંતિપૂર્ણ રીતે પૂર્ણ કરવામાં આવેલ છે.

**જનસંપર્ક વિભાગ**

**સુરત મહાનગરપાલિકા તરફથી સાદર**

**સમાચાર યાદી નં. ૫૦૦**

**તા.૧૭/૦૩/૨૦૨૫**

# પ્રેસ નોટ
# નોર્થઝોન (કતારગામ)
# સુરત મહાનગરપાલિકા

સુરત મહાનગરપાલિકાના નોર્થઝોન (કતારગામ) દ્વારા ઝોન વિસ્તારમાં ચાલતા ગેરકાયદેસર તપેલા ડાઇંગનાં યુનિટોનું સુરત મહાનગર પાલિકાની મુખ્ય ગટર લાઈનમાં જોડાણ શોધવા અંગેની ઝુંબેશ હાથ ધરવામાં આવેલ. સદર કામગીરી અંતર્ગત ઝોન વિસ્તારમાં તપેલા ડાઇંગ યુનિટને નોટીસ આપવામાં આવેલ. જે અન્વયે મિલ્કત/યુનિટ ધારકો દ્વારા કાયદેસર ગટર જોડાણ અંગેની કાર્યવાહી ન કર્યેથી નોટીસનો સમયગાળો પૂરો થતાં પટેલ ગોવિંદ ઇન્ડસ્ટ્રીમાં ૫૩ (ત્રેપન) યુનિટ તપેલા ડાઇંગનાં ગેરકાયદેસર જોડાણવાળી મિલ્કતના ડ્રેનેજ જોડાણ સીલ કરવામાં આવેલ છે.

ઉપરોક્ત કામગીરી મે. એડી. સીટી.ઇજનેરશ્રીની સૂચનાથી કાર્યપાલક ઇજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ ડ્રેનેજ વિભાગના સ્ટાફ તેમજ કડિયા પાર્ટીની મદદથી સદર કામગીરી પાર પાડવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં. ૫૦૧
તા. ૧૭ /03 /૨૦૨૫

# <u>પ્રેસનોટ</u>

**<u>સેન્ટ્રલ ઝોનના (દક્ષિણ) વિસ્તારમાં તા.૨૧/૦૩/૨૦૨૫ ના શુક્વારના રોજ સવારના સમયે અપાતો પાણી પુરવઠો આપી શકાય તેમ નથી તેમજ તા.૨૨/૦૩/૨૦૨૫ ના શનિવારના રોજ ઓછા પ્રેશરથી/ઓછા જથ્થામાં/નહીંવત માત્રમાં મળવાની શકયતાઓ રહેલ છે. જે અંગેની અગત્યની જાહેરાત</u>**

સુરતના શહેરીજનોને સુરત મહાનગરપાલિકા ધ્વારા અપાતી તમામ સેવાઓ શ્રેષ્ઠત્તમ કક્ષાની મળી રહે તે માટે સુરત મહાનગરપાલિકા હરહંમેશ કટીબધ્ધ છે. સુરત મહાનગરપાલિકાનાં જુના પૂર્વઝોન (વરાછા-એ) વિસ્તારમાં વરાછા મેઈન રોડ સેન્ટ્રલવેર હાઉસ પાસે આવેલ વરાછા તથા સેન્ટ્રલઝોનને પાણી પુરવઠો પુરો પાડતી હયાત ૧૨૧૯ મી.મી વ્યાસની એમ.એસ.ડીસ્ટ્રીબ્યુશન લાઈનના લીકેજ રીપેરીંગની કામગીરી તથા વરાછા મેઈનરોડ માનગઢચોક પાસે ડીસ્ટ્રીબ્યુશન નેટવર્કમાં મુકવામાં આવેલ ૬૦૦ મી.મી વ્યાસના બટરફ્લાય વાલ્વને બદલવાની અગત્યની કામગીરી તા.૨૦/૦૩/૨૦૨૫ ગુરુવારના રોજ રાત્રે ૧૧:૦૦ થી બીજા દિવસે એટલેકે તા.૨૧/૦૩/૨૦૨૫ શુક્વારના રોજ સવારે ૧૨:૦૦ કલાક સુધી હાથ ધરવામાં આવનાર હોય□ તા.૨૧/૦૩/૨૦૨૫ શુક્વારના રોજ સેન્ટ્રલ ઝોનના (દક્ષિણ) વિસ્તારમાં સવારના સમયે અપાતો પાણી પુરવઠો સંપૂર્ણ બંધ રહેશે તથા તા.૨૨/૦૩/૨૦૨૫□ શનિવારના રોજ પાણી પુરવઠો ઓછા પ્રેશરથી/ઓછા જથ્થામાં/નહીંવત માત્રમાં મળવાની શકયતાઓ રહેલ છે..

**ઝોન મુજબ પાણી પુરવઠાને અસર થનાર વિસ્તારોની વિગત નીચે મુજબ છે.**

| અ.નં. | ઝોનનું નામ | નીચે દર્શાવેલ વિસ્તારોમા તા.૨૧/૦૩/૨૦૨૫□ શુક્વારના રોજ અપાતો પાણી પુરવઠો સદંતર બંધ રહેનાર છે. |
|---|---|---|
| ૧ | સેન્ટ્રલ ઝોન (દક્ષિણ વિભાગ) | સવારનો સપ્લાય :- (સવારે ૦૫:૦૦ થી ૦૮:૦૦) રાજમાર્ગથી દક્ષિણ તરફનો તમામ વિસ્તાર (બેગમપુરા□ સલાબતપુરા□ ગોપીપુરા□ સગરામપુરા□ નાનપુરા□ રૂદરપુરા□ સોની ફળીયા અને તેની આજુબાજુનો સમગ્ર વિસ્તાર.)<br>**રેલ્વે સ્ટેશનલ સુમુલ ડેરી** |

ઉપરોકત બાબતની જાહેર જનતાએ નોંધ લઈ સહકાર આપવા તથા જરૂરીયાત મુજબનો પાણી પુરવઠો અગાઉથી સંગ્રહ કરી તેનો બચતપૂર્વક ઉપયોગ કરવા વિનંતી. વધુમાં સદર કામગીરીથી થનાર અગવડતા બદલ આથી દિલગીરી વ્યકત કરવામાં આવે છે. કામગીરી વહેલી પૂર્ણ થયેથી પાણી પુરવઠો રાબેતા મુજબ શરૂ કરવામાં આવશે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં. ૫૦૨
તા. ૧૮ /03 /૨૦૨૫

# --:: <u>પ્રેસનોટ</u>::--

આરોગ્ય અધિકારીશ્રી, ટોબેકો કંટ્રોલ સેલ, સુરત મહાનગરપાલિકાનાં સીધા માર્ગદશન હેઠળતા.૧૮/૦૩/૨૦૨૫નાં રોજ તમાકુ નિયંત્રણ અધિનિયમ – ૨૦૦૩ હેઠળ કલમ – ૪, કલમ – ૬(અ અને બ) અને કલમ –૭નાં ભંગ કરનાર ઈસમો સામે અસરકારક અને સખ્ત અમલીકરણ તથા તમાકુ વિરોધી લોક જાગ્રુતિથાય તે માટે તમામ ઝોનમાં શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ છે.

જે અંતગત તા.૧૮/૦૩/૨૦૨૫નાં રોજ શૈક્ષણિક સંસ્થાના ૧૦૦ મી. ના વિસ્તારમાં પ્રતિબંધિત તમાકુ કે તમાકુની બનાવટોના વેચાણ કરવા પર **રાંદેર** ઝોનમાંકુલ ઇસમો ૧૯અને કુલરુપિયા૩૮૦૦, **સેન્ટ્રલ** ઝોનમાંકુલ ઇસમો ૧૯અને કુલરુપિયા૩૮૦૦, **કતારગામ**ઝોનમાંકુલ ઇસમો૧૮અને કુલરુપિયા૩૬૦૦**વરાછા – એ** ઝોનમાંકુલ ઇસમો ૧૯અને કુલરુપિયા૩૮૦૦,**વરાછા–બી**ઝોનમાંકુલ ઇસમો ૧૫ અને કુલરુપિયા૩૦૦૦,**ઉધના – એ** ઝોનમાંકુલ ઇસમો ૨૦અને કુલરુપિયા૪૦૦૦, **ઉધના–બી** ઝોનમાં કુલ ઇસમો ૧૪અને કુલરુપિયા૨૮૦૦, **અઠવા** ઝોનમાં કુલ ઇસમો ૧૩અને કુલરુપિયા૨૬૦૦,**લિંબાયત** ઝોનમાંકુલ ઇસમો૧૬ અને કુલરુપિયા૩૨૦૦સાથે સુરત મહાનગરપાલિકાનાં **તમામ ઝોન મળીનેકુલ ઇસમો ૧૫૩પાસેકુલ૩૦,૬૦૦રુપિયાનો** દંડ/ વહિવટી ખર્ચ વસૂલવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી ન. ૫૦૩
તા. ૧૮/૦૩/૨૦૨૫

# પ્રેસ નોટ
# નોર્થઝોન (કતારગામ)
# સુરત મહાનગરપાલિકા

સુરત મહાનગરપાલિકાના નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં આવેલ ઘણી મિલ્કતો નાં ડ્રેનેજ લાઈનનાં કનેકશન સુરત મહાનગર પાલિકાની કોઈ પણ પ્રકારની પરવાનગી લીધા વગર કે કોઈ પણ પ્રકારનો ચાર્જ ભરપાઈ કર્યા વગર ગેરકાયદેસર રીતે મુખ્ય ડ્રેનેજ લાઈનમાં કરવામાં આવેલ હોય જે બાબતે મિલ્કતદારશ્રીઓને નોટીસ આપવામાં આવેલ. જે અન્વયે મિલ્કત/યુનિટ ધારકો દ્વારા કાયદેસર ગટર જોડાણ અંગેની કાર્યવાહી ન કર્યેથી નોટીસનો સમયગાળો પૂરો થતાં ટી.પી. સ્કીમ નં.૦૩ (કતારગામ), ફા.પ્લોટ નં.૪૫૪ માં આવેલ જેરામ મોરારની વાડી સોસાયટીમાં આવેલ ૯૭ (સત્તાણું) મિલ્કતો/યુનિટોનાં ડ્રેનેજનાં ગેરકાયદેસર જોડાણ સીલ કરવામાં આવેલ છે.

ઉપરોક્ત કામગીરી મે. એડી. સીટી.ઇજનેરશ્રીની સૂચનાથી કાર્યપાલક ઇજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ ડ્રેનેજ વિભાગના ૦૩ જૂની./આસી.ઇજનેર, ૦૪ સુપરવાઈઝર/ટેક.આસી. તેમજ કડિયા પાર્ટીની મદદથી સદર કામગીરી પાર પાડવામાં આવેલ છે.





# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ

રાઇસિના સંવાદ (Raisina Dialogue) એ ભારતના પ્રધાનમંત્રી કાર્યાલય અને વિદેશ મંત્રાલય દ્વારા ઓબઝર્વર રિસર્ચ ફાઉન્ડેશન (ORF) ની સાથે આયોજિત એક મુખ્ય વૈશ્વિક સંમેલન છે. આ સંવાદમાં વિવિધ દેશોના નેતાઓ, નીતિ નિર્માતાઓ, વૈશ્વિક નિષ્ણાતો અને ઉદ્યોગપતિઓ વિશ્વની મહત્વની નીતિગત અને રાજકીય બાબતો પર ચર્ચા કરવા માટે એકત્ર થાય છે.

આ વખતના રાઇસિના સંવાદ 2025માં " Mayoral Roundtable with Dubai Expo " જેવી વિશિષ્ટ ચર્ચાઓ પણ યોજાઈ રહી છે, જેમાં વૈશ્વિક મહાનગરપાલિકાના મેયરો અને શહેરોના નીતિનિર્માતા એકત્ર થઈને શહેરી વિકાસ અને ઈનોવેટિવ સોલ્યુશન્સ પર ચર્ચા કરશે. જેમાં આજરોજ સુરત શહેરના પ્રથમ નાગરિક માન. મેયર શ્રી દક્ષેશ માવાણીએ દુબઇ એક્સ્પો સાથે મેયરલ રાઉન્ડટેબલ પર ચર્ચા માટે ઉપસ્થિત રહી શહેરી પડકારો અને તે પડકારોના તેમના સુરત શહેરના નવીન ઉકેલો વિષે ચર્ચા કરી સુરત શહેરની વિકાસ યાત્રા અને નવીન પ્રયાસોને વૈશ્વિક સ્તરે પ્રસ્તુત કરવાની તક નો લાભ મેળવ્યો. આ પ્રસંગે તમામ ઉપસ્થિત મેયરો ધ્વારા પણ પોતાના વિચારો અને ઉદાહરણો રજુ કરવામાં આવ્યા હતા.

આ સંવાદમાં એક્ઝિક્યુટિવ ડિરેક્ટર,વૈશ્વિક પહેલ અને સલાહકાર, એક્સ્પો સિટી દુબઇ United Arab Emirates શ્રી નાદિયા વર્જી તથા સિનિયર મેનેજર, સિટી એડવાઇઝરી, એક્સ્પો સિટી દુબઇ, United Arab Emirates શ્રી મિશા મિત્તલ તથા દેશ-વિદેશના મેયરશ્રીઓ અને અન્ય મહાનુભવો ઉપસ્થિત રહ્યા હતા.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફ
થી
સાદર રવાના સમાચાર યાદી નં. ૫૦૫

તા.૧૯/૦૩/૨૦૨૫


kālachakra
PRATIBHA JAIN
SANDEEP PANDEY


ORF
Ministry of External Affairs
Government of India

# પ્રેસનોટ

**સેન્ટ્રલ ઝોન**

**સુરત મહાનગરપાલિકા**

**ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત -**

સુરત મહાનગરપાલિકાના સેન્ટ્રલ ઝોનમાં સમાવિષ્ટ વોર્ડ નં.૦૭, નોંધ ન.૧૩૭૮ ને લાગુ ચંદ્રશેખર આઝાદ બ્રીજનાં નીચે ૪૫ મીટર રસ્તા પૈકીની જગ્યામાં આશરે ૧૫*૧૦=૧૫૦ ચો.ફુટ નાં વિસ્તારમાં બનાવેલ પતરાનો શેડ દુર કરવામાં આવેલ છે.

વોર્ડ નં.૧ નાનપુરા જમરૂખ ગલી વિસ્તારમાં રસ્તા પૈકીની જગ્યામાં કરવામાં આવેલ અનઅધિકૃત રેમ્પ તથા ઓટલા નું ૧૩૫ ચો.ફુટ દબાણ તથા કાદરશાની નાળ રોડ પર ખંડેરાવપુરા પાસે રસ્તા પૈકીની જગ્યામાં કરવામાં આવેલ ૩૦ ચો.ફુટ અનઅધિકૃત બાંધકામ દુર કરવામાં આવેલ છે.

નવસારી બજાર સગરામપુરા પોલીસ ચોકી થી ઝિંગા સર્કલ ન્યુ ખ્વાજાદાના રોડ વિસ્તારમાં રસ્તા પૈકીની જગ્યામાં કરવામાં આવેલ અનઅધિકૃત કાચા પાકા ઓટલાના આશરે ૫૦૦ ચો.ફુટ દબાણ તેમજ ચોટાબજારમાં આવેલ સુરત જનરલ હોસ્પિટલ ની આજુબાજુના જાહેર રોડ પર પાથરણાવાળાઓનાં દબાણ દુર કરવાની કામગીરી આજરોજ તા.૧૯/૦૩/૨૦૨૫ નાં રોજ મે. એડી. સીટી ઈજ્નેરશ્રીનાં માર્ગદર્શન હેઠળ ઝોનનાં કાર્યપાલક ઇજનેરશ્રીની સીધી સુચના અને દેખરેખ હેઠળ શહેર વિકાસ વિભાગ ધ્વારા પોલીસ વિભાગના સ્ટાફ તેમજ દબાણ વિભાગનાં સ્ટાફ સાથે રાખી કરવામાં અવેલ છે.

**દબાણ દુર કાર્યની વિગત -**

સેન્ટ્રલ ઝોનના ચોટાબજાર તથા સગરામપુરા પોલીસ ચોકી થી ઝિંગા સર્કલ વિસ્તારમા ઘનિષ્ઠ દબાણ ઝુંબેશ હાથ ધરી (૧) બંધ લારી - ૦૫, (૨) ખુલ્લી લારી - ૦૭, (૩) કાઉન્ટર - ૦૪, (૪) ટેબલ/સ્ટેન્ડ-૨૭, (૫) સોફા - ૦૯ તેમજ અન્ય પરચુરણ સામાનનું દબાણ દૂર કરી સામાન જમાં લેવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. ૫૦૬
તા.૧૯/૦૩/૨૦૨૫

# પ્રેસ નોટ
# નોર્થઝોન (કતારગામ)
# સુરત મહાનગરપાલિકા

સુરત મહાનગરપાલિકાના નોર્થઝોન (કતારગામ) દ્વારા ઝોન વિસ્તારમાં ચાલતા ગેરકાયદેસર તપેલા ડાઇંગનાં યુનિટોનું તથા ડ્રેનેજનાં ગેરકાયદેસર જોડાણ સુરત મહાનગર પાલિકાની મુખ્ય ગટર લાઈનમાં કરેલ હોય તે શોધવા અંગેની ઝુંબેશ હાથ ધરવામાં આવેલ. સદર કામગીરી અંતર્ગત ઝોન વિસ્તારમાં ચાલતા તપેલા ડાઇંગ યુનિટોને તેમજ ગેરકાયદેસર ડ્રેનેજનાં કનેકશનની નોટીસ આપવામાં આવેલ. જે અન્વયે આજરોજ ડ્રેનેજ કનેકશન સીલ કરવાની કામગીરીને આગળ વધારતા રામેશ્વર ઇન્ડસ્ટ્રીમાં તથા પટેલ ગોવિંદ ઇન્ડસ્ટ્રીમાં તપેલા ડાઇંગ તેમજ ગેરકાયદેસર જોડાણ મળી કુલ-૭૩ (તોતેર) મિલ્કતો/યુનિટોનાં ડ્રેનેજ જોડાણ સીલ કરવામાં આવેલ છે.

ઉપરોક્ત કામગીરી મે. એડી. સીટી.ઇજનેરશ્રીની સૂચનાથી કાર્યપાલક ઇજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ ડ્રેનેજ વિભાગના ૦૩ જૂની./આસી.ઇજનેર, ૦૪ સુપરવાઈઝર/ટેક.આસી. તેમજ કડિયા પાર્ટીની મદદથી સદર કામગીરી પાર પાડવામાં આવેલ છે.

પ્રેસ નોટ

મે મહિનામાં સાયન્સ સેન્ટર સ્થિત આર્ટ ગેલેરીના (પ્રથમ માળ) પર એસ્ટ્રો/નાઇટ ફોટોગ્રાફી પ્રદર્શનનું આયોજન કરવામાં આવનાર છે. આ પ્રદર્શનમાં એસ્ટ્રોનોમી વિષય તથા રાત્રિઆકાશ અંતર્ગત આકાશગંગા, સૂર્યમંડળના સભ્યો (સૂર્ય, ચંદ્ર, ગ્રહો, ધૂમકેતુ), તારાસહ રાત્રિઆકાશ, સ્ટારટ્રેલ વિગેરેના ફોટોગ્રાફ પ્રદર્શિત કરવામાં આવશે જે માટે રજીસ્ટ્રેશન ફોર્મ સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ www.suratmunicipal.gov.in પરથી તા.૨૫/૦૩/૨૦૨૫ થી તા.૨૨/૦૪/૨૦૨૫ સુધી ઉપલબ્ધ રહેશે. આ એસ્ટ્રો/નાઇટ ફોટોગ્રાફ ને સાયન્સ સેન્ટર સુરત ખાતે તા.૨૨/૦૪/૨૦૨૫ ના રોજ સાંજે ૪:૦૦ કલાક સુધી જમા કરાવી શકાશે.

જનસંપર્ક વિભાગ<br>
સુરત મહાનગરપાલિકા<br>
નં.પી.આર.ઓ./ ૫૦૮<br>
તા.૨૧/૦૩/૨૦૨૫

# પ્રેસ નોટ

## નોર્થઝોન (કતારગામ)

## સુરત મહાનગરપાલિકા

સુરત મહાનગરપાલિકાના નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં આવેલ મિલ્કતો નાં ગેરકાયદેસર ડ્રેનેજ લાઈનનાં કનેકશન સુરત મહાનગર પાલિકાની મુખ્ય ડ્રેનેજ લાઈનમાં કરવામાં આવેલ હોય જે બાબતે મિલ્કતદારશ્રીઓને નોટીસ આપવામાં આવેલ. જે અન્વયે મિલ્કત/યુનિટ ધારકો દ્વારા કાયદેસર ગટર જોડાણ અંગેની કાર્યવાહી ન કર્યેથી નોટીસનો સમયગાળો પૂરો થતાં મોજે-કુલપાડા, રે.સ. નં.૧૩૬ માં આવેલ અંબિકા સોસાયટીમાં આવેલ ૬૫ (પાસઠ) મિલ્કતો/યુનિટોનાં ડ્રેનેજનાં ગેરકાયદેસર જોડાણ સીલ કરવામાં આવેલ છે.

ઉપરોક્ત કામગીરી મે. એડી. સીટી.ઇજનેરશ્રીની સૂચનાથી કાર્યપાલક ઇજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ ડ્રેનેજ વિભાગના 03 જૂની./આસી.ઇજનેર, 0૪ સુપરવાઈઝર/ ટેક.આસી. તેમજ કડિયા પાર્ટીની મદદથી સદર કામગીરી પાર પાડવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગરપાલિકા તરફથી સાદર

સમાચાર યાદી નં. ૫૦૯

તા.૨૪/03 /૨૦૨૫





# પ્રેસ નોટ
## નોર્થઝોન (કતારગામ)
## સુરત મહાનગરપાલિકા

સુરત મહાનગરપાલિકાના નોર્થઝોન (કતારગામ) દ્વારા ઝોન વિસ્તારમાં ચાલતા ગેરકાયદેસર તપેલા ડાઇંગનાં યુનિટોનું તથા ડ્રેનેજનાં ગેરકાયદેસર જોડાણ સુરત મહાનગર પાલિકાની મુખ્ય ગટર લાઈનમાં કરેલ હોય તે શોધવા અંગેની કામગીરી અંતર્ગત ઝોન વિસ્તારમાં ચાલતા તપેલા ડાઇંગ યુનિટોને તેમજ ગેરકાયદેસર ડ્રેનેજનાં કનેકશનની નોટીસ આપવામાં આવેલ. જે અન્વયે આજરોજ રામેશ્વર ઇન્ડસ્ટ્રીમાં તપેલા ડાઇંગ તેમજ ગેરકાયદેસર જોડાણ મળી કુલ-૩૦ (ત્રીસ) મિલ્કતો/યુનિટોનાં ડ્રેનેજ જોડાણ સીલ કરવામાં આવેલ છે.

ઉપરોક્ત કામગીરી મે. એડી. સીટી.ઇજનેરશ્રીની સૂચનાથી કાર્યપાલક ઇજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ ડ્રેનેજ વિભાગના ૦૩ જૂની./આસી.ઇજનેર, ૦૪ સુપરવાઈઝર/ટેક.આસી. તેમજ કડિયા પાર્ટીની મદદથી સદર કામગીરી પાર પાડવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં. ૫૧૦
તા. ૨૪/૦૩/૨૦૨૫

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઝોન-બી(કનકપુર)ના માન.ડેપ્યુટી મ્યુ. કમિશ્નરશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સુચના તથા માર્ગદર્શન હેઠળ સાઉથ ઝોન-બી(કનકપુર) ના શહેરી વિકાસ વિભાગના સ્ટાફ ધ્વારા તા.૨૪/03/૨૦૨૫ ના રોજ ઈ-કોમ એકસપ્રેસથી ગભેણી ચાર-રસ્તા સુધીના ૯૦.00 મી. ના ડી.પી રોડ પર કરવામાં આવેલ દબાણ દુર કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.

સાઉથ ઝોન-બી(કનકપુર) વિસ્તારમાં ચીંધી/ ઈન્ડસ્ટ્રીયલ વેસ્ટ/ લાકડાના વેસ્ટેજ મટીરીયલના કારણે છેલ્લા ધણા સમયથી આગ લાગવાના બનાવ બને છે. જેના અનુસંધાને અત્રેથી દિન-૭(સાત)માં સદર દબાણો દુર કરવા જણાવવામાં આવેલ. જેનો મિલ્કતદારો ધ્વારા અમલ ન કરતાં અત્રેની કચેરીએથી ડ્રાફટ ટી.પી.સ્કીમ નં.૬૭(જીઆવ-સોનારી-ગભેણી), ફા.પ્લોટ નં.333/એ થી ફા.પ્લોટ નં. ૩૯૮ સુધી એટલે કે ઈ-કોમ એકસપ્રેસથી ગભેણી ચાર-રસ્તા સુધીના ૯૦.00 મી. ના ડી.પી રોડ પર કરવામાં આવેલ ચીંધી/ ઈન્ડસ્ટ્રીયલ વેસ્ટ/ લાકડાના વેસ્ટેજ મટીરીયલનું દબાણ દુર કરી 3000 ચો.મી જગ્યા ખુલ્લી કરવામાં આવેલ. જેના ફોટોગ્રાફસ આ સાથે સામેલ કરેલ છે.

સદર કામગીરી સાઉથ ઝોન-બી(કનકપુર) ના ડે.ઈજનેર-0૪, જુની./આસી.ઈજનેર-૧૫, સુપરવાઈઝર/ ટેક.આસી/વાયરમેન-૨૫, બેલદાર-૪૦, માર્શલ-0૫ સહિતના સ્ટાફ ધ્વારા કોઈ અણબનાવ ન બને તેની કાળજી લઈ સદર કામગીરી શાંતિપુર્ણ રીતે પુર્ણ કરેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. ૫૧૧
તા.૨૪/03/૨૦૨૫




SMC

પ્રેસ નોટ

સુરત મહાનગરપાલિકા

આજરોજ દેશના સૌથી સ્વચ્છ શહેરના સુરતના લોકલાડીલા, કર્મઠ, યુવા મેયર  શ્રી દક્ષેશ માવાણીના જન્મદિવસ નિમિતે સેવા સારથી સમિતિ સુરત દ્વારા આયોજિત રક્તદાન શિબિર અને સેવાયજ્ઞ કાર્યક્રમનું વસ્તાદેવડી કોમ્યુનીટી હોલ, કતારગામ, સુરત ખાતે યોજવામાં આવેલ. તેમજ વરાછાની ડાયમંડ હોસ્પિટલમાં વિનામૂલ્યે પ્રસુતિ અને દવા, સારવાર પણ વિનામુલ્યે કરવામાં આવેલ.

રક્તદાન એ મહાદાન છે ઉક્તિ મુજબ મહારક્તદાન કેમ્પમાં કુલ 1051 રક્તની બોટલો ભેગી થયેલ. રક્તદાન કરી કોઈક નું જીવન દાન કરે છે ત્યારે મેયર શ્રી દક્ષેશભાઈ માવાણી દ્વારા તેમના જીવનનું રક્ષણ થાય તેમનો પરિવાર સુરક્ષિત રહે તેવી ભાવના સાથે રક્તદાતાઓને હેલ્મેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. માર્ગ સલામતીને વધુ મજબુત બનાવવા સૌને અપીલ કરી હતી. તેમજ સરકારી યોજનાના પ્રમાણપત્રો કાઢી આપવા સેવાસેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. જેમાં આવકના દાખલા, સિનિયર સીટીઝન પ્રમાણપત્ર, નોન-ક્રિમી-લેયર અંગેનું પ્રમાણપત્ર, નોન-ક્રિમી-લેયર અંગેનું પ્રમાણપત્ર, બિનઅનામત વર્ગો માટે પ્રમાણપત્ર ,આર્થિક રીતે નબળા વર્ગો માટે પ્રમાણપત્ર, રેશન કાર્ડ, પેન્શન અને ઓલ્ડ એજ પેન્શન યોજના જેવી વિવિધ યોજનાઓનો મોટી સંખ્યામાં લોકોએ સેવાસેતુ કાર્યક્રમમાં સરકારી સેવા યજ્ઞનો લાભ મેળવ્યો હતો. આ કાર્યક્રમમાં રાજકીય મહાનુભાવો તથા સામાજિક આગેવાનશ્રીઓ  ઉપસ્થિત રહ્યા હતા.

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર

સમાચાર યાદી નં. ૫૧૨

તા. ૨૪/૦૩/૨૦૨૫

## સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ

આજરોજ અગરતલા શહેરની અગરતલા મ્યુનિસિપલ કોર્પોરેશનના મ્યુ. સદસ્યશ્રીઓ, અધિકારીશ્રી અને કન્સલટન્ટ મળી કુલ ૨૦ ડેલીગેટસ સુરત શહેરની મુલાકાતે આવેલ. વધુમાં આજરોજ સુરત મહાનગરપાલિકાના મ્યુ. કમિશનર શ્રીમતી શાલિની અગ્રવાલની અધ્યક્ષતામાં સુડા ભવન,વેસુ ખાતે ઉપસ્થિત ઉપરોકત અગરતલા કોપોરેશનના ડેલીગેટસ સાથે મિટીંગ યોજાયેલ.

તાપી તટે વસેલા અંદાજિત ૪૬૧ ચો.કિ મી. ક્ષેત્રફળ અને ૮૨ લાખની વસતિ ધરાવતુ ઐતિહાસિક સિટી, ટેકસટાઇલ સિટી,ડાયમંડ સિટી અને બ્રિજસિટી સહિતના વિવિધ હુલામણા નામોથી ખ્યાતનામ શહેર સુરતે ગત ૨ વર્ષોમાં પંચરત્નોનો તાજ હવા,પાણી,સ્વચ્છતા,પરિવહન અને ખેલક્ષેત્રે અનેક એવોર્ડ મેળવી દેશના નકશામાં પોતાની આગવી ઓળખ મેળવી છે.

આ પ્રસંગે અગરતલા કોપોરેશનના ડેલીગેટસે માન. મ્યુ. કમિશનર શ્રીમતી શાલિની અગ્રવાલનું પારંપારિક સ્વાગત કર્યું હતું. વધુમાં આ મિટીંગ દરમ્યાન માન. ઇ.ચા આસી. કમિશનર શ્રી દેવાંગ પટેલે પ્રેઝન્ટેશન મારફત સુરત શહેરની સિધ્ધીઓ, વિશિષ્ટ કામગીરીઓ, વિકાસકાર્યો,આયોજનો તથા રોડ-રસ્તા, ડ્રેનેજ, હાઇડ્રોલિક, લાઇટ, આરોગ્ય,આકરણી,હાઉસીંગ સહિતના તમામ વિભાગોની માહિતી તથા સુરત મહાનગરપાલિકાનું વહીવટી માળખુ, રીન્યુએબલ એનર્જીનો ઉપયોગ, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ધ્વારા શહેરીજનોના બાળકો આપવામાં આવતી વિવિધ ૭ ભાષામાં શિક્ષણની સુવિધા, વેસ્ટ વોટરમાંથી વોટર ટ્રીટમેન્ટ કરી ઉધ્યોગોને ટ્રીટેડ વોટરનું વેચાણ કરી કરોડોની વધારાની આવક મેળવવામાં આવે છે જે આગવી પહેલની માહિતી, બાયસીકલ શેરીંગ પ્રોજેકટ તથા શહેરની સેનીટેશનની કામગીરી સંદર્ભે વિસ્તુત માહિતી રજુ કરી હતી. ત્યારબાદ ઉપસ્થિત ડેલીગેટસે અલથાણ ખાતેના પ્લાસ્ટિક વેસ્ટ પ્રોજેકટ તથા બમરોલી ટર્શરી ટ્રીટમેન્ટ પ્લાન્ટની મુલાકાત લઇ પ્રત્યક્ષ નિરિક્ષણ કરી માહિતી મેળવી પ્રભાવિત થયા હતા.

સદર મિટીંગ દરમ્યાન માન. સિટી ઇજનેર શ્રી અક્ષયકુમાર પંડયા,માન ડે. મ્યુ. કમિશનર શ્રી કમલેશ બી. નાયક, માન. ડે. કમિશનર શ્રી (હે.અને હો.) ડાં. આશિષકુમાર નાયક, માન. આરોગ્ય અધિકારી ડાં.પ્રદિપ ઉમરીગર, માન. ઇ.ચા. આસી. કમિશનર શ્રી પ્રવિણ આર. પ્રસાદ સહિતના મહાનુભવો ઉપસ્થિત રહયા હતા.

જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર સમાચાર યાદી નં.૫૧૩,તા.૨૫/૦૩/૨૦૨૫

**પ્રેસ નોટ**

**નોર્થઝોન(કતારગામ)**

**સુરત મહાનગરપાલિકા**

સુરત મહાનગરપાલિકાના નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં દબાણ દુર કરવાના ઝુંબેશના ભાગરૂપે આજ તા.૨૫/૦૩/૨૦૨૫ ના રોજ અમરોલી માનસરોવર ચાર રસ્તા પાસેથી ૨-બંધ લારી, ૪૦-ખુલ્લી લારી, ૧૫૦-પાથરણાનું દબાણ દુર કરવામાં આવેલ છે. તેમજ ટેમ્પરરી મંડપ અને સ્ટોલનું બાંધકામ દુર કરી આશરે ૫૫૦.૦૦ ચો.મી. એરીયામાંથી દબાણ/બાંધકામ દુર કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી મેં.એડી.સીટી.ઇજનેરશ્રીની સૂચનાથી કાર્યપાલક ઇજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ શહેરી વિકાસના સ્ટાફ, દબાણ વિભાગના સ્ટાફ તથા ૨૫-બેલદાર ની મદદથી સદર કામગીરી પાર પાડવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં. ૫૧૪
તા.૨૬-૦૩-૨૦૨૫

# <u>પ્રેસનોટ</u>

## પશ્ચિમ(રાંદેર) ઝોન વિસ્તારમાં આવેલ રાંદેર વારીગૃહ ખાતેના ૫૦ એમ.એલ.ડી. ક્ષામતાના વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટની આંશિક કામગીરી પુર્ણ થયેલ હોઇ, અઠવા ઝોન અંતર્ગત સંલગ્ન વિસ્તારના પાણી પુરવઠાનો સમય પુર્વવત્ કરવા અંગેની અગત્યની જાહેરાત

સુરતના શહેરીજનોને સુરત મહાનગરપાલિકા ધ્વારા અપાતી તમામ સેવાઓ શ્રેષ્ઠત્તમ કક્ષાની મળી રહે તે માટે સુરત મહાનગરપાલિકા હરહંમેશ કટીબધ્ધ છે. સુરત મહાનગરપાલિકાનાં રાંદેર વોટર વર્કસ ખાતે હયાત ૨૦૦+૫૦= ૨૫૦ એમ.એલ.ડી. ક્ષામતાના વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ પૈકી ૫૦ એમ.એલ.ડી. ક્ષામતાના વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટના ફીલ્ટર બેડમાં મોડીફીકેશન કરી સીરામીક મેમ્બ્રેન આધારીત ફીલ્ટર બેડ તૈયાર કરી ક્ષામતા વધારી ૧૬૦ એમ.એલ.ડી. કરવાની આંશિક કામગીરી પુર્ણ થયેલ હોઇ, અગાઉ અઠવા વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન મારફત અપાતા સીટીલાઇટ રોડ, ન્યુ સીટી લાઈટ રોડ(પાર્ટ), પીપલોદ ગામ, ઉમરા ગામતળ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી,એસ.વી.એન.આઈ.ટી. કેમ્પસ તથા સદર વિસ્તારની આજુબાજુની સોસાયટીઓમાં સવારે ૦૮:૩૦ થી ૧૨:૦૦ કલાક દરમ્યાન આપવામા આવતા પાણી પુરવઠાના સમયમાં તા.૦૧/૦૭/૨૦૨૪ થી સાંજે ૦૬:૦૦ થી ૦૯:૧૫ કલાક આપવામાં આવે છે. જે સપ્લાય સમય પુર્વવત્ કરી તા.૩૦/૦૩/૨૦૨૫ થી સવારે ૦૮:૩૦ થી ૧૨:૦૦ કલાક દરમ્યાન આપવામાં આવશે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા
તરફથી સાદર
સમાચાર યાદી નં. ૫૧૫
તા.૨૭/૦૩/૨૦૨૫

સુરત મહાનગરપાલિકાના ડ્રેનેજ વિભાગને 'જલ હી અમૃત' યોજના અંતર્ગત રાષ્ટ્રીય ખ્યાતી મળી.

સુરત મહાનગરપાલિકા, સુરત, ગુજરાત, ભારત (SMC) એ ગંદાપાણી (waste water) વ્યવસ્થાપનમાં એક મહત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી છે. ભારત સરકારની પ્રતિષ્ઠિત 'જલ હી અમૃત' યોજનાના અંતર્ગત SMCને રાષ્ટ્રીય ખ્યાતી પ્રાપ્ત થઈ છે. ગંદાપાણી શુદ્ધિકરણમાં ઉત્તમ કામગીરી કરવાં બદલ SMC ને ₹104.75 કરોડની પ્રોત્સાહન સહાય મળી છે, જે ગુજરાત રાજ્ય ખાતે સૌથી વધુ છે.

ક્લીન વોટર ક્રેડિટ પહેલના ભાગ રૂપે, SMC ના 20 માંથી 19 ગંદાપાણી શુદ્ધિકરણ પ્લાન્ટો (STPs) ને 5-સ્ટાર રેટિંગ, જ્યારે એક STP ને 4-સ્ટાર રેટિંગ એનાયત કરવામાં આવ્યા છે. આ માન્યતા SMCની ગંદાપાણીની શુદ્ધિકરણ ક્ષેત્રે ઉચ્ચતમ ધોરણો જાળવી રાખવાની પ્રતિબદ્ધતાને દર્શાવે છે.

SMC ધ્વારા હાલમાં દરરોજ આશરે ૧૨૨૫ મિલિયન લીટર (MLD) ગંદાપાણીનું શુદ્ધિકરણ કરવામાં આવી રહ્યું છે, વિશેષતઃ, SMC એ દેશભરમાં પ્રથમ મહાનગરપાલિકા છે કે જે ગંદા પાણીને તેના ટર્સરી પ્લાન્ટ થકી  ટ્રીટમેન્ટ કરી નજીકના ઔધોગિક એકમોને ઇન્ડસ્ટ્રીયલ ગ્રેડ પાણી સપ્લાય કરી આવક મેળવે છે.

જલ હી અમૃત' યોજના હેઠળ ભારતભરમાં કાર્યરત STPs ના performance માટે મૂલ્યાંકન કરવામાં આવેલ અને પ્લાન્ટ ના ડિસ્ચાર્જ પેરામિટરો શુદ્ધિકરણ ના ધારા ધોરણોનું પાલન કરે છે  કે નહિ તે માટે ફિલ્ડ સર્વે ના ભાગ રૂપે third party ધ્વારા ફિલ્ડ એસેસમેન્ટ કરવામાં આવેલ, જેના performance ના આધારે,સ્ટાર રેટિંગ રૂપે "ક્લિયર વોટર ક્રેડિટ્સ"થી સમ્માનિત કરવામાં આવ્યા છે. આ મહત્વપૂર્ણ માન્યતાથી SMCનું પર્યાવરણીય જાળવણી અને ગંદાપાણી ના reuse માં નેતૃત્વ સ્પષ્ટ થાય છે, જે રાજ્યભર ની અન્ય મહાનગરપાલિકાઓ માટે એક ઉદાહરણરૂપ બની રહેશે.

કેન્દ્રીય જાહેર આરોગ્ય અને પર્યાવરણ ઇજનેરી સંસ્થા (CPHEEO) દ્વારા અસ્તિત્વમાં આવેલા સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (STP) ના સુધારણા માટે એક સત્તાવાર એડવાઇઝરી જાહેર કરવામાં આવી છે. આ એડવાઇઝરીમાં એક્ટિવેટેડ સ્લજ પ્રોસેસ (ASP) આધારિત પ્લાન્ટને ઇન્ટિગ્રેટેડ ફિક્સ્ડ-ફિલ્મ એક્ટિવેટેડ સ્લજ (IFAS) ટેકનોલોજી દ્વારા અપગ્રેડ કરવાની ભલામણ કરવામાં આવી છે.આ ભલામણ

સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનના આંજણા સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં સફળતાપૂર્વક કરવામાં આવેલા સુધારણા પર આધારિત છે. આ સુધારાથી પ્લાન્ટ ના પ્રોસેસ ની કાર્યક્ષમતા અને performance માં નોંધપાત્ર સુધારો જોવા મળ્યો હતો, જે દેશભરના અન્ય પ્લાન્ટ માટે એક પ્રેરણારૂપ મોડલ બની શકે છે.

સુરત મહાનગરપાલિકા કમિશ્નર, શ્રીમતી શાલિની અગ્રવાલે આ મહત્વપૂર્ણ સિદ્ધિ અંગે જણાવ્યું કે "SMC શહેર માટે Sustainable Growth અને city modernization ધ્વારા એક આદર્શ મોડલ બનવાની દ્રઢ પ્રતિબદ્ધતા ધરાવે છે." તેઓએ વધુમાં જણાવ્યું કે, "અધ્યતન તકનીક દ્વારા ઉચ્ચતમ ગુણવત્તાથી ગંદાપાણીનું શુદ્ધિકરણ સુનિશ્ચિત કરવું SMC માટે પ્રથમ પ્રાથમિકતા છે."

તેમણે એ પણ ઉમેર્યું કે, SMC સતત આંતરરાષ્ટ્રીય ધોરણોનું પાલન કરીને ગંદાપાણી શુદ્ધિકરણ કરે છે અને દેશભરમાં ટર્સરી ટ્રીટેડ પાણી ઉદ્યોગોને પુરું પાડી આવક નો નવો સ્ત્રોત મેળવતું શહેર બન્યું છે. STPs ના સંચાલન અને જાળવણીમાં SMCના પ્રયત્નોને ધ્યાનમાં લઈને કેન્દ્ર સરકાર તરફથી મળેલી આ ખ્યાતી ખૂબ જ મહત્વપૂર્ણ છે.

"આ પ્રોત્સાહન રકમને અમે વેસ્ટ વોટર શુદ્ધિકરણનું માળખું વધુ આધુનિક બનાવવામાં અને પર્યાવરણની જાળવણી તથા સંસાધન સંચાલન માટે શ્રેષ્ઠ રીતે ઉપયોગમાં લેવામાં આવશે," એમ તેમણે ઉમેર્યું.